# સૂત્રના પરિણામદર્શક યત્નલેશ



: વિવેચક :

પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજીભાઈ મોતા

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरापार्श्वनाथाय नमः ।

ॐ ऐँ नमः ।।

# સૂત્રના પરિણામદર્શક યત્નલેશ

## ભાગ-૧

: આશીર્વાદદાતા :

પરમ પૂજ્ય વ્યાખ્યાન વાચસ્પતિ, શાસનપ્રભાવક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા પ્રાવચનિક પ્રતિભાધારક સ્વ. પરમપૂજ્ય
મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ તથા
વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વદ્ ગણિવર્ય
પરમ પૂજ્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ

: વિવેચક :

પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

: સંકલન-સંશોધનકારિકા :

પ. પૂ. ભક્તિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ
પ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજનાં આજ્ઞાવર્તિની
સાધ્વીજી સુરેન્દ્રશ્રીજી મહારાજના શિષ્યા સાધ્વીજી બોધિરત્નાશ્રીજી

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧

❖ વિવેચનકાર ❖
પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૨૯ ❖ વિ. સં. ૨૦૫૯
આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૧૦૦૦

**મૂલ્ય રૂ. ૩૫-૦૦**

## : શ્રુતભક્તિમાં આર્થિક સહયોગ :

સ્વ. યશવંતરાય **ચત્રભુજભાઈ**ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે **ચત્રભુજભાઈ જગજીવનદાસ તણસાવાળા પરિવાર** તરફથી
મુ. ભાવનગર
હસ્તે : **રમેશભાઈ, રાજુભાઈ, જિતેન**

✪

**દોશી હીરાલક્ષ્મી નગીનદાસ સાવરકુંડલાવાળા** તરફથી વિલેપાર્લે - મુંબઈ

✪

**પ. પૂ. બોધિરત્નાશ્રીજી મ. સા.** તથા **પ. પૂ. આર્જવરત્નાશ્રીજી મ. સા.** ની
પ્રેરણાથી, તત્ત્વશ્રવણથી થયેલ શ્રુતભક્તિના મનોરથરૂપે
**શ્રુતોપાસિકા શ્રાવિકા** તરફથી – મુ. અમદાવાદ

✪

તત્ત્વરુચિથી થયેલ શ્રુતભક્તિના મનોરથરૂપે **શ્રુતપ્રેમી શ્રાવિકા** તરફથી – મુ. ભાવનગર

* **મુદ્રક** *
**મુદ્રેશ પુરોહિત**
સૂર્યા ઓફસેટ, આંબલીગામ, સેટેલાઇટ-બોપલરોડ, અમદાવાદ-૫૮

## 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ ***

**ગીતાર્થ ગંગા**

૫, જૈન મરચન્ટ સોસાયટી,

ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭

☎ (૦૭૯)-૬૬૦૪૯૧૧

*** નટવરભાઈ એમ. શાહ (આફ્રીકાવાળા)**

૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડીયા સોસાયટી,

વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩

☎ (૦૭૯)-૭૪૭૮૫૧૨, ૭૪૭૮૭૧૧

*** મુંબઈ ***

**નિકુંજભાઈ ૨. ભંડારી**

વિષ્ણુ મહલ, ત્રીજે માળ,

ગરવારે પેવેલીયનની સામે,

ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦

☎ (૦૨૨)-૨૨૮૧૪૦૪૮, ૨૨૮૧૦૧૯૫

**શ્રી ચીમનભાઈ ખીમજી મોતા**

૯/૧, ગજાનન કોલોની, જવાહરનગર,

ગોરેગાવ (વે), મુંબઈ-૬૨

☎ (૦૨૨)-૨૨૮૭૩૪૫૩૦

**લલિતભાઈ ધરમશી**

૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,

જવાહરલાલ નહેરુ રોડ,

સર્વોદય પાર્શ્વનાથ નગર,

જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦

☎ (૦૨૨)-૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

*** સુરત ***

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,

બાબુ નિવાસની ગલી,

ટીમલીયાવાડ, સુરત.

☎ (૦૨૨)-૩૪૭૧૩૨૮

*** પૂને ***

Maheshbhai C. Patwa
1/14, Vrindavan Society,
B/h. Mira Society, Nr. Anand Marg,
Off. Shankar Sheth Road,
Pune-411037
☎ (020)-6436265

*** રાજકોટ ***

**કમલેશભાઈ દામાણી**

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,

રાજકોટ-૩૬૦૦૦૧

☎ (૦૨૮૧)-૨૨૩૩૧૨૦

*** બેંગલોર ***

**વિમલચંદજી**

C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (O) 2875262, (R) 2259925

*** જામનગર ***

**ઉદયભાઈ શાહ**

C/o. મહાવીર અગરબત્તી વર્કસ

C-9, સુપર માર્કેટ,

જયશ્રી ટોકીઝની સામે, જામનગર.

☎ (૦૨૮૮)-૨૬૭૮૫૧૩

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ. સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ. સા. નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાનાં મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમજ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત -

૫, જૈન મરચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વ્યાખ્યાનનાં ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત મ. સા.)**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત મ. સા.)**

૧. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૨. ચિત્તવૃત્તિ
૩. શાસન સ્થાપના
૪. કર્મવાદ કર્ણિકા
૫. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૬. પ્રશ્નોત્તરી
૭. દર્શનાચાર
૮. સદ્ગતિ તમારા હાથમાં
૯. યોગદૃષ્ટિ સમુચ્ચય
૧૦. અનેકાંતવાદ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાવધર્મ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત મ. સા.) સંપાદિત**

૧. શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો

## हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित म. सा.)**

१. जैन शासन स्थापना
२. चित्तवृत्ति

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

## ગુજરાતી

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન (અપ્રાપ્ય)
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)

# : સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક :

અનંતજ્ઞાની, અનંત ઉપકારી શ્રી અરિહંતદેવના મુખકમળમાંથી ત્રિસૂત્રી દ્વારા અર્થરૂપે નીકળેલાં અને બીજબુદ્ધિના સ્વામી, મહાબુદ્ધિનિધાન, શ્રુતના સંવાહક-સંચાલક, સર્વશ્રેષ્ઠ ચારિત્રસંપન્ન, ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી, લોકોત્તમ કરુણાના ભંડાર એવા ગણધર ભગવંતોએ શ્રીસંઘના હિત માટે એક જ અંતર્મુહૂર્તમાં રચેલાં, અનંતગમ-પર્યાયથી યુક્ત અને અર્થગાંભીર્યથી પૂર્ણ આ નમસ્કાર મહામંત્રાદિ સૂત્રો છે. પૂર્વાચાર્ય ભગવંતોએ શાસ્ત્રોમાં આ સૂત્રોના ઘણા અર્થોનો ઉઘાડ કરી આપણી પાસે રજૂ કર્યા છે, જેને સમજવા માટેની પણ આપણી પાસે યત્કિંચિત્ જ બુદ્ધિ છે. આમ છતાં, જેમ ૧૪૪૪ ગ્રંથોના રચયિતા મુનિપુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પોતાના **'લલિતવિસ્તરા'** ગ્રંથમાં જણાવે છે કે, 'મારાથી મંદ બુદ્ધિવાળા જીવોને ઉપકાર થાય તેના માટે આ મારો પ્રયાસ છે.' તેમ મંદ બુદ્ધિવાળા જીવોને ઉપકાર થાય તેના માટે જ આવાં મહાગંભીર સૂત્રોના યત્કિંચિત્ પરિણામો-ભાવો દર્શાવવાનો પંડિતવર્યશ્રી પ્રવીણભાઈ મોતાનો આ યત્નલેશ છે. ભગવાને બતાવેલી સર્વ ક્રિયાઓ નિશ્ચય અને વ્યવહારથી મોક્ષ માટે સંગત થાય છે, તેથી સૂત્રના અર્થના ઉપયોગપૂર્વક માનસયત્ન કરી, સૂત્રના પરિણામો-ભાવો હૈયાને સ્પર્શે તે રીતે સ્થિર કરી, સૂત્રોનું પઠન-મનન-નિદિધ્યાસન કરવાથી આત્મલક્ષી ક્રિયા થશે અને આધ્યાત્મિક વિકાસના પંથે પ્રયાણ થઈ શકશે.

જીવનમાં કોઈને કોઈ સત્કાર્ય કરવાની તક પ્રાપ્ત થાય તેના પાયામાં કોઈક નિમિત્ત હોય છે. તેવી રીતે જ મારા જીવનમાં પણ સૂત્રાર્થનું આ સત્કાર્ય કરવાનો આ સુઅવસર પ્રાપ્ત થયો છે.

જેમણે મારા જીવનમાં જ્ઞાનયોગની સાધના કરવા માટેના પંડિત મહેન્દ્રભાઈ (મોટા પંડિત પૂ. મોહજિતવિજયજી મહારાજ) પાસે અને તેમની દીક્ષા પછી પં. પ્રવીણભાઈ પાસે સુંદર સંયોગો ગૃહસ્થપણામાં જ ગોઠવી આપેલા, એવા સંસારી ભાઈ - **યશવંતરાય ચત્રભુજભાઈ કનાડીયા**નું ભાવનગર મુકામે અવસાન થતાં તેમની પાછળ શ્રેયકાર્યરૂપે શ્રુતના ક્ષેત્રમાં કંઈક દાન આપવાની તેમના

કુટુંબીજનોની ભાવના થઈ. દાનની રકમનું યોગ્ય સ્થાને યોજન થાય તદર્થે માર્ગાનુસારી ક્ષયોપશમધારક, નિ:સ્પૃહી પંડિતવર્યશ્રી પ્રવીણભાઈનું આ અંગે માર્ગદર્શન મેળવ્યું. તેમણે ૨૦ વર્ષ પૂર્વે સ્વસ્ફુરણાથી આ સૂત્રોના પરિણામો લખ્યા હતા, તેને જ સુબદ્ધ રીતે સંકલન કરવાની પ્રેરણા કરી, અને સ્વપરિણતિને નિર્મળ બનાવવા માટે જ જાણે આવાં ગણધરરચિત ગંભીર ભાવોથી ભરેલાં આ સૂત્રોનું સંકલન કરવાની મને સોનેરી તક પ્રાપ્ત થઈ, જેમાં **'ધર્મસંગ્રહ', 'લલિતવિસ્તરા', 'આવશ્યકનિર્યુક્તિ'** આદિ ગ્રંથોનું અવલંબન લઈ **'નવકાર મહામંત્ર'**થી **'અરિહંત ચેઈયાણં'** સુધીનાં સૂત્રોના પરિણામોનું સુંદર સંકલન થયું. વળી **સામાયિક અને ચૈત્યવંદનની ક્રિયા કરતાં કરવા યોગ્ય ભાવોનું** અને ચૈત્યવંદનના પ્રારંભિક સૂત્ર **'સકલકુશલવલ્લી' સૂત્રના ભાવોનું** પણ સંકલન થયું.

ગણધર ભગવંતોએ સૂત્રોમાં જે ગંભીર અને અદ્ભુત ભાવો ગૂંથ્યા છે, તેને પંડિતવર્યશ્રી પ્રવીણભાઈએ સુંદર અને સરળ શૈલીમાં ખીલવ્યા છે અને ધર્માનુરાગી શ્રુતોપાસક સુશ્રાવક શાંતિભાઈનો તથા સાધ્વીજી શ્રી આર્જવરત્નાશ્રીનો પ્રૂફ અંગે સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે.

શાસ્ત્રમાં ધર્મક્રિયા બે પ્રકારની બતાવી છે. (૧) ભાવક્રિયા અને (૨) દ્રવ્યક્રિયા. આપણી ક્રિયાને ભાવક્રિયા બનાવવાના ચાર અંગો છે. (૧) સ્થાન, (૨) ઊર્ણ, (૩) અર્થ અને (૪) આલંબન. સ્થાનમાં ચોક્કસ આસન અને ચોક્કસ મુદ્રા આવે, ઊર્ણમાં સૂત્રોચ્ચારની શુદ્ધિ, અર્થમાં વિભિન્ન સૂત્રોમાં અર્થનો ઉપયોગ અને આલંબનમાં સ્થાપનારૂપે સ્થાપિત ભાવાચાર્ય કે મૂર્તિરૂપે વિદ્યમાન ભાવઅરિહંતનું આલંબન લેવાનું હોય છે. આ બધું આવી જાય તો આપણી ક્રિયા ભાવરૂપ બને અને આ બધું ન ભળે તો તે ક્રિયા સંમૂર્ચ્છિમક્રિયા થાય કે જે મોક્ષફળ આપી શકે નહીં. તેથી મૂળસૂત્રો, તેના અર્થો અને પછી વિશેષાર્થ આપી સૂત્રનાં વિશેષ સ્થાનો સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે, જેથી સાધક પોતાની ક્રિયાને ભાવક્રિયા બનાવી શકે.

તે તે સૂત્ર બોલતી વખતે તે તે મુદ્રા દ્વારા, સૂત્રના અર્થના ઉપયોગપૂર્વક અને પ્રણિધાનાદિપૂર્વક કરાતી ક્રિયા જ ભાવક્રિયા કહેવાય. સૂત્રાર્થના ઉપયોગ

વિનાની, પ્રણિધાનાદિથી રહિત ધર્મક્રિયાને '**अणुवओगो दव्वं**' એ વચનથી શાસ્ત્રમાં દ્રવ્યક્રિયા કહી છે, જે તુચ્છ અને અસાર છે. તેથી ભાવક્રિયા કરવાના અર્થીએ સૂત્રના અર્થો જાણી, સૂત્ર બોલતાં તે ઉપસ્થિત થાય તેવાં સ્થિર કરી, તેના ઐદંપર્ય સુધી જવા યત્ન કરવો જોઈએ.

તત્ત્વજ્ઞાનના સાચા અર્થી બુદ્ધિધન જીવો, કદમાં નાનાં અને મોક્ષનાં રહસ્યો જેમાં ઠાંસી ઠાંસીને ભર્યાં છે તેવાં આ સૂત્રોના શબ્દો બોલતાં, તેના પરિણામોમાં અહીં જે જે યત્નલેશ કર્યો છે, તેવો યત્નલેશ ક્રિયા કરતાં કરશે તો આ આત્મલક્ષી ક્રિયાથી અવશ્ય માર્ગને પ્રાપ્ત કરશે, અને સંસારને પરિમિત કરે તેવા યોગીને અનુરૂપ વિશિષ્ટ ચિત્તને તૈયાર કરી શકશે.

અંતમાં આત્મપરિણતિની નિર્મળતા માટે કરાયેલા આ પ્રયાસ દ્વારા કોઈ એક જીવ પણ યોગમાર્ગ પર આરૂઢ થશે તો અમારો શ્રમ સફળ છે, તથા હું પણ સૂક્ષ્મ બોધ કરવા દ્વારા ભાવપૂર્વકની ક્રિયાની પરિણતિ પ્રાપ્ત કરી, સંયમયોગને અપ્રમત્તપણે આરાધી, કર્મક્ષય કરી નિકટના ભવોમાં અનંત સુખપ્રદ પરમપદની ભાગી બનું એ જ શુભાશયથી કરેલો આ નાનકડો પ્રયાસ સફળતાને પામો.

## शुभं भवतु

✦ ✦

**વિ. સં. ૨૦૫૯,**
**શ્રાવણ સુદ-૫,**
**તા. ૨-૮-૨૦૦૩**
**૩૦૨, વિમલ વિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી,**
**અમદાવાદ-૩૮૦૦૦૭**

**સત્ક્રિયાભિરુચી પ. પૂ. ભક્તિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પ. પૂ. ગચ્છાધિપતિ પ્રેમસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તીની સાધ્વીજી જય-લાવણ્ય-હેમ-શ્રીજી મ. સા. ના શિષ્યા તપસ્વીરત્ના, સ્વાધ્યાયપ્રિયા, પ. પૂ. સા. સુરેન્દ્રશ્રીજી મ. સા. ના શિષ્યા**
**સાધ્વીશ્રી બોધિરત્નાશ્રીજી**

# અનુક્રમણિકા


| સૂત્ર નંબર | સૂત્રનું નામ | પેજ નં. |
|---|---|---|
| ૧. | નમસ્કાર મહામંત્ર | ૧ |
| ૨. | પંચિંદિય સૂત્ર | ૧૪ |
| ૩. | ખમાસમણ સૂત્ર | ૩૨ |
| ૪. | ઈચ્છકાર સૂત્ર | ૩૮ |
| ૫. | અબ્ભુટ્ઠિઓ સૂત્ર | ૪૪ |
| ૬. | ઈરિયાવહિયા સૂત્ર | ૫૪ |
| ૭. | તસ્સઉત્તરી સૂત્ર | ૫૯ |
| ૮. | અન્નત્થ સૂત્ર | ૬૩ |
| ૯. | લોગસ્સ સૂત્ર | ૬૮ |
| ૧૦. | કરેમિ ભંતે સૂત્ર | ૮૬ |
| ૧૧. | સામાઈયવયજુત્તો સૂત્ર | ૧૦૭ |
| | સામાયિક ગ્રહણ વિધિ અને કરવા યોગ્ય પરિણામ | ૧૨૫ |
| | સામાયિક પારવાની વિધિ અને કરવા યોગ્ય પરિણામ | ૧૨૯ |
| ૧૨. | જગચિંતામણિ સૂત્ર | ૧૩૨ |
| ૧૩. | જં કિંચિ સૂત્ર | ૧૪૩ |
| ૧૪. | નમોડત્થુણં સૂત્ર | ૧૪૫ |
| ૧૫. | જાવંતિ ચેઈયાઈ સૂત્ર | ૧૭૧ |
| ૧૬. | જાવંત કે વિ સાહૂ સૂત્ર | ૧૭૨ |

| | | |
|---|---|---|
| ૧૭. | નમોઽર્હત્ સૂત્ર | ૧૭૪ |
| ૧૮. | ઉવસગ્ગહરં સૂત્ર | ૧૭૫ |
| ૧૯. | જયવીયરાય સૂત્ર | ૧૮૦ |
| ૨૦. | અરિહંત ચેઈઆણં સૂત્ર | ૨૦૧ |
| ૨૧. | સકલ કુશલવલ્લી સૂત્ર | ૨૨૧ |
| | ચૈત્યવંદનની વિધિ અને તેના આવશ્યક પરિણામો-ભાવો | ૨૨૫ |

ॐ ह्रीँ अर्हं नमः

ॐ ह्रीँ अर्हं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

-ॐ ऐँ नमः ।

## - : श्री नमस्कार महामंत्र :-

*नमो अरिहंताणं*

*नमो सिद्धाणं*

*नमो आयरियाणं*

*नमो उवज्झायाणं*

*नमो लोए सव्वसाहूणं*

*एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।*

*मंगलाणं च सव्वेसिं, पढमं हवई मंगलं ।।*

**'नमस्कार' સૂત્રનું માહાત્મ્ય :-**

શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે શ્રી પંચપરમેષ્ઠિ-ગીતામાં નમસ્કારનો મહિમા અનેક પ્રકારે વર્ણવ્યો છે. અંતે તેનો ઉપસંહાર કરતાં જણાવ્યું છે કે –

- *રત્નતણી જિમ પેટી, ભાર અલ્પ બહુમૂલ્ય;*
*ચૌદ પૂરવનો સાર છે, મંત્ર એહને તુલ્ય.*
*સકલ સમય અભ્યંતર, એ પદ-પંચ પ્રમાણ;*
*મહ સુઅ-ખંધ તે જાણો, ચૂલા-સહિત સુજાણ.* દુહા-૧૩૦

તેનો ભાવ આ પ્રમાણે છે –

રત્નની પેટીનું વજન થોડું અને મૂલ્ય ઘણું હોય છે, તે રીતે પંચપરમેષ્ઠિને નમવારૂપ નમસ્કાર મંત્ર વજનમાં=અક્ષરોના પ્રમાણથી, બહુ નાનો=માત્ર ૬૮ અક્ષર પ્રમાણ જ છે, પરંતુ તેનું મૂલ્ય=ફળ, ઘણું છે, તે ચૌદ પૂર્વના સારરૂપ છે.

નમસ્કારનાં પાંચ પદો, બધાં આગમોની અંદર પ્રમાણરૂપ છે, ચૂલા-સમેતનો=ચૂલિકા સહિતનો, નમસ્કાર મહાશ્રુતસ્કંધ છે.

**સૂત્રનો અર્થ :-**

અરિહંત પરમાત્માઓને નમસ્કાર કરું છું.

સિદ્ધ પરમાત્માઓને નમસ્કાર કરું છું.

આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું.

ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરું છું.

લોકમાં=મનુષ્ય લોકમાં રહેલા સર્વ સાધુભગવંતોને નમસ્કાર કરું છું.

આ પાંચ પરમેષ્ઠિ ભગવંતોને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

**- : વિશેષાર્થ :-**

**નમઃ નો અર્થ :-**

'નમઃ' શબ્દ પૂજાના અર્થમાં છે અને પૂજા એ દ્રવ્યસંકોચ અને ભાવસંકોચરૂપ છે. દ્રવ્યસંકોચરૂપે "નમો અરિહંતાણં" પદ બોલતી વખતે, નમસ્કરણીય એવા અરિહંત પરમાત્માનું અવલંબન લઈને કાયાને નમસ્કારની ક્રિયાને અનુકૂળ પ્રવર્તાવવી, વચનને ઉચ્ચારણની ક્રિયાને અનુકૂળ પ્રવર્તાવવું અને મનને તે શબ્દના અર્થને અનુકૂળ પ્રવર્તાવવું, તે દ્રવ્યસંકોચ છે; અને 'અરિહંતાણં' પદથી અરિહંત પરમાત્માના તાત્ત્વિક સ્વરૂપને ઉપસ્થિત કરીને, તે ભાવને અનુકૂળ અંતરંગ જીવવીર્યને પ્રવર્તાવવું તે ભાવસંકોચ છે. ભાવસંકોચરૂપ પૂજાને સમ્યગ્ રીતે નિષ્પન્ન કરવા અર્થે વિચારક સાધકે પૂર્વમાં તે અરિહંત પરમાત્માનું લોકોત્તમ સ્વરૂપ વિચારીને, પુનઃ પુનઃ બુદ્ધિમાં પ્રતિભાસમાન કરીને, એ રીતે સ્થિર કરવું જોઈએ કે જેથી માત્ર 'અરિહંતાણં' શબ્દ બોલતાંની સાથે જ તે લોકોત્તમ સ્વરૂપવાળા પરમાત્મા તે જ સ્વરૂપે બુદ્ધિરૂપી ચક્ષુ સામે તેટલા મર્યાદિત કાળમાં ઉપસ્થિત થાય, અને તેમને જ અવલંબીને આ પોતાની નમસ્કારની ક્રિયા છે તે પ્રકારનો ભાવ ઉપસ્થિત થાય.

**માનસપટ પર અરિહંતનું સ્વરૂપ ઉપસાવવા માટે કરવા યોગ્ય પ્રયત્ન :-**

(૧) અરિહંત પરમાત્માનું સ્વરૂપ બુદ્ધિમાં સમ્યગ્ રીતે ઉપસાવવા માટે સૌ પ્રથમ જીવે સંસારની નિર્ગુણતાનું યથાર્થ ભાન બુદ્ધિમાં સ્થિર

કરવું જોઈએ.

(૨) પોતાની પ્રકૃતિને અતિગંભીર અને વિચારશીલ બનાવવી જોઈએ કે જેથી શબ્દ દ્વારા વર્ણન કરાયેલા તે પરમાત્માના સ્વરૂપને હૈયામાં વ્યક્તરૂપે સ્થાપન કરવા પોતે સમર્થ બની શકે.

(૩) ત્યારપછી તે અરિહંત પરમાત્માનું સ્વરૂપ હૈયાને સ્પર્શે એ રીતે અતિ ગંભીરતાપૂર્વક આ પ્રમાણે વિચારવું જોઈએ -

**અરિહંતનું સ્વરૂપ :-**

**नमो अरिहंताणं । : અરિહંત પરમાત્માઓને નમસ્કાર કરું છું :-**

*"ચરમ ભવમાં જેહનું સાત્ત્વિક જીવન શોભતું,*
*ને ગર્ભમાંથી ઉચિત પ્રવૃત્તિ થકી જે મ્હેકતું;*
*સંયમ લઈ દૃઢ યત્ન કરી કેવળજ્ઞાનને પામતા,*
*જગતનો ઉપકાર કરવા પૃથ્વી તટ પર વિચરતા."*

તે તારક અરિહંત પરમાત્માઓ ગર્ભથી માંડીને અત્યંત ઉચિત પ્રવૃત્તિને કરનારા હોય છે અને તેમની દરેક પ્રવૃત્તિઓ જગતના હિત માટે થાય છે. સંયમપૂર્વે સંસારઅવસ્થામાં પણ તેઓ જે પ્રવૃત્તિઓ કરે છે, તે સઘળીય પ્રવૃત્તિઓ કષાયને પરવશ થયા વગર એક કેવળ કર્મનાશના ઉપાયરૂપે કરે છે. તેથી તેઓનું સંપૂર્ણ જીવન અત્યંત ઔચિત્યપૂર્ણ હોય છે, જે, કોઈપણ સાધકને તેમનામાં રહેલા મહાસત્ત્વને સારી રીતે ઉપસ્થિત કરાવે તેવું છે; કારણ કે સંસારની કોઈપણ પ્રવૃત્તિ ક્યાંય પણ કષાયને વશ થયા વગર, પોતાના સંયોગ પ્રમાણે ઔચિત્યપૂર્વક કરવી, એ તેવા પ્રકારના અંતરંગ સત્ત્વ વિના સંભવતું નથી. વળી તેઓમાં ભવસ્વરૂપનો સમ્યગ્ બોધ અત્યંત સ્થિરભાવને પામેલ હોવાથી તેવું સત્ત્વ તેઓને ગર્ભથી માંડીને હોય છે. એ તારક અરિહંત પરમાત્માઓ જન્મથી જ નિર્મળ કોટિના ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે અને જન્મતાંની સાથે જ ઈન્દ્રાદિ દેવોથી પૂજાતા હોય છે. તેમ છતાં તે બાહ્ય વૈભવની કોઈ છાયા તેમની બુદ્ધિ ઉપર પડતી નથી, જે જન્મથી જ તેઓમાં રહેલા ઉત્તમ કોટિના વિરક્તભાવને બતાવે છે. જીવરૂપે તો જગત્વર્તી સર્વ જીવો સમાન હોવા છતાં, અરિહંત પરમાત્માના આત્માઓએ પૂર્વના ઘણા ભવો સુધી ગુણોનો

સારો અભ્યાસ કરેલ હોવાથી, અંતિમ ભવમાં આવું લોકોત્તર મહાસત્ત્વ, લોકોત્તમ ગાંભીર્ય અને પરમ ઔદાર્યાદિ અનેક ગુણો બાલ્ય અવસ્થાથી જ તેઓમાં હોય છે; અને જેવાં ભોગકર્મ ક્ષીણ થાય છે કે તૃણની જેમ સંસારના ભોગોને છોડીને સંયમમાં તેઓ યત્ન કરે છે, અને તે યત્ન પણ સંયમના ઊંચા કંડકોમાં વર્તતાં યાવત્ કેવલજ્ઞાન સુધી નિરતિચારપણે થતો હોય છે.

વળી સંયમ ગ્રહણ કર્યા બાદ અરિહંત પરમાત્માના સંપૂર્ણ સમિતિ-ગુપ્તિમય અને અત્યંત અપ્રમાદમય છદ્મસ્થ એવા મુનિજીવનને નિપુણ પ્રજ્ઞાથી બુદ્ધિમાં ભાવિત કરવાથી, સાધકને પોતાનામાં રહેલી અલ્પસત્ત્વતા અને છદ્મસ્થકાલમાં પણ તેઓમાં વર્તતી મહાસત્ત્વતા સ્પષ્ટ દેખાય છે, અને તેના કારણે તેને અવલંબીને કરાતા નમસ્કારથી તે મહાસત્ત્વ તરફ સાધકનું જીવવીર્ય પણ ધીરે ધીરે પ્રસર્પણભાવવાળું થાય છે. સંયમની લોકોત્તર સાધના પછી તે અરિહંત પરમાત્માઓ, અત્યંત પ્રયત્નથી પણ દુઃસાધ્ય એવી ક્ષપકશ્રેણીને મહાઅંતરંગ પરાક્રમથી પ્રાપ્ત કરીને જ્યારે કેવલજ્ઞાનને પામે છે, ત્યારે, કેવલ જગતના ઉપકાર માટે, અને ભૂતકાળમાં જગતના સર્વ જીવોને તારવા માટે કરેલા "સવિ જીવ કરું શાસનરસી" એ પરિણામના ફળરૂપે, તેમને તીર્થંકરની સમૃદ્ધિ પ્રગટ થાય છે; પરંતુ તે વખતે પણ પોતે વીતરાગભાવવાળા હોવાથી તે સમૃદ્ધિનું તેઓને ભૌતિક રીતે કોઈ જ મહત્ત્વ નથી.

આ સર્વ ભૂમિકા અરિહંત પરમાત્માના વિશિષ્ટ સ્વરૂપને ચિત્તમાં ઉપસાવવા માટે સાધકને અત્યંત ઉપયોગી છે. આ રીતે અનેક વિશેષતાઓથી શ્રી અરિહંત પરમાત્માનું બાહ્ય અને આભ્યંતર સ્વરૂપ સૂક્ષ્મ રીતે સમાલોચન કર્યા પછી "નમો અરિહંતાણં" પદનું ઉચ્ચારણ અત્યંત ઉપયુક્ત બનીને કરવામાં આવે, ત્યારે હૈયું તે ગુણોથી અત્યંત ઉપરંજિત બને છે અને તે ઉત્તમ ગુણોને અવલંબીને નમસ્કારની ક્રિયા કરવાથી જીવમાં તે મહાસત્ત્વને અનુરૂપ વીર્ય ઉલ્લસિત થવા લાગે છે.

**અરિહંતપદના ધ્યાનનું ફળ :-**

> **"અરિહંતપદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયરે**
> **ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે."**

જીવ દ્રવ્ય-ગુણ અને પર્યાયથી અરિહંત પદનું ધ્યાન કરે તો અરિહંત અને પોતાની વચ્ચેના ભેદનો છેદ થાય છે=નાશ થાય છે, અને તેનાથી આત્મા અરિહંત સ્વરૂપ થાય છે.

આનાથી પણ એ પ્રાપ્ત થાય કે, અરિહંતપદમાં તન્મયતા આવે તો તીર્થંકરનામકર્મના બંધની પ્રાપ્તિ થાય છે અને જીવ સ્વયં તીર્થંકર બને છે.

**ભાવનમસ્કારની નિષ્પત્તિ ક્યારે ?**

કોઈ સાધક જીવ ઉપરોક્ત રીતે અરિહંત પરમાત્માનું સ્વરૂપ વારંવાર વિચારતો હોય, તે જીવ જ્યારે "નમો અરિહંતાણં" પદ બોલે છે ત્યારે તો એ સર્વ વિચારણાઓની ઉપસ્થિતિ સંભવે નહીં, પરંતુ પૂર્વમાં વિચારેલ સ્વરૂપવાળી 'અરિહંત' પદથી વાચ્ય વ્યક્તિને હું નમસ્કાર કરું છું, એટલું અરિહંતનું સ્વરૂપ, બુદ્ધિથી ઉપયુક્ત થઈને તે પદ બોલવાથી તેને થઈ શકે છે. તેમ છતાં તે વખતનો તેનો એ નમસ્કાર ભાવનમસ્કારરૂપ બને છે કે નહીં, તેનો નિર્ણય કઈ રીતે થાય ? આ પ્રશ્નની વિચારણા આ રીતે થઈ શકે –

બોલતી વખતે જે પદનો ઉપયોગ છે તે માનસ-વિચારણા છે, અને તેવી ગુણસંપન્ન વ્યક્તિને હું નમસ્કાર કરું છું એવી સંવિત્તિ=સંવેદન, હોય છે, તે તેની શુભલેશ્યા છે. અને નમસ્કરણીય એવા અરિહંત પરમાત્માના વીતરાગભાવને અવલંબીને જ, પોતાનામાં રહેલા વીતરાગભાવથી વિરુદ્ધ એવા સંસારના ભાવો, પૂર્વે જે રીતે પોતાને તુચ્છ અને નિર્માલ્ય ભાસતા હતા, તે તુચ્છ અને નિર્માલ્યનું ભાસન જેટલા અંશમાં અધિક થાય, તેટલા અંશમાં ભાવનમસ્કાર નિષ્પન્ન થયો કહેવાય છે; અને આ ભાવનમસ્કારથી જ અરિહંતપદમાં ઉપયુક્ત આત્મા ભાવના અતિશયથી તીર્થંકરનામકર્મ બાંધે છે, અને જ્યારે તીર્થંકર થાય છે ત્યારે તેઓના જેવું જ મહાસત્ત્વ તે જીવમાં પ્રાદુર્ભાવ પામે છે. તેથી નમસ્કાર કરવાના કાળમાં જેટલા અંશમાં જીવમાં મહાસત્ત્વ પ્રગટ થતું જાય છે તેટલા અંશમાં જીવ વીતરાગભાવને આસન્ન થાય છે, અને તેથી સમ્યગ્ વિચારણાપૂર્વક બુદ્ધિમાં વીતરાગભાવનું અત્યંત મહત્ત્વ ઉપસ્થિત કરી શકાય તે રીતે યત્ન કરીને "નમો અરિહંતાણં" પદ બોલનારને તે મહાફલવાન થાય છે. નહીંતર પૂર્વમાં શબ્દોથી ઘણી વિચારણા

કરી પણ હોય, અને તે વખતે અંશથી પણ અરિહંતનું મહત્ત્વ બુદ્ધિમાં આવ્યું પણ હોય, પણ તેમ છતાં તે મહત્ત્વથી બુદ્ધિ વાસિત ન રહી શકતી હોય, તો તે સાધક "નમો અરિહંતાણં" પદ બોલે અને માનસ-ઉપયોગ રાખે, તો પણ તે નમસ્કાર માત્ર શુભલેશ્યામાં મુખ્યરૂપે વિશ્રાંત થાય છે, પરંતુ ભાવનમસ્કાર નિષ્પન્ન થતો નથી. માટે અવશિષ્ટ કાળમાં પણ તે માટે વીતરાગભાવનું ગુંજન ચિત્તમાં ઉપસ્થિત રાખવું જોઈએ અને વીતરાગભાવની જ નિષ્પત્તિને અનુકૂળ એવી તેમની દરેક સંયમની અવસ્થાઓ એ રીતે વિચારવી જોઈએ કે જેથી વીતરાગનું સ્મરણ સદા જીવંત રહે. એ રીતે વીતરાગભાવને જોવા માટે ગંભીરતાપૂર્વક યત્ન કરવો એ જ પ્રથમ ભૂમિકામાં હિતાવહ છે.

વિશેષ રીતે તો શાસ્ત્રમાં નિપુણ પ્રજ્ઞાવાળા જીવો જ વીતરાગને કાંઈક સારી રીતે જોઈ શકે છે, અને સ્પષ્ટ રીતે વીતરાગભાવને જોવા માટે તો જીવે વીતરાગ જ બનવું પડે, પરંતુ જેને સામાન્યથી પણ વીતરાગતાનો ખ્યાલ આવે છે તેને જગત્‌વર્તી રત્નચિંતામણિ આદિ દુર્લભ પદાર્થો કરતાં પણ વીતરાગના નામનું પણ મહત્ત્વ વધુ દેખાય છે; કેમ કે સંસારમાં પણ જે જીવને ભાવથી વીતરાગનું અવલંબન પ્રાપ્ત થયું છે તે જીવ જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી કર્મોથી બહુ કદર્થના પામતો નથી.

**સંક્ષેપથી અરિહંતની ઉપસ્થિતિ :-**

સંક્ષેપથી અરિહંતની ઉપસ્થિતિ કરવા માટે નિરાકાંક્ષ ચિત્તવૃત્તિવાળા મુનિની પરાકોટિની નિરાકાંક્ષતારૂપ વીતરાગતા, પરાકોટીની જગદુપકારકતા અને જગદુપકારક એવી પુણ્યપ્રકૃતિના ફળસ્વરૂપ, સમવસરણસ્થિત તીર્થંકરની સમૃદ્ધિવાળી અને જગતના ઉપકારને અનુકૂળ ઉત્તમ દેશનાને દેતી ત્રિભુવનતારક વિભૂતિને અરિહંત પદથી ઉપસ્થિત કરીને, તેમને હું નમસ્કારની ક્રિયા કરું છું, એ ભાવ માનસપટ પર ઉપસ્થિત કરવો જોઈએ.

**સિદ્ધનું સ્વરૂપ :-**

**નમો સિદ્ધાણં । : સિદ્ધ પરમાત્માઓને નમસ્કાર કરું છું :-**

ભાવથી વીતરાગ અને દ્રવ્યથી સર્વકર્મરહિત અને શરીરરહિત અવસ્થાવાળા આત્માની સિદ્ધપદથી ઉપસ્થિતિ થાય છે. સિદ્ધાત્માઓ સંસારની

સર્વ અવસ્થાઓથી રહિત, સર્વપ્રવૃત્તિઓથી રહિત અને સંસારવર્તી જીવોમાં વર્તતા સર્વભાવોથી રહિત કેવળ નિરાકુળ ચેતનાવાળા છે. નિરાકુળ ચેતનાને કારણે તે સિદ્ધ પરમાત્માઓને જે સુખ વર્તે છે તેની તુલના સંસારવર્તી કોઈ સુખની સાથે થઈ શકે એમ નથી; કેમ કે સંસારવર્તી સર્વ પૌદ્‌ગલિક સુખો પરપદાર્થવિષયક ઈચ્છાવાળાં છે અને પરપદાર્થના સમાગમથી થનારાં છે. તેથી સંસારના સુખ કરતાં સિદ્ધનું સુખ વિલક્ષણ કોટીનું છે. સિદ્ધ પરમાત્માની કેવળ શુદ્ધ ચેતના, સદા-એક-ભાવ-અવસ્થિત અને બાહ્ય પદાર્થોના ઉપદ્રવ વગરની બિલકુલ નિરાકુળ હોવાથી તે ચેતના જ સુખરૂપ છે.

આ રીતે શબ્દોને અવલંબીને સિદ્ધ પરમાત્માના સ્વરૂપને સૂક્ષ્મ બુદ્ધિથી અને અતિ ગંભીરતાપૂર્વક ભાવન કરવાથી સિદ્ધને નમસ્કાર કરનાર સાધક ધીરે ધીરે તેમના જેવી ઉપશાંત ચેતનાવાળી પરિણતિ તરફ પરિણમન પામવા માંડે છે.

**સિદ્ધપદના ધ્યાનનું ફળ :-**

**"રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે,**
**તે ધ્યાતા નિજ આતમા, હોયે સિદ્ધ ગુણખાણી રે."**

શુદ્ધ આત્માનો રૂપાતીત સ્વભાવ છે અર્થાત્ અરૂપી સ્વભાવ છે અને તે કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ છે. આવા શુદ્ધ આત્માનું ધ્યાન કરવાથી ધ્યાન કરનાર આત્માને સિદ્ધના ગુણોનો પોતાનામાં આવિર્ભાવ થાય છે.

**મુનિપદ ભાવન :-**

**नमो आयरियाणं । नमो उवज्झायाणं । नमो लोए सव्वसाहूणं । : આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું. ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરું છું. લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું. :-**

આત્માની ઉત્તમોત્તમ એવી સિદ્ધ અવસ્થાને પૂર્ણ યત્નથી સાધનારા આત્માઓ અપેક્ષાભેદથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ભાવોરૂપે વ્યવસ્થિત હોય છે. જેમ સિદ્ધ અવસ્થામાં આત્મા દ્રવ્ય અને ભાવરૂપે સર્વ સંસારભાવોથી રહિત છે, તે રીતે મુનિ પણ ચિત્તમાંથી સંસારભાવને વિશ્રાંત કરીને સંસારાતીત ભાવોને જ અતિશયિત કરવા યતમાન હોય છે, અને તે માટે નિરાકાંક્ષ ચિત્તની નિષ્પત્તિ અને વૃદ્ધિ અર્થે મુનિ સતત ત્રણ ગુપ્તિ અને

પાંચ સમિતિમાં સમ્યગ્ રીતે યત્નવાળા હોય છે. વળી જગતના પદાર્થોથી પર એવી ચિત્તની અવસ્થા જ તેમને સુખરૂપ લાગી હોવાથી તેઓ જગત્વર્તી અર્થ-કામની આકાંક્ષા વગરના બની ગયા છે, અને કેવલ મોક્ષના ઉપાયરૂપે નિર્જરામાત્રના અર્થી બનેલા, નિર્જરા અર્થે ચિત્તમાં સતત તત્ત્વનું ભાવન કરવા દ્વારા ચિત્તને ઉપશાંત કરવા યત્ન કરતા હોય છે. તેથી તેમનું ચિત્ત સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને વિષે અપ્રતિબદ્ધ બની જાય છે. આ રીતે મુનિપદનું ભાવન કરવા ઉપરાંત મુનિભાવને બતાવનાર અઢાર હજાર શીલાંગો, અથવા દશવિધ યતિધર્મ વગેરે ભાવોથી પણ મુનિપદનું ભાવન કરવું જોઈએ. આ રીતે સમ્યગ્ ભાવન કરવાથી, ભગવાનના મુનિ જગતમાં કેવી ઉત્તમ ચિત્તવૃત્તિ ધારણ કરનારા હોય છે, એનું સ્પષ્ટ દર્શન બુદ્ધિ દ્વારા થઈ શકે છે, અને આવી ઉત્તમ ચિત્તવાળી વ્યક્તિને બુદ્ધિ દ્વારા વારંવાર એ રીતે જોવાથી સાધકનું હૈયું એ પ્રકારના ચિત્ત પ્રત્યે વિશેષ બહુમાનભાવવાળું બનતું જાય છે.

મુનિ જેવા સ્વરૂપવાળા હોય છે તેવા જ સ્વરૂપવાળા આચાર્ય અને ઉપાધ્યાય પણ હોય છે. કેવળ (૧) જગદુપકારકતા, (૨) પુણ્યપ્રકૃતિ અને (૩) શાસ્ત્રના અભ્યાસનો અતિશય આદિ ભાવોની વિશેષતાના કારણે તથા (૪) પાંચ પ્રકારના જ્ઞાનાદિ આચારોને આચરનારા, પ્રકાશન કરનારા અને દેખાડનારા હોવાથી મુનિ કરતાં આચાર્યને વિશેષરૂપે ગ્રહણ કરેલ છે. તે જ રીતે ઉપાધ્યાય પણ વિશેષ રીતે મુનિભાવવાળા જ છે, માત્ર (૧) સૂત્રાર્થની નિપુણતા હોવાથી અને (૨) આચાર્યપદની આસન્નભાવવાળી બાહ્ય શક્તિની યુક્તતા હોવાથી મુનિ કરતાં તેઓને વિશેષરૂપે ગ્રહણ કરેલ છે.

**આચાર્યપદના ધ્યાનનું ફળ :-**

> **"ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે**
> **પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે."**

ભલા આચારવાળા=સુંદર આચારવાળા, મહામંત્રના શુભ ધ્યાનમાં રહેનારા, પાંચ પ્રસ્થાનનો=આચાર્યપદનાં પાંચ પ્રકૃષ્ટ સ્થાનોનો, જાપ કરીને જેની ઉત્તમ પુણ્યપ્રકૃતિ ખીલી છે, તેવા આચાર્યનું ધ્યાન કરવાથી ધ્યાન કરનાર આત્મા આચાર્ય બને છે.

**ઉપાધ્યાયપદના ધ્યાનનું ફળ :-**

**"તપ-સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે,**
**ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે."**

તપ અને સ્વાધ્યાયમાં સદા રત રહેનારા, બાર અંગનો સ્વાધ્યાય કરનારા, જગતના બંધુ અને જગતના ભ્રાતા એવા આત્મા તે ઉપાધ્યાય છે. આ સ્વરૂપે ઉપાધ્યાયનું ધ્યાન કરવાથી ધ્યાન કરનાર આત્મામાં ઉપાધ્યાયની યોગ્યતા ખીલે છે.

**સાધુપદના ધ્યાનનું ફળ :-**

**"અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે,**
**સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે."**

જે હંમેશાં સંયમયોગમાં અપ્રમત્ત રહે છે, અનુકૂળ ભાવમાં હર્ષ પામતા નથી અને પ્રતિકૂળ ભાવમાં શોક પામતા નથી, એવા સુંદર આત્મા સાધુ છે અને તેવા જે ન હોય તે મુંડન કરે તો પણ શું ? અને લોચ કરે તો પણ શું ? અર્થાત્ મુંડન કરવાથી અને લોચ કરવાથી કે સાધુવેશને ધારણ કરવાથી સાધુ સાધુ બનતા નથી.

આ રીતે સંયમયોગમાં અપ્રમત્ત એવા સાધુનું ધ્યાન કરવાથી ધ્યાન કરનાર આત્મા સંયમયોગમાં અપ્રમાદભાવને પ્રગટ કરે તેવી શક્તિનો સંચય કરે છે અને અંતે તે સર્વ કર્મનો નાશ કરીને પરમ સુખરૂપ મોક્ષને અવશ્ય પ્રાપ્ત કરે છે.

**પંચનમસ્કારથી ઉત્તમ ચિત્તની નિષ્પત્તિ :-**

આ રીતે અરિહંતાદિ પાંચે પદોનું ભાવન કરનાર સાધક, નમસ્કારસૂત્રના બળથી ધીરે ધીરે આ સંસારસાગરથી પાર પામી શકે છે. અન્યથા, આ નમસ્કારસૂત્ર જીવ અનંતી વાર બોલી ચૂક્યો, અને તેમાંથી વાચ્ય શબ્દોના અર્થો પણ જીવે અનંતી વાર વિચાર્યા, અને અનંતા ભવોમાં આ સૂત્રનો અનંતી વાર જાપ પણ કર્યો, પરંતુ એ સૂત્રના અવલંબનથી જે પ્રકારની ચિત્તની ઉત્તમ અવસ્થાની નિષ્પત્તિ થવી જોઈએ તે ન થઈ. તેથી જો ખરેખર

આ ભયાવહ સંસારથી ચિત્ત ભયવાળું બન્યું હોય, અને તેને કારણે આ સંસારથી નિસ્તરણ પામવાની તીવ્ર ઈચ્છા પ્રાદુર્ભાવ થઈ હોય, તો આ સૂત્ર અને તેનો જે વાચ્ય અર્થ છે તેના અવલંબનથી, આ પાંચેય પદોમાં રહેલી જે ઉત્તમ અવસ્થા છે, તેને નિપુણ પ્રજ્ઞાથી વિચારીને સતત તે ઉત્તમ ભાવોની આજુબાજુ ચિત્તને રમાડ્યા કરવું જોઈએ, કે જેથી સંસારને અનુકૂળ ભાવો ચિત્ત પર પોતાનું અસ્તિત્વ લાવવા સમર્થ ન બની શકે. તેથી નમસ્કારસૂત્રના બળથી આવા પ્રકારનો જ યત્ન હિતાર્થીને માટે આવશ્યક છે.

આ રીતે આ પાંચેય પદોનું સ્વરૂપ સારી રીતે સમજીને, વિચારીને અને તેને બુદ્ધિમાં સ્થિર કરીને પછી એ પાંચેય પદો બોલવામાં આવે, ત્યારે ચિત્તમાં કોઈ અપૂર્વ ભાવો પેદા થાય છે. એટલું જ નહિ પણ એ પાંચે પદોનું સ્મરણ જો એ જ રીતે કરવામાં આવે તો તે વખતે ચિત્ત કોઈ વિશેષ પ્રકારના ભાવને સ્પર્શનારું બને છે, અને અત્યંત ઉપયુક્ત બનીને એ રીતે પાંચ પદોનું ઉચ્ચારણ કરાયે છતે સંસારના ભાવોથી પર એવું ઉત્તમ ચિત્ત નિષ્પન્ન થાય છે, જે સંસારનિસ્તરણનું પરમ કારણ બને છે.

**एसो पंच नमुक्कारो सव्वपावप्पणासणो :-**

નમસ્કાર મહામંત્રની ચૂલિકામાં કહ્યું કે **આ પાંચને કરાયેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે** અર્થાત્ આ પાંચ પદવર્તી ઉત્તમ ભાવોનું બુદ્ધિમાં અત્યંત મહત્ત્વ સ્થાપન કરવાપૂર્વક અને અંતરંગ રીતે સમ્યગ્ યત્ન ઉત્થિત કરવાપૂર્વક, જો તે પાંચે પદોનું ઉચ્ચારણ કરવામાં આવે, તો વીર્યનો એ પ્રકારનો અતિશય થાય છે કે જેના બળથી સિદ્ધિગમનને પ્રતિકૂળ એવાં પાપકર્મોની અનુબંધશક્તિનો વિચ્છેદ થઈ જાય છે. તેથી બોલતાં બોલતાં જ તે ભાવોની સાથે એકતાને પામેલું ચિત્ત આત્માના સંસારનું પરિમિતિકરણ કરવા સમર્થ બને છે, તેમ જ વીર્યની અતિશયતાને કારણે તીર્થંકરનામકર્મ જેવી ઉત્તમ પુણ્યપ્રકૃતિનું ઉપાર્જન પણ થઈ શકે છે. માટે જગત્વર્તી જીવોના સર્વ પાપોનો નાશ કરવા માટે પ્રબળ ઉપાયભૂત આ પાંચને કરાયેલો નમસ્કાર જ છે.

**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं :-**

**આ પાંચને કરાયેલો નમસ્કાર સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે** અર્થાત્ જીવ જ્યાં સુધી સંસારમાં હોય છે ત્યાં સુધી કોઈ ને કોઈ કાર્ય તેના માટે નિષ્પાદ્ય હોય છે, અને પ્રાયઃ કરીને તે કાર્યમાં વિઘ્ન કરનાર કર્મ પણ જીવને પ્રાપ્ત થતું હોય છે. તેથી તે વિઘ્નને દૂર કરવા અર્થે જીવ મંગલનો આશ્રય પણ કરે છે, જેથી અભિષ્ટ કાર્ય વિઘ્નરહિત પૂર્ણ થાય. પરંતુ જગતમાં જેટલા મંગલભૂત પદાર્થો છે તે બધામાં શ્રેષ્ઠ કોટિનું મંગલ આ પાંચને કરાયેલો નમસ્કાર જ છે; કેમ કે ઉત્તમ ભાવવાળી વસ્તુ જ મંગલરૂપ બને છે, અને આ પાંચને કરાયેલો નમસ્કાર ઉત્તમ કોટિના ચિત્તને નિષ્પન્ન કરે છે, જે ઉત્તમ ચિત્ત સર્વ મંગલોમાં શ્રેષ્ઠ કોટિનું મંગલ છે. તેથી સમ્યગ્ રીતે આ પાંચ પદોમાં રહેલા ઉત્તમ ભાવોથી ભાવિત ચિત્તવાળો બનીને અને અત્યંત ઉપયુક્ત થઈને જીવ નમસ્કારના સ્મરણપૂર્વક જે કાંઈ કાર્ય કરે તે અવશ્ય પૂર્ણ થાય છે, તેવી વ્યાપ્તિ છે.

આમ છતાં, ક્યારેક કોઈ જીવ યથાતથા રીતે નવકાર ગણતો હોય અને ઈષ્ટકાર્ય થઈ પણ જાય, તો ત્યાં યથાતથા રીતે બોલાયેલ નમસ્કાર કારણ નથી, પરંતુ અન્ય પુણ્યપ્રકૃતિ જ કારણ છે. વળી કોઈક જીવ યથાતથા રીતે નમસ્કાર ઉચ્ચારણ કરતો હોય અને ઈચ્છિત કાર્ય ન થાય, તો તેમાં નવકારનો દોષ નથી; કેમ કે અરિહંતાદિ પદોના કંઈક બોધપૂર્વક તે ભાવોથી ભાવિત્ત થયેલા ચિત્તવાળાનો જ નવકાર મંગલરૂપ છે, અન્ય નહીં.

તેથી આ ચૂલિકાનાં પદો બોલતી વખતે એ ભાવ રાખવાનો છે કે, આ પાંચેય પદો લોકમાં ઉત્તમ ભાવવાળાં છે અને તેથી તેમને કરાયેલો નમસ્કાર એ ઉત્તમ ભાવના અવલંબનવાળો હોવાથી, તે ઉત્તમ ભાવથી વિરુદ્ધ એવાં સર્વ પાપકર્મોનો નાશ કરે છે અને તે નમસ્કાર ઉત્તમ ભાવના અવલંબનવાળો હોવાથી સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. આ રીતે નમસ્કારની ઉત્તરમાં આ પદો બોલવાથી આ પાંચને કરાયેલા નમસ્કારનું ખરું માહાત્મ્ય બુદ્ધિમાં વિશેષરૂપે ઉપસ્થિત થાય છે અને તેથી પૂર્વમાં નિષ્પન્ન થયેલો નમસ્કારનો ભાવ પુષ્ટતર બને છે.

**સંક્ષેપ સાર :-**

નવકારમંત્રના પ્રથમ પદમાં લોકોત્તમ એવા અરિહંત પરમાત્મા છે,

જેમનું મુખ્ય સ્વરૂપ સન્માર્ગદેશકરૂપે છે; બીજા પદમાં સર્વકર્મરહિત એવા શુદ્ધ આત્માના સ્વરૂપવાળા સિદ્ધ ભગવંતો છે, જે જીવની સાધ્ય અવસ્થારૂપ છે; અને ત્યાર પછીનાં ત્રણ પદોમાં સાધ્ય એવી સિદ્ધ અવસ્થાને સાધનાર સાધક મુનિભગવંતો રહેલા છે, જે ભૂમિકાના ભેદથી ત્રણ રૂપે ગ્રહણ કરેલ છે.

અરિહંતાદિ પાંચે ગુણમય છે, માટે નમસ્કરણીય છે અને પાંચે મોક્ષના હેતુઓ છે, આથી પણ નમસ્કરણીય છે.

વિશેષાવશ્યક ભાષ્ય મહાગ્રંથમાં અરિહંતાદિ પાંચે શા માટે નમસ્કરણીય છે, તે પ્રત્યેકનાં કારણ આ પ્રમાણે જણાવેલ છે –

**અરિહંતો** :- અરિહંતો માર્ગના દેશક છે, માટે નમસ્કરણીય છે.

**સિદ્ધો** :- મોક્ષરૂપ ફળ રત્નત્રયીના બળથી પ્રાપ્ત કરેલ હોવાથી રત્નત્રયીરૂપ આ જ મોક્ષમાર્ગ છે, તેવી સ્થિર બુદ્ધિના હેતુ હોવાથી માર્ગ પ્રત્યે સ્થિર શ્રદ્ધા કરાવવામાં ઉપકારી સિદ્ધો છે, માટે સિદ્ધ ભગવંતો નમસ્કરણીય છે. જેમ કોઈ વ્યક્તિ અમુક નગરના માર્ગથી ગમન કરીને તે નગરે પહોંચેલ હોય તેથી નિશ્ચિત થાય છે કે, 'આ જ માર્ગ છે', તે રીતે સિદ્ધ ભગવંતો રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની સાધના કરીને સિદ્ધિસ્થાનમાં પહોંચ્યા છે, તેવો નિર્ણય થવાથી, 'આ જ મોક્ષમાર્ગ છે' તેવી સ્થિર બુદ્ધિ પેદા કરવામાં સિદ્ધ ભગવંતો ઉપકારક છે, તેથી નમસ્કરણીય છે.

**આચાર્યો** :- આચાર્યો આચારવાળા છે અને આચારને બતાવનારા છે. તેમને પ્રાપ્ત કરીને જીવો આચારને જાણનારા અને આચારને સેવનારા થાય છે, માટે આચારના હેતુ હોવાના કારણે આચાર્ય ભગવંતો નમસ્કરણીય છે.

**ઉપાધ્યાયો** :- કર્મ વિનયનમાં=કર્મના નાશમાં, સમર્થ એવા જ્ઞાનાદિ વિનયવાળા ઉપાધ્યાયોને જોઈને જગતના જીવો જ્ઞાનાદિ વિનય કરનારા થાય છે, માટે ઉપાધ્યાય ભગવંતો નમસ્કરણીય છે.

**સાધુઓ** :- सिद्धिवधूसंगमैकलालसावंत=મોક્ષમાં જવાની એકમાત્ર લાલસાવાળા જીવોને મોક્ષની પ્રાપ્તિની ક્રિયામાં સહાયતા કરે છે, માટે સાધુ ભગવંતો નમસ્કરણીય છે અર્થાત્ સાધુ ભગવંતોની સંયમની સમ્યક્ ક્રિયાના

અવલંબનથી અન્ય પણ મોક્ષના અર્થી જીવો તે પ્રકારે સંયમમાં યત્ન કરવા સમર્થ બને છે. તેથી અન્ય જીવોને સંયમ નિષ્પત્તિમાં સહાયક ગુણ સાધુઓમાં છે.

પંચપરમેષ્ઠિના આ સ્વરૂપને ચિત્તમાં અત્યંત ઉપસાવીને એ ઉત્તમ ભાવવાળી અવસ્થાઓ પ્રત્યે જેને અત્યંત આદરભાવ ઉલ્લસિત થયેલો છે તેવો સાધક, જ્યારે શબ્દોના ઉચ્ચારણ દ્વારા તેઓને નમસ્કાર કરે છે, ત્યારે તેનું અંતરંગ જીવવીર્ય એ પાંચેય પદોના ભાવોને અભિમુખ પ્રસર્પણવાળું= ગમનવાળું, બને છે અને તે પ્રસર્પણ જ નમસ્કારક્રિયા છે. તેમ જ એવું તે પ્રસર્પણ પાપના વિરુદ્ધ ભાવો પ્રત્યેના પ્રસર્પણ સ્વરૂપ હોવાથી અવશ્ય સર્વ પાપોનો નાશ કરે છે. તેમ જ આવી જાતિના ઉત્તમ ભાવો પ્રત્યેનું ચિત્તનું પ્રસર્પણ ચિત્તને વિશિષ્ટ કોટિના ભાવથી યુક્ત બનાવે છે અને એવું ચિત્ત સર્વ કલ્યાણોની નિષ્પત્તિનું કારણ બનતું હોવાથી આ પાંચને કરાયેલો નમસ્કાર સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. તેથી આ પ્રકારની સ્થિર બુદ્ધિપૂર્વક ઉપયુક્ત થઈને, આત્મવીર્ય તે પાંચ પદોના ભાવ પ્રત્યે ગતિમાન થાય તે રીતે ભાવિત થઈને, નવકારમંત્રના સ્મરણમાં યત્ન કરવો જોઈએ.

અહીં મુનિવાચક ત્રણ પદોમાં જે સાધક અવસ્થા બતાવી છે, તે મુખ્યરૂપે ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળી છે, અને તે ત્રણ ગુપ્તિઓ આત્માની સર્વ ઉત્સુકતાઓને વિશ્રાંત કરીને નિરુત્સુક ચિત્તને નિષ્પન્ન કરવા માટે અને ષટ્કાયના પાલનમાં યત્નનો અતિશય કરવા અર્થે કરાતા જીવના અંતરંગ પરિણામ સ્વરૂપ છે, અને આથી જ ગુપ્તિના માનસવાળો મુનિ, ગુપ્તિના માનસને ઉપષ્ટંભક બને તે જ રીતે દેહાદિના ધર્મો સમિતિપૂર્વક કરે છે.

જે સાધક –

અરિહંત પરમાત્માને દેવાધિદેવરૂપે જાણે છે અને તેથી તેમના તારકતા ગુણના અવલંબનને કારણે તેમના પ્રત્યે અત્યંત બહુમાનવાળો થાય છે,

તથા સિદ્ધ ભગવંતો આત્માની પરિપૂર્ણ શુદ્ધ અવસ્થાસ્વરૂપ હોવાથી પરમ સુખરૂપ છે અને તે જ અવસ્થા પોતાને પણ નિષ્પન્ન કરવા યોગ્ય છે, તેથી તેમના પ્રત્યે બહુમાનભાવવાળો થાય છે,

અને તીર્થંકરોના વિરહકાળમાં તીર્થંકર જેવા ઉપકારી જગતમાં આચાર્ય

ભગવંતો જ છે કે જેઓ પોતે સમ્યગ્ આચરણા કરીને અત્યંત નિપુણ પ્રજ્ઞાપૂર્વક યોગ્ય જીવોને સન્માર્ગમાં પ્રવર્તાવે છે, એ પ્રકારે જાણીને આચાર્ય ભગવંતો પ્રત્યે અત્યંત પૂજ્યબુદ્ધિવાળો થાય છે,

તથા જગતમાં ભગવાનનું વચન જ એક તારક છે, તેથી તે વચનના પરમ રહસ્યને પામીને યોગ્ય જીવોને જેઓ શાસ્ત્રાર્થ ભણાવે છે, તેવા ઉપાધ્યાય ભગવંતો પ્રત્યે જેને પૂજ્યબુદ્ધિ થઈ છે,

વળી આત્માનું હિત સાધવા માટે પરાકોટિના ઉદ્યમવાળા એવા સાત્ત્વિક મુનિભગવંતોનું જીવન જ ખરેખર સાર્થક છે, આવી નિર્મલ બુદ્ધિ મુનિ ભગવંતો પ્રત્યે જેને થઈ છે,

અને તેને કારણે જ આ પંચપરમેષ્ઠી પ્રત્યે અત્યંત આદરભાવ અને પૂજ્યભાવ જેને વર્તી રહ્યો છે, અને એ રીતે વારંવાર વિચારીને એ બહુમાનભાવ દૃઢ સંસ્કારરૂપે જેણે સ્થિર કર્યો છે,

તેવો સાધક –

જ્યારે તે બહુમાનના વિષયભૂત આ પંચપરમેષ્ઠીને મારે નમસ્કાર કરવો છે એવા ભાવને અભિમુખ બને છે, ત્યારે સંસ્કારરૂપે રહેલો એ બહુમાનભાવ નવકારના સ્મરણકાળમાં ઉપયોગરૂપે અભિવ્યક્ત થાય છે, અને તેના કાર્યરૂપે જ પ્રાતઃકાળમાં ઊઠીને તે સાધક નવકારમંત્રનું સ્મરણ કરે છે. પરંતુ આ ત્યારે જ સંભવે કે જ્યારે તે સાધક સંસ્કારરૂપે રહેલા તે પાંચે પરમેષ્ઠીના સ્વરૂપને સંક્ષેપથી પણ બુદ્ધિની સન્મુખ કરીને નવકારનું સ્મરણ કરવા માટે ઉપયુક્ત થાય.

## ।। २. पंचिंदिय(गुरुस्थापना)सूत्र ।।

**पंचिंदियसंवरणो, तह नवविहबंभचेरगुत्तिधरो ।**
**चउविहकसायमुक्को, इअ अट्ठारसगुणेहिं संजुत्तो ।।१।।**
**पंचमहव्वयजुत्तो, पंचविहाऽऽयारपालणसमत्थो ।**
**पंचसमिओ तिगुत्तो, छत्तीसगुणो गुरू मज्झ ।।२।।**

**'પંચિંદિય' સૂત્રની ભૂમિકા :–**

આ સૂત્રનું બીજું નામ ગુરુસ્થાપના સૂત્ર છે; કેમ કે આ સૂત્રથી ગુરુની સ્થાપના કરાય છે. તીર્થંકર ભગવંતના વિરહમાં તીર્થંકર સમાન આચાર્ય ભગવંતને ગણવામાં આવ્યા છે અને તેમાં આચાર્યપદથી ભાવાચાર્યને ગ્રહણ કરવામાં આવેલા છે, દ્રવ્યાચાર્યને નહિ. તે ભાવાચાર્યની સાક્ષીએ સર્વ ધર્માનુષ્ઠાનો કરવાથી તે ધર્માનુષ્ઠાન મહાફળવાળું થાય છે, તેથી તે ભાવાચાર્યની સ્થાપના માટે પ્રસ્તુત પંચિંદિય સૂત્ર બોલાય છે અને તે ભાવાચાર્યના છત્રીસ ગુણોના વર્ણનસ્વરૂપ છે.

આ છત્રીસ ગુણો સામાન્યથી મુનિઓમાં પણ પ્રાપ્ત થાય છે, તો પણ મુનિના ગુણનું વર્ણન ૨૭ (સત્તાવીશ)ની સંખ્યાથી થાય છે અને આચાર્યના ગુણોનું વર્ણન ૩૬ (છત્રીસ)ની સંખ્યાથી થાય છે. તેથી ૩૬ની સંખ્યાની પ્રધાનતાથી આ ભાવાચાર્યના ગુણો છે, તેવી વિવક્ષા કરી છે.

આ ગુણોનું બે વિભાગમાં વર્ણન છે. (૧) પ્રથમ જે અઢાર ગુણો વર્ણવ્યા, તે અપ્રશસ્ત ભાવના ત્યાગસ્વરૂપ છે=દોષોના નિવર્તનરૂપ છે, તથા (૨) પછીના જે અઢાર ગુણો વર્ણવ્યા તે પ્રશસ્ત આચરણા સ્વરૂપ છે.

વસ્તુતઃ સ્થાપના કરતી વખતે પંચિંદિય સૂત્ર અને તેના અર્થમાં ઉપયોગવાળો સાધક, ઉપયોગરૂપે સ્વઆત્મામાં ભાવાચાર્યની સ્થાપના કરે છે. તેથી તે સૂત્ર બોલતી વખતે તે સાધક સ્વયં નયવિશેષની દૃષ્ટિથી ભાવાચાર્ય છે અને પોતાના આત્મામાં સ્થાપિત થયેલ ભાવાચાર્યને સ્થાપ્ય મુદ્રાથી બહિરંગ પુસ્તકાદિમાં તે સ્થાપના કરે છે, તે સ્થાપના ઉપચરિત અનાકાર સ્થાપનારૂપ છે, અને સ્થાપના કર્યા પછી પુરોવર્તી આ સ્થાપનાચાર્ય છે તેવી બુદ્ધિ થવાથી તેમને અવલંબીને પ્રતિક્રમણ આદિની ક્રિયાઓ કરાય છે. તે વખતે પ્રસ્તુત સૂત્રથી બોલાયેલા ભાવાચાર્યના ગુણના બળથી ઉપસ્થિત થયેલા ભાવાચાર્ય આ છે, તે પ્રકારની બુદ્ધિથી અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ થાય છે, અને પોતે ગુણવાનને પરતંત્ર થઈને આ અનુષ્ઠાન કરે છે તેવો સંકલ્પ થાય છે; કેમ કે ગુણોની નિષ્પત્તિ અર્થે ગુણવાનને પરતંત્ર રહીને સર્વ અનુષ્ઠાનો કરવાનાં છે. તેથી આરાધક આત્મા તે ભાવાચાર્યને પરતંત્ર રહીને અનુષ્ઠાન કરવા અર્થે યત્નવાળો

બને છે, અને તેથી તે ગુણસંપન્ન ભાવાચાર્યની ઉપસ્થિતિ કરીને અને તેમના પ્રત્યેની ભક્તિથી ઉલ્લસિત થઈને તે અનુષ્ઠાન કરે છે. તેથી પંચિંદિય સૂત્ર બોલતી વખતે તે પ્રકારના ઉપયોગપૂર્વક યત્ન કરવામાં આવે તો બુદ્ધિમાં ભાવાચાર્યની ઉપસ્થિતિ થાય.

**ભાવાચાર્યનું સ્વરૂપ :-**

ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા ભાવાચાર્ય છે, તેમનું ચિત્ત જગતના ભાવોથી અત્યંત વિમુખ છે અને "आत्मवत् सर्वभूतेषु"નો પરિણામ તેમને વર્તી રહ્યો છે. તેમના ત્રણેય યોગો વીતરાગભાવને અભિમુખ જીવવીર્યને ઉલ્લસિત કરે તે રીતે સતત પ્રવર્તી રહ્યા છે, અને ત્રણ ગુપ્તિની પુષ્ટિ અર્થે પાંચ ઈન્દ્રિયોનો સંવર આદિ ક્રિયાઓ તેઓ કરે છે. વળી તે ભાવાચાર્યનું ગુપ્તિવાળું માનસ સતત સંસારના ભાવોથી પર થવા માટે મન-વચન-કાયાના ત્રણેય યોગોમાં પ્રવર્તી રહ્યું છે અને જ્યારે સંયમની વૃદ્ધિ અર્થે બાહ્ય પ્રયોજન ઉપસ્થિત થાય ત્યારે પણ સર્વ ચેષ્ટાઓ તેઓ સમિતિપૂર્વક કરનારા હોય છે, વળી સંયમની વૃદ્ધિનું કોઈ પ્રયોજન ન હોય તો શરીરને હલાવવામાત્રની ક્રિયા પણ તેમને હોતી નથી.

આવા ભાવાચાર્યને જે સાધક બુદ્ધિમાં ઉપસ્થિત કરી શકે છે અને તેમના ગુણોથી જેનું ચિત્ત અત્યંત ઉપરંજિત બને છે, તે સાધક તેવી ગુણસંપન્ન વ્યક્તિના અવલંબનથી પોતાનામાં સામાયિકાદિના પરિણામ નિષ્પન્ન કરી શકે છે, અને તેથી તેવી ગુણસંપન્ન વ્યક્તિની હાજરીમાં તેઓની અનુજ્ઞાપૂર્વક અર્થાત્ તેમના પારતંત્ર્યપૂર્વક તે સામાયિક ગ્રહણ આદિ ક્રિયા કરે છે. તેથી એવા ગુપ્તિના સામ્રાજ્યવાળા ભાવાચાર્યની હું સ્થાપના કરું છું, એવા પ્રકારની બુદ્ધિપૂર્વક ભાવાચાર્યની સ્થાપના માટે યત્ન કરવાનો છે, કે જેથી પુરોવર્તી પુસ્તકાદિ પુસ્તકરૂપે ન દેખાય પરંતુ સ્થાપના કર્યા પછી સાક્ષાત્ ગુણસંપન્ન ભાવાચાર્યરૂપે દેખાય. આ પ્રકારનો ભાવ સામાયિક આદિ લેનારને સતત રાખવાનો છે જેથી સામાયિકાદિ અનુષ્ઠાન સમ્યક્ બને.

**સૂત્રનો અર્થ :-**

પાંચે ઈન્દ્રિયોના સંવરવાળા તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને

ધારણ કરનારા, ચાર પ્રકારના કષાયથી મુક્ત, એ અઢાર ગુણો વડે સંયુક્ત. ॥૧॥

પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચારનું પાલન કરવા સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા, છત્રીસ ગુણવાળા મારા ગુરુ છે. ॥૨॥

**- : વિશેષાર્થ :-**

**पंचिंदियसंवरणो :-**

ભાવાચાર્યો પાંચે ઈન્દ્રિયોનું સંવરણ કરનાર છે. સંવર બે પ્રકારે છે, (૧) દ્રવ્યસંવર અને (૨) ભાવસંવર.

**દ્રવ્યસંવર :-**

બાહ્ય રીતે કોઈ જીવ ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરે છે, ચિત્તમાં તે તે ઈન્દ્રિયોના વિષયોની વિચારણા પણ કરતો નથી, તપ-સંયમાદિ સાધ્વાચારમાં પ્રવૃત્ત છે, તો પણ જો તેનું અંતરંગ ચિત્ત વ્યક્ત કે અવ્યક્ત રીતે પાંચે ઈન્દ્રિયોના વિષયોની અસર નીચે પ્રવર્તતું હોય તો દ્રવ્યસંવર છે; કેમ કે ઈન્દ્રિયોના વિષયોનું મહત્ત્વ જ્યાં સુધી બુદ્ધિમાંથી ગયેલું નથી અર્થાત્ ઈન્દ્રિયોનો વિષયો પ્રત્યે અભિમુખભાવ વર્તે છે, ત્યાં સુધી દ્રવ્યસંવર જ છે. ચરમાવર્તની બહાર રહેલા અભવ્ય જીવો પણ નવગ્રૈવેયકની પ્રાપ્તિ માટે જે નિરતિચાર સંયમ પાળે છે, તે પણ દ્રવ્યસંવરરૂપ છે. તે વખતે તેઓમાં શુભલેશ્યા હોય છે, પણ ભાવસંવર નથી.

**ભાવસંવર :-**

જ્યારે ઈન્દ્રિયોનો વિષયોથી ઉન્મનીભાવ થાય છે=વિષયોથી વિમુખભાવ થાય છે, ત્યારે ભાવસંવર પ્રગટે છે, અને તે ભાવસંવર જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યના સ્વરૂપના સમ્યગ્ ભાવનને કારણે થાય છે; કેમ કે તે રીતે ભાવન કરવાથી જીવને જ્યારે એ નિર્ણય થાય છે કે, હું જગત્વર્તી ભાવોને ઈન્દ્રિયો દ્વારા જાણવાના સ્વભાવવાળો છું પરંતુ ભોગવવાના સ્વભાવવાળો નથી, ત્યારે તે જ્ઞાન, ધીરે ધીરે ઈન્દ્રિયોના વિષયમાં અનાદિકાળથી જીવની જે ઉત્સુકતા છે=વિષયોને ગ્રહણ કરવાની લાલસા છે, તેને શાંત કરી દે છે. અને ઈન્દ્રિયોની ઉત્સુકતાથી રહિત થયેલો એવો આત્મા જ્યારે તપ-સંયમમાં

યત્ન કરે છે, ત્યારે તેના અનાદિના ઉત્સુકતાના સંસ્કારો ધીરે ધીરે વિલીન થતા જાય છે. તેથી ઈન્દ્રિયો પોતાના વિષયો સાથે સહજ સંપર્કમાં આવે ત્યારે પણ તે ઈન્દ્રિયોથી કેવલ વિષયના સ્વરૂપનો બોધ થાય છે, પરંતુ વિષયોને ગ્રહણ કરવાની કે જોવાની કોઈ ઉત્સુકતા હોતી નથી; કેમ કે ઈન્દ્રિયોનો અર્થ સાથે ઉન્મનીભાવ છે=વિષયોથી વિમુખભાવ છે. અને આ ઈન્દ્રિયોનો ભાવસંવર છે, જે પ્રારંભિક કક્ષામાં યત્નથી પ્રવર્તે છે અને તેને માટે સાધક સતત વિષયોથી દૂર રહીને જ યત્ન કરે છે; કેમ કે અનાદિથી જીવમાં ઈન્દ્રિયવિષયક ઉત્સુકતાના સંસ્કારો અત્યંત દૃઢ રીતે રહેલા છે, અને તે વિષયોના સંસ્કારો પદાર્થના સમ્યગ્ ભાવનને કારણે પ્રાદુર્ભાવ થયેલા મુનિભાવને પણ વિષયોના સંપર્કકાળમાં મ્લાન કરે છે. તેથી પ્રારંભિક કક્ષામાં મુનિ વિષયોથી દૂર રહીને સત્ તત્ત્વનું સતત ઘૂંટન કર્યા કરે છે, જેથી ઉત્પન્ન થયેલો મુનિભાવ અનાદિના મલિન સંસ્કારને શિથિલ કરતાં કરતાં જીવને એવી ભૂમિકા પ્રાપ્ત કરાવે છે કે, વિષયોનો સંબંધ થવા છતાં પણ વિષયોના સંસ્કાર ઊઠી ન શકે; અને જ્યારે એ સંસ્કાર પરિપૂર્ણ નાશ પામી જાય છે ત્યારે ઈન્દ્રિયોનો ઉન્મનીભાવ ક્ષાયિક ભાવનો થાય છે અર્થાત્ મોહનીયકર્મના ક્ષયથી વિષયોને આશ્રયીને મોહની પ્રવૃત્તિ સર્વથા નાશ પામે છે. અને આ ક્ષાયિકભાવની નિષ્પત્તિ પૂર્વેનો ઈન્દ્રિયોનો ઉન્મનીભાવ મોહનીયકર્મના ક્ષયોપશમથી નિષ્પન્ન થયેલો હોય છે, જેથી સંવરભાવની પ્રાપ્તિ થાય છે. તે ક્ષયોપશમભાવના સંવરભાવની બે કક્ષાઓ પ્રાપ્ત થાય - (૧) આરંભિક કક્ષાનો સંવરભાવ, કે જેમાં વિષયોના સંપર્કથી દૂર રહીને ઈન્દ્રિયોના સંવરમાં યત્ન વર્તતો હોય છે, અને બીજો (૨) સ્થિર ભૂમિકાવાળો સંવરભાવ, જેમાં ગમે તેવા વિષયોના સંપર્કમાં પણ સંવરભાવ સ્ખલના પામતો નથી. અહીં ઈન્દ્રિયોની ઉત્સુકતા નહિ હોવાથી વિષયોના સંપર્ક માટેનો યત્ન નથી, તેમ જ સહજભાવે ઈન્દ્રિયોને વિષય સાથેનો સંબંધ થાય તો પણ કોઈ વ્યાઘાત થતો નથી. મોહનીયકર્મના ક્ષયોપશમભાવથી થયેલા આ બન્ને પ્રકારના સંવરભાવમાંથી કોઈપણ એક પ્રકારના સંવરમાં મુનિઓ હોય છે.

અહીં વિશેષ એ છે કે, ભગવાન મહાવીરના જમાઈ જમાલિ, શરૂમાં ભાવથી મુનિભાવમાં હતા, શુદ્ધ આત્મતત્ત્વનું ભાવન કરતા હતા, તેથી

તેમની ઈન્દ્રિયો ઉત્સુકતા વિનાની થઈ ગયેલી હતી. પરંતુ જ્યારે ઉત્સૂત્રભાષણ કરે છે ત્યારે દર્શનમોહનીય કર્મનો ઉદય થાય છે, તેથી સંસારને જીવંત રાખનાર અતત્ત્વની રુચિ જમાલિમાં પેદા થયેલ. છતાં ત્યારે પણ સ્થૂલથી જોનારને તેમના વર્તનમાં પૂર્વમાં વર્ણન કરાયેલા ભાવસંવરનું સ્વરૂપ દેખાય તેવું બને; કેમ કે ઉત્સૂત્રભાષણ પછી પણ તેઓ પૂર્વમાં કરેલ તત્ત્વના ભાવનના કારણે શાંતવૃત્તિવાળા અને નિરતિચાર ચારિત્રને પાળનારા હતા. છતાં ઉત્સૂત્રભાષણ પછીનો તેમનો સંવરભાવ નિરનુબંધ હતો; કેમ કે કોઈપણ તાત્ત્વિક ગુણની સાનુબંધતા ભગવદ્ વચનના તાત્ત્વિક પક્ષપાતથી જ આવી શકે છે. તેથી તેમનો તે નિરનુબંધ સંવરભાવ દ્રવ્યસંવરરૂપ જ હતો.

પાંચ ઈન્દ્રિયોના ૨૩ વિષયોમાંથી કોઈપણ વિષયને ગ્રહણ કરીને રાગાદિ ભાવો ઉલ્લસિત ન થાય તે પ્રકારના ભાવથી વાસિત અંતઃકરણવાળા ભાવાચાર્ય હોવાથી ભાવાચાર્યમાં પાંચે ઈન્દ્રિયોનો સંવરભાવ વર્તતો હોય છે.

**तह नवविहबंभचेरगुत्तिधरो :-**

તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને=વાડને, ધારણ કરનારા આચાર્ય ભગવંત હોય છે. ભાવાચાર્ય ભાવથી પાંચે ઈન્દ્રિયોના સંવરવાળા હોય છે, જેથી આત્મામાં કર્મબંધ થાય નહીં, અને સંવરભાવવાળા થઈને તે ભાવનું જ રક્ષણ કરવા અને અતિશય કરવા અર્થે બ્રહ્મચર્યની નવ ગુપ્તિનું પાલન કરે છે.

બ્રહ્મ તે આત્માનું સ્વરૂપ છે. તેમાં ચરવું=રહેવું, તે બ્રહ્મચર્ય છે. આમ છતાં, આત્માને પોતાના ભાવમાં જવામાં અત્યંત વ્યાઘાતક કામની મનોવૃત્તિ છે, તેથી કામની પ્રવૃત્તિને અબ્રહ્મ શબ્દથી ગ્રહણ કરેલ છે અને તેનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય છે, એ પ્રકારે વ્યવહારમાં રૂઢ છે. જીવોને અનાદિથી અતિ દૃઢ એવી મૈથુનની સંજ્ઞા વર્તતી હોવાથી નિમિત્તને પામીને કામ-વિકારો ઉદય થવાની સંભાવના રહે છે. વળી કામનો ઉદય પણ નવમા ગુણસ્થાનક સુધી હોય છે, તો પણ ભાવાચાર્ય તત્ત્વના ભાવનથી તે કામના વિકારને અત્યંત શાંત કરે છે. આથી પાંચ ઈન્દ્રિયનો સંવર કરીને રહેતા એવા તેઓ, નિમિત્તને પામીને પણ કામવિકાર ન ઊઠે માટે જ સ્ત્રી આદિના સંસર્ગથી દૂર રહીને યોગની સાધના કરનારા છે.

બ્રહ્મચર્યની નવ ગુપ્તિ=વાડ, આ પ્રમાણે છે.

**(૧) સ્ત્રી, પશુ, નપુંસકવાળી વસતિમાં વસવાટનું વર્જન :-** આચાર્ય ભગવંત સંયમની વૃદ્ધિ અર્થે કોઈપણ સ્થાનમાં નિવાસ કરે ત્યાં સ્ત્રીઓ, પશુઓ કે નપુંસકોની આવવા-જવાની પ્રવૃત્તિઓ થતી હોય તેવા સ્થાનમાં ઊતરે નહીં; કેમ કે તેમના વિકારી ભાવોને જોઈને કામની વૃત્તિ ઉદ્ભૂત થવાની સંભાવના રહે છે. હંમેશાં સંયમના ભાવની વૃદ્ધિમાં યત્ન કરતા મહાત્માને પણ નિમિત્ત પામીને તે પ્રકારનો પરિણામ થવાની સંભાવના રહે છે, તેથી પહેલેથી જ તેવાં નિમિત્તોથી દૂર રહેવાથી સંયમનું સદા રક્ષણ થાય છે. તેથી આ પ્રકારની પ્રથમ બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા આચાર્ય ભગવંત હોય છે.

**(૨) સ્ત્રીકથાત્યાગ :-** આચાર્ય ભગવંત એકાકી સ્ત્રીને ઉપદેશાદિ કથા ન કરે. સાધુજીવનમાં સ્ત્રીસંસક્ત વસતિનું વર્જન હોવા છતાં કોઈક સ્ત્રી એવી રીતે એકાકી ધર્મ સાંભળવા અર્થે આવી હોય તો પણ એકાકી સ્ત્રીને ધર્મકથા કરવા માટે પ્રવૃત્તિ ન કરે, જેથી નિમિત્તને પામીને કામ ઉલ્લસિત બને. તેથી આ પ્રકારની દ્વિતીય બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા આચાર્ય હોય છે. આ કથન આવશ્યકનિર્યુક્તિ પ્રમાણે લીધેલ છે.

**(૩) સ્ત્રીનિષદ્યા ત્યાગ :-** આચાર્ય ભગવંત સ્ત્રીઓના બેસેલા સ્થાને બે ઘડી સુધી બેસે નહીં અર્થાત્ જે આસનાદિ ઉપર સ્ત્રી બેઠેલી હોય તે જ આસનાદિ ઉપર સ્ત્રીના ઊઠ્યા પછી બે ઘડી સુધી બેસે નહીં; કેમ કે તેવા નિમિત્તને પામીને પણ ક્યારેક વિકારો થવાનો સંભવ રહે છે. તેથી આ પ્રકારની ત્રીજી બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા આચાર્ય ભગવંત હોય છે.

**(૪) સ્ત્રીઓની ઈન્દ્રિયોના અવલોકનનો ત્યાગ :-** સ્ત્રીની સાથે કારણ-વિશેષથી, ધર્મકથાદિનો પ્રસંગ હોય ત્યારે કે ગોચરી આદિ અર્થે જવાનો પ્રસંગ થાય ત્યારે પણ, સ્ત્રીના હાવભાવ, રૂપ-રંગ કે કુચ, કટી, મુખનિરીક્ષણ કે ઈન્દ્રિયો તરફ દૃષ્ટિ ન જાય, પરંતુ સંવૃત ચક્ષુરિન્દ્રિયપૂર્વક આહાર ગ્રહણ આદિની પ્રવૃત્તિ કરે, જેથી તેમની ચેષ્ટા વગેરે જોઈને પણ વિકારો ઉદ્ભવે નહીં. તેથી આ પ્રકારની ચોથી બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા આચાર્ય

ભગવંત હોય છે.

**(૫) કુડ્યાંતરે રતિસ્થ મિથુન વસતિવર્જન :-** પોતે જે સ્થાનમાં ઊતર્યા હોય તેની દિવાલના આંતરે સ્ત્રી-પુરુષના કામની વાત સંભળાતી હોય તેવા સ્થાનનો ત્યાગ કરે, જેથી તેમના તે પ્રકારના વચનના નિમિત્તને પામીને પણ કામ-વિકારો ઉદ્ભવે નહીં. તેથી આ પ્રકારની પાંચમી બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા આચાર્ય ભગવંત હોય છે.

**(૬) પૂર્વક્રીડિત અસ્મરણ :-** પૂર્વમાં પોતે જે કામ-ભોગાદિ સેવ્યા હોય તેનું સ્મરણ ક્યારેય ન થાય તે રીતે મનોયોગને ઉચિત અન્ય યોગમાં વ્યાપૃત રાખે છે. કામભોગમાંથી ઉત્પન્ન થયેલા આનંદનું સ્મરણ થવાથી યોગીને પણ વિકારો ઉદ્ભવી શકે છે. તેથી તેવું ન થાય તદર્થે આવા પ્રકારની છટ્ઠી બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા આચાર્ય ભગવંત હોય છે.

**(૭) પ્રણીત આહારવર્જન :-** ઈન્દ્રિયોને આલ્લાદ પેદા કરે તેવો પ્રણીત=સ્નિગ્ધ, આહાર વાપરવાથી કામની વૃત્તિ ઊઠવાની સંભાવના રહે છે. આથી જ સંયમ લીધા પછી ઈન્દ્રિયોની વૃત્તિઓના નિવર્તન અર્થે અને બ્રહ્મગુપ્તિના પાલન અર્થે પણ સાધુ સ્નિગ્ધ આહારનો ત્યાગ કરે છે. તેથી આવા પ્રકારની સાતમી બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા આચાર્ય ભગવંત હોય છે.

**(૮) અતિમાત્રાએ આહારવર્જન :-** જેમ સ્નિગ્ધ આહાર પણ બ્રહ્મચર્યના પાલનમાં વિઘ્નભૂત છે, તેમ શરીરને ઈષ્ટ હોય તેટલું પૂરતા પ્રમાણમાં ભોજન પણ બ્રહ્મચર્યના પાલનમાં વિઘ્નભૂત છે. તેથી સંયમના રક્ષણ અર્થે અને સ્વાધ્યાય-ધ્યાનાદિમાં યત્ન અર્થે આવશ્યક હોય તેનાથી લેશ પણ અધિક આહાર સાધુઓ વાપરે નહીં, જેથી દેહના શૈથિલ્યને કારણે પણ ઈન્દ્રિયોનો વિકાર ન થાય અને યોગમાર્ગમાં સુદૃઢ પ્રવૃત્તિ થાય. તેથી આવા પ્રકારની આઠમી બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા આચાર્ય ભગવંત હોય છે.

**(૯) વિભૂષા વર્જન :-** દેહ સુશોભિત થાય તેવાં આકર્ષક વસ્ત્રો ગ્રહણ કરવાં કે દેહને સ્વચ્છ રાખવાની ક્રિયા પણ કામનો અભિલાષ પેદા કરે છે. તેથી દેહ પ્રત્યે મમત્વભાવના ત્યાગ અર્થે તો સાધુ વિભૂષા ન કરે, પણ

બ્રહ્મગુપ્તિના પાલન અર્થે પણ વિભૂષાનો પરિહાર કરે. આવા પ્રકારની નવમી બ્રહ્મગુપ્તિને ધારણ કરનારા આચાર્ય ભગવંત હોય છે.

તેથી 'तह नवविहबंभचेरगुत्तिधरो' એ પદ બોલતાં આત્માના અવેદી ભાવમાં ગુપ્ત થયેલા આચાર્ય ભગવંતની ઉપસ્થિતિ થાય છે.

**चउविहकसायमुक्को :-**

'કષાય' શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે :-

कषति इति कषः=જીવને જે કષે=કદર્થના કરે, તે કષ અર્થાત્ સંસાર, અને તેનો આય=લાભ=પ્રાપ્તિ. અર્થાત્ સંસારની પ્રાપ્તિ છે જેનાથી તે કષાય. વસ્તુતઃ જીવનો વિકૃત પરિણામ તે કષાય છે કે જેનાથી સંસારની પ્રાપ્તિ થાય છે. યદ્યપિ આઠેય કર્મો જીવના વિકૃત ભાવને કરનારાં છે, તો પણ આત્મપરિણામમાં વિકૃતિ=આત્મગુણોનો ઘાત, ઘાતિકર્મોથી થાય છે. મોહનીય સિવાયનાં ત્રણ ઘાતિકર્મો તો જીવની માત્ર જ્ઞાનાદિ શક્તિઓનો જ અવરોધ કરે છે, જ્યારે મોહનીયકર્મથી તો વિદ્યમાન જ્ઞાન પણ વિકૃતિને પામે છે, તે વિકૃત થયેલા જ્ઞાનથી જીવનો પરિણામ વિકૃત થાય છે, જે સંસારની પ્રાપ્તિનું કારણ બને છે, અને તે જ કષાય છે. આમ, મોહનીયની સર્વ પ્રકૃતિઓ કષાય શબ્દથી સંગૃહીત થાય; અને આ રીતે મોહનીયની પ્રકૃતિઓમાં મિથ્યાત્વમોહનીય પણ છે, અને તે પણ જીવને સંસારની પ્રાપ્તિનું કારણ બને છે, તેથી કષાય શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને અર્થ કરીએ તો મિથ્યાત્વમોહનીયકર્મ પણ કષાયશબ્દથી વાચ્ય બને. આમ છતાં, માત્ર ચારિત્રમોહનીયકર્મની સર્વ પ્રકૃતિઓમાં કષાય શબ્દ રૂઢ છે; કેમ કે મોક્ષને પ્રતિકૂળ પ્રવૃત્તિ ચારિત્રમોહનીયના ઉદયથી થાય છે અને તેનાથી સંસાર નિષ્પન્ન થાય છે, જ્યારે દર્શનમોહનીયકર્મ ચારિત્રમોહનીયને જિવાડવામાં પ્રબલ કારણરૂપ બને છે; કેમ કે અયથાર્થ દર્શનથી જીવની સર્વ અનુચિત પ્રવૃત્તિઓ થાય છે.

ચારિત્રમોહનીય એ ક્રોધાદિ ચારમાં વિભક્ત હોવાથી અસૂયા, ઈર્ષ્યા, દ્વેષ આદિ બધા ભાવો પણ ક્રોધમાં અંતર્ભાવ પામશે. એ જ રીતે અપમાન સહન ન થવું, કોઈ માન આપે તેવી આકાંક્ષા રાખવી, માન ઝીલવાની વૃત્તિ, તે સર્વ માનમાં અંતર્ભાવ પામશે. વળી ચિત્તની કે પ્રવૃત્તિની વક્રતા માયામાં

અંતર્ભાવ પામશે. કોઈ પદાર્થો મેળવવાની આકાંક્ષા, સંગ્રહની વૃત્તિ અને રમ્ય પદાર્થના ઉપભોગમાં વર્તતા રાગાદિ, લોભમાં અંતર્ભાવ પામશે. આ રીતે ક્રોધ, માન, માયા અને લોભ કષાયમાં તેના જેવા અન્ય પેટા ભેદોનો અંતર્ભાવ પણ સમજી લેવો.

જીવ ઉપયોગરૂપે સતત ક્રોધાદિ કષાયોમાં વર્તતો નથી, પરંતુ આ ચારમાંથી કોઈપણ એક કષાય તેને સતત ઉપયોગરૂપે વર્તે છે. જે વખતે જે નિમિત્ત મળે તે નિમિત્તને પામીને તે તે કષાયમાં ઉપયોગવાળો જીવ બને છે અને જ્યારે અન્ય કષાયોના ઉપયોગવાળો નથી હોતો ત્યારે પણ તે કષાયનો તેનામાં ઉપશમ છે તેવું નથી. પરંતુ જ્યારે કષાયના પ્રતિપક્ષના ભાવનથી તે તે કષાયનો વિરુદ્ધ ભાવ જેટલા જેટલા અંશમાં પ્રગટ થાય છે, તેટલા તેટલા અંશમાં તે તે કષાયો ક્ષયોપશમભાવને પામે છે. જેમ કે વર્તમાનમાં કોઈ જીવ ક્રોધના ઉદયવાળો નથી, તેથી ઉપયોગરૂપે ક્રોધનો ઉદય નથી, તો પણ ક્રોધથી વિરુદ્ધ ક્ષમાનો પરિણામ પણ જો તેનામાં નથી, તો ક્રોધની પ્રકૃતિનો ઉપશમ પણ તેનામાં નથી. અને મુનિઓ તો તત્ત્વના પર્યાલોચનથી ક્રોધથી વિરુદ્ધ ક્ષમાની પ્રકૃતિ પ્રગટ કરે છે, આથી ક્રોધમોહનીયના ક્ષયોપશમરૂપે ક્ષમાગુણ તેમનામાં વર્તતો હોય છે. અર્થાત્ છદ્મસ્થ અવસ્થામાં વર્તતા આચાર્ય પણ સર્વથા કષાય વગરના નથી; કેમ કે વીતરાગતા આવે ત્યારે સર્વથા કષાય વગરનો ઉપયોગ વર્તે છે. પરંતુ આચાર્યની મન-વચન-કાયાની સર્વ પ્રવૃત્તિઓ શ્રુતથી અત્યંત નિયંત્રિત રીતે પ્રવર્તે છે અને સંસારવર્તી કોઈ પદાર્થ પ્રત્યે દ્વેષનો ઉલ્લેખ નથી, તેમ જ કોઈ પદાર્થ પ્રત્યે પ્રતિબંધ પણ વર્તતો નથી અને શ્રુતાનુસારે થતી સઘળીય આચરણાઓમાં ઉપયોગની ક્યાંય સ્ખલના નથી, તેથી તેવા આચાર્યો પણ ચાર કષાયથી મુક્ત છે એવો વ્યવહાર થાય છે; કેમ કે છદ્મસ્થ અવસ્થામાં આ ઉપયોગ સંજ્વલન કષાયને અવરુદ્ધ કરતાં કરતાં વીતરાગભાવમાં વિશ્રાંતિને પામે છે. તેથી તે વખતે સંજ્વલનનો કષાય અવરુદ્ધ અવસ્થાને પામતો યત્ કિંચિત્ અંશમાં જે વર્તી રહ્યો છે, તે પણ *સ્વના ઉચ્છેદમાં પ્રવર્તે છે, માટે તે કષાયને કષાયરૂપે સ્વીકારેલ નથી. તેથી* આચાર્ય ભગવંતોને ચાર કષાયથી મુક્ત કહ્યા છે.

વળી તે ક્રોધાદિ ચાર કષાયો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય,

પ્રત્યાખ્યાનીય અને સંજ્વલનના ભેદથી એક એક કષાય ચાર પ્રકારના છે.

અનંતાનુબંધી કષાય મિથ્યાત્વની સાથે અવિનાભાવી વર્તે છે. તેથી અસદ્ગ્રહની નિષ્પત્તિ દ્વારા અનંત સંસારનું કારણ છે. આચાર્યને કેવલ તત્ત્વનો પક્ષપાત હોવાથી ક્યારેય અસદ્ગ્રહ નથી, તેથી અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમભાવ વર્તે છે.

અપ્રત્યાખ્યાનીય કષાય સંસારની પ્રવૃત્તિ કરાવીને અવિરતિના પાપમાં જીવને પ્રવર્તાવે છે. આચાર્ય સંસારના સ્વરૂપને જાણે છે, તેથી જ સંસારથી ભય પામીને સર્વજ્ઞ વચનાનુસાર સંયમયોગમાં અત્યંત યત્ન કરે છે. તેથી અવિરતિ આપાદક એવા અપ્રત્યાખ્યાનીય કષાયનો આચાર્યને ક્ષયોપશમભાવ વર્તે છે.

પ્રત્યાખ્યાનીય કષાયો, દેશવિરતિધર શ્રાવકને અંશથી વિરતિનો પરિણામ હોવા છતાં અંશથી અવિરતિની પ્રવૃત્તિ પણ કરાવે છે, જ્યારે આચાર્ય તો બારે પ્રકારની અવિરતિથી સંપૂર્ણ નિવૃત્ત છે અને તેથી જ આજીવન નિરવદ્ય પ્રવૃત્તિ કરીને સંયમયોગમાં ઉત્થિત છે. માટે પ્રત્યાખ્યાનીય કષાયનો પણ તેમને ક્ષયોપશમભાવ વર્તે છે.

સંજ્વલન કષાય સર્વવિરતિની નિષ્પત્તિમાં બાધક નહીં હોવા છતાં નિમિત્તને પામીને સંયમમાં અતિચાર પણ પેદા કરે છે, અને શાસ્ત્ર વચનાનુસાર ઉપયુક્ત મહાત્માને તે જ સંજ્વલન કષાય ચારિત્રની શુદ્ધિનું કારણ પણ બને છે. આચાર્ય તો ભગવાનના વચનાનુસાર અપ્રમાદભાવથી સંયમયોગમાં ઉત્થિત હોય છે, તેથી પ્રાયઃ કરીને સંજ્વલન કષાય પણ અતિચાર લગાડતો નથી; પરંતુ સંજ્વલન કષાયને જ સંયમના રાગમાં અને અસંયમના દ્વેષમાં જોડીને કષાયથી સર્વથા મુક્ત થવા માટે આચાર્ય ભગવંતો ઉત્થિત હોય છે.

તેથી ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર કષાયોથી સર્વથા મુક્ત થવા માટે આચાર્યો ઉદ્યમ કરે છે, માટે ચાર કષાયોથી મુક્ત આચાર્ય છે; એમ કહેલ્ છે.

**इअ अट्ठारसगुणेहिं संजुत्तो :-**

એ અઢાર ગુણોથી સંયુક્ત ભાવાચાર્ય છે=ઉપર્યુક્ત પાંચ ઈન્દ્રિયનો

સંવર, બ્રહ્મચર્યની નવ ગુપ્તિ અને ચાર કષાયોથી મુક્ત, એ અઢાર ગુણોથી સંયુક્ત ભાવાચાર્ય છે, જે અઢાર ગુણો અપ્રશસ્ત ભાવોના ત્યાગસ્વરૂપ છે; અને હવે પછી જે અઢાર ગુણોનું વર્ણન કરવાના છે, તે પ્રશસ્ત આચરણાઓ સ્વરૂપ છે; તેથી કુલ છત્રીસ ગુણોથી યુક્ત ભાવાચાર્ય છે.

**पंचमहव्वयजुत्तो :-**

આચાર્ય ભગવંતો પાંચ મહાવ્રતથી યુક્ત હોય છે. વ્રતો બે ભેદવાળાં છે. (૧) અણુવ્રત અને (૨) મહાવ્રત.

અણુવ્રતો દેશવિરતિધર શ્રાવકને હોય છે. તેમાં દેશથી પાપની નિવૃત્તિ હોય છે. જ્યારે મહાવ્રતો સંપૂર્ણ સંયમવાળા મુનિઓને હોય છે, જેમાં સર્વથી પાપની નિવૃત્તિ હોય છે. તેથી મહાવ્રતવાળા મુનિઓ કોઈપણ પાપ મનથી-વચનથી-કાયાથી કરતા નથી, કરાવતા નથી અને અનુમોદના કરતા નથી. તે મહાવ્રતોનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**(૧) સર્વથા પ્રાણાતિપાત-વિરમણ-વ્રત :-**

આચાર્ય ભગવંત જગતના કોઈ જીવને મનથી, વચનથી કે કાયાથી પીડા ન કરે, પ્રાણનાશ ન કરે અને કોઈના કષાયના ઉદ્રેકમાં નિમિત્ત ન બને, તે રીતે મન-વચન-કાયાને સુદૃઢ પ્રવર્તાવતા હોય છે. આવા પ્રથમ મહાવ્રતનું પાલન કરનારા આચાર્ય હોય છે.

**(૨) સર્વથા મૃષાવાદ-વિરમણ-વ્રત :-**

આચાર્ય ભગવંત ત્રણ ગુપ્તિમાં ગુપ્ત હોય છે. ત્રણ ગુપ્તિ અંતર્ગત વચનગુપ્તિ પણ તેઓને હોય છે. માટે સંયમનું પ્રયોજન ન હોય ત્યારે વચનનો પ્રયોગ કરતા નથી. કેવળ સંયમની વૃદ્ધિ અર્થે કે કોઈ જીવને સન્માર્ગની પ્રાપ્તિ અર્થે વચનપ્રયોગ કરે ત્યારે પણ ભાષાસમિતિપૂર્વક બોલે છે. તેથી લેશ પણ મૃષાવાદનો પ્રયોગ મન-વચન-કાયાથી તેમને હોતો નથી. આવા દ્વિતીય મહાવ્રતનું પાલન કરનારા આચાર્ય હોય છે.

**(૩) સર્વથા અદત્તાદાન-વિરમણ-વ્રત :-**

અદત્તાદાન ચાર પ્રકારનું છે. (૧) સ્વામિ-અદત્ત, (૨) જીવ-અદત્ત,

(૩) તીર્થંકર-અદત્ત અને (૪) ગુરુ-અદત્ત.

**(૧) સ્વામીઅદત્ત :-** કોઈ વ્યક્તિની માલિકીની વસ્તુ તેના આપ્યા વિના ગ્રહણ કરવી તે સ્વામીઅદત્ત છે.

**(૨) જીવઅદત્ત :-** એકેન્દ્રિયાદિ જીવોનો અર્થાત્ પૃથ્વીકાય-વનસ્પતિકાયાદિ જીવોનો, શ્રાવક પોતાના જીવનમાં ઉપયોગ કરે છે, તે જીવઅદત્ત છે; કેમ કે તે જીવોએ શ્રાવકોને તેમના ઉપભોગ માટે પોતાના દેહને આપ્યો નથી. આમ છતાં, તે જીવોની માલિકીનો દેહ તે જીવોએ આપ્યા વિના ગ્રહણ કરવામાં આવે છે તે જીવઅદત્ત કહેવાય.

**(૩) તીર્થંકરઅદત્ત :-** તીર્થંકરોએ સાધુઓને જે વસ્તુઓ ગ્રહણ કરવાનો નિષેધ કર્યો છે, તેવી વસ્તુ, સ્વામીઅદત્ત કે જીવઅદત્તનો દોષ ન લાગે તે રીતે પણ સાધુ ગ્રહણ કરે, તો પણ તીર્થંકરઅદત્ત પ્રાપ્ત થાય છે. જેમ સંયમનું કારણ ન બને તેવું વસ્ત્ર, પાત્ર, ઉપકરણ કે સંયમને અનુપકારક એવી વસતિનું ગ્રહણ સાધુ કરે તો તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ છે.

**(૪) ગુરુઅદત્ત :-** કોઈ સાધુ તેના સ્વામીની અનુજ્ઞાથી યાચના કરીને કોઈ વસ્તુ લાવેલ હોય અને તે વસ્તુ જીવરહિત હોય, વળી તીર્થંકરે નિષેધેલ ન હોય તો તે વસ્તુના ગ્રહણમાં સ્વામીઅદત્ત, જીવઅદત્ત અને તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ નથી, તો પણ તે લાવેલી વસ્તુ ગુરુની માલિકીની છે; કેમ કે સાધુ હંમેશાં ગુણવાન ગુરુને પરતંત્ર હોય છે. તેથી તે લાવેલી વસ્તુ ગુરુને સોંપે અને ગુરુ સ્વયં તેને ઉપયોગ કરવા માટે જે કાંઈ આપે તે જ વસ્તુ સાધુ ગ્રહણ કરી શકે, પરંતુ તેના બદલે લાવેલી વસ્તુ ગુરુ વડે આપ્યા વગર પોતે ગ્રહણ કરે તો ગુરુઅદત્ત પ્રાપ્ત થાય.

આચાર્ય આ ચારે પ્રકારના અદત્તાદાનથી સર્વથા રહિત હોય છે. આવા તૃતીય મહાવ્રતનું પાલન કરનારા આચાર્ય હોય છે.

**(૪) સર્વથા મૈથુન-વિરમણ-વ્રત :-** આચાર્ય મૈથુનસંજ્ઞાથી અત્યંત વિરામ પામેલા હોય છે. સાક્ષાત્ કામની મનોવૃત્તિ તો મૈથુનસંજ્ઞા છે, પરંતુ કોઈ કામની મનોવૃત્તિ ન હોય, આમ છતાં સ્ત્રી આદિના દેહનું રાગથી અવલોકનમાત્ર થાય તો પણ મૈથુનસંજ્ઞા છે. તેથી આચાર્ય દેવ, મનુષ્ય કે

તિર્યંચ સંબંધી કોઈપણ પ્રકારના મૈથુનના વિકારો ન થાય તે જ રીતે શાસ્ત્રવચનથી અત્યંત ભાવિત થઈને મન-વચન-કાયાને પ્રવર્તાવે છે. આવા ચતુર્થ મહાવ્રતનું પાલન કરનારા આચાર્ય હોય છે.

**(૫) સર્વથા પરિગ્રહ-વિરમણ-વ્રત :-** આત્માને આત્માથી ભિન્ન એવા પોતાના દેહથી માંડીને યાવત્ સંસારના સર્વ પદાર્થો પ્રત્યે ક્યાંય મમત્વ થાય તો તે સર્વ પરિગ્રહરૂપ છે. જેમ કે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી જો દેહ પ્રત્યે પણ મમત્વ રાખે તો તે દેહ પણ પરિગ્રહ બને. આથી જ સંયમ ગ્રહણ કરતી વખતે સાધુઓ સંસારના સર્વ પદાર્થોને વોસિરાવે છે, તેની સાથે દેહને પણ વોસિરાવી દે છે, ફક્ત સંયમના ઉપકરણરૂપે દેહને ધારણ કરે છે; અને આથી દેહની શાતા કે અશાતાના સાધુઓ અર્થી નથી, પણ સંયમની વૃદ્ધિ માત્રના તેઓ અર્થી છે. આમ છતાં, જ્યારે જીવને લેશ પણ શાતા પ્રત્યે, શાતાને અનુકૂળ દેહ પ્રત્યે અને શાતાના ઉપષ્ટંભક એવા પદાર્થો પ્રત્યે અભિલાષ થાય તો તે પરિગ્રહરૂપ છે. જ્યારે આચાર્ય તો એકમાત્ર મોક્ષના અર્થી છે અને મોક્ષના ઉપાયરૂપ સંયમની વૃદ્ધિના અર્થી છે અને સંયમના ઉપષ્ટંભક=ટેકો આપનાર, એવા દેહને સંયમ અર્થે પાલન કરે છે, તે સિવાય કોઈ દ્રવ્ય પ્રત્યે લેશ પણ પ્રતિબંધને રાખનારા નથી, તેથી સર્વ પ્રકારે પરિગ્રહથી વિરામ પામેલા છે. આવા પાંચમા મહાવ્રતનું પાલન કરનારા આચાર્ય હોય છે.

- આથી 'पंचमहव्वयजुत्तो' પદ બોલતાં આવા પાંચ મહાવ્રતોથી યુક્ત ભાવાચાર્યની ઉપસ્થિતિ કરવાની છે.

**पंचविहायारपालणसमत्थो :-**

આચાર્ય ભગવંત જ્ઞાનાદિ પાંચે આચારોનું પાલન કરનારા હોય છે; કેમ કે તેઓ જ્ઞાન-દર્શન-ચારિત્રથી સંપન્ન હોય છે, અને જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ વળી, પંચાચારના સમ્યગ્ પાલનથી થાય છે. પંચાચારના પાલનમાં જ્ઞાનાચારનું પાલન જ્ઞાનગુણની વૃદ્ધિનું કારણ બને છે, દર્શનાચારનું પાલન દર્શનગુણની નિર્મલતાનું કારણ બને છે, ચારિત્રાચારનું પાલન ચારિત્રની ક્રિયા સ્વરૂપ છે અને એથી ભાવચારિત્ર ઉત્તરોત્તર વૃદ્ધિમત્ થાય છે, તપાચારનું પાલન ચારિત્રની વિશેષ ભૂમિકા સ્વરૂપ છે અને વીર્યાચારનું પાલન જ્ઞાનાચારાદિ

ચારેમાં અપ્રમાદભાવે યત્ન કરવા સ્વરૂપ છે. આવા પાંચ આચારને પાળવામાં સમર્થ આચાર્ય ભગવાન હોય છે.

**पंचसमिओ तिगुत्तो :-**

આચાર્ય ભગવંત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત હોય છે.

સમિતિ=सम्=एकीभावेन, इति=चेष्टा, સમિતિ અર્થાત્ એકીભાવથી ચેષ્ટા તે સમિતિ. આવશ્યક નિર્યુક્તિમાં સમિતિનો અર્થ કરતાં કહ્યું કે, शोभन-एकाग्रपरिणामचेष्टा સમિતિ=સુંદર એકાગ્ર પરિણામવાળી ચેષ્ટા તે સમિતિ. તે સમિતિ પાંચ છે, જે આ પ્રમાણે –

**(૧) ઈર્યાસમિતિ :-** ઈર્યામાં સમિતિ તે ઈર્યાસમિતિ=ઈર્યાના વિષયમાં= ગમનના વિષયમાં, એકીભાવથી=મનની એકાગ્રતાથી કરાતી ચેષ્ટા તે ઈર્યાસમિતિ. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે –

રથ, ગાડાં, વાહન આદિથી આક્રાંત માર્ગમાં, સૂર્યનાં કિરણોના પ્રતાપથી પ્રાસુક=નિર્જીવ, અને વિવિક્ત=લોકોના અતિ ગમનાગમનથી રહિત, પથમાં યુગમાત્ર દૃષ્ટિ વડે=પૂરોવર્તી સાડાત્રણ હાથ ભૂમિના નિરીક્ષણપૂર્વક, ગમનાગમન કરવું તે ઈર્યાસમિતિ છે.

આશય એ છે કે સાધુને સંયમના પ્રયોજન અર્થે ગમન-આગમન કરવાનું કારણ હોય ત્યારે, તેવા માર્ગમાંથી પ્રાયઃ ગમન કરે કે જે માર્ગમાં વાહનો જતાં-આવતાં હોય, જેથી તે ભૂમિ જીવરહિત થઈ હોય અર્થાત્ પૃથ્વીકાયના જીવો વિનાની થઈ હોય, અને તે ભૂમિ ઉપર સૂર્યનાં કિરણો પડતાં હોય ત્યારે ગમનાગમન કરે, જેથી અંધકારના કારણે કોઈ જીવોનો પોતાના ગમનાગમનના કારણે વિનાશ ન થાય; અને લોકોની અવર-જવર જ્યાં અત્યંત ન હોય, જેથી ગમનાગમનની યતનામાં સ્ખલના ન થાય અને તેવાં સ્થાનોમાં પૂરોવર્તી સાડાત્રણ હાથ ભૂમિનું અવલોકન થાય તે રીતે અત્યંત ઉપયુક્ત થઈને સાધુ ગમનાગમન કરે તે ઈર્યાસમિતિ. આ પ્રકારની *યતનાથી કોઈપણ જીવને લેશ પણ કિલામણા ન થાય તેવા પ્રકારનો દયાનો* પરિણામ વર્તતો હોય છે, તે ઈર્યાસમિતિનો પરિણામ છે. ભાવાચાર્ય સંયમવૃદ્ધિ અર્થે ક્યાંય ગમનાગમન કરે ત્યારે અવશ્ય ઈર્યાસમિતિપૂર્વક કરે છે.

**(૨) ભાષાસમિતિ :-** ભાષાસમિતિ એટલે હિત, મિત અને અસંદિગ્ધ અર્થનું કથન.

આશય એ છે કે, સંયમનું પ્રયોજન ન હોય તો સાધુ બોલે જ નહીં, અને સંયમના પ્રયોજન અર્થે કાંઈ પણ બોલે ત્યારે ભાષાસમિતિની મર્યાદાના સ્મરણપૂર્વક બોલે, અને તે વચન એકાંતે સંયમવૃદ્ધિનું કારણ હોય તેવું હિતકારી જ બોલે. સાધુ કોઈ ગૃહસ્થને ઉપદેશાદિ આપતા હોય ત્યારે પણ જે વચન તેના હિતનું કારણ હોય તે વચન બોલે. વળી તેવું હિતકારી વચન પણ પરિમિત શબ્દોમાં કહે. સાધુ જ્યારે બોલે ત્યારે સામેનાનો ઉપકાર થાય અને પોતાના સંયમની વૃદ્ધિનું કારણ થાય, તેના માટે બોલે, અને તે પણ જેટલાં વચનો ઉપકાર માટે આવશ્યક હોય તેટલાં પરિમિત વચનોથી બોલે, પરંતુ પ્રયોજન વગર અધિક શબ્દોથી કથન ન કરે. વળી સાધુ જે કાંઈ બોલે તે અસંદિગ્ધ બોલે, જેથી શ્રોતાને ભ્રમ ન થાય. જો સંદિગ્ધ અર્થવાળું બોલવામાં આવે તો શ્રોતાને ભ્રમ થવાથી હિતકારી વચન પણ અહિતનું કારણ બને. આ રીતે શ્રુતની મર્યાદામાં ઉપયુક્ત થઈને સાધુ બોલે તે ભાષાસમિતિ છે. ભાવાચાર્ય સંયમવૃદ્ધિ અર્થે જ્યારે પણ કોઈ વચનપ્રયોગ કરે ત્યારે અંવશ્ય ભાષાસમિતિપૂર્વક બોલે છે.

**(૩) એષણાસમિતિ :-** ગોચરી માટે ગયેલ મુનિએ સમ્યગ્ ઉપયોગપૂર્વક નવ કોટિ પરિશુદ્ધ આહાર ગ્રહણ કરવાનો છે. તેથી આહાર-ગ્રહણ માટે આવશ્યકનિર્યુક્તિ પ્રમાણે ગવેષણાદિ ભેદવાળી અથવા શંકાદિ લક્ષણવાળી એષણાના વિષયમાં જે સમિતિ તે એષણાસમિતિ છે.

આશય એ છે કે સંયમવૃદ્ધિના પ્રયોજન અર્થે જ્યારે સાધુ ભિક્ષા માટે જાય છે, ત્યારે 'ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહીં મળે તો તપની વૃદ્ધિ થશે' - એ પ્રકારના પ્રાપ્તિ-અપ્રાપ્તિ પ્રત્યેના સમભાવના પરિણામથી ઉપયુક્ત થઈને ભિક્ષાની ગવેષણા કરે છે. વળી ભિક્ષાગ્રહણકાળમાં સાધુના એષણાના ૪૨ દોષમાંથી કોઈપણ દોષ ન લાગે, તેમાં અત્યંત ઉપયુક્ત થઈને ગવેષણા કરે છે, જેથી નિર્દોષ આહાર પ્રત્યેનો પક્ષપાત રહેવાથી સમભાવનો પરિણામ જીવંત રહે છે; કેમ કે સમભાવનો પરિણામ ઉચિત ક્રિયા કરાવનાર

છે. ભાવાચાર્ય સંયમવૃદ્ધિ અર્થે અવશ્ય એષણાસમિતિનું સમ્યક્ પાલન કરે છે.

**(૪) આદાન-ભંડમત્ત-નિક્ષેપણાસમિતિ :-** ભંડમાત્રમાં=ભાંડમાત્રમાં અર્થાત્ યાવત્ પાત્રાદિ ભાંડમાં, ગ્રહણ અને નિક્ષેપવિષયક=લેવા-મૂકવા વિષયક, સમિતિ=એકાગ્ર મનપૂર્વકની જે ચેષ્ટા, તે આદાન-ભંડમત્ત-નિક્ષેપણાસમિતિ છે. સાધુને સંયમ પ્રયોજન અર્થે ભંડને ગ્રહણ કરવાનાં હોય કે મૂકવાનાં હોય ત્યારે, તે ભંડને ચક્ષુથી જોઈ, કોઈ જીવ હોય તો યતનાપૂર્વક તે જીવને યોગ્ય સ્થાને મૂકે, અને કોઈ જીવ દેખાય નહીં તો પણ કોઈ સૂક્ષ્મ જીવની કિલામણા ન થાય તે રીતે યતનાપૂર્વક પ્રમાર્જે, ત્યાર પછી જ તેનું ગ્રહણ કરે. અને એ રીતે ગ્રહણ કરેલા ભંડને સ્થાપન કરવાનું હોય ત્યારે પણ ચક્ષુથી તે સ્થાનનું અવલોકન કરે અને કોઈ જીવ ન જણાય તો પ્રમાર્જીને તે સ્થાનમાં નિક્ષેપ કરે. પરંતુ અન્યત્ર ઉપયોગ રાખીને જોયું ન જોયું કરીને, માત્ર પ્રમાર્જના કરે તો અથવા પ્રમાર્જના ન કરે તો આદાન-ભંડ-મત્ત-નિક્ષેપણાસમિતિનું પાલન થતું નથી. ભાવાચાર્ય સંયમવૃદ્ધિ અર્થે કોઈપણ વસ્તુનું ગ્રહણ કે મૂકવાનું કરે છે, ત્યારે અવશ્ય આદાન-ભંડમત્ત-નિક્ખેવણાસમિતિપૂર્વક કરે છે.

**પારિષ્ઠાપનિકાસમિતિ :-** ઉચ્ચાર=સ્થંડિલ, પ્રશ્રવણ=માત્રુ, ખેલ્લ=શ્લેષ્મ, સિંઘાણ=નાસિકાનું શ્લેષ્મ, જલ્લ=મલ, વગેરેની પરિષ્ઠાપનાવિષયક=પરઠવવા વિષયક, સુંદર ચેષ્ટા તે પારિષ્ઠાપનિકાસમિતિ.

સાધુ પોતાના શરીરમાંથી નીકળતાં મળ-મૂત્રાદિ સર્વને શાસ્ત્રવિધિ પ્રમાણે પરઠવે, કે જેથી તે ભૂમિના જીવોની વિરાધના ન થાય અને પરઠવેલી વસ્તુમાં જીવોત્પત્તિ થવાથી હિંસા ન થાય. આથી મળ વગેરે પરઠવવાના સ્થાનને ચક્ષુથી અવલોકન કરે, કોઈ જીવજંતુ વિનાની ભૂમિ જણાય તો પછી પ્રમાર્જના કરે અને પછી જ પરઠવે. વળી તે મળાદિ પણ તેવા સ્થાને પરઠવે કે જેથી ઉચિતકાળમાં તે સુકાઈ જાય, જેથી તેમાં જીવોત્પત્તિ ન થાય. આ સમિતિના વિષયમાં ઉત્સર્ગ-અપવાદની ઘણી યતનાઓ છે, તે સર્વનું સ્મરણ કરીને ઉચિત પ્રયત્ન કરે તે પારિષ્ઠાપનિકા સમિતિ છે. ભાવાચાર્ય સંયમવૃદ્ધિ અર્થે મલાદિના પરઠવવાના પ્રસંગે અવશ્ય પારિષ્ઠાપનિકાસમિતિનું પાલન કરે છે.

**ત્રણ ગુપ્તિ :-**

મન, વચન અને કાયાને સાંસારિક ભાવથી ગુપ્ત રાખવા માટે સુદઢ યત્ન તે ગુપ્તિ છે અને તે ગુપ્તિના મન-વચન-કાયાને આશ્રયીને ત્રણ ભેદો છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**(૧) મનોગુપ્તિ :-** (૧) આર્ત્ત-રૌદ્રધ્યાન અનુબંધી=ફળવાળી, કલ્પના-જાળનો વિયોગ, (૨) પરમ માધ્યસ્થ્ય પરિણતિ, (૩) યોગનિરોધ અવસ્થાભાવિ સર્વથા મનનો નિરોધ.

આ પ્રમાણે ત્રણ પ્રકારે મનોગુપ્તિ છે.

**(૨) વાગ્ગુપ્તિ :-** (૧) મૌનના અવલંબનરૂપ અથવા (૨) સર્વથા વચનયોગના નિરોધરૂપ, અથવા (૩) મુખવસ્ત્રથી આચ્છાદિત મુખથી સંભાષણાદિ વડે વાક્‌સંવૃતિરૂપ.

આ પ્રમાણે વાગ્ગુપ્તિ ત્રણ પ્રકારે છે.

**(૩) કાયગુપ્તિ :-** (૧) ઉપસર્ગાદિ ઉપનિપાતમાં પણ નિશ્ચલતારૂપ, (૨) યોગનિરોધમાં સર્વથા ચેષ્ટાપરિહારરૂપ, (૩) શયન-આસનાદિમાં સિદ્ધાંતમાં કહેલ યતના પ્રકારથી ચેષ્ટાનિયમનરૂપ.

આ પ્રમાણે કાયગુપ્તિ ત્રણ પ્રકારે છે.

**छत्तीसं-गुणो गुरू मज्झ :-**

સંક્ષેપથી આ સૂત્રના વિષયમાં આ રીતે વિચારણા થઈ શકે – ઉપરોક્ત છત્રીસ ગુણોથી સંપન્ન એવા ભગવાન ભાવાચાર્યની પ્રસ્તુત સૂત્રના ઉચ્ચારણથી સ્થાપના કરવામાં આવે છે, અને તેવા ગુરુની સાક્ષીએ પોતે ધર્માનુષ્ઠાન કરે છે, એવી તીવ્ર બુદ્ધિ સ્થાપનાથી જેને થઈ છે તેવો સાધક, તે સ્થાપનાને સ્થાપનારૂપે જોતો નથી, પરંતુ તેમાં તેને ઉપરોક્ત ગુણયુક્ત ગુરુ જ પુરોવર્તી દેખાય છે; અને તેથી અત્યંત બહુમાનપૂર્વક તેઓની સન્મુખ ઉચિત વિનયપૂર્વક બેસીને તે ધર્માનુષ્ઠાન કરે છે, અને ગુરુના અવિનયના પરિહાર માટે પણ અન્યમનસ્કાદિનો ત્યાગ કરીને ઉપયોગપૂર્વક તે.તે સૂત્રો બોલે છે. તેથી સન્મુખ ઉપસ્થિત એવા સ્થાપનાગુરુ તેના ભાવની વૃદ્ધિનું

પ્રબળ કારણ બને છે, અને આ રીતે ગુરુસાક્ષિક કરાયેલું ધર્માનુષ્ઠાન મહાફલવાન બને છે. પરંતુ કેવલ સ્થાપનાસૂત્રથી સ્થાપના સ્થાપીને અને આ સ્થાપનાચાર્ય છે એટલી જ બુદ્ધિ કરીને, વિશિષ્ટ ગુણોથી યુક્ત એવા ગુરુની છાયાને સ્વીકાર્યા વગર તેમની સન્મુખ કરાયેલો પણ ધર્મ એ જાતિના ભાવોને ઉલ્લસિત કરી શકતો નથી, અને સર્વ ક્રિયાઓ કેવલ સૂત્રાત્મક થાય છે; અને ક્વચિત્ કોઈ સૂત્રની વચમાં વિચારણાલેશ થાય તો પણ પુરોવર્તી ગુરુની છાયા બુદ્ધિમાં ન હોય તો તેવા પ્રકારનો ભાવ ઉલ્લસિત થતો નથી. માટે સ્થાપનાકાળમાં અતિ ગંભીરતાપૂર્વક, મહાસત્ત્વને ઉલ્લસિત કરીને ગુરુના સ્વરૂપને બુદ્ધિમાં અંકિત કરવું જરૂરી છે, જેથી અનુષ્ઠાનની સમાપ્તિ સુધી સતત સ્થાપ્ય એવા ગુરુ પ્રત્યે પૂજ્યભાવ, પારતંત્ર્યભાવ, વિનયભાવ અને તત્ સાક્ષિકભાવ વૃદ્ધિમત્ થયા કરે.

## ।। ३. खमासमण सूत्र (प्रणिपात सूत्र) ।।

**इच्छामि खमासमणो ! वंदिउं,**

**जावणिज्जाए निसीहिआए, मत्थएण वंदामि ।।**

### 'खमासमण' સૂત્રની ભૂમિકા :-

કોઈ પણ ક્રિયા કરતી વખતે સંક્ષેપથી વંદન કરવા અર્થે આ સૂત્ર બોલાય છે. આ સૂત્રનાં મુખ્ય બે નામ પ્રસિદ્ધ છે.

**(૧) ખમાસમણ સૂત્ર :-** ક્ષમાશ્રમણને આ સૂત્રથી વંદન કરાતું હોવાથી આ સૂત્રનું નામ 'ખમાસમણ' સૂત્ર છે.

**(૨) પ્રણિપાત સૂત્ર :-** આ સૂત્ર દ્વારા પ્રણિપાતની ક્રિયા=નમસ્કારની ક્રિયા, કરાય છે, તેથી તેનું નામ 'પ્રણિપાત' સૂત્ર છે.

ચૈત્યવંદન, ગુરુવંદન કે કોઈપણ ક્રિયાઓનો પ્રારંભ કરવામાં ગુરુવિનયાદિ અર્થે આ સૂત્ર બોલાય છે. તીર્થંકરો કે ગુણવાન એવા ગુરુભગવંતોને આ સૂત્રથી વંદન કરવામાં આવે છે. ઉપયોગપૂર્વક આ સૂત્ર બોલવામાં આવે તો આ સૂત્રથી કરાતી વંદનક્રિયા ગુણિયલ જીવોના ગુણની અભિમુખ જવા માટે પ્રબળ કારણ બને છે; કેમ કે આત્મામાં ગુણનિષ્પત્તિનો ઉપાય ગુણવાન

વ્યક્તિના ગુણોને અવલંબીને તેમને કરાતી વંદનક્રિયા છે.

**સૂત્રનો અર્થ :-**

"હે ક્ષમાશ્રમણ ! હું યાપનિકા અને નૈષેધિકીપૂર્વક વંદન કરવાને ઈચ્છું છું."

ગુરુ મહારાજ, 'છંદેણં' શબ્દ કહે ત્યારે સાધક કહે કે, "મસ્તક વડે હું વંદન કરું છું."

**- : વિશેષાર્થ :-**

**इच्छामि खमासमणो :-**

'इच्छामि' શબ્દ દ્વારા સ્વેચ્છાથી=નિજ અભિલાષથી, સાધક વંદન કરવાના પોતાના પરિણામને વ્યક્ત કરે છે.

'खमासमणो' શબ્દથી ક્ષમાશ્રમણને ઉપસ્થિત કરવાના છે. ક્ષમાશ્રમણ એટલે ક્ષમાપ્રધાન શ્રમણ. અહીં ક્ષમા શબ્દના ઉપલક્ષણથી માર્દવાદિ અન્ય નવ યતિધર્મોને પણ ગ્રહણ કરવાના છે. તેથી ક્ષમાશ્રમણ શબ્દથી ક્ષમા, માર્દવ, આર્જવ, નિરીહતા આદિ દશેય યતિધર્મોથી યુક્ત એવા ગુણસંપન્ન ગુરુની ઉપસ્થિતિ થાય છે.

'શ્રમણ'=સંયમયોગમાં જે શ્રમ કરે છે તે શ્રમણ અથવા '**श्रमु** तपसि खेदे च' તદનુસાર સંસારની પ્રવૃત્તિથી ખેદ પામેલા=વિશ્રાંત થયેલા, અને નિર્જરાને અનુકૂળ એવા તપમાં યત્ન કરી રહ્યા છે તે શ્રમણ. જે સાધકને દશ ગુણોથી યુક્ત એવા આ ઉત્તમ ગુરુનું સ્વરૂપ સૂક્ષ્મબુદ્ધિથી જણાય છે, તેને તેમના પ્રત્યે અત્યંત ભક્તિ ઉલ્લસિત થાય છે. તેથી તેવા ગુણવાન ગુરુના સ્વરૂપને જાણીને ભાવથી તેમની સન્મુખ થવા અર્થે, 'હે ક્ષમાશ્રમણ !' એ પ્રકારનું તેમને સંબોધન કરે છે.

**वंदिउं :-**

વંદન કરવાને માટે. ગુણવાન ગુરુ પ્રતિ બહુમાનભાવ અભિવ્યક્ત કરવાની ક્રિયાવિશેષ તે વંદન છે. ગુણવાન ગુરુને સંબોધન કરીને તેમને વંદનક્રિયા કરવાને માટે પોતે ઈચ્છે છે, તે તેમના પ્રત્યે હૈયામાં વર્તતા

પૂજ્યભાવની અભિવ્યક્તિરૂપ વિનયસ્વરૂપ છે. આ ક્રિયાથી જીવ તેમનામાં વર્તતા ગુણોને અભિમુખ જવામાં પ્રતિબંધક કર્મોનો નાશ કરી શકે છે. એટલું અભિવ્યક્ત કર્યા પછી તે પોતે વંદન કઈ રીતે કરવા ઈચ્છે છે, તે જણાવતાં કહે છે -

**जावणिज्जाए निसीहिआए :-**

યાપનિકા એ ઈંદ્રિયોના અને નોઈન્દ્રિયના=મનના, ઉપશમરૂપ છે. તેથી યાપનિકાના વચનપ્રયોગ દ્વારા સાધક ઈન્દ્રિયો અને નોઈન્દ્રિયને એ રીતે ઉપશમભાવથી પ્રવર્તાવે છે કે જેનાથી વંદનક્રિયામાં પ્રવર્તતા ત્રણેય પ્રકારના યોગો અર્થાત્ મન-વચન-કાયાના યોગો, વંદ્ય વ્યક્તિમાં વર્તતા ઉત્તમ ભાવો પ્રત્યે પ્રસર્પણવાળા બને છે.

નૈષેધિકી એ સંસારમાં પ્રવર્તતા ત્રણેય યોગોના નિષેધસ્વરૂપ છે. તેથી નૈષેધિકી વચનપ્રયોગ દ્વારા સાધક વંદનક્રિયાથી અન્યત્ર મન-વચન-કાયાના યોગોનું અપ્રવર્તન કરે છે.

**छंदेणं :-**

સાધક યાપનિકા અને નૈષેધિકીપૂર્વક ગુરુને વંદન કરવાની અનુજ્ઞા માગે છે ત્યારે, વિશેષ કારણ ન હોય તો વંદકની નિર્જરાના અભિલાષથી ગુરુ 'छंदेणं' શબ્દથી અનુજ્ઞા આપે છે.

'ધર્મસંગ્રહ' ગ્રંથમાં 'छंदेणं' નો અર્થ કર્યો કે, 'મને પણ આ અભિપ્રેત છે.' તેનાથી એ કહેવું છે કે વંદક=વંદન કરનાર, ઉચિત પ્રવૃત્તિ કરીને નિર્જરારૂપ ફળને પામે તે ગુરુને અભિપ્રેત છે, અને તે નિર્જરા સિવાયના કોઈ અન્ય આશયથી ગુરુ 'छंदेणं' કહે તો કર્મબંધની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહીં પણ વંદક, સંમૂર્ચ્છિમની જેમ બોલવાની પદ્ધતિ મુજબ વંદનસૂત્ર બોલી જાય તો, વંદકની નિર્જરાના અભિલાષમાં નિમિત્ત થવાના અભિલાષજન્ય ગુરુને નિર્જરા થાય નહીં. તેથી ગુરુ પણ તેને અનુજ્ઞા આપતાં પહેલાં નિર્જરા કઈ રીતે થાય તેવો વિવેક વંદકમાં ન હોય તો યોગ્ય વિવેક કરાવીને પછી અનુજ્ઞા આપે; અને સંયમી વંદક પણ નિર્જરાના અર્થી હોય તો, નિર્જરાનું કારણ બને તે જ રીતે *ઉચિત ક્રિયામાં યત્ન કરે.*

**मत्थएण वंदामि :-**

ગુરુના મુખથી 'છંદેણં' શબ્દપ્રયોગના શ્રવણ દ્વારા, હવે મને વંદનની આજ્ઞા ગુરુએ આપી છે, એ પ્રમાણે હર્ષિત થયેલો અને ઉલ્લસિત વીર્યવાળો બનીને, વંદક=વંદન કરનાર, "મસ્તકથી વાંદું છું." - એમ બોલે છે. આ બોલતાં જ તેનું જીવવીર્ય એ ક્ષમાશ્રમણની અત્યંત અભિમુખ થવા માંડે છે, તેનાં ચારિત્રનાં પ્રતિબંધક ઘણાં કર્મોનો નાશ થાય છે અને તેથી એ રીતે વંદન કરનારને વંદનક્રિયા દ્વારા ભાવચારિત્રની પ્રાપ્તિ આસન્ન આસન્નતર થતી જાય છે. આ કારણથી સૂત્રના ભાવને યથાર્થપણે ઉપસ્થિત કરીને તે પ્રકારે અંતરંગ યત્નપૂર્વક વંદન કરનાર સાધક મહાનિર્જરાનો ભાગી બને છે.

**ક્ષમાદિ ભાવોનું સ્વરૂપ :-**

અહીં વિશેષ એ છે કે, "હે ક્ષમાશ્રમણ !" એ પ્રકારનું જ્યારે સાધક ઉચ્ચારણ કરે છે, ત્યારે તેણે ક્ષમાદિ ભાવોનું જે યથાર્થ સ્વરૂપ છે, તેને તે રીતે ચિત્તને વિષે ઉપસ્થિતિમાં લાવવા યત્ન કરવો જોઈએ; અને તે ક્ષમાદિ ભાવોના સ્વરૂપનો નિર્ણય આ રીતે કરવાનો છે –

મુનિઓ સંસારથી અત્યંત ભીત હોવાથી સંસારથી નિસ્તરણ પામવાની અત્યંત ઈચ્છાવાળા છે, અને તેથી પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ સંસાર-નિસ્તરણના ઉપાયોમાં વ્યાપૃત કરવા માટે દૃઢ યત્નવાળા છે. તેથી તેઓ ભગવાનના વચનના સ્મરણપૂર્વક સર્વ આચારોનું એ રીતે પાલન કરે છે, કે જેનાથી જગતના સર્વ પદાર્થો ક્યાંય સ્પર્શ ન પામે તેવું અસંસ્પર્શી માનસ પેદા થાય છે, અને ચિત્ત સહજ રીતે આત્માના મૂળ સ્વભાવમાં વિશ્રાંત વિશ્રાંતતર થયા કરે છે, જેથી અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગની પ્રાપ્તિમાં લેશ પણ રતિ-અરતિનો પરિણામ સ્પર્શી શકતો નથી. તેથી તેમનામાં ક્ષમાદિ દશવિધ યતિ ધર્મો વર્તે છે.

**મુનિઓની ક્ષમા :-**

પદાર્થના સમ્યગ્ અવલોકનપૂર્વક ભગવદ્ ઉપદિષ્ટ આચારોમાં પ્રવર્તતું તેમનું માનસ હોવાથી, ક્ષમાના વિરોધી ભાવરૂપે જે ક્રોધ-અરુચિ-અસૂયા-અસહિષ્ણુતા આદિ ભાવો છે, તે ભાવોને ન સ્પર્શે એ રીતે મન-વચન-

કાયાની પ્રવૃત્તિઓમાં તેઓ યત્ન કરે છે અને તેને કારણે આત્માનો મૂળ ક્ષમાભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે.

**મુનિઓની માર્દવતા :–**

જગતના જીવો મુનિને માન આપે કે અપમાન કરે તેની કોઈ અસર મુનિ ઝીલે નહિ, તેવો માર્દવનો પરિણામ પણ મુનિને સતત વૃદ્ધિમત્ થયા કરે છે; કેમ કે મુનિ સતત ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરનારા છે અને ભગવાનના વચનનો ઉપદેશ વીતરાગતાને અનુકૂળ સુદૃઢ યત્ન કરવાનો છે. તેથી જેમ જેમ મુનિને માર્દવ પરિણામનો અતિશય થાય છે, તેમ તેમ દેવેન્દ્ર કે ચક્રવર્તી આદિની પૂજા-ભક્તિ પણ તેમના ચિત્ત ઉપર છાયા નાંખીને આત્માને વ્યાકુળ કરી શકતી નથી કે એક તુચ્છ વ્યક્તિ તેમને અપમાનિત કરવા યથાતથા પ્રલાપ કરે તો પણ તેનાથી તેમનું ચિત્ત જરા પણ વ્યાકુળ તો નથી થતું, પરંતુ તેના પ્રત્યેના કરુણાના ભાવથી આર્દ્ર બને છે; કેમ કે ભગવાનનું દરેક વચન તેમને સતત નિષ્કષાય વૃત્તિ પ્રત્યેના વીર્યને અતિશયિત કરવા માટે ઉપદેશરૂપ બને છે.

**મુનિની આર્જવતા :–**

વળી મુનિ સંસારથી નિસ્તરણની અત્યંત વાંછાવાળા બનેલા હોવાથી પોતાના ચિત્તની વક્રતાને છોડીને, સરળ ભાવે પોતાના દોષોનું સમ્યગ્ અવલોકન કરીને, ગુણવાનને પરતંત્ર થવાપૂર્વક પોતાને થયેલ સ્ખલનાઓનું તેમની આગળ નિવેદન કરે છે, અને પ્રાયઃ કરીને સ્ખલના વગર સંયમયોગોમાં યત્ન કરે છે; અને કોઈ બાહ્ય કે આભ્યંતર નિમિત્તને આશ્રયીને ચિત્ત લેશ પણ વક્ર ન બને તે જ રીતે ચિત્તને સતત પ્રવર્તાવવાના યત્નવાળા બનીને દરેક ઉચિત આચરણાઓમાં પ્રયત્નશીલ હોય છે. તેવા મુનિ સદા આર્જવ પરિણામવાળા અમાયીભાવમાં વર્તે છે.

**મુનિઓની નિરીહતા :–**

વળી મુનિને એવી સ્પષ્ટ બુદ્ધિ છે કે, જગતના દરેક પદાર્થો આત્મા માટે અનુપયોગી છે; કેમ કે આત્મા માત્ર પોતાના ભાવોનો જ કર્તા અને ભોક્તા છે. આત્માને આત્મામાં વર્તતા પોતાના ભાવોનું જ સંવેદન થાય છે,

બાહ્ય પદાર્થોમાં રહેલા ભાવો પોતાના આત્મામાં પ્રવેશ પામતા નથી, બાહ્ય પદાર્થો તો માત્ર જ્ઞેયરૂપે જ=જ્ઞાનના વિષયરૂપે જ, હોય છે. આવા પ્રકારની મુનિને સ્પષ્ટ બુદ્ધિ હોવાને કારણે જગતના કોઈ પદાર્થ પ્રત્યે મુનિને સ્પૃહા હોતી નથી અને તે નિઃસ્પૃહભાવ સતત વૃદ્ધિમત્ થાય તે રીતે ભગવદ્વચનનું અવલંબન લઈને તેઓ સંયમયોગોમાં સદા યત્ન કરે છે.

આ ચાર ભાવોના પ્રકર્ષમાં ઉપકારક એવા બીજા ભાવોને પૃથક્ કરીને દશવિધ યતિધર્મનું વર્ણન છે. તેથી અર્થથી તે સર્વનો આ ચારમાં અંતર્ભાવ છે; કેમ કે સંપૂર્ણ ક્રોધાદિ ચાર કષાય વગરની અવસ્થા તે વીતરાગતા છે અને તેના તરફ જવા સ્વરૂપ મુનિનો દશવિધ યતિધર્મ છે.

**આ રીતે મુનિની ઉપસ્થિતિ કર્યા પછી કરાતી વંદનક્રિયાના ભાવો :-**

આવા પ્રકારના ક્ષમાદિ યતિધર્મોથી યુક્ત મુનિનું સ્વરૂપ વારંવાર ભાવન કરીને, તેનાથી ચિત્તને અત્યંત ઉપરંજિત=ભાવિત કરીને, અને જીવલોકમાં આ કક્ષા અત્યંત ઉત્તમ કોટિની છે અને તેનાથી સંપૂર્ણ કર્મરહિત અવસ્થાની પ્રાપ્તિ થાય છે કે જે જીવના પરમસુખરૂપ છે, એ પ્રકારની સ્થિર બુદ્ધિ કરીને, જે સાધક ક્ષમાદિ યતિધર્મોથી ચિત્તને સતત આવર્જિત રાખે છે, તે સાધક, કદાચ તે ક્ષમાદિ ભાવોથી તે રીતે સંપન્ન ન પણ હોય, તેમ છતાં "હે ક્ષમાશ્રમણ !" એટલો શબ્દપ્રયોગમાત્ર પણ વંદન પૂર્વે જ્યારે તે કરે છે, ત્યારે તેનું ચિત્ત કોઈક વિશેષ શુભભાવોથી ઉપરંજિત બને છે; અને ત્યાર પછી ગુરુને વંદન કરીને પોતાના જન્મને સફળ કરવો છે એ પ્રકારના આશયવાળો સાધક તેમની પાસે વંદન કરવાની અનુજ્ઞાની યાચના કરે છે, જે તેમના પ્રત્યે પોતાના હૈયામાં વર્તતા અત્યંત પૂજ્યભાવની અભિવ્યક્તિરૂપ વિનયસ્વરૂપ છે; અને તે વંદન પોતે કઈ રીતે કરવા ઈચ્છે છે, તે પણ શબ્દોની અભિવ્યક્તિ દ્વારા તથાવિધ વીર્યને ઉલ્લસિત કરવાના યત્નરૂપે કહે છે. તે આ રીતે – "યાપનિકા અને નૈષેધિકી દ્વારા હું વંદન કરવાને ઈચ્છું છું." આનો ભાવ એ છે કે, યદ્યપિ પૂર્વમાં પણ પોતાને ક્ષમાદિ ભાવોનું અત્યંત મહત્ત્વ હતું અને વારંવાર વિચારીને તે મહત્ત્વને સ્થિર પણ કરેલું છે, તેમ છતાં હવે જ્યારે 'ક્ષમાશ્રમણ !' શબ્દ બોલે છે, ત્યારે ચિત્તમાં રહેલું તે મહત્ત્વ, તે ઉપયોગરૂપે પણ વ્યક્તપણે ઉપસ્થિત

થાય છે, અને તે મહત્ત્વ આ રીતે વિનયપૂર્વક વંદનની અભિલાષાનું ગુરુ આગળ નિવેદન કરાવે છે. આમ છતાં વંદનકાળમાં વિશેષરૂપે તે ક્ષમાદિ યતિધર્મો પ્રત્યે પોતાનું વીર્ય કઈ રીતે ગતિવાળું બને કે જેથી તે વંદનના બળથી તે મહાત્માના જેવો મહાસાત્ત્વિક પોતે પણ બને, તેવી પરિણતિ તેના હૈયામાં વર્તે છે, તેથી તેની પ્રાપ્તિના ઉપાયરૂપે 'યાપનિકા' અને 'નૈષેધિકી' ક્રિયા છે, એ પ્રકારે નિર્ણય કરીને, તે શબ્દો દ્વારા તેવા પ્રકારના, યાપનિકાથી ઈન્દ્રિય અને નોઈન્દ્રિયના ઉપશમ માટે અને નૈષેધિકીથી સંસારમાં પ્રવર્તતા યોગોના નિરોધ માટે તે પ્રયત્નશીલ બને છે, કે જેથી વંદનક્રિયાકાળનો ઉપયોગ તેના ચિત્તને ક્ષમાદિ યતિધર્મો પ્રત્યે પ્રસર્પણવાળું બનાવવામાં પ્રબળ કારણ બની શકે. આથી, વંદનનાં પ્રતિબંધક કર્મોની વિશેષ ઉપશાંતિ માટે ઉપયોગકાળમાં 'યાપનિકા' શબ્દ બોલતી વખતે તે ઈંદ્રિય-નોઈંદ્રિયના નિગ્રહ માટે વિશેષ પ્રયત્નશીલ બને છે, અને 'નૈષેધિકી' દ્વારા મન-વચન-કાયાના યોગો ક્ષમાદિ યતિધર્મોની વૃદ્ધિમાં પ્રવર્તે તે માટે તે ત્રણેય યોગોને સાંસારિક ભાવોથી દૂર રાખે છે અને ગુરુના ગુણોમાં વ્યાપૃત રાખે છે.

ત્યાર પછી 'મત્થએણ વંદામિ' બોલે છે, અને એટલા અલ્પ પણ કાળમાં ઉપયોગના બળથી તેવા મુનિ પ્રત્યે વધતો જતો બહુમાનભાવ ઘણા ચારિત્રમોહનીય કર્મને તોડે છે.

આ સૂત્રથી તીર્થંકરને પણ વંદન થાય છે; કેમ કે તેઓ પણ જ્ઞાનાદિ ક્ષાયિકભાવવાળા છે. તેથી 'ક્ષમાશ્રમણ' શબ્દથી મહામુનિ એવા તેમને સંબોધન કરાય છે.

## ।। ४. इच्छकार सूत्र ।।

**इच्छकार ! सुहराइ ? सुहदेवसि? सुखतप ? शरीरनिराबाध ?**
**सुखसंजमजात्रा निर्वहो छो जी ? स्वामी ! साता छे जी ?**
**भात-पाणीनो लाभ देजो जी ।।**

**'इच्छकार' સૂત્રની ભૂમિકા :-**

આ સૂત્રમાં ગુરુપૃચ્છાથી સંયમી ગુરુ પ્રત્યેની ભક્તિ અભિવ્યક્ત

કરેલ છે. જે સાધકને ગુણસંપન્ન એવા ગુરુના સંયમજીવનનું અત્યંત મહત્ત્વ છે અને તેથી પોતે પણ તે સંયમજીવનને જ સેવવાની અભિલાષા ધરાવે છે, પરંતુ તથાવિધ સત્ત્વની અલ્પતાને કારણે કદાચ સંયમ ન ગ્રહણ કરી શકે તો પણ, અને સંયમ ગ્રહણ કરેલ હોય તો પણ, તે સાધક પોતાના સંયમના પરિણામની વૃદ્ધિ કરવા પ્રસ્તુત સૂત્રથી સુગુરુની સુખશાતાની પૃચ્છા કરે છે.

**સૂત્રનો અર્થ :-**

ઈચ્છકાર=ઈચ્છાપૂર્વક આપ જવાબ આપો, આપનો સુખપૂર્વક રાત્રિ અથવા સુખપૂર્વક દિવસ પસાર થયો છે ? આપનો તપ સુખપૂર્વક થાય છે ? આપનું શરીર નિરાબાધ છે ?=કોઈપણ પ્રકારની બાધા વગરનું છે ? આપ સુખપૂર્વક સંયમયાત્રા નિર્વહણ કરો છો ? હે સ્વામી ! આપને શાતા વર્તે છે ?

ત્યારે ગુરુ 'દેવ-ગુરુ પસાય' શબ્દથી પૃચ્છા કરનારને જવાબ આપે છે. ત્યાર પછી સાધક કહે છે - 'ભાત પાણીનો લાભ મને આપશોજી.'

**- : વિશેષાર્થ :-**

**इच्छकार ! :-**

'ઈચ્છકાર' શબ્દ સંબોધન અર્થમાં છે, અને આપ ઈચ્છાપૂર્વક મને જવાબ આપો, તે તેનો અધ્યાહારથી ભાવ છે અર્થાત્ હું પૂછું છું અને તેથી તમારે જવાબ આપવો જોઈએ એવો ભક્તનો આગ્રહ નથી, પરંતુ કેવલ ભક્તિના યોગથી હું પૃચ્છા કરું છું અને આપની ઈચ્છા હોય તો પ્રત્યુત્તર આપશો, આ પ્રકારનો વિનય બતાવવા અર્થે ઈચ્છકારનો પ્રયોગ થાય છે.

**ગુરુપૃચ્છા :-**

ગુરુને આ સૂત્રમાં બે પ્રકારે પૃચ્છા કરવામાં આવે છે.

**(૧) સામાન્ય ગુરુપૃચ્છા :- सुहराइ ? सुदहेवसि ? :-**

ઈચ્છકાર પછી સુહરાઈ ? કે સુહદેવસિ ? શબ્દ દ્વારા સામાન્યથી પૃચ્છા કરવામાં આવે છે કે, 'આપની રાત્રી કે આપનો દિવસ સુખપૂર્વક પસાર થયો છે ?' સંયમી આત્માનો દિવસ કે રાત્રી સુખપૂર્વક પસાર થયાં ત્યારે જ કહેવાય કે રાત્રી અને દિવસ દરમ્યાન સંયમને અનુકૂળ સર્વ પ્રવૃત્તિઓ

સારી રીતે થઈ હોય. દિવસ દરમ્યાન તો સાધુઓ સંયમયોગમાં સુદઢ યત્ન થાય તે રીતે સૂત્રપોરિસી આદિ ઉચિત ક્રિયાઓ કરીને આત્માને સતત સંયમના પરિણામથી ભાવિત રાખે છે. તેથી દિવસ તો સુખરૂપ પસાર થાય છે, પરંતુ પ્રધાનરૂપે જેમાં સૂવાની ક્રિયા છે, તેવી રાત્રી પણ સાધુઓ સંયમવૃદ્ધિનું કારણ બને તે રીતે જ પસાર કરે છે. તે આ રીતે –

જો મુનિની સૂવાની ક્રિયા પણ પોતાના સંયમની વૃદ્ધિ અર્થે થાય તો જ રાત્રી સુખપૂર્વક પસાર થઈ છે, તેમ કહી શકાય. મુનિઓ સાંજના પ્રતિક્રમણ પછી ચારિત્રનો પરિણામ ઉલ્લસિત થાય તે રીતે સમ્યગ્ અભ્યુત્થિત થઈને સંથારાપોરિસીની ક્રિયા કરે છે, અને મુનિઓની સૂવાની ક્રિયામાં પણ અપ્રમાદ જીવંત રહે તદર્થે નિદ્રામાં પડખું ફેરવતાં પણ પ્રમાર્જના કરે તેવો તેમને યતનાનો પરિણામ જીવંત હોય છે; અને મુનિઓ સૂવાની ક્રિયાનો પ્રારંભ પણ ત્યારે જ કરે કે જ્યારે યોગમાર્ગમાં દઢ યત્ન પ્રવર્તાવવા શરીર સક્ષમ ન હોય, અને સૂઈને ઊઠ્યા પછી સંચિત થયેલી શક્તિના બળથી તેઓ અવશ્ય સંયમમાં અત્યંત જાગૃત થઈને સર્વ ઉચિત ક્રિયાઓમાં યત્ન કરી શકે. તેથી પૂર્વમાં કરાયેલી સૂવાની ક્રિયા પણ ઉત્તરમાં થતા સંયમયોગના અતિશયનું કારણ બને છે, માટે સંયમીની સૂવાની ક્રિયા પણ સંયમવૃદ્ધિનું જ કારણ છે.

**(૨) વિશેષ પૃચ્છા :-**

પ્રથમ સુહરાઈ અને સુહદેવસિ શબ્દથી દિવસ-રાત્રી સંબંધી સામાન્ય પૃચ્છા કરી, હવે સંયમવિષયક જ વિશેષ પૃચ્છા (૧) સુખ-તપ, (૨) શરીર-નિરાબાધ, (૩) સુખસંયમયાત્રા નિર્વહો છો જી ? - આ ત્રણ વાક્યો દ્વારા કરે છે.

**(१) सुखतप** ? :- વિશેષ પૃચ્છામાં પ્રથમ તપની પૃચ્છા કરવામાં આવે છે, જે બાહ્ય અને અભ્યંતર તપની પૃચ્છાસ્વરૂપ છે. બાહ્ય તપ ઉપવાસાદિરૂપ છે અને અભ્યંતર તપ સ્વાધ્યાયાદિરૂપ છે અને સાધુને માટે તે બંને તપ અતિ મહત્ત્વના છે. તેથી ભક્તિવાળો શ્રાવક પ્રથમ તેની પૃચ્છા કરે છે કે, તમારો તપ સુખપૂર્વક પ્રવર્તે છે ? અર્થાત્ મોક્ષને અનુકૂળ એવા પરિણામો વૃદ્ધિમત્ થાય તે રીતે તપ પ્રવર્તે છે ?

**(२) शरीरनिराबाध** ? :- વળી શરીર નિરાબાધ વર્તે છે ? અર્થાત્

તપ-સંયમની વૃદ્ધિને અનુકૂળ એવી બાહ્ય અને અભ્યંતર બાધારહિત શરીરની અવસ્થા છે ? એ પ્રકારની પૃચ્છા કરે છે.

**(૩) सुखसंजमयात्रा निर्वहो छो जी ?** :- ત્યાર પછી સંયમયાત્રા સુખપૂર્વક નિર્વહન થાય છે ? એ પ્રકારની પૃચ્છા કરીને સાધ્વાચારની દરેક આચરણાઓનો તમે સુખપૂર્વક નિર્વાહ કરી શકો છો ? એ પ્રકારની પૃચ્છા કરે છે.

મોક્ષનો ઉપાય સંવર અને નિર્જરા છે. સંયમ=સંવરભાવ, અને તપ= નિર્જરાભાવ. આના વિરોધી ભાવો આશ્રવ અને બંધ. તે સંસારના ઉપાયો છે. તેથી મુનિઓ સદા સંવર-નિર્જરામાં યત્ન કરે છે, તેની પૃચ્છા અહીં કરી છે. યદ્યપિ તે પૃચ્છા દ્વારા પોતે તેમના તપ-સંયમની કોઈ વૃદ્ધિ કરી શકતો નથી, પરંતુ તેઓની તપ-સંયમની વૃદ્ધિ સારી રીતે થઈ રહી છે તે જાણવાની જિજ્ઞાસા પોતાને હોય છે, જે ભક્તિની અભિવ્યક્તિ સ્વરૂપ છે.

**स्वामी साता छे जी ?** હે સ્વામી ! આપને શાતા વર્તે છે ? સાધુને શરીરની શાતા પણ સંયમવૃદ્ધિનું જ કારણ હોય છે. સાધુ પ્રત્યેના સદ્‌ભાવવાળો સાધક ઈચ્છે કે સંયમી આત્મા જેમ સંયમની વૃદ્ધિ કરી શકે તે આવશ્યક છે, તેમ તેવા સાધુઓને શારીરિક શાતા હોય તે પણ આવશ્યક છે. તેથી ભક્તિના વશથી તેમની શાતાની પૃચ્છા કરે છે.

**'દેવ-ગુરુ પસાય' :-**

આ પ્રકારે કરાતી પૃચ્છાના પ્રત્યુત્તરમાં મુનિ 'દેવ-ગુરુ પસાય' એ શબ્દ દ્વારા પોતાને તે ભાવો વર્તે છે, તેમ જણાવે છે, અને આ સાંભળીને વંદકને પ્રમોદભાવ થાય છે, જે તેમના તપ-સંયમની અનુમોદનાના પરિણામરૂપ છે; અને આ અનુમોદનાના પરિણામથી પોતાને પણ સંયમની શીઘ્ર પ્રાપ્તિ થાય તે રીતે તેના તત્પ્રતિબંધક કર્મોનું વિગમન થાય છે. માટે જ શ્રાવક સાધુને આ પ્રકારની પૃચ્છા કરીને પોતાની સંયમને અનુકૂળ શક્તિનો સંચય કરે છે.

અહીં વિશેષ એ છે કે, જે ગુરુઓ સંયમની વૃદ્ધિને અનુકૂળ દિવસ-રાત્રી પસાર કરતા નથી અને સંયમની વૃદ્ધિને અનુકૂળ કોઈ યત્ન કરતા નથી, તેઓને 'દેવ-ગુરુ પસાય' એ પ્રકારનો પ્રત્યુત્તર આપવો ઉચિત ન ગણાય; કેમ કે તે મૃષાવાદરૂપ બને.

જેમ કોઈ સાધુને દિવસ કે રાત્રી સંયમયોગને અનુકૂળ સારી રીતે પસાર ન થઈ હોય, પરંતુ પ્રમાદવશ યથાતથા પસાર થઈ હોય, આમ છતાં કોઈ પૂછે ત્યારે "દેવ-ગુરુ પસાય" કહે, તો એ અર્થ પ્રાપ્ત થાય કે, દેવ-ગુરુના પસાયથી તેમની રાત્રી પ્રમાદમાં પસાર થઈ છે. વસ્તુતઃ "દેવ-ગુરુ પસાય" શબ્દ બોલવાથી "દેવ-ગુરુના પસાયથી મારી રાત્રી સંયમને અનુકૂળ પસાર થઈ છે," એવો શાબ્દબોધ થાય છે. તેથી જેને સંયમને અનુકૂળ રાત્રી પસાર ન થઈ હોય અને આ શબ્દ બોલે તો મૃષાવાદ થાય, અને દેવ-ગુરુની પણ આશાતના થાય; કેમ કે દેવ-ગુરુના પસાયથી મેં પ્રમાદ કર્યો, તેવો અર્થ ઘોતિત થાય છે. તેથી તે વખતે મૌનનું સેવન કરવું એ ઉચિત બને છે.

**भात-पाणीनो लाभ देजो जी :-**

ત્યાર પછી તેઓની ભક્તિ કરવા અર્થે ઉલ્લસિત થયું છે માનસ જેનું એવો તે સાધક, ગુરુભગવંતને ભાત-પાણીના લાભ અર્થે પ્રાર્થના કરે છે; ઉપલક્ષણથી સંયમને અનુકૂળ એવી સર્વ સામગ્રીના લાભની તે પ્રાર્થના સમજવાની છે; અને ભાત-પાણીના લાભ માટે જ્યારે શ્રાવક પ્રાર્થના કરે છે, ત્યારે તેના હૈયામાં ગુણવાન ગુરુના સંયમ પ્રત્યે અત્યંત બહુમાન વર્તતું હોય છે, અને તેને ભાવ હોય છે કે, તેઓના સંયમની વૃદ્ધિ અર્થે મારા આહારાદિને હું અર્પણ કરું કે જેથી મારો આ જન્મ સફળ થાય. વળી આ રીતે લાભ માટે પ્રાર્થનાના અધ્યવસાયથી મારું ચારિત્રમોહનીય કર્મ પણ નાશ પામશે અને મને ચારિત્રની પણ પ્રાપ્તિ થશે. આવા ઉત્તમ અધ્યવસાયથી તેની તે પ્રાર્થના સમ્યગ્ પ્રાર્થના બને છે. અને તેના ઉત્તરરૂપે ગુરુ "વર્તમાન જોગ" એ પ્રમાણે જે બોલે છે, તેનું તાત્પર્ય એ છે કે, પોતે વહોરવા અર્થે નીકળશે તે વખતે વર્તતો જેવો સંયોગ તે પ્રમાણે પોતે કરશે. એમ કહીને તેની ઈચ્છાને સંતોષ આપે છે, "પરંતુ હું આવીશ" એ પ્રકારનો વચનપ્રયોગ સુસાધુને ઉચિત નથી; કેમ કે એમ કહેવાથી પછીના સંયોગમાં ન જઈ શકે તેવો સંભવ હોવા છતાં "હું આવીશ" એ પ્રમાણે કહે તો તે વચન મૃષાવાદરૂપ બને; કારણ કે આયુષ્યનો કોઈ ભરોસો નથી અને પછીના સંયોગોમાં શું થાય તેનો પોતાને નિર્ણય નથી. આમ છતાં 'હું આવીશ' એ પ્રમાણે અવિચારકતાથી ઉત્તર આપે

તો તે મૃષાવાદરૂપ છે. તેથી તેવા સમયે જવાની ઈચ્છા હોય તો પણ "વર્તમાન જોગ"=તે વખતે વર્તતા સંયોગ પ્રમાણે હું કરીશ, એમ જ કહે. મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે –

**'आउसस्स न वीसासो कज्जम्मि बहुणि अंतरायाणि ।**
**तम्हा हवइ साहूणं वट्टमाण जोगेण ववहारो ।।'**

અર્થાત્ આયુષ્યનો કોઈ વિશ્વાસ નથી અને કાર્યમાં ઘણા અંતરાયો (વિઘ્નો) હોય છે, તે કારણથી સાધુઓને "વર્તમાન જોગ"થી જ વ્યવહાર છે.

આ રીતે સાધુ "હું આવીશ" એ પ્રમાણે કહે નહીં, પરંતુ "વર્તમાન જોગ" કહે અને તેનાથી એ અર્થ નીકળે કે તે વખતનો સંયોગ હશે તો આવીશ, અને તે વચનને આશ્રયીને કોઈ અજ્ઞ શ્રાવક આધાકર્માદિ આહાર તૈયાર કરે તો વિવેકી સાધુ પૃચ્છાદિ લિંગો દ્વારા આધાકર્મી આહાર જાણીને તેનો પરિહાર કરે.

શ્રી રત્નશેખર સૂરિએ શ્રાદ્ધવિધિ પ્રકરણની ટીકામાં જણાવ્યું છે કે - 'तथा पृच्छति यतिकृत्यनिर्वाहम् । यथा - निर्वहति संयमयात्रा ? सुखरात्रिर्भवताम् ? निराबाधाः शरीरेण यूयम् ? न बाधते वः कश्चिद् व्याधिः ? न योग्यं किमपि वैद्यादेः ? न प्रयोजनं किञ्चिदौषधादिना ? नार्थित्वं किञ्चित् पथ्यादिना ? इत्यादि । ..... प्राग्वन्दनाऽवसरे सामान्यतः सुहराई सुहतप शरीर निराबाध इत्यादि - प्रश्नकरणेऽपि विशेषेणात्र प्रश्नः सम्यक्स्वरूपपरिज्ञानार्थस्तदुपायकरणार्थश्च ।'

ઈચ્છકાર સૂત્ર બોલ્યા પછી ગુરુને શ્રાવક વિશેષ પૃચ્છા કરે કે આપને કોઈ વ્યાધિની બાધા નથી ? કોઈ વૈદ્યાદિને યોગ્ય કોઈ કાર્ય નથી ? કોઈ ઔષધાદિનું પ્રયોજન નથી ? કોઈ પથ્યાદિનું અર્થીપણું નથી ? સાધુની જરૂરીયાતના સમ્યક્ સ્વરૂપપરિજ્ઞાન માટે અને તેના ઉપાયને કરવાને માટે સાધક આ પ્રકારે પ્રશ્ન કરે છે.

ત્યાર પછી નીચેના પાઠપૂર્વક નિમંત્રણા કરે છે –

'अत एवात्र पदोर्लगित्वा इच्छकारि भगवन् ! पसाउ करी फासुएणं एसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं, वत्थ-पडिग्गह-कंबल-पायपुंछणेणं, पडिहारी-पीढ-फलग-

सिज्जा-संथारेणं, ओसहभेसज्जेणं भयवं ! अणुग्गहो कायव्वो ! इति व्यक्त्या निमंत्रणं च कार्यम्' - તેનો અર્થ આ પ્રમાણે છે –

આથી કરીને જ અહીં પગે લાગીને, હે ભગવન્ ! આપની ઈચ્છા પ્રમાણે પ્રસાદ કરીને પ્રાસુક (અચિત્ત-નિર્દોષ), એષણીય (ગ્રહણ કરવા યોગ્ય) એવાં અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય એવા આહાર વડે તથા વસ્ત્ર, પ્રતિગ્રહ (પાત્ર), કંબલ, પાદપ્રોંછનક (રજોહરણ) વડે, પ્રતિહારિ (ગૃહસ્થોને વાપરી પાછી આપવા જેવી વસ્તુઓ), પીઠ (આસન), ફલક (પાટિયું), શય્યા, સંસ્તારક (સંથારિયા) વડે તથા ઔષધ, ભૈષજ્ય સ્વીકારવા વડે અનુગ્રહ કરો, એ પ્રકારની અભિવ્યક્તિથી=એ પ્રકારના કથનથી, નિમંત્રણ કરવું જોઈએ.

## ।। ૫. अब्भुट्ठिओ सूत्र ।।

**इच्छाकारेण संदिसह भगवन् ! अब्भुट्ठिओ हं ।**

**अब्भिंतरदेवसिअं (राइअं) खामेउं ।**

**इच्छं, खामेमि देवसिअं (राइअं) ।**

**जं किंचि अपत्तिअं, परपत्तिअं, भत्ते, पाणे, विणए, वेयावच्चे, आलावे, संलावे, उच्चासणे, समासणे, अंतरभासाए, उवरिभासाए ।**

**जं किंचि मज्झ विणयपरिहीणं सुहुमं वा बायरं वा**

**तुब्भे जाणह, अहं न जाणामि, तस्स मिच्छा मि दुक्कडं ।।**

**'अब्भुट्ठिओ' સૂત્રની ભૂમિકા :-**

ગુરુની વંદના સમયે આ સૂત્ર બોલાય છે. આ સૂત્ર દ્વારા પરમ ઉપકારી ગુરુ સંબંધી જે કાંઈ અવિનય, અપરાધ, આશાતના થઈ હોય તે સર્વની ક્ષમાપના કરાય છે, માટે આ સૂત્રનું બીજું નામ 'ગુરુ ક્ષમાપના સૂત્ર' છે. આ સૂત્રના શબ્દો ઉપયોગપૂર્વક બોલીને વંદન કરનારને ગુણવાન ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિભાવ ઉલ્લસિત થાય છે, જે મહાનિર્જરાનું કારણ બને છે.

**સૂત્રનો અર્થ :-**

હે ભગવંત ! ઈચ્છાપૂર્વક આપ આજ્ઞા આપો.

અબ્ભિંતર દેવસિઅં (રાઈઅં)="दिवसाभ्यंतर संभवातिचारम्" (શ્રાદ્ધદિન

કૃત્ય)=દિવસ દરમ્યાન (અથવા રાત્રિ દરમ્યાન) સંભવતા અતિચારોને, ખમાવવા માટે=ક્ષમા માગવા માટે, હું અભ્યુત્થિત થયો છું.

ગુરુ 'खामेह' શબ્દ દ્વારા અનુજ્ઞા આપે છે, ત્યારે શિષ્ય 'इच्छं' શબ્દથી ગુરુની અનુજ્ઞા સ્વીકારે છે અને ત્યાર પછી સામાન્યથી ખમાવવા અર્થે કહે છે -

દિવસ સંબંધી (અથવા રાત્રિ સંબંધી) અતિચારને ખમાવું છું. આ રીતે પ્રથમ સામાન્યથી ખમાવીને હવે વિશેષથી ખમાવવા અર્થે કહે છે –

જે કાંઈ અપ્રીતિ કરનાર, વિશેષ અપ્રીતિ કરનાર, ભોજનના વિષયમાં, પાણીના વિષયમાં, વિનયમાં, વૈયાવૃત્ત્યમાં, એકવાર બોલવામાં, પરસ્પર વાતચીત કરવામાં, ઊંચા આસને બેસવામાં, સમાન આસને બેસવામાં, વચ્ચે બોલવામાં, ગુરુના બોલ્યા પછી વિશેષ બોલવામાં, સૂક્ષ્મ કે બાદર - જે કાંઈ મારાથી વિનય પરિહીણ=વિનયરહિત થયું હોય, તમે જાણો છો, હું જાણતો નથી, तस्स=तस्मिन्=તેમાં=તેના વિષયમાં=ગુરુને કરાયેલ અપ્રીતિના વિષયમાં અને ભક્ત-પાનાદિમાં જે વિનય પરિહીણ કરાયું હોય તેના વિષયમાં, મારું દુષ્કૃત મિથ્યા થાઓ=નિષ્ફળ થાઓ.

**– : વિશેષાર્થ :–**

**इच्छाकारेण ..... खामेउं :-**

- હે ભગવંત ! ઈચ્છાથી આપ આજ્ઞા આપો. દિવસની (રાત્રિની) અભ્યંતર=દિવસ (અથવા રાત્રિ) દરમ્યાન, સંભવતા=ઉદ્ભવતા, એવા અતિચારોને ખમાવવાને માટે હું અભ્યુત્થિત થયો છું=સર્વ અન્ય ક્રિયા છોડીને ક્ષમાયાચના માટે અપ્રમાદભાવે યત્નવાળો બન્યો છું.

અન્ય વળી એમ કહે છે કે, "હું કેવળ ખમાવવા માટે ઈચ્છું છું, એટલું જ નહીં પણ હું અભ્યુત્થિત થયો છું=ક્ષમાપના કરવા માટે અભિમુખ ભાવવાળો થયો છું."

આ પ્રમાણે બોલતી વખતે ક્ષમાપના કરનારના હૈયામાં એ પ્રકારનો ભાવ હોવો જોઈએ કે, ગુરુ મને સ્વેચ્છાથી આજ્ઞા આપે. પરંતુ હું આજ્ઞા માંગું છું, માટે તેઓએ આપવી જ જોઈએ તેવો આશય ન થાય, તે અર્થે ઈચ્છાકારેણ

એ પ્રકારનો પ્રયોગ છે. આ પ્રયોગથી બોલનારના હૈયામાં ગુરુ પ્રત્યેનો વિનયભાવ ઉલ્લસિત થાય છે અને ગુરુ પ્રત્યેની પૂજ્યબુદ્ધિ પણ અતિ પુષ્ટ બને છે. આમ, ઈચ્છાપૂર્વક મને આજ્ઞા આપો, એ પ્રમાણે કહીને, તે આજ્ઞાનો વિષય બતાવવા અર્થે કહે છે કે, દિવસની અંદર થયેલા (અથવા રાત્રિની અંદર થયેલા) અતિચારને ખમાવવા અર્થે હું અભ્યુત્થિત થયો છું. આ પ્રમાણે બોલતાં તેનું ચિત્ત અત્યંત ઉપયુક્ત બને છે અને લાગેલા અતિચારોને દૂર કરવાના આશયમાં અત્યંત યત્નવાળું બને છે. આ વખતે ગુરુની આશાતના વિષયક કોઈપણ પરિણામ પોતાના ચિત્તમાં ન રહે તેવા પ્રકારના ઉપયોગપૂર્વક જો આ પદો બોલવામાં આવે, તો ગુણવાન ગુરુ પ્રત્યે ઉલ્લસિત થયેલી ભક્તિ ગુરૂ પ્રત્યે અનુચિત વર્તનરૂપ અપરાધો ન થાય તેવા માનસને પેદા કરેં છે.

**इच्छं खामेमि देवसिअं :-**

આ પ્રકારે ગુરૂ પાસે આજ્ઞા માંગ્યા પછી આજ્ઞાની અપેક્ષામાં શિષ્ય મૌન રહે છે અને ગુરૂ "ખામેહ" શબ્દોચ્ચારણથી અનુજ્ઞા આપે છે ત્યારે, પોતાને ગુરૂ પાસેથી ખમાવવાની અનુજ્ઞા મળેલી છે, તેથી અપરાધોના નિવર્તન માટેનો પોતાનો જે પરિણામ હતો તે અત્યંત ઉલ્લસિત થાય છે. અહીં 'ઈચ્છં' શબ્દ દ્વારા ગુરુપારતંત્ર્યનો પરિણામ અને 'ખામેમિ દેવસિઅં' દ્વારા ક્ષમાપનાનો પરિણામ પ્રગટ થાય છે અને તેથી જ હર્ષમાં આવીને શિષ્ય કહે છે, "ઈચ્છં ખામેમિ દેવસિઅં"="હું આપની આજ્ઞા ઈચ્છું છું અને દિવસ સંબંધી સ્વ-અપરાધ ખમાવું છું." આ રીતે ગુરુથી પ્રાપ્ત થયેલી આજ્ઞાનો સ્વીકાર કર્યો, પછી સામાન્યથી સ્વઅપરાધની ક્ષમાપના કરી. તેનાથી એ અર્થ પ્રાપ્ત થાય છે કે, સામાન્યથી દિવસ સંબંધી થયેલા અપરાધને હું ખમાવું છું=ખમાવવાના પરિણામવાળો છું, તે રીતે ઉપયુક્ત થઈને બોલનાર વ્યક્તિ ગુરુવિષયક અપરાધ ન થાય તેની તો સાવચેતી રાખે જ, પરંતુ ગુરુપારતંત્ર્ય સ્વીકારીને અત્યંત સમર્પિત બનીને, તેઓની આજ્ઞાને અનુસરનાર પણ બને. આવા પ્રકારનું માનસ તે વચનથી ઉલ્લસિત થાય છે.

ત્યાર પછી તે અપરાધને વિશેષરૂપે બતાવીને તેનું મિચ્છા મિ દુક્કડં દેવા અર્થે 'जं किंचि' થી કહે છે, તેનો ભાવ એ છે કે, જે કંઈ સામાન્યથી

અપ્રીતિ થઈ હોય અને પ્રકૃષ્ટ અપ્રીતિ થઈ હોય ઈત્યાદિ સર્વ મિથ્યા થાઓ, તેમ અન્વય છે.

**जं किंचि :-**

'જે કોઈ' શબ્દથી કોઈ અપરાધનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પરંતુ પોતાનાથી જે કોઈ અપરાધ થયા હોય તે સર્વનો સંગ્રહ, જં કિંચિ શબ્દથી છે. તે બતાવવા માટે જ ધર્મસંગ્રહની ટીકામાં 'જં કિંચિ' શબ્દનો 'નિરવશેષ' એવો અર્થ કરેલ છે.

**अपत्तिअं, परपत्तिअं, :-**

અહીં અપરાધનું સૂચન બે પ્રકારે કરવામાં આવ્યું છે.

(૧) અપ્રીતિ થઈ હોય (૨) પ્રકૃષ્ટ અપ્રીતિ થઈ હોય. યોગશાસ્ત્રની સ્વોપજ્ઞવૃત્તિમાં अपत्तिअं નો અર્થ કરતાં લખ્યું કે, "आर्षत्वादप्रीतिकमप्रीतिमात्रम्" - આ પ્રયોગ આર્ષ હોવાથી 'अपत्तिअं' એ પ્રકારે પ્રયોગ કરેલ છે અને તેનો અર્થ અપ્રીતિમાત્ર છે અર્થાત્ પોતાને ગુરુ પ્રતિ કે ગુરુને પોતાના પ્રતિ થયેલી અપ્રીતિ-અરુચિ કે ઈષદ્ દ્વેષ તે अपत्तिअं; અને परपत्तिअं નો અર્થ કરતાં લખ્યું કે पराप्रीतिकम्=प्रकृष्टमप्रीतिकं અર્થાત્ પોતાને ગુરુ પ્રત્યે કે ગુરુને પોતાના પ્રતિ થયેલી પ્રકૃષ્ટ અપ્રીતિ-અરુચિ કે પ્રકૃષ્ટ દ્વેષ તે परपत्तिअं.

**શિષ્યને ગુરુ પ્રત્યે થયેલી સામાન્ય અપ્રીતિનાં દૃષ્ટાંતો :-**

(૧) શાસ્ત્રમાં આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિનું દૃષ્ટાંત છે કે, જ્યારે શિષ્ય દાંડો મૂકવા જાય છે ત્યારે વિધિસ્મરણ કરાવવા અર્થે અને શિષ્ય પ્રમાદ ન કરે તેથી ગુરુ શિષ્યને "પૂંજી-પ્રમાર્જીને, દાંડો મૂકજે" એમ કહે છે, ત્યારે શિષ્યને ગુરુ પ્રત્યે અપ્રીતિ થાય છે અને કહે છે કે, "શું ત્યાં સાપ છે ?" શિષ્યને પ્રતિબોધ કરવા તે દાંડો મૂકવા જાય છે ત્યારે દેવતા સાપ દેખાડે છે.

(૨) બીજું દૃષ્ટાંત અર્હદ્દત્તનું છે. અર્હદ્દત્તને પૂર્વભવમાં ગુરુએ દીક્ષા આપી ત્યારે, દીક્ષા ગમે છે છતાં આ રીતે ગુરુએ દીક્ષા આપી તેના કારણે હૈયામાં ગુરુ પ્રત્યે ઈષદ્ દ્વેષ થાય છે. તે પણ ગુરુ પ્રત્યે સ્વને થયેલી સામાન્ય અપ્રીતિ છે.

**શિષ્યને ગુરુ પ્રત્યે થયેલી પ્રકૃષ્ટ અપ્રીતિનું દૃષ્ટાંત :-**

સાધુદ્વેષી મુનિને ગુરુ દ્વારા પડિલેહણાદિ ક્રિયામાં કરાતી સારણા (સ્મારણા) આદિને કારણે પ્રકૃષ્ટ દ્વેષ થયો અને આખા ગચ્છનો નાશ કરવા અર્થે ભોજન-પાણીમાં વિષ ભેળવે છે. આ ગુરુ પ્રત્યે શિષ્યને થયેલી પ્રકૃષ્ટ અપ્રીતિ છે.

યોગશાસ્ત્રની સ્વોપજ્ઞવૃત્તિમાં 'परपत्तिअं' શબ્દનો બીજો અર્થ કરતાં લખ્યું કે, 'परप्रत्ययं परहेतुकं' અર્થાત્ પરના કારણે=અન્યના કારણે મને ગુરુ પ્રત્યે થતી અપ્રીતિ, અને પરના કારણે ગુરુને મારા પ્રત્યે થતી અપ્રીતિ.

અહીં परपत्तिअं નો परहेतुकं અર્થ કર્યો, તેથી પ્રથમ अपत्तिअं શબ્દમાં स्वहेतुक अप्रीति એમ ઉપલક્ષણથી જણાય છે. તેથી સ્વના કારણે ગુરુને થતી અપ્રીતિનું अपत्तिअं શબ્દથી ગ્રહણ કરવું.

**પરના કારણે શિષ્યને ગુરુ પ્રત્યે થતી સામાન્ય અપ્રીતિનું દૃષ્ટાંત :-**

જ્યારે ગુરુએ ભરત- બાહુબલીજીના જીવ પૂર્વભવના બાહુ-સુબાહુના વૈયાવચ્ચ ગુણની પ્રશંસા કરી ત્યારે બ્રાહ્મી-સુંદરીના જીવ પૂર્વભવના પીઠ-મહાપીઠને બાહુ-સુબાહુ પ્રત્યે ઈર્ષ્યા થઈ, અને તેના કારણે વિચારે છે કે, રાજાનો સ્વભાવ હોય છે કે ઉપયોગી હોય તેની પ્રશંસા કરે, તેવો રાજસ્વભાવ ગુરુ હજુ છોડતા નથી, તેથી જ આ બંનેની વૈયાવચ્ચની પ્રશંસા કરે છે. તે સમયે બ્રાહ્મી-સુંદરીના જીવને ભરત-બાહુબલીના જીવના વૈયાવચ્ચની પ્રશંસામાં ઈર્ષ્યાનો પરિણામ હોવા છતાં સંભવ છે કે ગુરુના એ વચન પ્રત્યે પરહેતુક=ભરત-બાહુબલીના જીવના વૈયાવચ્ચની પ્રશંસાહેતુક, ગુરુ પ્રત્યે ઈષદ્ અપ્રીતિ થઈ હોય, અને તેના કારણે જ આકર્ષ દ્વારા મિથ્યાત્વની પ્રાપ્તિ અને સ્ત્રીવેદનો પણ બંધ થયો હોય. આ પરના કારણે સ્વને થયેલી ગુરુ પ્રત્યેની અપ્રીતિનું દૃષ્ટાંત છે.

અપત્તિઅં પરપત્તિઅં શબ્દ બોલતાં એ પ્રકારનો ભાવ ઉત્પન્ન થવો જોઈએ કે, "મારે ક્યારેય પણ ગુરુને અપ્રીતિ થાય એવું કંઈપણ ન જ કરવું જોઈએ, અને ગુરુ પ્રત્યે મને લેશ પણ અપ્રીતિ ક્યારેય ન થવી જોઈએ." આ પ્રકારનો અંતરંગ યત્ન ઉત્થિત થાય એ રીતે એ વચનપ્રયોગ કરનારને ગુરુ

પ્રત્યેનો પૂજ્યભાવ અત્યંત ઉલ્લસિત થાય છે, તેથી જીવવીર્ય ગુરુગુણની અભિમુખ ભાવવાળું બને છે.

**भत्ते, पाणे, ..... तस्स मिच्छा मि दुक्कडं :-**

વિનય-પરિહીણ ક્રિયા મોટા ભાગે ભક્તાદિના વિષયમાં સંભાવના છે. તેનો સાક્ષાત્ ઉલ્લેખ કરતાં કહે છે -

ભોજનના વિષયમાં, પાણીના વિષયમાં, ગુરુ આવ્યે ઊભા થઈ જવા રૂપ વિનયમાં, વૈયાવૃત્ત્યમાં, એકવાર બોલવામાં, પરસ્પર વાતચીતમાં, ગુરુના આસનથી ઊંચા આસને બેસવામાં, ગુરુ સાથે સમાન આસને બેસવામાં, ગુરુ બોલતા હોય ત્યારે વચ્ચે બોલવામાં, ગુરુના કથન પછી તરત જ ગુરુની મ્લાની કે હીનતા થાય તે રીતે વિશેષ ભાષણ કરવામાં, અલ્પ પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધિ કરાય તેવું સૂક્ષ્મ, કે બૃહત્ પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધ કરાય તેવું બાદર, જે કંઈ અર્થાત્ બધું અથવા તો જે કોઈ સામાન્ય, મારા વડે વિનયરહિત થયું હોય કે ગુરુ વડે અપાયેલ શિક્ષાથી રહિત થયું હોય, તમે જાણતા હો, હું ન જાણતો હોઉં तस्स=તેના વિષયમાં, અર્થાત્ ગુરુને કરાવેલ અપ્રીતિના વિષયમાં અને ભક્તપાનાદિમાં જે વિનયપરિહીણ કરાયું હોય તેના વિષયમાં, મારું દુષ્કૃત મિથ્યા થાઓ=નિષ્ફળ થાઓ.

**ભક્ત-પાનવિષયક વિનયપરિહીણતા :-**

(૧) ભક્ત-પાનવિષયક ગુરુએ જે રીતે કહ્યું હોય, તે રીતે નિર્દોષ આદિ માટે યત્ન ન કર્યો હોય,

(૨) નિર્દોષ લાવવા છતાં ગુરુના સ્વાસ્થ્યને ઉપકારક હોય તેની ઉપેક્ષા કરીને તેમના શરીરને વ્યાઘાતક એવા આહારાદિ લાવ્યા હોય, અને

(૩) સ્વ અર્થે પણ નિર્દોષ લાવેલ હોવા છતાં ગુરુએ જેનો નિષેધ કર્યો હોય તેવા ભક્ત-પાનાદિ લાવ્યા હોય.

**વિનયવિષયક વિનયપરિહીણતા :-**

(૧) ગુરુની સન્મુખ જવું વગેરે ક્રિયા ન કરે,

(૨) ગુરુની સન્મુખ જવું આદિરૂપ ક્રિયા કરે તો પણ યથાતથા કરે=

વિધિપૂર્વક, સમિતિ આદિના પાલનપૂર્વક ન જાય અને

(૩) અંતરંગ બહુમાનની વૃદ્ધિ થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક ન કરે.

**વૈયાવચ્ચવિષયક વિનયપરિહીણતા :-**

આહારાદિ દ્વારા ગુરુની કે અન્યની સમ્યગ્ પ્રકારની વૈયાવચ્ચ, શક્તિ હોવા છતાં ન કરે, કરે તો પણ યથાતથા કરે.

**આલાપ-સંલાપવિષયક વિનયપરિહીણતા :-**

વિનીત શિષ્ય ગુરુ સાથેના આલાપ-સંલાપમાં સમ્યક્ યતમાન હોય છે, તેથી ઉચિત વિનયપૂર્વક-બહુમાનપૂર્વક, હાથ જોડીને ગુરુને પૃચ્છા કરે, અને ગુરુ ક્વચિત્ અન્ય પ્રવૃત્તિમાં વ્યાપૃત હોય તો કાલક્ષેપ અર્થે હાથ જોડી ગુરુ પાસે ઊભો રહે અને ગુરુ તેની સન્મુખ જુએ ત્યારે અતિ નમ્રભાવે ઉત્તમ ભાષાયુક્ત સંભાષણ કરે. પરંતુ ક્વચિત્ ત્વરાદિના કારણે (ઉતાવળમાં) અનાભોગ કે સહસાત્કાર આદિથી તેમાં સ્ખલના થવાનો સંભવ રહે અથવા ઉપર્યુક્ત વિનયમાં કોઈ ખામી રહી જાય તે રૂપ વિનયપરિહીણતા થાય ત્યારે, મિથ્યાદુષ્કૃત દેતી વખતે એવો માનસયત્ન વર્તે છે કે જેથી ઉત્તરોત્તર તે તે પ્રવૃત્તિઓમાં વિનયસંપન્નતા વૃદ્ધિમત્ બને.

**ઉચ્ચાસન-સમાસનવિષયક વિનયપરિહીણતા :-**

યદ્યપિ આરાધક આત્મા ગુરુથી ઊંચા આસને કે સમાન આસને બેસે જ નહિ. આમ છતાં અનાભોગ સહસાત્કારાદિથી તે રીતે બેસી જવાયું હોય તે અવિનયના પરિહાર માટે અથવા ઊંચા આસન ઉપર કે સમાન આસન ઉપર ન બેઠો હોય તો પણ અવિનયના પરિહાર માટેનો દૃઢ પરિણામ જીવંત રહે, તદર્થે ઉચ્ચાસણે-સમાસણે વિષયક વિનયપરિહીણતાનું મિથ્યાદુષ્કૃત આપે છે.

**અંતરભાષા-ઉપરિભાષાવિષયક વિણયપરિહીણતા :-**

સામાન્ય રીતે ગુણસંપન્ન શિષ્ય ગુરુની અન્ય સાથેની વાતચીતમાં વચ્ચે ક્યારેય પણ બોલે નહિ, આમ છતાં કાંઈ પણ પોતાને તે વિષયમાં અધિક ભાસતું હોય તેને વિનયપૂર્વક ઉચિતકાળે ગુરુની આગળ જણાવે છે, અને પોતાનામાં વર્તતા બોધની યથાર્થતાનો નિર્ણય પણ ગુરુ દ્વારા કરવાનો

યત્ન કરે છે; જેથી ગુરુ પણ જો તે વિષયમાં અજ્ઞાત હોય તો તે સંબંધી વિચારણા કર્યા બાદ ઉચિત પ્રવૃત્તિ કરી શકે. આ રીતે જ વિનયસંપન્ન શિષ્ય ગુરુ સાથે વર્તન કરે, અન્યથા ગુરુના વિષયમાં અવિનયની જીવને પ્રાપ્તિ થાય. છતાં વિનયસંપન્ન શિષ્યોને પણ ક્વચિત્ પોતાને કાંઈ વિશેષ જ્ઞાન હોય તો તેને જણાવવાની વૃત્તિ કષાયને કારણે ઉત્થિત થઈ જાય છે ત્યારે, ગુણસંપન્ન શિષ્યથી પણ અનાભોગ કે સહસાત્કારથી વચ્ચે બોલવાનો પ્રયત્ન થાય, તે અંતરભાષાએ રૂપ ગુરુનો અવિનય થયો. અને જ્યારે ગુરુએ કાંઈ કથન કર્યું હોય, અને તેના વિષયમાં પોતે જાણતો હોય ત્યારે, ક્યારેક યોગ્ય એવો પણ શિષ્ય કષાયને વશ પડીને, ગુરુની તદ્વિષયમાં અલ્પશક્તિ છે તે પ્રકારે દેખાય તેમ હોવા છતાં, અને તેથી ગુરુની પ્રતિભાની થનારી મ્લાનિની ઉપેક્ષા કરીને, અનાભોગ કે સહસાત્કારથી તેમના કથન પછી કાંઈક અધિક ભાષણ કરે છે, જે ઉવરિભાષાએ રૂપ ગુરુનો અવિનય છે. તે વખતે કષાયનું વશપણું આવી જવાથી પોતાની શક્તિ અધિક છે તે બતાવવાનો આશય આવી જાય છે, અગર તો શ્રોતાને યથાર્થ બોધ કરાવવાના આશયથી પણ અવિચારકરૂપે તે બોલી જાય છે ત્યારે પણ ગુરુનો અવિનય જ થાય છે.

**तुब्भे जाणह, अहं न जाणामि, :-**

ધર્મસંગ્રહ ગ્રંથમાં આ 'तुब्भे जाणह, अहं न जाणामि' એ વાક્યથી ઉપલક્ષણથી બાકીના પણ ત્રણ વિકલ્પો ગ્રહણ કરવાનું કહ્યું. ત્યાં ગુરુ અને શિષ્ય પરસ્પરને આશ્રયીને ચાર ભંગ કરેલ છે. તે આ પ્રમાણે –

(૧) તમે જાણો છો (સકલ ભાવ જાણનારા હોવાથી) અને હું (મૂઢ હોવાથી) જાણતો નથી.

(૨) તમે જાણતા નથી (કેમ કે મેં તમારાથી છૂપો અપરાધ કર્યો છે) અને હું જાણું છું (કેમ કે મેં સ્વયં અપરાધ કર્યો છે).

(૩) તમે જાણતા નથી (પર એવા મારા વડે કરાયેલ અપરાધ છે માટે) અને હું નથી જાણતો (વિસ્મરણ થયું હોવાથી).

(૪) તમે પણ જાણો છો અને હું પણ જાણું છું (બંનેને પ્રત્યક્ષ છે માટે).

આ ચાર વિકલ્પો પૈકી કોઈપણ વિકલ્પથી અપરાધ થયેલો હોય તેનું મિચ્છા મિ દુક્કડં 'तुब्भे जाणह, अहं न जाणामि' એ વાક્ય દ્વારા અપાય છે. સામાન્ય રીતે ગુરુ ગીતાર્થ હોય અને ગીતાર્થ ગુરુ શિષ્યની સમ્યક્ હિતચિંતા કરે છે, અને તેવા ગુરુ, શિષ્ય સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરીને આત્મહિત સાધે તે રીતે જ તેને પ્રવૃત્તિ કરાવતા હોય છે. આમ છતાં ગુરુને ખ્યાલ ન રહે તે રીતે શિષ્ય દ્વારા કોઈ અપરાધ સેવન થઈ ચૂક્યો હોય, અને શિષ્ય પણ અગીતાર્થ હોવાના કારણે પોતે અપરાધ સેવ્યો છે તેવું પણ તેને ઉપસ્થિત ન હોય, તેવા દોષોનું અહીં ત્રીજા વિકલ્પમાં આલોચન છે. અને તે અપરાધ પોતે સેવ્યો છે, તેવું શિષ્યને ઉપસ્થિત થાય તો તો વિનીત શિષ્ય તુરત જ ગુરુ પાસે તે અપરાધને ઉચિત પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરે છે, આમ છતાં ઉપર્યુક્ત સર્વ દોષોમાંથી કોઈક દોષ સૂક્ષ્મ કે બાદર થઈ ગયો હોય તેનું મિથ્યાદુષ્કૃત આપે છે, જેથી ગુરુના અવિનયનો અધ્યવસાય લેશ પણ ન રહે અને વિનય ગુણની વૃદ્ધિ થાય.

વિનયના વિષયમાં સૂક્ષ્મ ઊહ કરીને ગુરુ સાથેની પ્રવૃત્તિ કઈ રીતે અત્યંત આદરપૂર્વક થાય, તેનો સમ્યગ્ નિર્ણય કરવો જોઈએ; અને એ રીતે હૈયામાં સ્થિર કરીને પછી પોતાની પ્રવૃત્તિમાં જે કંઈ પણ ત્રુટિ સંભવતી હોય, તેને ઉપસ્થિત કરીને યત્ન કરનાર શિષ્ય કે શ્રાવક, આ સૂત્ર બોલે છે ત્યારે, અવશ્ય વિનયના વિષયમાં થતી ત્રુટિઓના નિવારણનો યત્ન અતિશયિત બને તેવો વિશુદ્ધ અધ્યવસાય પ્રાદુર્ભાવ પામે છે.

**तस्स मिच्छा मि दुक्कडं :-**

तस्स=તેના વિષયમાં=ગુરુને કરાવેલ અપ્રીતિના વિષયમાં અને ભક્તપાનાદિમાં જે વિનય પરિહીણ કરાયું હોય તેના વિષયમાં, મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

અહીં मिच्छा मि दुक्कडं ના એક એક વર્ણનો અર્થ આવશ્યક નિર્યુક્તિ પ્રમાણે નીચે મુજબ છે. આ પદમાં છ અક્ષરો છે - मि-च्छा-मि-दु-क्क-डं જેના અર્થ નીચે મુજબ છે.

'मि' = 'मि' વર્ણ મૃદુ અને માર્દવપણાના અર્થમાં છે. મૃદુ=કાયનમ્રતા

અને માર્દવ=ભાવનમ્રતાવાળો બનીને, કાયાને નમ્ર બનાવી આ શબ્દનો પ્રયોગ કરવાનો છે, અને ભાવને ગુણો તરફ વાળવારૂપ નમ્ર પરિણામવાળો બનાવવાનો છે. આ શબ્દ બોલતાં જીવ ગુણને અભિમુખ બને છે.

'च्छा' = 'छा' વર્ણ દોષોના છાદન અર્થમાં છે=અસંયમલક્ષણ દોષોના અપુનઃ આસેવનરૂપ સ્થગનના અર્થમાં છે=દોષોને ફરી નહીં સેવવાપૂર્વક અટકાવવાના અર્થમાં છે. તેથી, હવે મારે પાપ નથી કરવું, તેવો તીવ્ર સંકલ્પ કરવા અર્થે छा શબ્દનો પ્રયોગ કરે છે ત્યારે, પાપ કરવાના બીજભૂત પરિણામ જે જીવમાં વિદ્યમાન હોય તે સ્થગિત થાય છે.

'मि' = 'मि' વર્ણ 'મર્યાદામાં રહેલો એવો હું' એ અર્થમાં છે=ચારિત્રની મર્યાદામાં રહેલો=સંયમના પરિણામમાં ઉપયુક્ત, એવો હું, એ અર્થમાં છે. આ શબ્દ બોલતાં ચારિત્રને અનુકૂળ સંવરનો પરિણામ કરે તો પાપ નાશ થાય છે.

'दु' = 'दु' વર્ણ મારા આત્માની હું દુગંછા કરું છું=દુષ્કૃત કર્મને કરનાર એવા મારા આત્માની નિંદા કરું છું - જુગુપ્સા કરું છું, એ અર્થમાં છે. આ પ્રકારનો અધ્યવસાય કરવાથી પ્રમાદી એવા પોતાના આત્મા પ્રત્યે જુગુપ્સા થાય છે, તેથી દુષ્કૃતના સંસ્કારો નાશ પામે છે અથવા શિથિલ બને છે.

'क्क' = 'क' વર્ણ મારા વડે પાપ કરાયું છે એ અર્થમાં છે=અન્ય વડે નહીં, પણ મારા વડે જ પાપ કરાયું છે. આ શબ્દ બોલતાં પોતે પાપ કર્યું છે તે પાપને પાપરૂપે સ્વીકારનો અધ્યવસાય થાય છે.

'डं' = 'ड' વર્ણ તે પાપને હું ઉપશમના પરિણામ દ્વારા ઉલ્લંઘન કરું છું, એ અર્થમાં છે. આ શબ્દ બોલતાં પાપની વિરુદ્ધ એવા ઉપશમના પરિણામમાં જીવ યત્નવાળો થાય છે, તેથી થયેલું પાપ અવશ્ય નાશ પામે છે.

આ રીતે બોલતાં 'मिच्छा मि दुक्कडं' થી ચાર શાબ્દબોધ થાય છે. તે આ રીતે –

(૧) मिच्छामि दु એ પ્રથમના ચાર અક્ષરથી - મૃદુ-માર્દવતા ભાવવાળો, દોષોના સ્થગનના ભાવવાળો=પૂર્વમાં થયેલા પાપને ફરી નહીં સેવવાના પરિણામવાળો, ચારિત્રની મર્યાદામાં રહેલો એવો હું, દુષ્કૃતને કરનાર એવા મારા આત્માની નિંદા કરું છું.

(૨) પાંચમા 'क' અક્ષરથી – મારા વડે પાપ કરાયું છે.

(૩) છઠ્ઠા 'ड' અક્ષરથી – ઉપશમ પરિણામ દ્વારા હું પાપનું ઉલ્લંઘન કરું છું.

(૪) 'मिच्छा मि दुक्कडं' એ છએનો સંયુક્ત અર્થ – મારું પાપ મિથ્યા થાઓ.

## ।। ६. इरियावहिया सूत्र ।।

**इच्छाकारेण संदिसह भगवन् ! इरियावहियं पडिक्कमामि? इच्छं । इच्छामि पडिक्कमिउं ।।१।। इरियावहियाए विराहणाए ।।२।। गमणाऽऽगमणे ।।३।। पाणक्कमणे, बीयक्कमणे, हरियक्कमणे, ओसा-उत्तिंग-पणग-दगमट्टी-मक्कडासंताणा संकमणे ।।४।।**
**जे मे जीवा विराहिया ।।५।।**

**एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया ।।६।।**

**अभिहया, वत्तिया, लेसिया, संघाइया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओ ठाणं संकामिया, जीवियाओ ववरोविया, तस्स मिच्छा मि दुक्कडं ।।७।।**

### 'इरियावहिया' સૂત્રની ભૂમિકા :-

મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે, "ઈરિયાવહિયા કર્યા વિના ચૈત્યવંદન, સ્વાધ્યાય, આવશ્યકાદિ કરવું કલ્પતું નથી." એથી કરીને અન્ય પણ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ ઈરિયાવહિયાના પ્રતિક્રમણપૂર્વક શુદ્ધ થાય છે.

ઈર્યાપથ એટલે સાધ્વાચાર. સાધુઓ સંયમ ગ્રહણ કર્યા પછી અનાભોગ-સહસાત્કારથી ક્યાંય સાધ્વાચારનું ઉલ્લંઘન થયું હોય તો તેના નિવર્તન અર્થે

ઈર્યાપથ સૂત્ર બોલીને ફરી સાધ્વાચાર પથમાં આવવા પ્રયત્ન કરે છે, અને ઈર્યાપથનું ઉલ્લંઘન ન થયું હોય તો પણ કોઈ ગમનાગમનાદિની ક્રિયા કરી હોય ત્યારે, ઈર્યાપથના ઉલ્લંઘનની સંભાવના રહેતી હોવાથી ભગવાને ઈરિયાવહિયા પ્રતિક્રમણ કરવાનું કહેલ છે, જેથી ઈરિયાપથનું ઉલ્લંઘન ન થયું હોય તો પણ ઈરિયાપથમાં ઉલ્લંઘન ન થાય તેવો દૃઢ યત્ન સ્થિર થાય છે. તેમ શ્રાવક પણ સર્વવિરતિ સંયમ ગ્રહણ કરતી વખતે, જે અસંયમ અવસ્થામાં પોતે છે તેમાંથી નિવર્તન પામીને સંયમ અવસ્થામાં આવવા માટે ઈરિયાવહિયા પ્રતિક્રમણ કરે છે, અને આ સૂત્રના ઉચ્ચારણ દ્વારા પૂર્વના અસંયમના પરિણામોનો ત્યાગ કરીને સર્વવિરતિના પરિણામને અનુકૂળ સાધુપથમાં આવવાને માટે યત્ન કરે છે. અંતે 'તસ્સ મિચ્છા મિ દુક્કડં' બોલે છે ત્યારે, પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે, તેથી સર્વ પાપોના પરિણામથી પર એવું ઉત્તમ ચિત્ત તેને પેદા થાય છે અને ષટ્કાયના પાલનમાં દૃઢ યત્ન ઉત્થિત થાય છે.

વળી શ્રાવક પણ જેમ દીક્ષા લેતી વખતે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે, તેમ સામાયિક લેતી વખતે અને પૌષધ કરતી વખતે પણ ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે; કેમ કે પૌષધ કે સામાયિક લેતાં પૂર્વે શ્રાવક પણ અવિરતિના પરિણામમાં હોય છે અને ત્યાં આરંભ-સમારંભની પ્રવૃત્તિને કારણે ષટ્કાયની હિંસા પ્રવર્તતી હોય છે. તે અસંયમના પરિણામથી નિવર્તન પામીને સાધુ સદૃશ કંઈક સંયમની પરિણતિમાં આવવા માટે, નિરારંભ માનસ પેદા કરવા અર્થે, પૂર્વમાં જે હિંસાદિની પ્રવૃત્તિઓ કરી હતી તેની નિંદા કરીને હવે હું સામાયિકાદિની કાળમર્યાદા પર્યંત સામાયિકાદિના પરિણામમાં આવવા યત્ન કરું છું, તેવા પરિણામને પ્રગટ કરવા અર્થે ઈરિયાવહિયાથી પ્રતિક્રમણ કરે છે; જેથી સામાયિકાદિ ગ્રહણની ક્રિયા સમ્યક્ પરિણમન પામે.

વળી પૂજા કર્યા પછી ચૈત્યવંદન કરતી વખતે શ્રાવક ઈર્યાપથિકી કરે છે; કેમ કે ચૈત્યવંદન તે ભાવસ્તવ છે અને ભાવસ્તવ તે વિરતિની ક્રિયા છે, શીલ સ્થાનીય આચાર છે. આથી વિરતિમાં જવાના યત્નરૂપે મનને અત્યંત નિરવદ્ય વ્યાપારવાળું બનાવવા માટે શ્રાવક ઈરિયાવહિયાનું

પ્રતિક્રમણ કરે છે; અને ઈરિયાવહિયા કર્યા પછી પણ ષટ્કાયના જીવો પ્રતિ હૈયામાં અત્યંત દયા વર્તતી હોય તેવા ચિત્તપૂર્વક ભગવાનના ગુણોમાં સમ્યક્ પ્રવૃત્ત થાય, તો ચૈત્યવંદનની ક્રિયાથી રંજિત થયેલું ચિત્ત ભગવાનના ગુણોના કીર્તન દ્વારા સંયમના આસન્ન પરિણામવાળું થાય છે. તેથી ભાવસ્તવની સમ્યગ્ નિષ્પત્તિ અર્થે ચૈત્યવંદન પૂર્વે ઈરિયાવહિયાનું પ્રતિક્રમણ થાય છે, પરંતુ તે સિવાય શ્રાવકને ઈરિયાવહિયા પ્રતિક્રમણ કરવાનું હોતું નથી.

**સૂત્રનો અર્થ :-**

હે ભગવંત ! આપ મને ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો. હું ઈર્યાપથનું=સંયમને અનુકૂળ ગમનક્રિયામાં થયેલી વિરાધનાનું, પ્રતિક્રમણ કરું ?

ગુરુ 'पडिक्कमेह'='તું પ્રતિક્રમણ કર' એમ અનુજ્ઞા આપે ત્યારે શિષ્ય કહે 'इच्छं'='આપની આજ્ઞા સ્વીકારું છું.' એમ કહી આગળ કહે છે –

ઈર્યાપથિકી વિરાધનામાં થયેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવાને ઈચ્છું છું.

વિરાધનાના વિષયને બતાવતાં કહે છે – ગમનાગમન કરવામાં, પ્રાણીઓ ઉપર=પ્રાણો ધારણ કરનાર બેઈન્દ્રિયાદિ જીવો ઉપર, આક્રમણ કરવામાં=પગ વડે પીડા આપવામાં, બીજને આક્રમણ કરવામાં, લીલોતરીને આક્રમણ કરવામાં, ઝાકળ, કીડીઓનાં દર, લીલ-ફૂગ, કાદવ, કરોળિયાની જાળને આક્રમણ કરવામાં, જે કોઈ જીવો મારા વડે વિરાધના કરાયા હોય=દુઃખમાં સ્થાપન કરાયા હોય, તેવા

તેવા કયા જીવો ? તેથી જીવોના પ્રકાર દર્શાવતાં કહે છે –

એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવો.

હવે તે જીવોની વિરાધનાના અભિહયાદિ દશ પ્રકાર દર્શાવતાં કહે છે -

(૧) સામે આવતા હણ્યા હોય, (૨) ધૂળ વડે ઢાંક્યા હોય કે ભેગા કર્યા હોય, (૩) ભોંય સાથે લાગેલા કંઈક ઘસાયા હોય, (૪) પરસ્પર શરીર વડે પીંડીભૂત કર્યા હોય, (૫) કંઈક સ્પર્શ કર્યો હોય, (૬) બધી રીતે પીડા કરાઈ હોય, (૭) ગ્લાનિને પ્રાપ્ત કરાયા હોય કે મરણ પામે તેવી સ્થિતિમાં મૂક્યા હોય, (૮) અતિશય ત્રાસ આપ્યો હોય, (૯) સ્વસ્થાનથી પરસ્થાને

મૂક્યા હોય, (૧૦) મારી નાખ્યા હોય.

તેનું=અભિહયાદિ દશ પ્રકારની વિરાધનાનું, મિચ્છા મિ દુક્કડં=મારું દુષ્કૃત મિથ્યા થાઓ=નિષ્ફળ થાઓ.

* आक्रमणं पादेन पीडनम्=પગ વડે પીડા આપવી તે આક્રમણ છે.

**– : વિશેષાર્થ :–**

અહીં વિશેષ એ છે કે, સમ્યક્ત્વ એ સ્યાદ્વાદના બોધથી થનારો જીવનો અંતરંગ ગુણ છે અને સ્યાદ્વાદનો સમ્યગ્ બોધ થાય તો આત્મા જે અપેક્ષાએ નિત્યાનિત્ય, ભેદાભેદ, શુદ્ધાશુદ્ધ આદિ સ્વરૂપવાળો છે, તે તે રૂપે તેને તેનો આત્મા જણાય, અને તેથી સમ્યગ્દષ્ટિને થાય કે, આત્માનું શુદ્ધ સ્વરૂપ મારે પ્રાપ્ત કરવું છે; કેમ કે સર્વ કર્મરહિત શુદ્ધ આત્મા જ એકાંતે સુખરૂપ છે. વળી તે શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે ચાર કષાયના અભાવથી પ્રગટ થતી સમતા કારણ છે, તેથી સમતાના આવિર્ભાવ માટે અને આવિર્ભાવ થયેલી સમતાને અતિશયિત કરવાને અર્થે સાધુએ હંમેશાં ધ્યાન અને મૌનમાં યત્ન કરવો જોઈએ. તેથી મૌન ભાવ માટે સાધુ હંમેશાં પાંચ ઈન્દ્રિયના સંવરપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે, જેથી મૌનભાવ આવે, અને ધ્યાનમાં યત્ન કરવા માટે પ્રથમ ભૂમિકામાં અધ્યયન માટે યત્ન કરે છે અને અધ્યયનથી નિષ્પન્ન થાય પછી ધ્યાનમાં યત્ન કરે છે. આ ધ્યાન અને મૌનરૂપ સાધુવ્રતના સમ્યક્ પરિણમન અર્થે ષટ્કાયનું પાલન આવશ્યક છે, તેથી અત્યંત યતનાપૂર્વક સાધુઓ ષટ્કાયના પાલનમાં સુદૃઢ યત્ન કરે છે. આમ છતાં, અનાભોગ-સહસાત્કારથી જે સ્ખલના થઈ હોય તો તેના નિવર્તન અર્થે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે અને ચારિત્રના પરિણામમાં સ્થિર થાય છે.

શ્રાવક પણ સાધુના ધ્યાન અને મૌનરૂપ ઈર્યાપથના પરમાર્થને જાણીને તેને અભિમુખ થવા માટે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે. માટે ઈર્યાપથના પ્રતિક્રમણ સમયે જેમ ષટ્કાયના પાલનનો પરિણામ આવશ્યક છે, તેમ ધ્યાન અને મૌન માટે સુદૃઢ યત્નનું લક્ષ્ય પણ આવશ્યક છે. જો ધ્યાન અને મૌન વિના માત્ર ષટ્કાયના પાલનમાં યત્ન થાય, તો ઈર્યાપથ પ્રતિક્રમણથી

શુદ્ધ આત્માને પ્રગટ કરવાનો યત્ન થાય નહીં, અને અશુદ્ધ આત્મા તત્કાળ ષટ્કાયની રક્ષા કરતો હોય, તો પણ સંસારમાં ફરી ફરી જન્મ પામીને તે ષટ્કાયની વિરાધના કરવાનો. માટે સાનુબંધ ષટ્કાયના પાલનનો અધ્યવસાય પ્રાપ્ત કરવા અર્થે સ્થાન-મૌન-ધ્યાન દ્વારા સમતાના પ્રકર્ષમાં યત્ન કરવાનો છે, અને તેમાં કરાયેલો પ્રમાદ તે હિંસારૂપ છે, માટે ઈર્યાપથના પ્રતિક્રમણથી એક સમતાના પ્રકર્ષ અર્થે સર્વ યત્ન કરવાનો છે.

શ્રાવક ચૈત્યવંદન-સ્વાધ્યાયાદિ કરતી વખતે કે સામાયિક ગ્રહણ કરતી વખતે કે પૌષધાદિમાં ગમનાગમન કરતી વખતે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે, જેથી ષટ્કાયના પાલનનો અધ્યવસાય સ્ખલના પામ્યો હોય તો શુદ્ધ અને અતિશયિત થાય.

સંયમ ગ્રહણ કરતી વખતે શ્રાવક અસંયમમાંથી નિવૃત્ત થઈને સંયમના પરિણામમાં આવવા માટે ઈરિયાવહિયાથી પ્રતિક્રમણ કરે છે, અને ત્યારબાદ સાધુપણામાં સદા ગુપ્તિમાં રહેવાનું હોય છે અને સંયમવૃદ્ધિ અર્થે કોઈ પ્રયોજન હોય ત્યારે સમિતિપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરવાની હોય છે. તેથી તે પ્રવૃત્તિ કરતી વખતે કંટકાકીર્ણ ભૂમિમાં ગમનાગમનની જેમ યતના કરે, જેથી ષટ્કાયના પાલનનો પરિણામ જીવંત રહે, અને તે પરિણામમાં અનાભોગથી પણ કોઈ મ્લાનિ થઈ હોય તો તેની શુદ્ધિ માટે ઈર્યાપથનું પ્રતિક્રમણ સાધુ કરે છે. વળી નદી ઊતરવાની ક્રિયામાં અનાભોગથી પણ કોઈ યતનાની ખામી રહી હોય તેની શુદ્ધિ કરવા માટે નદી ઊતર્યા પછી પણ સાધુ ઈર્યાપથ પ્રતિક્રમણ કરે છે. વળી સાધુ સ્વાધ્યાય-ધ્યાનમાં કે ચૈત્યવંદનાદિ ક્રિયા કરતા હોય ત્યારે ઈરિયાવહિયાથી પ્રતિક્રમણ કરે છે, જેથી ષટ્કાયના પાલનનો પરિણામ તીવ્ર બને અને ચૈત્યવંદનાદિની ક્રિયા સમ્યક્ પરિણામ પામે.

આ સૂત્ર બોલવાથી જગતના જીવમાત્ર પ્રત્યે 'आत्मवत् सर्वभूतेषु' ની બુદ્ધિ ઉલ્લસિત થાય છે અને કોઈને લેશ પણ પીડા ન થાય, કોઈના પ્રાણનાશમાં નિમિત્ત ન બનાય કે કોઈના કષાયના ઉદ્રેકમાં નિમિત્ત ન બનાય તેવો સુંદર અધ્યવસાય થાય છે.

## ।। ૭. तस्सउत्तरी सूत्र ।।

**तस्स उत्तरीकरणेणं, पायच्छित्तकरणेणं, विसोहीकरणेणं, विसल्लीकरणेणं, पावाणं कम्माणं निग्घायणट्ठाए ठामि काउस्सग्गं ।**

**'तस्सउत्तरी सूत्र' ની ભૂમિકા :-**

ઈરિયાવહિયા સૂત્ર બોલવા દ્વારા પાપોની આલોચના કરી અને ઈરિયાવહિયા સૂત્રના અંતે 'તસ્સ મિચ્છા મિ દુક્કડં' દ્વારા તેનું પ્રતિક્રમણ પણ કર્યું. હવે કાયોત્સર્ગરૂપ પ્રાયશ્ચિત્ત કરવાની ભૂમિકા કરવા અર્થે આ સૂત્ર બોલાય છે. આ સિવાય આ સૂત્ર પ્રતિક્રમણાદિમાં પણ કાયોત્સર્ગ કરવા પૂર્વે બોલાય છે.

**સૂત્રનો અર્થ :-**

તેનું=ઉપર મુજબ આલોચિત અને પ્રતિક્રાંત એવા અતિચારનું, ઉત્તરીકરણાદિ હેતુ વડે પાપકર્મના નિર્ઘાતન માટે=નાશ માટે, હું કાયોત્સર્ગમાં રહું છું, એ પ્રકારનો અન્વય છે.

અહીં ઉત્તરીકરણ પ્રાયશ્ચિત્તકરણથી થાય છે, તેથી પ્રાયશ્ચિત્તકરણ વડે પાપકર્મના નિર્ઘાતન માટે કાયોત્સર્ગમાં રહું છું, એ પ્રકારનો અન્વય છે. પ્રાયશ્ચિત્ત વિશુદ્ધિકરણથી થાય છે, તેથી વિશુદ્ધિકરણ વડે પાપકર્મના નિર્ઘાતન માટે કાયોત્સર્ગમાં રહું છું, એમ અન્વય છે. અને વિશુદ્ધિ ત્રણ શલ્યરહિત થવાથી થાય છે, તેથી વિશલ્યકરણ વડે પાપકર્મના નિર્ઘાતન માટે કાયોત્સર્ગમાં રહું છું, એ પ્રકારનો અન્વય છે.

**-: વિશેષાર્થ :-**

**तस्स उत्तरीकरणेणं :-**

અનુત્તરનું ઉત્તરરૂપે કરવું અર્થાત્ ફરી સંસ્કાર દ્વારા ઉપરિકરણ તે ઉત્તરીકરણ અર્થાત્ પાપ કરવાથી જે વ્રત ખંડિત થયેલ હોય કે વિરાધિત થયેલ હોય, તે ઈરિયાવહિયા સૂત્ર દ્વારા આલોચન કરીને અને અંતે 'तस्स मिच्छा मि दुक्कडं' શબ્દથી પ્રતિક્રમણ કરવા દ્વારા તે વ્રત કંઈક શુદ્ધ થયેલ હોય, પરંતુ પરિપૂર્ણ શુદ્ધ થયેલ ન હોય, તેથી તે વ્રત અનુત્તર છે. હવે તેની

ઉપરની=પૂર્વમાં કદાચ પૂર્ણ શુદ્ધિ ન થયેલી હોય તો તે અવશિષ્ટ અશુદ્ધિની, શુદ્ધિ કરવાની છે, જે અતિચારને કારણે અનુત્તર એવા વ્રતોનું ઉત્તરીકરણ છે, જેથી વ્રત પૂરેપૂરું શુદ્ધ બને; અને તે કાયોત્સર્ગથી થતું હોવાથી **તેના માટે કાયોત્સર્ગ કરવો તે ઉત્તરીકરણની ક્રિયા છે.**

હવે કરાતા આ કાયોત્સર્ગમાં એવો અધ્યવસાય પેદા કરવાનો છે કે જેથી દુષ્કૃતના પરિણામનો સર્વથા નાશ થઈ જાય અને વ્રતનો પરિણામ સ્થિરભાવને પામે તેવો જીવંત રહે, તે ઉત્તરીકરણરૂપ ક્રિયા છે. તેથી અનુત્તરને ઉત્તર કરવા વડે=ઉત્તરક્રિયા થાય એ રીતે, **હું કાયોત્સર્ગમાં રહું છું,** એ પ્રકારનું અનુસંધાન થવાથી અધ્યવસાય થાય છે કે, મારે કાયોત્સર્ગમાં તે જ રીતે યત્ન કરવાનો છે કે જેથી અનુત્તર થયેલી એવી શુદ્ધિ પરિપૂર્ણ શુદ્ધિરૂપ બને.

**पायच्छित्तकरणेणं - પ્રાયશ્ચિત્તના અધ્યવસાય વડે :-**

કરણ=અધ્યવસાય. તેથી પ્રાયશ્ચિત્તનો અધ્યવસાય તે પ્રાયશ્ચિત્તકરણ. આલોચન અને પ્રતિક્રમણ દ્વારા જે અનુત્તર કોટિની=આંશિક, શુદ્ધિ થઈ છે તે **ઉત્તરકોટીની શુદ્ધિ=પરિપૂર્ણ શુદ્ધિ, શેનાથી થાય ? તેથી કહે છે - પ્રાયશ્ચિત્તકરણથી થાય છે**=પ્રાયશ્ચિત્તના અધ્યવસાયથી થાય છે. પ્રાયશ્ચિત્તકરણથી હું કાઉસ્સગ્ગ કરું છું, એવું અનુસંધાન થવાથી પાપના નાશનું કારણ બને તે પ્રકારનો જ કાયોત્સર્ગમાં યત્ન થાય તેવી શુભપરિણતિ જાગૃત થાય છે, અને પ્રાયશ્ચિત્તકરણના અધ્યવસાયપૂર્વક શુભધ્યાન કરવામાં આવે તો તેનાથી પાપ અવશ્ય નાશ પામે છે; કેમ કે શુભધ્યાનનો પરિણામ એ જીવના ક્ષયોપશમભાવરૂપ છે અને પાપનો પરિણામ ઔદયિકભાવરૂપ છે. તેથી જે ઔદયિકભાવથી પાપ કરાયેલું તે પાપ, આલોચના અને પ્રતિક્રમણરૂપ શુભભાવથી શુદ્ધ થયું હતું, છતાં અવશિષ્ટ રહેલ તે પાપ પ્રાયશ્ચિત્તરૂપ શુભધ્યાનથી શુદ્ધ બને છે; કેમ કે કાયોત્સર્ગની ક્રિયા પાપના વિરુદ્ધ શુભધ્યાનરૂપ હોવાથી પ્રાયશ્ચિત્તકરણરૂપ છે.

**विसोहीकरणेणं : વિશુદ્ધિના અધ્યવસાય વડે :-**

આલોચના કરેલ અને પ્રતિક્રમણ કરેલ હોવા છતાં અવશિષ્ટ રહેલ પાપની શુદ્ધિ અનુત્તરનું ઉત્તરીકરણ કરવાથી થાય, અને તે અર્થે પ્રાયશ્ચિત્તરૂપ કાયોત્સર્ગ કરવામાં આવે છે. તે પ્રાયશ્ચિત્તરૂપ કાયોત્સર્ગ શુદ્ધિનું કારણ ત્યારે

બને કે જો તે કાયોત્સર્ગ વિશુદ્ધિના અધ્યવસાયથી કરવામાં આવેલો હોય. જુદા જુદા ફળ અર્થે કાયોત્સર્ગ કરવા હોય ત્યારે જુદા જુદા અધ્યવસાયોનું પણ અનુસંધાન કરાય છે, તેમ પ્રસ્તુત સૂત્રમાં અનુસંધાન કરવામાં આવ્યું કે પ્રાયશ્ચિત્તના અધ્યવસાયથી હું કાયોત્સર્ગમાં રહું છું. વળી આ પ્રાયશ્ચિત્તકરણ પણ વિશુદ્ધિકરણથી થાય છે, તેથી ફરી અનુસંધાન કરવામાં આવે છે કે વિશુદ્ધિકરણથી હું કાયોત્સર્ગમાં રહું છું. તથા આ વિશોધિકરણ પણ વિસલ્લીકરણથી થાય છે, તેથી છેલ્લે તેનું અનુસંધાન કરીને કાયોત્સર્ગમાં રહેવામાં આવે છે, જેથી કાયોત્સર્ગમાં પરિપૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ થાય. તે વિસલ્લીકરણ નીચે પ્રમાણે છે –

**विसल्लीकरणेणं – શલ્યરહિત કરવાના અધ્યવસાય વડે :-**

વિશલ્ય=શલ્ય વગરનો, અધ્યવસાય.

શલ્ય ત્રણ છે – (૧) માયાશલ્ય, (૨) નિદાનશલ્ય અને (૩) મિથ્યાત્વશલ્ય. ત્રણ શલ્યરહિત તે વિશલ્ય. ચિત્તનું વિશોધિકરણ વિશલ્યકરણથી થાય છે. તેથી પ્રસ્તુત સૂત્ર બોલતાં –

(૧) જીવે હૈયાને એકદમ સરળ કરીને પાપના સ્વીકારના પરિણામવાળા થવું જોઈએ અને ગુણવાન આગળ પોતાના પાપને પ્રગટ કરતાં લેશ પણ માયાનો પરિણામ ન વર્તે તેવો યત્ન કરવો જોઈએ. આથી ચિત્ત માયાશલ્ય રહિત બને છે.

(૨) વળી આલોકના કે પરલોકના કોઈ તુચ્છ આશયથી પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ નહીં. તેથી જીવ નિદાનશલ્ય રહિત બને છે.

(૩) મિથ્યાત્વશલ્યરહિત થવા માટે એમ ચિંતવવું જોઈએ કે, ભગવાનનું વચન એકાંતે તત્ત્વ છે. વળી ભગવાને પાપને અનર્થકારી અને અહિતનું કારણ કહ્યું, માટે આ પાપ પ્રત્યે હું તીવ્ર જુગુપ્સા, અને પાપથી વિરુદ્ધ એવા સંયમના પરિણામ પ્રત્યે તીવ્ર પક્ષપાત પેદા કરું. આ પ્રકારની શુદ્ધિ મિથ્યાત્વશલ્ય રહિત થવા માટે કરવી જોઈએ.

ત્રણે શલ્યોનું સ્વરૂપ બુદ્ધિમાં યાદ રાખીને વિશલ્યતાનો અધ્યવસાય

પેદા થાય તેવો અંતરંગ યત્ન થાય તો હંમેશાં ચિત્ત શુદ્ધ બને છે, શુદ્ધ થયેલું ચિત્ત કાયોત્સર્ગકાળમાં પ્રાયશ્ચિત્તના પરિણામરૂપ બને છે અને પ્રાયશ્ચિત્તના પરિણામથી પાપની શુદ્ધિ જે અનુત્તર હતી, તે ઉત્તરીકરણરૂપ બને છે અને તેથી પાપનો નાશ થાય છે. માટે પાપનાશના ઉપાયભૂત ભાવો પેદા કરવા અર્થે 'તસ્સ ઉત્તરી' સૂત્ર બોલાય છે.

**-: વિશલ્યાદિ ચાર કરણ અને પાપનાશ વચ્ચે કાર્યકારણભાવ :-**

જેમ જેમ જીવનો અંતરંગ યત્ન યોગમાર્ગની ક્રિયામાં થાય છે, તેમ તેમ તથાવિધ અધ્યવસાય ઊઠે છે અને તે અધ્યવસાયને અનુરૂપ જ પુણ્યાનુબંધીપુણ્યકર્મનો બંધ અને પાપકર્મનો વિનાશ થાય છે. તેથી યત્ન, અધ્યવસાય, પુણ્યાનુબંધીપુણ્યકર્મનો બંધ અને પાપકર્મનાશ - આ બધા એકકાલભાવી હોવા છતાં કાર્યકારણભાવરૂપે સંબદ્ધ છે. તે રીતે વિશલ્યાદિ ચાર અને પાપકર્મનું નિર્ઘાતન એ પાંચેય ભાવો એક કાળમાં થનારા છે, છતાં પરસ્પર કાર્યકારણભાવરૂપે સંબદ્ધ છે. તે આ રીતે –

જો જીવનો ઉપયોગ શલ્ય વગરનો થાય તો વિશુદ્ધિનો અધ્યવસાય બને અને વિશુદ્ધ અધ્યવસાય હોય તો તે પ્રાયશ્ચિત્તરૂપ બને અને પ્રાયશ્ચિત્તરૂપ અધ્યવસાય હોય તો જ અનુત્તર એવી ચિત્તની શુદ્ધિ ઉત્તર કોટીની બને અને તો જ પાપકર્મનો નાશ થાય અને આ સૂત્રથી અનુસંધાન કર્યા પછી કરાતો કાયોત્સર્ગનો ઉપયોગ આ સર્વ ભાવોથી સંવલિત જ હોય છે.

અહીં વિશેષ એ છે કે કોઈપણ થયેલું પાપ સમ્યગ્ આલોચન કરવામાં આવે છે, ત્યારે તે આલોચનની ક્રિયા જીવમાં પાપના વિરુદ્ધ ભાવોને પેદા કરે છે, અને આલોચનાકાળમાં પાપનો વિરુદ્ધ ભાવ પ્રકર્ષવાળો થાય તો અવશ્ય તે પાપનો નાશ કરે છે. આમ છતાં જીવ પ્રમાદબહુલ છે, તેથી ઉપયોગપૂર્વક આલોચના કરતો હોય તો પણ ક્યાંક અનાભોગથી આલોચનામાં અશુદ્ધિ રહી જાય તો તે પાપ પ્રતિક્રમણ સમયે નાશ પામે છે; કેમ કે 'મિચ્છા મિ દુક્કડં'નો પ્રયોગ આલોચનાની જેમ જ પાપના વિરુદ્ધ ભાવોમાં જવાના યત્ન સ્વરૂપ છે. તેથી આલોચના કર્યા પછી વિશેષ શુદ્ધિ અર્થે પ્રતિક્રમણની ક્રિયા કરાય છે; અને તેટલી ક્રિયાથી પણ કદાચ પૂર્ણ પાપ નાશ ન પામ્યું હોય તો

તસ્સ ઉત્તરી સૂત્ર દ્વારા પાપનાશના અનુસંધાનપૂર્વક કરાયેલ કાયોત્સર્ગથી તે પાપ નાશ પામી શકે છે. જોકે આલોચના અને પ્રતિક્રમણની ક્રિયાની જેમ કાયોત્સર્ગ સાક્ષાત્ પાપના વિરુદ્ધ અધ્યવસાયરૂપ દેખાય નહીં, તો પણ 'તસ્સ ઉત્તરી' સૂત્રથી થયેલા અનુસંધાનને કારણે કાયોત્સર્ગકાળમાં વર્તતા શુભ અધ્યવસાયથી ઔદયિકભાવથી કરાયેલું કર્મ નાશ પામે છે.

## ।। ८. अन्नत्थ सूत्र ।।

**अन्नत्थ ऊससिएणं, नीससिएणं, खासिएणं,**
**छीएणं, जंभाइएणं, उड्डुएणं, वायनिसग्गेणं,**
**भमलीए, पित्तमुच्छाए ।।१।।**

**सुहुमेहिं अंगसंचालेहिं, सुहुमेहिं खेलसंचालेहिं,**
**सुहुमेहिं दिट्ठिसंचालेहिं ।।२।।**

**एवमाइएहिं आगारेहिं अभग्गो**
**अविराहिओ हुज्ज मे काउस्सग्गो ।।३।।**

**जाव अरिहंताणं भगवंताणं**
**नमुक्कारेणं न पारेमि ।।४।।**

**ताव कायं ठाणेणं मोणेणं**
**झाणेणं अप्पाणं वोसिरामि ।।५।।**

**'अन्नत्थ' સૂત્રની ભૂમિકા :-**

કોઈ પણ કાયોત્સર્ગનો પ્રારંભ કરતાં પૂર્વે આગારપૂર્વક કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરવા માટે અન્નત્થ સૂત્ર બોલવામાં આવે છે.

**સૂત્રનો અર્થ :-**

આગળમાં કહેવાશે તે વ્યાપારોને છોડીને=તે વ્યાપાર સિવાયના, અન્ય વ્યાપારવાળી કાયા, તેનો ઉત્સર્ગ=ત્યાગ કરવાનો છે –

ઊંચો શ્વાસ ગ્રહણ કરવાથી, નીચો શ્વાસ મૂકવાથી, ખાંસી આવવાથી, છીંક આવવાથી, બગાસું આવવાથી, ઓડકાર આવવાથી, વા-છૂટ થવાથી,

અકસ્માત્ દેહનો ભ્રમ થવાને કારણે અથવા પિત્ત સંક્ષોભ આદિને કારણે મૂર્છા આવતી હોય ત્યારે બેસીને કાયોત્સર્ગ કરવાથી, રૂંવાડાં વગેરે ઊંચાં થઈ જવાં ઈત્યાદિ રૂપ સૂક્ષ્મ અંગના સંચરણથી, સૂક્ષ્મ રીતે કફના સંચરણથી, સૂક્ષ્મ રીતે દૃષ્ટિનું સંચરણ થવાથી, एवमाइ=આવા આદિ=ઉપરમાં કહ્યા એ વગેરે, આ આગારોથી અન્યત્ર=આ આગારો સિવાય, જ્યાં સુધી હું કાયોત્સર્ગ પારું નહીં ત્યાં સુધી મારા આત્માને વોસિરાવું છું, એમ અન્વય છે.

આગારો શા માટે છે ? તેથી કહે છે –

અભગ્ન=અખંડિત, અને અવિરાધિત=દેશથી પણ નાશ ન થાય તેવો, મારો કાયોત્સર્ગ થાઓ, તે માટે આગારો છે.

જ્યાં સુધી 'નમો અરિહંતાણં' એ પ્રકારે અરિહંતોને નમસ્કાર કરવા વડે હું કાયોત્સર્ગના પારને ન પામું=જ્યાં જેટલા પરિમાણવાળો કાયોત્સર્ગ કરવાનો છે, ત્યાં તેટલા પરિમાણવાળા કાયોત્સર્ગને પૂર્ણ કરવા દ્વારા કાયોત્સર્ગના પારને ન પામું, ત્યાં સુધી ઊર્ધ્વસ્થાનાદિ રૂપ=ઊભેલા, બેઠેલા કે સૂતેલા, સ્થિર સ્થાન વડે, વાગ્નિરોધરૂપ મૌન વડે અને મનના સુપ્રણિધાનરૂપ ધ્યાન વડે, અપ્પાણં કાયં=મારી કાયાને, વોસિરાવું છું=અન્ય વ્યાપારના નિષેધ વડે ત્યાગ કરું છું અર્થાત્ કાયોત્સર્ગમાં ઊભા રહી, હાથ સીધા-લાંબા રાખી કે બેઠાં, સૂતાં, સ્થિર આસનથી, વાણીનો નિરોધ કરી, પ્રશસ્ત ધ્યાનમાં રહું છું અને સ્થાન, મૌન, ધ્યાનની ક્રિયા સિવાય અને ઉપરમાં બતાવાયેલ આગારો સિવાયની ક્રિયાઓથી મારી કાયાને વોસિરાવું છું=ત્યાગ કરું છું.

**एवमाइ :-**

આ સૂત્રમાં બતાવેલા ઊસસિએણં આદિ ૧૨ આગારો=અપવાદના પ્રકારો, સિવાયના 'આદિ' પદથી બીજા ચાર આગારો ધર્મસંગ્રહાદિ ગ્રંથમાં જણાવેલ છે. તેથી તેવા સમયે પણ કાયોત્સર્ગનો ભંગ થતો નથી. તે આ પ્રમાણે –

(૧) અગ્નિ અથવા વિદ્યુતના પ્રકાશનો સ્પર્શ થતાં કાયોત્સર્ગની વચ્ચે પણ કામળી આદિ ગ્રહણ કરે તો કાયોત્સર્ગનો ભંગ નથી.

(૨) પોતાની અને સ્થાપનાચાર્યજીની વચ્ચે બિલાડી-ઉંદર વગેરે પંચેન્દ્રિય જીવો જતા હોય તો તેની આડના નિવારણ અર્થે કાયોત્સર્ગમાં જ સ્થાપનાચાર્યની નજીક જવામાં કાયોત્સર્ગનો ભંગ નથી.

(૩) ચોર કે રાજાના સંભ્રમના પ્રસંગમાં કાયોત્સર્ગ પૂર્ણ થયા પૂર્વે 'નમો અરિહંતાણં' એ પ્રકારે બોલીને, નમસ્કારનું ઉચ્ચારણ કરવામાં પણ કાયોત્સર્ગનો ભંગ નથી.

(૪) પોતાને કે અન્યને સર્પદંશ સંભવમાં અપૂર્ણ કાયોત્સર્ગ પારે તો પણ કાયોત્સર્ગનો ભંગ નથી.

### -: વિશેષાર્થ :-

**'आगारो' શબ્દનો અર્થ :-**

'आक्रियन्ते इति आकाराः आक्रियन्ते=आगृह्यन्ते=ગ્રહણ કરાય છે= કાયોત્સર્ગના અપવાદ પ્રકારો ગ્રહણ કરાય છે. अपवदनं अपवाद : આ પ્રકારની અપવાદની વ્યુત્પત્તિથી મારી પ્રતિજ્ઞાનાં સ્થાનોમાં આટલા સ્થાનોનું અપવદન છે અર્થાત્ અગ્રહણ છે અર્થાત્ આટલાં સ્થાનને છોડીને હું કાયોત્સર્ગ કરું છું.

**'आगारो' રાખવાનું પ્રયોજન :-**

આગારો રાખવાનું પ્રયોજન એ છે કે, જો આગાર રાખવામાં ન આવે અને હું સ્થાન-મૌન-ધ્યાનથી કાયાને વોસિરાવું છું, એમ કહે તો કાયોત્સર્ગકાળમાં થતી ઉચ્છ્વાસાદિ ક્રિયાઓ વડે કાયોત્સર્ગનો ભંગ થાય; કેમ કે જે પ્રકારે કાયોત્સર્ગસૂત્રથી પ્રતિજ્ઞા કરવામાં આવે છે, તે જ પ્રકારે યત્ન કરવો જોઈએ, અને તેનાથી અન્યથા યત્ન થાય તો પ્રતિજ્ઞાભંગની પ્રાપ્તિ થાય અને તેથી સત્ત્વનો અપકર્ષ પ્રાપ્ત થાય. આથી પોતાના સંયોગો અને સ્થિતિને જોઈને જે વસ્તુનું પાલન ત્યાં અસંભવિત હોય તેના સંબંધી આગાર રાખીને પ્રતિજ્ઞા કરવામાં આવે છે. ત્યાર પછી સત્ત્વના ઉત્કર્ષથી જે વ્યક્તિ પ્રતિજ્ઞાનું વહન સમ્યગ્ રીતે કરે છે, તેની કાયોત્સર્ગની ક્રિયા ફલવાન બને છે. પરંતુ ઉચ્છ્વાસાદિ ક્રિયાઓનો પરિહાર અશક્ય હોવા છતાં તેનો વિચાર કર્યા વિના સ્થાન-મૌન-ધ્યાનથી હું કાયાને વોસિરાવું છું, તેમ પ્રતિજ્ઞા કરવામાં આવે તો સ્થાન-મૌન-ધ્યાનથી અતિરિક્ત ઉચ્છ્વાસાદિ ક્રિયાઓ

થવાથી ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનો ભંગ થાય. તેથી કાયોત્સર્ગમાં ગમે તેટલો વિશુદ્ધ ભાવ હોય તો પણ પ્રતિજ્ઞાભંગનો અંશ સહવર્તી હોવાથી તે કાયોત્સર્ગની ક્રિયા શુદ્ધ બનતી નથી. તેથી જ ભગવાને પ્રતિજ્ઞાભંગના નિવારણ માટે આગારો બતાવ્યા છે.

**કાયોત્સર્ગની અભગ્નતા અને અવિરાધિતા :-**

આવા આગારો આ સૂત્રમાં બતાવ્યા પછી કહ્યું કે આ બધા આગારો વડે મારો કાયોત્સર્ગ અભગ્ન અને અવિરાધિત થાઓ.

આનાથી એ ફલિત થયું કે પૂર્વમાં બતાવેલા આગારો સહિત પ્રતિજ્ઞા હોવાથી પોતાના કાયોત્સર્ગમાં સૂક્ષ્મ સંચારાદિના કારણે લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી અને કાયોત્સર્ગ વિરાધિત પણ થતો નથી=અતિચારવાળો પણ થતો નથી. પરંતુ ઉપરમાં બતાવેલા આગારોને છોડીને કાયોત્સર્ગકાળમાં કાયાને સ્થિર રાખીને મૌનપૂર્વક ધ્યાનમાં યત્ન ન કરવામાં આવે, અને આજુબાજુની વસતિનું કોણ આવ્યું - કોણ ગયું ઈત્યાદિ ઉત્સુકતાપૂર્વક અવલોકન કરવામાં આવે અને તેના નિવારણ માટેનો પોતાનો કોઈ યત્ન હોય, તો સાપેક્ષ પરિણામને કારણે અતિચારરૂપ બને; અને તેના નિવારણ માટેનો કોઈ યત્ન ન હોય તો પ્રતિજ્ઞાના રક્ષણ માટે નિરપેક્ષ પરિણામ હોવાથી પ્રતિજ્ઞાનો ભંગ થાય.

કોઈ સાધક સુદૃઢ ઉપયોગપૂર્વક પ્રતિજ્ઞાને અનુરૂપ પ્રયત્ન કરતો હોય તો તેનો કાયોત્સર્ગ અવિરાધિત અને અભગ્ન બને, આમ છતાં સૂત્ર-અર્થ અને આલંબનમાં મંદ યત્ન હોય તો કાયોત્સર્ગ દ્વારા જે પ્રકારનો ઉત્તમ અધ્યવસાય પ્રગટ કરવો જોઈએ તે પ્રગટ ન થાય, તેથી તે પ્રકારની નિર્જરા પણ ન થાય. માટે જેમ કાયોત્સર્ગમાં વિરાધના ન થાય અને ભંગ ન થાય તે રીતે યત્ન આવશ્યક છે, તેમ સૂત્ર, અર્થ અને આલંબનમાં પણ સુદૃઢ યત્ન આવશ્યક છે.

આ સૂત્ર બોલીને આગારોપૂર્વક કાયોત્સર્ગ કરવાનું પ્રણિધાન હોવાથી સૂક્ષ્મ દૃષ્ટિસંચારો આદિ ક્રિયા થાય તો પણ પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી, પરંતુ પ્રસ્તુત આગારો રાખ્યા વિના કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા કરે, તો

કાયોત્સર્ગકાળમાં સમ્યગ્ યત્ન હોવા છતાં આગાર નહીં રાખેલ હોવાથી સૂક્ષ્મ સંચાર આદિના કારણે કાયોત્સર્ગનો ભંગ થાય છે.

**जाव अरिहंताणं भगवंताणं ..... अप्पाणं वोसिरामि :-**

આ શબ્દથી પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે, જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું અર્થાત્ કાયોત્સર્ગ ન પારું ત્યાં સુધી સ્થાન, મૌન અને ધ્યાનથી આત્માને=મારી કાયાને, વોસિરાવું છું.

તેનો ભાવ એ છે કે, જે કાયોત્સર્ગ પ્રસ્તુત હોય તેની જે શાસ્ત્રીય મર્યાદા છે, તેટલા શ્વાસોચ્છ્વાસ પ્રમાણ શુભધ્યાન કરીને પછી જ કાયોત્સર્ગ પારવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આમ છતાં કાયોત્સર્ગ પૂર્ણ થતાં "નમો અરિહંતાણં" એમ પ્રગટ બોલવા દ્વારા અરિહંત ભગવંતોને નમસ્કાર કરીને પછી જ પારવાની વિધિ છે; કેમ કે જે શુભ કાર્ય કર્યું છે તેની પૂર્ણાહુતિ થઈ માટે "હું અરિહંત ભગવંતોને નમસ્કાર કરીને પારું છું," આવા પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન કરવા માટે 'જાવ અરિહંતાણં'થી સંકલ્પ કરવામાં આવેલ છે અને ત્યાં સુધી પોતાની કાયાને સંપૂર્ણ વોસિરાવી દેવાઈ છે. કાયાને વોસિરાવવી એ કાયાના ત્યાગસ્વરૂપ નથી, પરંતુ કાયાને સ્થાન-મૌન અને ધ્યાનમાં પ્રવર્તાવવાની છે. તેથી એ ત્રણેય રૂપે કાયાને પ્રવર્તાવીને તેનાથી અન્ય સર્વ પ્રવૃત્તિઓને વોસિરાવવાની છે. ત્યાં સ્થાનથી કાયાને કાયોત્સર્ગ મુદ્રામાં= જિનમુદ્રામાં=ઊભા રહીને, બે હાથને જાનુ પાસે શિથિલરૂપે સ્થિર રાખીને, બે પગનું આંતરું આગળથી ચાર આંગળ જેટલું અને તેનાથી કંઈક ઓછું અંતર પાછળનું હોય એ રીતે, અને નાસિકા ઉપર દૃષ્ટિને સ્થાપન કરવારૂપ જિનમુદ્રામાં સ્થિર કરવાની છે; મૌનથી વચનયોગનો નિરોધ કરવાનો છે અને ધ્યાનથી મનોયોગને શુભધ્યાનમાં પ્રવર્તાવવાનો છે. તે સિવાયની અન્ય પ્રવૃત્તિઓ બંધ કરી દેવાની છે.

આ કાયોત્સર્ગનો પરિણામ પરમાર્થથી ગુપ્તિવાળાને થાય છે. તેથી તે પાંચમા ગુણસ્થાનકવાળા દેશવિરતિધરને કે છઠ્ઠા આદિ ગુણસ્થાનકમાં રહેલા સર્વવિરતિધરને સંભવે, અન્યને બીજરૂપે હોય છે.

કાયાને વોસિરાવવી એટલે આત્માને સમ શત્રુ-મિત્ર, સમ સુખ-દુઃખ,

સમ જીવન-મૃત્યુ ભાવ તરફ પ્રવર્તાવવી, અને આ પ્રવર્તાવવા માટે સર્વભાવો પ્રત્યે સમભાવ પરિણામવાળા થઈને તે ભાવની વૃદ્ધિ થાય તે રીતે કાયોત્સર્ગકાળ દરમ્યાન આત્માને શુભ ચિંતનમાં પ્રવર્તાવવાનો છે. આથી જે જીવો સમભાવનો પરિણામ ઉલ્લસિત કરી શકતા નથી, તેઓનો કાયોત્સર્ગ શુદ્ધ બનતો નથી.

## ।। ९. लोगस्स सूत्र (नामस्तव) ।।

**लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।**
**अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ।।१।।**

**उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।**
**पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ।।२।।**

**सुविहिं च पुप्फदंतं, सीअलसिज्जंसवासुपुज्जं च ।**
**विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ।।३।।**

**कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।**
**वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ।।४।।**

**एवं मए अभिथुआ, विहुयरयमला पहीणजरमरणा ।**
**चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ।।५।।**

**कित्तियवंदियमहिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।**
**आरुग्गबोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ।।६।।**

**चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।।**
**सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ।।७।।**

### 'लोगस्स' સૂત્રની ભૂમિકા :-

છ આવશ્યકમાં પ્રથમ સામાયિક આવશ્યક છે અને બીજું આવશ્યક ચતુર્વિંશતિસ્તવ છે. તે ચતુર્વિંશતિસ્તવ આવશ્યક કરવા માટે લોગસ્સ સૂત્ર બોલાય છે. આ સૂત્રનો સંબંધ સામાયિક આવશ્યક સાથે આવશ્યકનિર્યુક્તિ પ્રમાણે આ ત્રણ રીતે છે --

(૧) સામાયિક આવશ્યકમાં સાવદ્યયોગની વિરતિ કહેવાઈ, અને જેને સામાયિક પ્રત્યે બહુમાન હોય તે વ્યક્તિને સામાયિકના ઉપદેશક પ્રત્યે પણ બહુમાનભાવ હોય. અને સામાયિક અધ્યયનના ઉપદેશક અરિહંત ભગવંતો છે, તેથી સામાયિક લીધા પછી અરિહંતોનું કીર્તન ચતુર્વિંશતિ સ્તવ દ્વારા કરવામાં આવે છે, જેથી ભગવાનના ગુણોથી વાસિત થયેલું ચિત્ત સમભાવના પ્રકર્ષને પામે છે. આથી સામાયિક આવશ્યક પછી તરત જ બીજું ચતુર્વિંશતિસ્તવ નામનું આવશ્યક છે.

(૨) સામાયિક આવશ્યકના સેવનથી જીવો જેમ કર્મના ક્ષયને= કર્મનિર્જરાને, પ્રાપ્ત કરે છે, તેમ ચોવીશ તીર્થંકરોના નામકીર્તનથી પણ કર્મક્ષય થાય છે. તેથી નિર્જરાના અર્થી સાધુ કે શ્રાવક સામાયિક આવશ્યક કર્યા પછી ચઉવિસત્થો આવશ્યક કરે છે, જે લોગસ્સ સૂત્રના ઉપયોગપૂર્વકના સ્મરણથી થાય છે.

(૩) સામાયિકમાં ચારિત્રનું વર્ણન છે, તેથી સામાયિક આવશ્યક કરવાથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે, તેમ ચતુર્વિંશતિ સ્તવ કરવાથી દર્શન અને જ્ઞાન ગુણની પ્રાપ્તિ થાય છે. તેથી આ બંનેની આરાધનાથી રત્નત્રયીની પૂર્ણ આરાધના થાય છે.

આ રીતે છ આવશ્યકમાં બીજું આવશ્યક કરવા અર્થે જેમ ચતુર્વિંશતિ સ્તવ બોલાય છે, તેમ ઈરિયાવહિયાનું પ્રતિક્રમણ કર્યા પછી પ્રાયશ્ચિત્તરૂપે શુભધ્યાન કરવાનું હોય છે ત્યારે પણ ઉત્તમ પુરુષોના નામસ્મરણથી શુભધ્યાન કરવા અર્થે પ્રસ્તુત સૂત્ર બોલાય છે. વળી કોઈ પણ પ્રકારના કાયોત્સર્ગને કર્યા પછી કાયોત્સર્ગથી થયેલી શુભ પરિણતિને અતિશયિત કરવા અર્થે અને હર્ષની અભિવ્યક્તિરૂપે પણ પ્રગટ લોગસ્સ સૂત્ર બોલવામાં આવે છે.

લોગસ્સ સૂત્રમાં મુખ્યરૂપે ૨૪ તીર્થંકરોના નામનું સ્મરણ છે, જે તીર્થંકરો અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશય અને પૂજાતિશયવાળા છે. જે જીવો મોક્ષના અર્થી છે અને યોગમાર્ગમાં યત્ન કરતા હોય છે, તેવા જીવો સમજી શકે છે કે, રાગાદિ જીવના પરમ શત્રુભૂત છે, તેથી અનર્થના કારણરૂપ છે, પણ તેને કાઢવા પણ અતિ દુષ્કર છે. આમ છતાં મહાપરાક્રમ

કરીને આ ૨૪ તીર્થંકરોએ રાગાદિને સંપૂર્ણ જીત્યા છે અને વીતરાગ થયા છે, તેથી તેમને અપાયાપગમાતિશય પ્રગટ્યો છે અને ત્યારપછી કેવળજ્ઞાન પ્રગટ થવાથી જ્ઞાનાતિશય પ્રગટ થયો છે. અન્ય કેવળીઓને પણ અપાયાપગમાતિશય અને જ્ઞાનાતિશય હોય છે, પણ વચનાતિશય અને પૂજાતિશય તો તીર્થંકરોને જ હોય છે; કેમ કે તીર્થંકરનાં વચનોથી દરેક યોગ્ય જીવોને જે રીતે ઉપકાર થઈ શકે છે તેવો ઉપકાર અન્ય કેવળીઓથી પણ થઈ શકતો નથી. આથી જ તીર્થંકરોને જગદ્ગુરુ કહેલ છે. વળી તીર્થંકરોના વચનને પામીને જ ઘણા જીવો આ સંસારથી તરે છે. આ ચાર અતિશયના કારણે જગતમાં સર્વોત્તમ પુરુષો તરીકે આ ૨૪ તીર્થંકરો છે. આ ઉત્તમ પુરુષો તો ગર્ભમાં આવે છે ત્યારથી માંડીને ઉત્તમ ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે, જે સામાન્ય-સંસારી જીવો માટે અત્યંત દુષ્કર હોય છે. આવા ઉત્તમોત્તમ પુરુષોના નામનું હું સ્મરણ કરું છું, એ પ્રકારનો ઉપયોગ રાખીને આ સૂત્ર બોલવાથી અવશ્ય શુભધ્યાન પ્રગટે છે.

**સૂત્રનો અર્થ :-**

(૧) લોકના ઉદ્યોતને કરનારા, શ્રુત અને ચારિત્રરૂપ ધર્મતીર્થને કરનારા, રાગ-દ્વેષ, ઈન્દ્રિય, કષાય, પરિષહ, ઉપસર્ગ અને આઠ કર્મ આદિ આંતર શત્રુઓને જીતનારા જિન, એવા ચોવીશે પણ કેવળી એવા અરિહંતોનું હું કીર્તન કરીશ.

(૨) ઋષભદેવને અને અજિતનાથને હું વંદું છું. સંભવનાથને, અભિનંદન સ્વામીને અને સુમતિનાથને, પદ્મપ્રભસ્વામીને, સુપાર્શ્વજિનને અને ચંદ્રપ્રભસ્વામીને હું વંદું છું.

(૩) સુવિધિનાથ કે જેમનું બીજું નામ પુષ્પદંત છે તેમને, શીતલનાથને, શ્રેયાંસનાથને અને વાસુપૂજ્યસ્વામીને, વિમલનાથને અને અનંતજિનને, ધર્મનાથને અને શાંતિનાથને હું વંદન કરું છું.

(૪) કુંથુનાથને, અરનાથને અને મલ્લિનાથને, મુનિસુવ્રતસ્વામીને અને નમિનાથને હું વંદું છું. તેમજ અરિષ્ટનેમિને, પાર્શ્વનાથને અને વર્ધમાનસ્વામીને હું વંદન કરું છું.

(૫) આ રીતે=ઉપરમાં વર્ણન કર્યું એ રીતે, મારા વડે અભિસ્તુતા=સ્તુતિ કરાયેલા, જેમણે રજ અને મલ દૂર કર્યાં છે તેવા, આથી જ પ્રક્ષીણ જરામરણવાળા એ ચોવીશે પણ જિનવરો=જિનોમાં શ્રેષ્ઠ એવા, તીર્થંકરો મારા ઉપર પ્રસાદ કરો.

(૬) કીર્તન કરાયેલા=સ્વનામ વડે કહેવાયેલા, વંદન કરાયેલા=મન, વચન, કાયાના ત્રિવિધ યોગથી સારી રીતે સ્તુતિ કરાયેલા, અને પૂજન કરાયેલા=પુષ્પાદિ વડે પૂજન કરાયેલા, જેઓ આ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે તેઓ આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ=સર્વોત્કૃષ્ટ, સમાધિવર=પ્રધાનસમાધિને= ભાવસમાધિને, આપો.

(૭) (સકલ કર્મમલ નાશ થવાથી) ચંદ્રો કરતાં પણ અધિક નિર્મળ, (કેવળજ્ઞાનરૂપ ઉદ્યોત વડે વિશ્વનું પ્રકાશન કરનાર હોવાથી) સૂર્યો કરતાં પણ અધિક પ્રકાશ કરનારા, (પરિષહ-ઉપસર્ગ આદિથી ક્ષોભ નહીં પામતા હોવાથી) શ્રેષ્ઠ સ્વયંભૂરમણસમુદ્ર જેવા ગંભીર, (કર્મના વિગમનથી) સિદ્ધા= કર્મવિગમનને કારણે કૃતકૃત્ય થયેલા, એવા (તીર્થંકર ભગવંતો) મને સિદ્ધિને આપો.

**लोगस्सउज्जोअगरे=લોકનો ઉદ્યોત કરનારા :-**

સૂર્ય-ચંદ્ર જેમ લોકમાં ઉદ્યોત કરે છે, તેમ ભગવાન પંચાસ્તિકાયાત્મક લોકનો કેવળજ્ઞાન વડે ઉદ્યોત કરનારા છે=જાણનારા છે. આ કથનથી કેવળજ્ઞાન દ્વારા સંપૂર્ણ લોકનું જ્ઞાન ભગવાનને થાય છે, તેમ બતાવેલ છે, અને ઉપલક્ષણથી અલોકનું પણ જ્ઞાન તેમને છે, તે ગ્રહણ કરવાનું છે. અથવા ભગવાન વચનરૂપી દીપક દ્વારા યોગ્ય જીવોમાં પંચાસ્તિકાયાત્મક લોકનો ઉદ્યોત કરનારા છે અર્થાત્ લોકના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. આના દ્વારા જીવોની યોગ્યતા પ્રમાણે ભગવાન લોકોમાં શ્રુતજ્ઞાન પ્રગટાવનારા છે, તેમ બતાવેલું છે. આ શ્રુતજ્ઞાન દરેક જીવોને સ્વયોગ્યતા પ્રમાણે ભિન્ન ભિન્ન થાય છે અને ભગવાન પાસેથી ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનનો ઉદ્યોત ગણધરોને પ્રાપ્ત થાય છે.

જેમ દીપકના પણ અભાવવાળી અમાવાસ્યાની ઘનઘોર રાત્રીના ગાઢ અંધકારમાં, પુરોવર્તી પદાર્થ પણ જોઈ શકાતો નથી, તેથી લોકો સમ્યગ્ પ્રવૃત્તિ પણ કરી શકતા નથી, અને ક્વચિત્ સર્પનો સ્પર્શ થાય તો પણ રજ્જુની ભ્રાન્તિથી તેને ગ્રહણ કરવા માટે પ્રવૃત્તિ પણ કરે છે ત્યારે અનર્થ

પણ પ્રાપ્ત થાય છે; તેથી એ પ્રાપ્ત થાય કે અંધકારમાં હિતની પ્રવૃત્તિ અસંભવિત છે અને ક્વચિત્ ભ્રમ થવાથી વિપરીત પ્રવૃત્તિ અને તેથી અનર્થ પણ થાય છે; તેમ જગતના જીવોમાં અજ્ઞાનરૂપ ગાઢ અંધકાર વ્યાપ્ત હોવાથી તેઓ તત્ત્વમાર્ગને જોઈ શકતા નથી, અને તત્ત્વમાર્ગનું લેશ પણ દર્શન ન હોવાથી જે કાંઈપણ અલ્પ ચેતનાંશ તેમનામાં વર્તી રહ્યો હોય છે, તેનાથી સર્પમાં રજ્જુની ભ્રાંતિની જેમ વિપરીત પ્રવૃત્તિઓ કરીને, સંસારના વિષયોમાં સારભૂતતાની બુદ્ધિ કરીને, આરંભ-સમારંભ કરવારૂપ અહિતની પ્રવૃત્તિ કરે છે. પરંતુ તેમાં જ્યારે તેમને ભગવાનના વચનના બળે જગતના પદાર્થોનું યથાર્થ દર્શન થાય છે, ત્યારે તેનું અવલંબન લઈને સમ્યગ્ પ્રવૃત્તિ કરે છે ત્યારે તેમનું હિત થાય છે અને અહિતનું નિવારણ થાય છે. અને આથી જ-જેઓ ભગવાનના વચનને અવલંબીને પ્રવૃત્તિ કરે છે, તેઓ જ્યાં સુધી સંસારમાં હોય છે ત્યાં સુધી કર્મ પણ તેઓની વિશેષ કદર્થના કરી શકતું નથી, પરંતુ તેઓ પુણ્યાનુબંધીપુણ્યના ઉપાર્જન દ્વારા ઉત્તમ જન્મોની પરંપરા સર્જીને અંતે સર્વ કર્મોનો ક્ષય કરીને નિર્વાણ સુખને પામે છે. લોકમાં આવો ઉત્તમ માર્ગ ભગવાન પ્રકાશિત કરે છે, તેથી આ રીતે, લોકમાં ઉદ્યોતકરરૂપે ભગવાનને ઉપસ્થિત કરનાર જીવ, તેમના પ્રત્યે અત્યંત ભક્તિના આશયવાળો બને છે, જેથી તેનાં પાપકર્મોનો ધ્વંસ થાય છે.

**धम्मतित्थयरे=ધર્મતીર્થને કરનારા :-**

ભગવાન ધર્મપ્રધાન તીર્થને કરનારા છે. ધર્મ એટલે શું ? દુર્ગતિમાં પડતા એવા આત્માને ધારણ કરે તે ધર્મ. ભગવાને તે ધર્મ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ રૂપ બે પ્રકારે બતાવેલ છે, અને બે પ્રકારનો ધર્મ બતાવીને ધર્મતીર્થની સ્થાપના કરી છે, તેથી ભગવાન ધર્મતીર્થના કરનારા છે.

'તૃ' ધાતુ પરથી તીર્થ શબ્દ બન્યો છે. જે તારે તે તીર્થ. માત્ર તીર્થ શબ્દના આ અર્થથી તો નદી-સમુદ્રમાંથી તારનાર નાવ વગેરે પણ તીર્થ બને અથવા તો અધર્મપ્રધાન પણ તીર્થ બને; અર્થાત્ અન્યદર્શનના જે ધર્મો છે તેમાં ઘણો અધર્મ છે, છતાં પણ તે ધર્મો યત્કિંચિત્ અર્થથી સંસારથી તારનારા પણ છે, તે અપેક્ષાએ તેઓનું દર્શન પણ તીર્થ બને. પરંતુ એકાંતે તારનાર

હોય તેવું તે તીર્થ નથી, અને ભગવાને બતાવેલ તીર્થ એકાંતે તારનાર તીર્થ છે. તે બતાવવા માટે કહે છે કે ભગવાન ધર્મપ્રધાન તીર્થને કરનારા છે= ધર્મ છે પ્રધાન જેમાં તેવા તીર્થને કરનારા છે. અર્થાત્ સમ્યક્ શ્રુત અને સમ્યક્ ચારિત્રરૂપ ધર્મ મુખ્ય છે જેમાં એવા તીર્થનું સ્થાપન કરનારા છે.

ધર્મપ્રધાન તીર્થ ત્રણ છે. તે આ પ્રમાણે - (૧) પ્રથમ ગણધર, (૨) જિન પ્રવચન અને (૩) ચતુર્વિધ શ્રીસંઘ.

**(૧) પ્રથમ ગણધર :-** પ્રથમ ગણધરને ભગવાને તીર્થરૂપે સ્થાપન કર્યા છે. તે પ્રથમ ગણધરમાં શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ હતો, માટે પ્રથમ ગણધર તીર્થ છે; કેમ કે લોકોને તરવાનું પ્રબળ કારણ છે.

અહીં વિશેષ એ છે કે, ભગવાને પ્રથમ ગણધરને દીક્ષા આપી અને શ્રુત-ચારિત્રરૂપ તરવાનું સાધન તેમનામાં આધાન કર્યું, તેથી પ્રથમ ગણધર તીર્થ છે. ત્યાર પછી ભગવાને ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરી, જેથી ચતુર્વિધ શ્રીસંઘ પણ તીર્થ છે અને તેમાં પ્રથમ ગણધર સિવાયના અન્ય ગણધરો, અન્ય સાધુઓ તથા શ્રાવક-શ્રાવિકાઓનો સમાવેશ થાય છે.

**(૨) જિન પ્રવચન :-** ભગવાન પ્રવચનરૂપ તીર્થને કરનારા છે અને તે પ્રવચનમાં સમ્યક્ શ્રુતજ્ઞાન અને સમ્યક્ ચારિત્ર યથાર્થ વર્ણવાયેલું છે. તેથી ભગવાનના પ્રવચનમાં શ્રુત અને ચારિત્ર ધર્મ પ્રધાન છે, તેથી જિન પ્રવચન તીર્થ છે; કેમ કે આ જિન પ્રવચનના અવલંબનથી સંસારસાગર તરાય છે.

**(૩) ચતુર્વિધ શ્રીસંઘ :-** ચતુર્વિધ શ્રીસંઘમાં પણ શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ પ્રધાન છે અને તેથી જ જે જીવો ચતુર્વિધ શ્રીસંઘમાં છે, તેઓ સમ્યક્ ધર્મનું સેવન કરીને દુર્ગતિઓમાં જતા નથી અને સંસારસાગરથી તરે છે. તેથી ચતુર્વિધ શ્રીસંઘ પણ તીર્થ છે; કેમ કે ચતુર્વિધ શ્રીસંઘનાં દર્શનથી પણ ઘણા જીવો સંસારસાગરને તરી શકે છે.

આ રીતે ઉપર્યુક્ત ત્રણે ધર્મપ્રધાન તીર્થ છે અને આ તીર્થને કરનારા ભગવાન છે.

તીર્થ બે પ્રકારનાં છે - (૧) દ્રવ્યતીર્થ અને (૨) ભાવતીર્થ.

(૧) **દ્રવ્યતીર્થ** :- માગધાદિ દ્રવ્યતીર્થ છે. તેનું જળ ઔષધી જેવું હોઈ તેના પાણીથી નીચે મુજબ ત્રણ ફાયદા થાય છે.

૧ દાહનો ઉપશમ થાય છે, ૨ તરસ છીપાય છે અને ૩ તેના પાણીથી સ્નાન કરવાથી શરીરના મેલનો નાશ થાય છે.

પરંતુ આ તીર્થ મોક્ષનું કારણ નથી, તેથી દ્રવ્યતીર્થ છે.

**(૨) ભાવતીર્થ** :- પ્રથમ ગણધર, જિન પ્રવચન અને ચતુર્વિધ શ્રીસંઘ ભાવતીર્થ છે. તેમાંથી કોઈનું પણ અવલંબન લેવાથી દ્રવ્યતીર્થની જેમ જ નીચે મુજબ ત્રણ ફાયદા થાય છે.

ભાવતીર્થનું અવલંબન લેવાથી (૧) દ્વેષરૂપી અગ્નિથી=જીવમાં વર્તતા દ્વેષઅભિમુખ પરિણામરૂપ અગ્નિથી, ઉત્પન્ન થયેલ ક્રોધરૂપી દાહ=સ્ફુરાયમાન થતો ક્રોધનો પરિણામ, કે જે અંતઃતાપરૂપ છે, તેનું શમન થાય છે, (૨) અભિષ્વંગરૂપ તૃષ્ણા (તરસ) શાંત થાય છે અને (૩) ઘણા ભવોથી સંચિત થયેલ અષ્ટ કર્મરજરૂપ મલનો તપ અને સંયમ દ્વારા નાશ થાય છે.

તેથી આ પ્રથમ ગણધર, ચતુર્વિધ શ્રીસંઘ અને પ્રવચનરૂપ તીર્થ મોક્ષનું કારણ હોવાથી ભાવતીર્થ છે.

**जिणे** :- ભગવાન રાગ-દ્વેષ, ઈન્દ્રિય, કષાય, પરિષહ, ઉપસર્ગ, આઠ કર્મ આદિ આંતરશત્રુઓને જીતનારા હોવાથી જિન છે.

**केवली** :- ભગવાન ઘાતીકર્મના ક્ષયથી કેવળજ્ઞાન અને કેવળદર્શનવાળા હોવાથી કેવળી છે.

એવા અરિહંતોનું હું કીર્તન કરું છું, એ પ્રકારે જ્યારે સાધક બોલે છે ત્યારે, આ ચોવીશ તીર્થંકરો, લોકઉદ્યોતકરાદિ ઉત્તમ ભાવોથી સંપન્ન એવા લોકોત્તમ આત્માઓ છે, અને તેઓનું કીર્તન કરવાને હું અભિમુખ થયો છું, એવા પ્રકારનો ભાવ પ્રથમ ગાથાથી સાધકને પ્રાપ્ત થાય છે.

આ પ્રથમ ગાથામાં રહેલા 'केवली' શબ્દથી ભગવાનનો જ્ઞાનાતિશય કહેવાયો, 'धम्मतित्थयरे' શબ્દ દ્વારા ભગવાનનો વચનાતિશય અને પૂજાતિશય કહેવાયો અને 'जिणे' શબ્દ દ્વારા ભગવાનનો અપાયાપગમાતિશય કહેવાયો.

આ રીતે ભગવાનના ચાર અતિશયો પ્રથમ ગાથામાં કહેવાયેલા છે. તેમ ધર્મસંગ્રહ ગ્રંથમાં બતાવેલ છે.

अपि શબ્દથી અન્ય પણ અનંત અરિહંત પરમાત્માઓનું ગ્રહણ કરવાનું છે, જેથી, નામોલ્લેખપૂર્વક આગળની ગાથાઓથી ચોવીસ તીર્થંકર પરમાત્માઓનું કીર્તન કરે છે, તે વખતે એવા જ ગુણસંપન્ન અને અન્ય વિશેષ નામોથી વાચ્ય તીર્થંકરોનો પણ સંગ્રહ થાય છે, જેથી ઘણા ભગવાનની ભક્તિ કરવાનો આશય થવાથી ભક્તિના અતિશયવાળો પરિણામ થાય છે.

**उसभमजिअं ..... वद्धमाणं च :-**

'લોગસ્સ' સૂત્રની આ ત્રણ ગાથામાં ૨૪ તીર્થંકરોના નામપૂર્વક સ્તુતિ કરેલ છે. આ ૨૪ તીર્થંકરોના નામો વ્યુત્પત્તિને આશ્રયીને કેવા સ્વરૂપવાળા છે ? અને વિશેષ કયા કારણથી તે તે નામ પડ્યું, તે આવશ્યકનિર્યુક્તિ આદિ ગ્રંથોમાં બતાવેલ છે. તે આ પ્રમાણે –

| ભગવાનનાં નામ | ઋષભ આદિ ભગવાનનાં નામોની વ્યુત્પત્તિ | ચોવીશ ભગવાનનાં નામ પાડવાનાં વિશેષ કારણ |
|---|---|---|
| ૧ શ્રી ઋષભદેવ | ૧. સમગ્ર સંયમના ભારને ઉદ્વહન કરનારતે 'ઋષભ.' | ૧. મરુદેવી માતાએ પ્રથમ સ્વપ્નમાં વૃષભને જોયો અને પરમાત્માના બન્ને સાથળમાં વૃષભનું ચિહ્ન હોવાથી 'ઋષભદેવ' નામ પાડ્યું. |
| ૨. શ્રી અજીતનાથ | ૨. પરિષહ-ઉપસર્ગાદિથી નહિ જિતાયેલા તે 'અજિત.' | ૨. ભગવાનના માતા-પિતા પાસા રમતા હતા ત્યારે પિતા જીતતા હતા, પરંતુ ભગવાન ગર્ભમાં આવ્યા પછી માતા જીતવા લાગ્યાં. તેથી 'અજિતનાથ' નામ પાડ્યું. |
| ૩ શ્રી સંભવનાથ | ૩. પ્રકર્ષથી હોય છે, ચોત્રીશ અતિશયો જેમાં તે 'સંભવ.' | ૩. ભગવાન ગર્ભમાં રહ્યે છતે અધિક ધાન્યની નિષ્પત્તિ થઈ હોવાથી 'સંભવનાથ' નામ પાડ્યું. |

| | | |
|---|---|---|
| ૪ શ્રી અભિનંદનસ્વામી | ૪.દેવેન્દ્ર વડે અભિનંદન કરાય છે, તે 'અભિનંદન.' | ૪.ગર્ભથી માંડીને વારંવાર શક્ર અભિનંદન કરે છે, તેથી 'અભિનંદનસ્વામી' નામ પાડ્યું. |
| ૫ શ્રી સુમતિનાથ | ૫. શોભન=સુંદર, મતિ છે જેને તે 'સુમતિ.' | ૫. ભગવાન ગર્ભમાં રહ્યે છતે સર્વત્ર વિશેષ નિર્ણય કરવામાં અત્યંત સુંદર મતિવાળી માતા થઈ, તેથી 'સુમતિનાથ' નામ પાડ્યું. |
| ૬ શ્રી પદ્મપ્રભસ્વામી | ૬. નિષ્પંકતાને=કાદવ-રહિતતાને, આશ્રયીને કમળના જેવી પ્રભા છે જેને તે 'પદ્મપ્રભ.' | ૬. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતાને કમળની શય્યામાં સૂવાનો દોહદ થયો અને દેવતા વડે તે પૂર્ણ કરાયો તેથી અને કમળ જેવા વર્ણવાળા હોવાથી 'પદ્મપ્રભસ્વામી' નામ પાડ્યું. |
| ૭ શ્રી સુપાર્શ્વનાથ | ૭. સુંદર છે પાર્શ્વ=પડખાં, જેનાં તે 'સુપાર્શ્વ.' | ૭. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતાને સુંદર પડખાં થયાં હોવાથી 'સુપાર્શ્વનાથ' નામ પાડ્યું. |
| ૮ શ્રી ચંદ્રપ્રભસ્વામી | ૮. ચંદ્રના જેવી જેની સૌમ્ય પ્રભા=જ્યોત્સના છે, તે 'ચંદ્રપ્રભ.' | ૮. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતાને ચંદ્રપાનનો દોહદ થયો તેથી અને ચંદ્ર જેવા વર્ણવાળા હોવાથી 'ચંદ્રપ્રભસ્વામી' નામ પાડ્યું. |
| ૯ શ્રી સુવિધિનાથ | ૯. શોભન વિધિ છે જેને=સર્વત્ર કૌશલ્ય છે, જેને તે 'સુવિધિ.' | ૯. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતા સર્વ વિધિમાં વિશેષથી કુશળ બન્યાં હોવાથી 'સુવિધિ' નામ પાડ્યું. |
| | | |

| | | |
|---|---|---|
| ૧૦ શ્રી શીતલનાથ | ૧૦. સર્વ જીવોના સંતાપને કરવાનો વિરહ હોવાથી અને આલ્લાદને ઉત્પન્ન કરનાર હોવાથી 'શીતલ' અથવા સર્વ શત્રુ અને સર્વ મિત્ર માટે શીતલ ઘર સમાન હોવાથી 'શીતલ.' | ૧૦. પિતાનો પિત્તદાહ પૂર્વમાં કરેલા ઔષધથી શાંત થતો ન હતો, પણ ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતા વડે સ્પર્શાયેલા તેમનો સર્વ પિત્તદાહ શાંત થયો હોવાથી 'શીતલનાથ' નામ પાડ્યું. |
| ૧૧ શ્રી શ્રેયાંસનાથ | ૧૧. સમસ્ત ત્રિભુવનને હિતકર હોવાથી 'શ્રેયાંસ.' | ૧૧. પરંપરાગત દેવતાથી અધિષ્ઠિત શય્યા રાજા વડે પૂજાતી હતી. જે તેનું અતિક્રમણ કરે અર્થાત્ તે શય્યા ઉપર બેસે કે સૂવે તેને દેવતાથી ઉપસર્ગ થાય. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતાને દોહદ થયો અને તે શય્યા પર બેઠી. દેવતાએ ઉપસર્ગ કર્યો નહિ અને ગર્ભના પ્રભાવથી શ્રેય થયું તેથી 'શ્રેયાંસનાથ' નામ પાડ્યું. |
| ૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામી | ૧૨. દેવોથી પૂજ્ય તે 'વાસુપૂજ્ય.' | ૧૨. ભગવાન ગર્ભમાં રહ્યે છતે વાસવ=ઈન્દ્ર, તીર્થંકરની માતાની વારંવાર પૂજા કરતા હોવાથી અથવા વસુ=રત્નો, ભગવાન ગર્ભમાં રહ્યે છતે વાસવ=કુબેર, વારંવાર તે રાજકુળને વસુથી=રત્નોથી, પૂરતો હોવાથી 'વાસુપૂજ્યસ્વામી' નામ પાડ્યું. |
| ૧૩ શ્રી વિમલનાથ | ૧૩. વિમલ=મલ રહિત અથવા નિર્મળ જ્ઞાનાદિ છે, જેને તે 'વિમલ.' | ૧૩. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતાનું શરીર અને બુદ્ધિ અત્યંત વિમલ=નિર્મળ, થયાં હોવાથી 'વિમલનાથ' નામ પાડ્યું. |

| | | |
|---|---|---|
| **૧૪ શ્રી અનંતનાથ** | ૧૪. અનંત કર્મોના અંશોના જયથી અનંત અથવા અનંત જ્ઞાનાદિ છે જેને તે 'અનંત.' | ૧૪. અનંત રત્નોથી યુક્ત અતિ મોટા પ્રમાણવાળી માળા માતાએ સ્વપ્નમાં જોઈ હોવાથી 'અનંતનાથ' નામ પાડ્યું. |
| **૧૫ શ્રી ધર્મનાથ** | ૧૫. દુર્ગતિમાં પડતા જીવોના સમૂહને ધારણ કરે=પડતા અટકાવે, તે 'ધર્મ.' | ૧૫. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતા દાનદયાદિ ધર્મવાળી થઈ હોવાથી 'ધર્મનાથ'નામ પાડ્યું. |
| **૧૬ શ્રી શાંતિનાથ** | ૧૬. શાંતિનો યોગ હોવાથી=શાંતિરૂપ ધર્મનો યોગ હોવાથી, અથવા શાંતિ આત્મક હોવાથી= શાંતિસ્વરૂપ હોવાથી અથવા શાંતિને કરનાર હોવાથી=જગતના જીવોમાં શાંતિ કરનાર હોવાથી, 'શાંતિ.' | ૧૬. ભગવાન ગર્ભમાં રહ્યે છતે પૂર્વમાં જે મોટો ઉપદ્રવ હતો, તેની શાંતિ થઈ હોવાથી 'શાંતિનાથ' નામ પાડ્યું. |
| **૧૭ શ્રી કુંથુનાથ** | ૧૭. કુ=પૃથ્વી, થુ=રહેલા અર્થાત્ પૃથ્વી ઉપર શોભાયમાન પુરુષ તરીકે રહેલા હોવાથી 'કુંથુ.' | ૧૭. માતા મનોહર - અતિ ઉન્નત મહાપ્રદેશમાં રત્નથી વિચિત્ર સ્તુપને સ્વપ્નમાં જોઈને જાગી હોવાથી 'કુંથુનાથ' નામ પાડ્યું. |
| **૧૮ શ્રી અરનાથ** | ૧૮. સર્વોત્તમ અને મહાસત્ત્વવાળા કુળમાં જે ઉત્પન્ન થાય છે અને તે કુળની અભિવૃદ્ધિ કરે તે અર કહેવાય, તેથી 'અર.' | ૧૮. માતાએ સ્વપ્નમાં સંપૂર્ણ રત્નમય અતિસુંદર, અતિપ્રમાણવાળો આરો જોયો હોવાથી 'અરનાથ'નામ પાડ્યું. |

| | | |
|---|---|---|
| ૧૯ શ્રી મલ્લિનાથ | ૧૯. પરિષહાદિ મલ્લને જીતનાર હોવાથી 'મલ્લિ.' | ૧૯. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતાને સર્વ ઋતુનાં શ્રેષ્ઠ, સુગંધી પુષ્પોની માળાવાળી પથારીમાં સૂવાનો દોહદ થયો હોવાથી 'મલ્લિનાથ' નામ પાડ્યું. |
| ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી | ૨૦. જગતની ત્રિકાળ અવસ્થાને જે માને છે, તે મુનિ તથા સુંદર વ્રતો છે જેને તે સુવ્રત. મુનિ એવા સુવ્રત તે 'મુનિસુવ્રત.' | ૨૦. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતા અત્યંત સુવ્રતવાળી થઈ હોવાથી 'મુનિસુવ્રત' નામ પાડ્યું. |
| ૨૧ શ્રી નમિનાથ | ૨૧. પરિષહ-ઉપસર્ગાદિને નમાવનાર હોવાથી 'નમિ.' | ૨૧. નગરની આજુબાજુમાં રહેલા શત્રુ રાજા વડે નગર ઘેરાયે છતે માતાની કુક્ષીમાં ભગવાન ઉત્પન્ન થયા અને ગર્ભની પુણ્યશક્તિથી પ્રેરાઈને માતાને કિલ્લા ઉપર આરોહણ કરવાની ઈચ્છા ઉત્પન્ન થઈ અને કિલ્લા ઉપર તેને આરૂઢ થયેલી જોઈને શત્રુ રાજા ગર્ભના પ્રભાવથી તેને નમ્યા, તેથી 'નમિનાથ' નામ પાડ્યું. |
| ૨૨ શ્રી નેમિનાથ | ૨૨. ધર્મચક્રની નેમિ=ધરી, જેવા તે 'નેમિ.' | ૨૨. ભગવાન ગર્ભમાં રહ્યે છતે માતાએ અરિષ્ટરત્નમય અત્યંત મોટી નેમિને=ચક્રની ધરીને, ઉત્પન્ન થયેલી સ્વપ્નમાં જોઈ હોવાથી 'નેમિનાથ' નામ પાડ્યું. |

| | | |
|---|---|---|
| **૨૩ શ્રી પાર્શ્વનાથ** | ૨૩. સર્વ ભાવોને જુએ તે પાર્શ્વ. અન્ય વળી કહે છે જોનારો તે પાર્શ્વ. | ૨૩. ભગવાન ગર્ભમાં રહ્યે છતે પથારીમાં રહેલી માતાએ રાત્રીના ગાઢ અંધકારમાં પણ ગર્ભના પ્રભાવથી સર્પને જોયો હોવાથી 'પાર્શ્વનાથ' નામ પાડ્યું. |
| **૨૪ શ્રી વર્ધમાનસ્વામી** | ૨૪. જન્મથી માંડીને જ્ઞાનાદિ વડે જે વધે છે તે વર્ધમાન. | ૨૪. ભગવાન ગર્ભમાં રહ્યે છતે જ્ઞાતકુલ ધન-ધાન્યથી વૃદ્ધિ પામ્યું હોવાથી 'વર્ધમાન' નામ પાડ્યું. |

૨૪ તીર્થંકરોનાં વ્યુત્પત્તિને આશ્રયીને જે નામ પાડ્યાં છે, તે એક એક ભગવાનને આશ્રયીને હોવા છતાં સર્વ તીર્થંકરોમાં ઘટે છે; કેમ કે બધા જ તીર્થંકરો સમગ્ર સંયમના ભારને ઉદ્‌વહન કરનાર હોવાથી વૃષભ જેવા, પરિષહ, ઉપસર્ગાદિથી નહીં જીતાયેલા હોવાથી અજિત, ઈત્યાદિ સમગ્ર ગુણવાળા છે; આથી તે તે અર્થો બધા જ ભગવાનમાં સંગત થાય છે. અને આ તેમનું સદ્‌ભૂત કીર્તન છે અર્થાત્ વાસ્તવિક ગુણકીર્તન છે; કેમ કે આવા અસાધારણ ગુણો સર્વ તીર્થંકરમાં વર્તે છે.

આ તીર્થંકરોનાં નામો પરમ પવિત્ર, મંગલમય છે. તેથી અર્થના ઉપયોગપૂર્વક ઉચ્ચારણ કરાતું કે સ્મરણ કરાતું તેમનું નામ મંગલ અને કલ્યાણને કરનારું બને છે અને ઉલ્લાસ અને ભાવોની વૃદ્ધિ થતાં ગાઢ કર્મોની નિર્જરા કરનારું થાય છે.

### ચતુર્વિંશતિ-સ્તવનું ફળ :-

આ સૂત્રમાં ચોવીશ જિનેશ્વરોની સ્તવના કરાયેલી હોવાથી તેને 'ચતુર્વિંશતિ-સ્તવ' પણ કહેવાય છે.

ભગવાન મહાવીર પ્રભુએ આપેલ અંતિમ દેશના જેમાં સંગૃહીત છે, તેવા 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના ૨૯મા અધ્યયનમાં ગૌતમ મહારાજા પ્રભુ મહાવીરને પ્રશ્ન પૂછે છે કે, 'चउवीसत्थएणं भंते ! किं जणयइ ?' 'હે ભગવંત ! ચતુર્વિંશતિ સ્તવ કરવાથી જીવ કયા લાભને પ્રાપ્ત કરે ?' પ્રભુ ગૌતમ મહારાજાને જવાબ આપતાં કહે છે કે –

'चउवीसत्थएणं दंसणविसोही जणयइ ।।९।।' 'હે ગૌતમ ! ચતુર્વિંશતિસ્તવથી જીવ દર્શનવિશુદ્ધિ લાભને પ્રાપ્ત કરે છે.' અહીં 'દર્શન' શબ્દથી સમકિત ગ્રહણ કરવાનું છે. તેથી ટીકામાં સ્પષ્ટીકરણ કર્યું કે दर्शनं सम्यक्त्वं तस्य विशुद्धिः । અર્થાત્ ચતુર્વિંશતિસ્તવનું તાત્કાલિક ફળ સમ્યક્ત્વની શુદ્ધિ છે અને તેના દ્વારા સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રના પ્રગટીકરણથી પરંપરાએ મોક્ષફળની પ્રાપ્તિ છે.

'પ્રતિમાશતક' ગ્રંથમાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ બીજા શ્લોકમાં કહે છે કે - ભગવાનનાં નામાદિ હૃદયમાં સ્થિર થતાં જાણે ભગવાન સાધકની આગળ પરિસ્ફુરણ થાય છે, જાણે હૃદયમાં અનુપ્રવેશ પામે છે, જાણે મધુર આલાપ કરે છે, જાણે ભગવાન સર્વાંગિણની જેમ=અંગાંગી ભાવરૂપે, અનુભવાય છે અને જાણે તન્મયભાવને પામે છે અને તેનાથી સર્વ કલ્યાણની સિદ્ધિ થાય છે.

**विहुयरयमला :-**

આ શબ્દમાં રજ અને મલના લલિતવિસ્તરા ગ્રંથમાં ત્રણ અર્થ કરાયા છે, જે નીચે પ્રમાણે છે.

(૧) બંધાતું કર્મ તે રજ અને પૂર્વમાં બંધાયેલું કર્મ તે મલ કહેવાય.

અથવા

- (૨) બદ્ધ કર્મ તે રજ અને નિકાચિત કર્મ તે મલ.

અથવા

(૩) ઈર્યાપથ કર્મ તે રજ=યોગથી બંધાયેલું કર્મ તે રજ, અને સાંપરાયિક કર્મ તે મલ=કષાયથી બંધાયેલું કર્મ તે મલ.

આ ત્રણે અર્થથી એ ફલિત થાય કે ભગવાન સર્વથા કર્મરહિત છે. જો કે અઘાતી કર્મ છે, પણ તે દગ્ધ રજ્જુ જેવાં હોવાથી, નથી તેમ કહેલ છે.

**तित्थयरा मे पसीयंतु :-**

"આ રીતે મારા વડે સ્તુતિ કરાયેલા તીર્થંકરો મારા પર પ્રસાદ કરો." આ પ્રાર્થનાનો ભાવ એ છે કે, વાસ્તવિક રીતે તીર્થંકરો વીતરાગ હોવાથી કોઈના ઉપર પ્રસાદ કે રોષ કરતા નથી, તો પણ તેમના પ્રત્યે વર્તતી

ભક્તિના અતિશયથી સાધક તે પ્રકારનો અભિલાષ કરે છે, અને એ પ્રસાદ ત્યારે જ પ્રાપ્ત થયો કહેવાય કે, જ્યારે સાધક તેમના વચનનું અવલંબન લઈને પોતાની શક્તિને અનુરૂપ વીર્ય યોગમાર્ગમાં સમ્યગ્ રીતે ઉલ્લસિત કરે. તેથી તેઓના પ્રસાદની કામનાવાળા જીવે તે તીર્થંકર ભગવંતોના સ્વરૂપને અવલંબીને તેમના જેવું ઉત્તમ સ્વરૂપ પોતાનામાં આવિર્ભાવ કરવા અર્થે શાસ્ત્રવચનોનું અવલંબન લઈને સમ્યગ્ યત્ન કરવો જોઈએ.

**आरुग्ग ..... दिंतु :-**

છઠ્ઠી ગાથામાં સાધક ભગવાનની પાસે આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ=સર્વોત્કૃષ્ટ, સમાહિવર=ભાવસમાધિની માંગણી કરે છે. તેનો ભાવ એ છે કે, સાધકને આરુગ્ગ=ભાવઆરોગ્યરૂપ મોક્ષ, અભિષ્ટ છે, અને તે બોધિથી= અર્હત્ પ્રણીત ધર્મની પ્રાપ્તિથી, થાય છે. યદ્યપિ સાધકને આ ભવમાં તેની પ્રાપ્તિ છે, તો પણ જન્માન્તરમાં પણ તેની પ્રાપ્તિ થાય તેવો અભિલાષ છે, અને આ ભવમાં પણ તેને જે ભૂમિકાની અર્હદ્ ધર્મની પ્રાપ્તિ થઈ છે, તેનાથી ઉપરની ભૂમિકાના અર્હદ્ ધર્મની પ્રાપ્તિની તે અભિલાષા રાખે છે, અને ભવાંતરમાં પણ તે પ્રાપ્ત થાઓ એવી અભિલાષા પણ રાખે છે; અને તેના ઉપાયરૂપે ઉત્તમ કોટિની શ્રેષ્ઠ સમાધિ અર્થાત્ સર્વોત્કૃષ્ટ ભાવસમાધિ તેને ભાસે છે. આથી તે ઉત્તમ ભાવસમાધિની માંગણી કરે છે, અને તે રીતે અભિલાષા કરીને તેનું સત્ત્વ ઉત્તમ ભાવસમાધિને અનુકૂળ ઉલ્લસિત કરે છે. તે ઉત્તમ ભાવસમાધિ પ્રાપ્ત કરવા માટે ઉત્તમ ભાવસમાધિનું સ્વરૂપ તેણે બરાબર જાણવું જોઈએ અને જાણીને ઉત્તમ ભાવસમાધિ તરફનો પક્ષપાત સ્થિર કરવો જોઈએ. એટલું જ નહીં, પણ ઉત્તમ ભાવસમાધિ સદા રહે તે રીતે શક્તિના પ્રકર્ષથી ઉત્તમ ભાવસમાધિને અનુકૂળ યત્ન કરવો જોઈએ, અને તે યત્ન પોતાનામાં પ્રગટ કરવા અર્થે જ વારંવાર લોગસ્સ ગણવાપૂર્વક તે પ્રકારની પ્રાર્થના કરાય છે; કેમ કે પ્રાર્થના ઈચ્છારૂપ છે, ઈચ્છાથી પ્રવૃત્તિ થાય છે અને તે પ્રકારની પ્રવૃત્તિ કરવાથી અવશ્ય ઉત્તમ ભાવસમાધિ પોતાનામાં પ્રગટે છે. પરંતુ જે લોકો તેવો કોઈપણ યત્ન કરતા નથી અને માત્ર સૂત્ર શબ્દરૂપે બોલી જાય છે, તેઓનો ઉપયોગ શુભક્રિયા કરવા માત્રમાં જ ચરિતાર્થ

થાય છે, પરંતુ તેમાં કરાયેલી માંગણીને અનુરૂપ કોઈ વીર્ય સંચય થતું નથી.

આ ઉત્તમ ભાવસમાધિ ઉત્પન્ન કરવાનો યત્ન આ રીતે થઈ શકે –

સંસારનું સ્વરૂપ સમ્યક્ વિચારીને સાધક વિચારે કે, આ બાહ્ય પદાર્થોનું આકર્ષણ જીવને અસમાધિ કરનાર છે અને બાહ્ય પદાર્થોના આકર્ષણથી ઉપદ્રવ પામતું ચિત્ત કર્મ બાંધી દુર્ગતિઓમાં પરિભ્રમણ કરે છે, માટે મારે શક્તિના પ્રકર્ષથી ભગવાનના ગુણોનું અનુસ્મરણ કરીને ભગવાનની જેમ જ વિષયોથી પરાઙ્મુખ ચિત્ત નિષ્પન્ન કરવા યત્ન કરવો જોઈએ. આ પ્રકારના પ્રયત્નથી 'બાહ્ય પદાર્થોથી સર્યું' - એ પ્રકારના સમાધાનવાળું ચિત્ત પેદા થાય છે, અને તે ચિત્ત જેમ જેમ પ્રકર્ષવાળું થતું જાય છે તેમ તેમ જીવને માટે સુગતિ અને યોગમાર્ગની પરંપરાની પ્રાપ્તિ સુનિશ્ચિત થતી જાય છે. આ પ્રમાણે સ્થિર નિર્ણય કરીને તે જ પ્રમાણે યત્ન કરવામાં આવે તો લોગસ્સમાં કરાયેલી માંગણી અવશ્ય શ્રેષ્ઠ ભાવસમાધિનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે, આની પૂર્વની ગાથામાં કહ્યું કે, ચોવીશે પણ તીર્થંકરો મારા પર પ્રસાદ કરો; અને ભગવાનનો પ્રસાદ યોગમાર્ગની પ્રાપ્તિરૂપ છે, જેને યોગમાર્ગ મળે તેને બોધિલાભ આદિ ભાવો પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. તેથી પ્રસાદની માગણીમાં બોધિલાભ આવી જાય છે, તો પણ કલ્યાણના અર્થી જીવને કલ્યાણની પ્રાપ્તિમાં જે વસ્તુનું અતિ મહત્ત્વ હોય, તે વસ્તુને પૃથક્ રૂપે પણ માંગે છે. તેથી અહીં બોધિલાભાદિની માંગણી પૃથક્ પણ કરે છે. જે જીવને તત્ત્વનો બોધ હોય છે, તેને સર્વત્ર અનિચ્છાના પરિણામ સ્વરૂપ ભાવઆરોગ્ય જ અત્યંત અભિમત હોય છે. તેથી જીવને પૂર્ણ સુખ મેળવવું હોય તો સંપૂર્ણ અનિચ્છા સ્વરૂપ વીતરાગભાવમાં જ યત્ન કરવો જોઈએ અને તે ભાવની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તેના ઉપાયભૂત બોધિલાભમાં જ=અર્હદ્ પ્રણીત ધર્મમાં જ, યત્ન કરવાનો છે, તેથી બોધિલાભની સ્વતંત્ર પણ માંગણી કરે છે; અને આ બોધિલાભ, ભગવાનના શાસનને સમ્યક્ સમજીને ભગવાનનું શાસન જ આત્માને માટે એકાંત હિત છે તેવી સ્થિર બુદ્ધિસ્વરૂપ છે.

આ બોધિલાભરૂપ સ્થિર બુદ્ધિ ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ

કરાવી સંયમયોગમાં સુદૃઢ યત્ન પેદા કરાવે તેવી છે. તેથી બોધિલાભ જેમ સમ્યક્ત્વરૂપ છે, તેમ સમ્યક્ ચારિત્રનું પાલન પણ ફળરૂપે બોધિલાભમાં જ અંતર્ભાવ પામે છે. તેથી બોધિલાભનો અર્થ પણ જિનધર્મની પ્રાપ્તિ એ પ્રમાણે કરેલ છે. તેથી જિનધર્મની પ્રાપ્તિ રુચિરૂપે હોય તો પણ બોધિલાભરૂપ છે અને પરિણતિરૂપે હોય તો પણ વિશેષ પ્રકારના બોધિલાભરૂપ જ છે; અને આથી જ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ પણ નૈશ્ચયિક બોધિલાભ અર્થે પ્રાર્થના કરે છે અને નૈશ્ચયિક બોધિલાભ રુચિને અનુરૂપ અપ્રમાદભાવથી સંયમયોગમાં યત્ન કરવા સ્વરૂપ છે.

વર્તમાનમાં આવો બોધિલાભ થયો હોય તો પણ જન્માંતરમાં પણ તે અવિચ્છિન્નરૂપે મળે કે જેથી આ સંસારથી પાર પમાય, તદર્થે બોધિલાભની પ્રાર્થના કરવામાં આવેલ છે; અને બોધિલાભની પ્રાપ્તિ જન્માંતરમાં મળે તેના માટે ભાવસમાધિરૂપ ઉત્તમ સમાધિ આવશ્યક છે, તેથી ઉત્તમ ભાવસમાધિની પણ સ્વતંત્ર પ્રાર્થના કરવામાં આવે છે.

ભાવસમાધિ જ્ઞાનાદિમાં યત્નસ્વરૂપ છે અને તેમાં કરાયેલો યત્ન પરમ સ્વાસ્થ્યરૂપ મોક્ષનું કારણ છે. તેથી વર્તમાનમાં જ્ઞાનાદિમાં યત્ન કરવામાં આવે તો ભાવસમાધિ મળે અને ભાવસમાધિપૂર્વક મૃત્યુ થાય તો અવશ્ય બોધિલાભ અને અંતે પરમ સ્વાસ્થ્યરૂપ વીતરાગતા પ્રાપ્ત થાય છે.

ભગવાનની ભક્તિથી બોધિલાભ આદિ મળે છે, તેમાં આવશ્યકનિર્યુક્તિનો સાક્ષીપાઠ આ પ્રમાણે છે –

આવશ્યકનિર્યુક્તિ શ્લોક-૧૦૯૮માં કહ્યું કે –

**'भत्तिइ जिणवराणं परमाए खीणपिज्जदोसाणं**
**आरुग्गबोहिलाभं समाहिमरणं च पावंति' ।।१०९८।।**

"ક્ષીણ પ્રેમ-દ્વેષવાળા જિનેશ્વરોની પરમ=પ્રધાન, ભાવભક્તિથી જીવો આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણને પ્રાપ્ત કરે છે."

તથા ધર્મબિંદુમાં કહ્યું છે - हृदि स्थिते च भगवति क्लिष्टकर्मविगमः= ભગવાન હૃદયમાં ધારણ કરાયે છતે ક્લિષ્ટ કર્મો નાશ પામે છે અર્થાત્ ભગવાનની

ભક્તિથી કર્મક્ષય થાય છે અને તેનાથી સકલ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

**चंदेसु ..... दिंतु :-**

પૂર્વની ગાથામાં આરોગ્યઅર્થક બોધિલાભ અને ઉત્તમ શ્રેષ્ઠ સમાધિની માંગણી કરી. હવે સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ માટેની માંગણી છેલ્લી ગાથામાં કરે છે; અને દરેક માંગણી વખતે તીર્થંકરોને કોઈ વિશિષ્ટ ગુણોથી વિશેષિત કરવામાં આવે છે, તે જ રીતે પ્રસ્તુત ગાથામાં તીર્થંકરોને ચંદ્રોથી નિર્મલતર, સૂર્યોથી અધિક પ્રકાશને કરનારા અને શ્રેષ્ઠ સાગર=સ્વયંભૂરમણ સમુદ્ર, જેવા ગંભીર અને સિદ્ધ અવસ્થાને પામેલા, એ રૂપે સ્તુતિ કરીને સિદ્ધપદની માંગણી કરવામાં આવે છે કે "તેવા અરિહંત ભગવંતો મને સિદ્ધિને આપો."

**चंदेसु निम्मलयरा :-**

તીર્થંકરોને ચંદ્રોથી નિર્મલતર કહ્યા છે, તેનું તાત્પર્ય એ છે કે, જેમ ચંદ્ર શીતલતા ગુણને કારણે નિર્મલ ભાસે છે, તેમ કષાયોનો સંપૂર્ણ ક્ષય થઈ ગયો હોવાથી અત્યંત શીતલ પરિણામવાળા ભગવાન છે, તેથી નિર્મલતર છે.

**आइच्चेसु अहियं पयासयरा :-**

ભગવાન્ આદિત્યોથી=સૂર્યોથી અધિક પ્રકાશ કરનારા છે. તે આ પ્રમાણે - (૧) સૂર્ય પરિમિત ક્ષેત્રને પ્રકાશે છે, જ્યારે ભગવાન લોકલોકનો પ્રકાશ કરનારા છે. તેથી ભગવાન સૂર્યોથી પણ અધિક પ્રકાશ કરનારા છે.

(૨) સૂર્ય પ્રકાશપરિણામવાળાં પુદ્ગલો દ્વારા પ્રકાશ કરે છે, જ્યારે ભગવાન વચનપુદ્ગલો દ્વારા લોકાલોકનું યથાર્થ સ્વરૂપ બતાવીને, જીવો હિતમાં પ્રવૃત્તિ કરે અને અહિતથી નિવૃત્તિ કરે એ રીતે સન્માર્ગનું પ્રકાશન કરે છે.

(૩) ભગવાનથી જગતમાં ભાવપ્રકાશ પ્રગટે છે, જ્યારે સૂર્ય દ્વારા જગતમાં કેવલ દ્રવ્યપ્રકાશ જ પ્રગટે છે.

આથી ભગવાન સૂર્યો કરતાં અધિક પ્રકાશને કરનારા છે.

**सागरवरगंभीरा :-**

વળી ભગવાન સાગરવર અર્થાત્ શ્રેષ્ઠ સાગર=સ્વયંભૂરમણ સમુદ્ર,

જેવા ગંભીર છે. જેમ સ્વયંભૂરમણ સમુદ્ર ગમે તેવા ઉપદ્રવોથી ક્ષોભાયમાન થતો નથી અર્થાત્ ક્ષુભિત થઈને તેનું જલ બહાર નીકળીને પોતાની મર્યાદાને છોડતું નથી, તેમ તીર્થંકરો ગમે તેવા ઘોર ઉપસર્ગોમાં પણ પોતાના ભાવમાંથી બહાર નીકળીને ક્ષોભાયમાન થતા નથી.

**सिद्धा सिद्धिं मम दिसंतु :-**

"તેવા સિદ્ધ ભગવંતો મને સિદ્ધિને આપો," એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, ભગવાન પાસે સિદ્ધ અવસ્થા માંગવી છે અને તેથી ભગવાનને પણ સિદ્ધ અવસ્થારૂપે ઉપસ્થિત કરવા અર્થે સિદ્ધ કહે છે. અરિહંત પરમાત્માઓને ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય હોવાથી તેઓ સિદ્ધિગતિને અતિ આસન્ન ભાવવાળા છે. તેથી સિદ્ધિગતિની તેમને પ્રાપ્તિ થયેલી છે, એ પ્રકારનો ઉપચાર કરીને તેઓને સકલ કર્મોથી રહિત સિદ્ધરૂપે અહીં ગ્રહણ કરેલ છે. આ રીતે "સિદ્ધ ભગવંતો મને સિદ્ધિને આપો;" એ પ્રકારનું ઉચ્ચારણ કરીને પોતાની જે સિદ્ધિની પ્રાપ્તિને અર્થે બલવાન રુચિ વર્તી રહી છે, તેને વિશેષ રીતે ઉલ્લસિત કરવાનો યત્ન કરે છે, જેથી સિદ્ધિપ્રાપ્તિને અનુકૂળ સત્ત્વનો વિશેષ વિશેષ પ્રકર્ષ તેને પ્રાપ્ત થાય.

## ।। १०. करेमि भंते सूत्रं ।।

**करेमि भंते ! सामाइअं, सावज्जं जोगं पच्चक्खामि ।**
**जाव नियमं पज्जुवासामि, दुविहं तिविहेणं,**
**मणेणं वायाए काएणं, न करेमि, न कारवेमि ।**
**तस्स भंते ! पडिक्कमामि, निंदामि, गरिहामि,**
**अप्पाणं वोसिरामि ।।**

**'करेमि भंते' સૂત્રની ભૂમિકા :-**

સામાયિક એ સમભાવના પરિણામરૂપ છે અને સમભાવનો પ્રકર્ષ વીતરાગદશામાં હોય છે, જે દરેક સાધકનું સાધ્ય છે. તેથી દેશવિરતિધર શ્રાવક સામાયિક ગ્રહણ કરે ત્યારે વીતરાગભાવને અનુકૂળ મન-વચન-કાયાના યોગોને સુદૃઢ પ્રવર્તાવે, અને સાધુ પણ સંયમ ગ્રહણ કર્યા પછી મન-વચન-

કાયાના યોગોને સુદૃઢ પ્રવર્તાવે.

શ્રાવક સામાયિક કરે કે પૌષધકાળે સામાયિક ગ્રહણ કરે ત્યારે નિયત કાળમર્યાદા સુધી સર્વ સાવદ્ય પ્રવૃત્તિનો દ્વિવિધ-ત્રિવિધ ત્યાગ કરીને સામાયિકના પરિણામની વૃદ્ધિના ઉપાયભૂત સ્વાધ્યાય-ધ્યાનમાં યત્ન કરે છે. પરંતુ શ્રાવકને હજી સર્વસાવદ્યનો સંપૂર્ણ ત્યાગ નથી, તેથી સાધુની સામાયિક કરતાં શ્રાવકની સામાયિક નીચલી ભૂમિકાવાળી છે. છતાં જેમ સાધુ સંપૂર્ણ સાવદ્યયોગને છોડીને નિરવદ્ય યોગમાં મન-વચન-કાયાથી યત્ન કરે છે અને ધ્યાન-અધ્યયનમાં યત્ન કરે છે, તેમ સામાયિકકાળ દરમ્યાન શ્રાવક પણ સર્વસાવદ્યયોગના દ્વિવિધ-ત્રિવિધ ત્યાગપૂર્વક નિરવદ્ય યોગો પ્રવર્તે તે રીતે ધ્યાન-અધ્યયનમાં યત્ન કરે છે. તેથી માનસયત્નરૂપે શ્રાવક અને સાધુનો સામાયિકમાં યત્ન સમાનરૂપે દેખાવા છતાં, મર્યાદિત કાળની પ્રતિજ્ઞા હોવાને કારણે શ્રાવકને આરંભ-સમારંભની અનુમતિ ચિત્તમાં વર્તે છે, જ્યારે સાધુને આજીવન આરંભનો ત્યાગ હોવાથી તે પ્રકારનો આરંભનો અધ્યવસાય ચિત્તમાં વર્તતો નથી. તેથી સાધુની સામાયિક ત્રિવિધ-ત્રિવિધ સાવદ્યયોગના પરિહારથી હોય છે, જ્યારે શ્રાવકની સામાયિક દ્વિવિધ-ત્રિવિધ સાવદ્યયોગના પરિહારથી હોય છે.

કોઈ પણ ક્રિયા ઉપયોગપૂર્વક થાય છે, ત્યારે ભાવથી થાય છે અને અનુપયોગપૂર્વક થાય છે, ત્યારે દ્રવ્યથી થાય છે; કેમ કે 'अणुवओगो दव्वं' એ પ્રકારનું શાસ્ત્રવચન છે અને ઉપયોગ એ માનસયત્ન નથી, પરંતુ ક્રિયામાં કરાતા તદર્થાલોચનાદિ ચાર ભાવો રૂપ છે.

**(૧) તદર્થ આલોચન** **(૨) ગુણનો રાગ**

**(૩) અપૂર્વ પ્રાપ્તિનો હર્ષ** **(૪) વિધિની સ્ખલનામાં સંત્રાસ**

ઉપરમાં કહેલા ચાર પ્રકારના ભાવોનું સામાયિકમાં આ રીતે યોજન છે -

**(૧) તદર્થ આલોચન=સામાયિક સૂત્રના અર્થનું આલોચન :-**

સર્વ દર્શનકારો મોક્ષમાર્ગને બતાવનારા છે. તેથી મોક્ષરૂપ સાધ્યમાં બધાની એકવાક્યતા છે. વળી મોક્ષપ્રાપ્તિનો ઉપાય અસંગભાવની પ્રાપ્તિ છે, તેમ પણ સર્વ દર્શનકારો જુદા જુદા શબ્દોથી માને છે. આમ છતાં મોક્ષની

પ્રાપ્તિના ઉપાયરૂપે ઉચિત ક્રિયાઓ જેવી સર્વજ્ઞએ આપી છે, તેવી અન્ય દર્શનકારો બતાવી શક્યા નથી, એ પ્રકારે સામાયિક સૂત્રના અર્થનું આલોચન કરવાથી સામાયિક સૂત્ર પ્રત્યે અને તેના અર્થો પ્રત્યે પારમાર્થિક અહોભાવ થાય છે, અને અન્ય દર્શનકારોની ક્રિયા કરતાં ભગવાને બતાવેલી સામાયિકની ક્રિયા અસંગભાવનું કારણ કઈ રીતે છે ? તે સામાયિક સૂત્રના અર્થને જોવાથી જણાય છે; કેમ કે સામાયિક સૂત્રમાં બતાવેલ ક્રિયા પ્રમાણે યત્ન કરવામાં આવે તો ક્રમે ક્રમે કરીને જીવ અસંગ ભાવને પામે છે. તે આ રીતે --

સામાયિકની ક્રિયામાં પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે, **"હું સામાયિક કરું છું"** અર્થાત્ મન-વચન-કાયાના યોગોને સમભાવના પરિણામમાં પ્રવર્તાવું છું. આ સામાયિકનો પરિણામ શત્રુ-મિત્ર પ્રત્યે, જીવન-મૃત્યુ પ્રત્યે, શાતા-અશાતા પ્રત્યે સમભાવના પરિણામ સ્વરૂપ છે. આવા પરિણામમાં યત્ન કરવા માટે સર્વ સાવદ્ય યોગનો ત્યાગ આવશ્યક છે. તેથી "હું સામાયિક કરું છું" તે પ્રકારની પ્રતિજ્ઞા કર્યા પછી "સર્વ સાવદ્ય યોગનો ત્યાગ કરું છું" તેમ પ્રતિજ્ઞા કરવામાં આવે છે, અને સર્વ સાવદ્ય યોગનો ત્યાગ કરવા માટે સામાયિકના અવધિકાળ સુધી કોઈ નિમિત્તને પામીને રાગનો પરિણામ સ્ફુરણ ન થાય તેવો યત્ન કરવાનો છે, તેમ દ્વેષનો પરિણામ સ્ફુરણ ન થાય તેવો યત્ન કરવાનો છે. વળી સર્વ જીવો પ્રત્યે સમભાવ વર્તે તદર્થે છકાયના પાલનનો અપ્રમાદભાવ કરવાનો છે, કોઈક કારણે કાયાની ચેષ્ટા કરવી આવશ્યક જણાય તો પૂર્ણ યતનાપૂર્વક કાયાને પ્રવર્તાવવામાં યત્ન કરવાનો છે અને ચિત્ત રાગ-દ્વેષના સંશ્લેષવાળું ન થાય તે રીતે સામાયિકના પરિણામની વૃદ્ધિ કરવા અર્થે સ્વાધ્યાયાદિમાં યત્ન કરવાનો છે. આવો યત્ન કરવામાં આવે તો સર્વ સાવદ્ય યોગનો પરિહાર થાય.

**(૨) ગુણરાગ :-**

આ પ્રકારના સામાયિકના અર્થથી જ તે અર્થ પ્રગટ થાય છે કે આ સામાયિકનો પરિણામ અસંગભાવ તરફ જઈ રહ્યો છે, જે પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ બને છે. આ પ્રકારના સામાયિકસૂત્રના અર્થને સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક આલોચન કરવામાં આવે તો સામાયિક સૂત્રને દેનારા ભગવાન,

સામાયિકસૂત્ર અને સામાયિકમાં બતાવેલા સૂત્રોના અર્થો પ્રત્યે રાગ પ્રગટે છે, જે ગુણરાગ સ્વરૂપ છે.

**(૩) અપૂર્વ પ્રાપ્તિનો હર્ષ :-**

ઉપરમાં સામાયિકસૂત્રનો અર્થ બતાવ્યો તે રીતે સૂત્રના અર્થનું આલોચન કરવાથી વિચારકને એ જણાય છે કે, આવા પ્રકારનો સામાયિકનો પરમાર્થ મેં અનંતકાળમાં ક્યારેય પ્રાપ્ત કર્યો નથી, તેથી જ હું સંસારમાં છું. જો મેં પૂર્વે આવો પરમાર્થ પ્રાપ્ત કર્યો હોત તો અવશ્ય આ સામાયિકના પરિણામથી જ સંસારનો ઉચ્છેદ થઈ ગયો હોત. અત્યારે આ સામાયિકનો પરમાર્થ મને પ્રાપ્ત થયો છે, માટે અપૂર્વ તત્ત્વની પ્રાપ્તિ થઈ છે. આમ, સાધક અપૂર્વ પ્રાપ્તિનો હર્ષ અનુભવે છે.

**(૪) વિધિની સ્ખલનામાં સંત્રાસ :-**

આવું અપૂર્વ તત્ત્વ પામીને શાસ્ત્રવચનની વિધિપૂર્વક સાધક સામાયિકમાં યત્ન કરે. આમ છતાં વિધિ અત્યંત દુષ્કર છે, અપ્રમાદભાવનો અભ્યાસ નથી. તેથી વિધિમાં સ્ખલના થાય ત્યારે વિચારકને સંત્રાસ થાય કે, આવા અપૂર્વ તત્ત્વને પામીને, હું હજુ સામાયિક વિધિપૂર્વક કરી શકતો નથી, માટે 'हा ! विराधकोऽहं' 'હા ! હું વિરાધક છું' એ પ્રકારનો સંત્રાસ થાય. જેથી પ્રમાદને છોડીને વિધિમાં દૃઢ યત્ન કરવાનું વીર્ય ઉલ્લસિત બને.

આવા પ્રકારના ચાર ભાવો જેમાં વર્તતા હોય તે સામાયિકની ક્રિયા ઉપયોગપૂર્વકની છે, અને ઉપયોગપૂર્વક કરાયેલી આ સામાયિકની ક્રિયા ઉત્તરોત્તર પ્રકૃષ્ટ પુણ્યાનુબંધીપુણ્ય પ્રાપ્ત કરાવીને સંસારના ઉચ્છેદનું કારણ બને છે. માટે ગંભીરતાપૂર્વક સામાયિકના અર્થનું આલોચન કરીને સામાયિકની નિષ્પત્તિમાં ઉપયોગી એવા તદર્થાલોચનાદિ ચાર ભાવોમાં સાધકે પ્રયત્ન કરવો જોઈએ.

**સૂત્રનો અર્થ :-**

હે ભદન્ત !=હે કલ્યાણને કરનાર ! અથવા હે ભવના અંતને કરનારા ! અથવા ભયના અંતને કરનારા ! હું સામાયિક કરું છું. હું સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરું છું=સાવદ્યયોગના ત્યાગની પ્રતિજ્ઞા કરું છું.

અહીં પ્રશ્ન થાય કે, કેવી રીતે સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરવાનું છે ? તેથી કહે છે -

જ્યાં સુધી હું નિયમની પર્યુપાસના કરું છું=પ્રતિજ્ઞાને સેવું છું, ત્યાં સુધી=તેટલા કાળમાન સુધી, દ્વિવિધ-ત્રિવિધ વડે, મન-વચન-કાયાથી સાવદ્યયોગ કરું નહીં, કરાવું નહીં. હે ભદંત ! તેનું=પૂર્વમાં સેવાયેલા સાવદ્યયોગો કે જે અનુવૃત્તિરૂપે હોય તો વર્તમાનમાં સ્વીકારાયેલા સામાયિકના પરિણામમાં માલિન્ય કરનાર અતિચારરૂપ છે તેનું, હું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, જુગુપ્સા કરું છું, આત્માને=અતીતકાલીન સાવદ્યયોગવાળા આત્માને, વોસિરાવું છું=વિશેષથી અત્યંત ત્યાગ કરું છું.

**-: વિશેષાર્થ :-**

**'करेमि भंते सामाइयं' :-**

'હે ભદંત !' ગુરુને કરાતા આ સંબોધનમાં વંદનક્રિયાની જેમ ક્ષમાશ્રમણાદિ શબ્દથી ઉલ્લેખ ન કરતાં 'ભદન્ત' શબ્દથી ઉલ્લેખ કેમ કર્યો ? તેનું સમાધાન એ છે કે, વંદનસૂત્રમાં ક્ષમાશ્રમણ શબ્દથી દશવિધ યતિધર્મમાં રહેલા સાધુની ઉપસ્થિતિ કરીને તેમને વંદનક્રિયા કરવાની છે, જેથી વંદન કરનારને વંદ્યના ગુણોની ઉપસ્થિતિને કારણે તે ભાવને અભિમુખ બહુમાનની વૃદ્ધિ થાય છે; પરંતુ કરેમિ ભંતે સૂત્રમાં ગુરુની મારા પ્રત્યે કયા પ્રકારે ઉપકારકતા છે, તે ઉપકારકતાને સામે રાખીને સંબોધન કરેલ છે. તેના ત્રણ અર્થ આ પ્રમાણે છે -

(૧) ભદંત=કલ્યાણને કરનારા. જે કલ્યાણને કરનારા છે, તેવા ગુરુને હું પરતંત્ર થાઉં તો અવશ્ય મને કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરાવશે.

(૨) ભવાંત=ભવના અંતને કરનારા. જે ભવના અંતને કરનારા છે, તેવા ગુરુને હું પરતંત્ર થાઉં તો અવશ્ય મારો ચાર ગતિના ભ્રમણરૂપ ભવનો અંત થશે.

(૩) ભયાંત=ભયના અંતને કરનારા. જે ભયના અંતને કરનારા છે, તેવા ગુરુને હું પરતંત્ર થાઉં તો અવશ્ય મારા સાત ભયનો અંત થશે.

તે આ પ્રમાણે :-

(૧) ભદંત શબ્દથી કલ્યાણને કરનારા ગુરુની ઉપસ્થિતિ થાય ત્યારે એ ભાવ થાય છે કે, આ ગુણવાન ગુરુને પરતંત્ર થઈશ તો સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષરૂપ પરમ કલ્યાણને હું અવશ્ય પ્રાપ્ત કરીશ.

(૨) ભંતે શબ્દનો અર્થ ભવાંત ગ્રહણ કરીએ ત્યારે સંસારના સ્વરૂપથી ત્રાસ પામેલો જીવ વિચારે છે કે, મહાત્રાસના કારણભૂત એવા ભવનો અંત કરનારા આ ગુરુ છે, માટે તેમને પરતંત્ર થઈને હું સામાયિક ગ્રહણ કરું, જેથી મારા ભવનો અંત થાય.

(૩) મરણ, આજીવિકા, રોગાદિ સાત ભયોથી વ્યાપ્ત આ સંસાર છે. સંસારી જીવો આ સાતે ભયોના નિવારણ અર્થે સર્વ શક્તિઓનો ઉપયોગ કરે છે, છતાં પારમાર્થિક રીતે તેનું નિવારણ કરી શકતા નથી; કેમ કે સંસારમાં રહીને મૃત્યુનું નિવારણ થઈ શકે તેમ નથી. તેમ પુણ્યનો સહકાર હોય અને ઔષધાદિ પ્રયોગ કરે તો રોગ તત્કાળ નિવારી પણ શકે, છતાં સંસારના પરિભ્રમણકાળમાં અનેકવાર રોગોથી વ્યાપ્ત શરીર પ્રાપ્ત થાય છે, તેથી સંસારમાં રહીને રોગનિવારણ શક્ય નથી. તેવી જ રીતે આજીવિકાના ભયનું પુણ્યના સહકારથી વર્તમાનમાં ધનાર્જનાદિ દ્વારા નિવારણ કરે, તો પણ ઘણા જન્મોમાં આજીવિકાની સામગ્રી જ ન મળે તેવું અનંતીવાર થાય. તેથી સંસારમાં રહીને ભયોનું નિવારણ શક્ય નથી. પરંતુ ભગવાનના વચનાનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તો સદ્ગતિની પરંપરા શરૂ થતાં સર્વ ભયોથી જીવ ધીરે ધીરે મુક્ત બને, અને અંતે મોક્ષમાં જાય ત્યારે સંપૂર્ણ ભય વગરનો થાય છે. તેવી ભય વગરની અવસ્થા પ્રાપ્ત કરાવનારા આ ગુરુ છે.

આથી આવા તેમના ગુણોની ઉપસ્થિતિ કરી 'ભદન્ત' શબ્દથી અપૂર્વ આદરપૂર્વક સંબોધન કરી, તેમને પરતંત્ર થઈ, તેમની સાક્ષીએ સાધક 'હું સામાયિક કરું છું' - એવો સંકલ્પ કરે છે. ગુણોથી કલિત (અલંકૃત) એવા ગુરુ, પોતાને પરતંત્ર એવા શિષ્યને ભગવાનના વચનાનુસાર પ્રવર્તાવી અવશ્ય તેના ભયનો અને ભવનો અંત કરી કલ્યાણ કરનારા થાય છે.

સામાયિક=સમભાવની પ્રાપ્તિ. નિષ્ઠાપ્રાપ્ત સામાયિક=અંતિમ

ભૂમિકાવાળું ક્ષાયિકભાવનું સામાયિક, વીતરાગને હોય છે. જીવો સામાયિકગ્રહણની પૂર્વે પોતાનો ઉપયોગ, સંસારના કોઈ જીવો કે પુદ્ગલ પદાર્થોનું નિમિત્ત ગ્રહણ કરી રાગ-દ્વેષમાં પ્રવર્તાવતા હોય છે, તેથી તેમને અસામાયિકભાવ વર્તતો હોય છે. આથી, હવે સામાયિક ગ્રહણ કરે છે ત્યારથી માંડી સામાયિક્ના અવધિકાળ સુધી, સાધક જીવ, મન-વચન-કાયાના યોગોને, સુભટની જેમ કષાયરૂપી શત્રુના ઉચ્છેદમાં સુદૃઢ રીતે પ્રવર્તાવે છે. આથી તેને કોઈ જીવો સાથે હવે સંપર્ક થાય ત્યારે પણ, તેમના મધુર કે કઠોર શબ્દો કે તે જીવોના ભાવો કે લાગણીઓને ગ્રહણ કરીને, પોતાના વર્તનમાં રાગ-દ્વેષના ભાવો ન પ્રવર્તે, પરંતુ ઉચિત સ્વાધ્યાયાદિ ક્રિયામાં સંવેગની વૃદ્ધિને અનુકૂળ સુદૃઢ યત્ન પ્રવર્તે, તેવો માનસિક યત્ન કરે છે, જેથી સ્વાધ્યાયાદિ દ્વારા સંવેગની વૃદ્ધિ થાય અને ઉદયમાન રાગાદિ ભાવો સ્વના ઉચ્છેદમાં પ્રવર્તે અને નિષ્કષાયના પરિણામરૂપ સમભાવનો પરિણામ ઉપર ઉપરની ભૂમિકાનો પ્રગટ થાય.

સંસારી જીવો ૧૦મા ગુણસ્થાનક સુધી કષાયવાળા છે, તેથી ૧૦મા ગુણસ્થાનક પર્યંત ચાર કષાયમાંથી કોઈ એક કષાય તેમને અવશ્ય ઉદયમાં હોય છે; અને જે ઉદયમાન કષાય હોય છે, તે જ્યારે સ્વના=તે કષાયના, ઉચ્છેદમાં પ્રવર્તે છે, ત્યારે જીવને સમભાવનો પરિણામ પ્રગટ થાય છે. જેમ કાંટાથી જ કાંટો નીકળે તેમ ઉદયમાન કષાય જ કષાયના ઉચ્છેદમાં પ્રવર્તે છે. તેથી શ્રાવક સામાયિકકાળ દરમ્યાન અને મુનિ આજીવન, પોતાના વિદ્યમાન ભૂમિકાના કષાયોને સ્વના=કષાયોના, ઉચ્છેદ માટે પ્રવર્તાવે છે.

સામાયિકના પરિણામવાળા દેશવિરતિધર શ્રાવકો, સર્વવિરતિધર મુનિઓ, અપ્રમત્ત મુનિઓ, વીતરાગ મુનિઓ અને સિદ્ધના જીવો પણ હોય છે, પરંતુ તે સર્વનો સામાયિકનો પરિણામ ભિન્ન-ભિન્ન ભૂમિકાનો છે. શ્રાવકનો સામાયિકનો પરિણામ આદ્યભૂમિકાનો છે, જેમાં સાવદ્યની અનુમતિનો પરિહાર થઈ શકતો નથી; જ્યારે સાધુનો સામાયિકનો પરિણામ શ્રાવક કરતાં ઊંચી ભૂમિકાનો છે, તેથી સર્વસાવદ્યના પરિહારપૂર્વક સમભાવમાં યત્ન કરે છે. આ બંને ભૂમિકાઓ સવિકલ્પ સામાયિકવાળાની છે અને સવિકલ્પ સામાયિકવાળા પ્રકર્ષ અવસ્થાને પામીને જ્યારે નિર્વિકલ્પદશાને પામે છે,

ત્યારે તેઓનું સામાયિક વિશુદ્ધ બને છે અને વિશુદ્ધ બનેલું તે જ સામાયિક પ્રકર્ષને પામીને વીતરાગદશામાં પૂર્ણ શુદ્ધ બને છે અને તે જ સામાયિકનો પરિણામ સિદ્ધ અવસ્થામાં સદાને માટે અવસ્થિત રહે છે.

## -: સવિકલ્પ-નિર્વિકલ્પ-સાધારણ સામાયિકનું લક્ષણ :-

**समभावो सामाइअं तणकंचणसत्तुमित्तविसओत्ति ।**
**निरभिसंगं चित्तं उचियपवित्तिपहाणं च ।।** - પંચાશક

સવિકલ્પ સામાયિક અને નિર્વિકલ્પ સામાયિકનો ભેદ આ પ્રમાણે છે -

### (૧) સવિકલ્પ સામાયિક :-

પંચાશકના આ શ્લોકમાં કહ્યું કે, સામાયિકકાળમાં નિરભિષ્વંગ ચિત્ત હોય છે, સર્વત્ર ઉચિત પ્રવૃત્તિની પ્રધાનતા હોય છે અને તૃણ-સુવર્ણ, શત્રુ-મિત્રના વિષયમાં સમાન પરિણામ હોય છે. "આવો સમભાવનો પરિણામ મારે કરવો છે" એ પ્રકારના વિકલ્પથી શ્રાવક કે મુનિઓ સમભાવમાં યત્ન કરે છે, તે સવિકલ્પ સામાયિક છે, અને ત્યારે સમભાવ પ્રત્યે રાગનો વિકલ્પ અને અસમભાવ પ્રત્યે દ્વેષનો વિકલ્પ હોય છે. તેથી સમભાવ પ્રત્યેના રાગથી ઉપયુક્ત થઈને સમભાવવર્ધક સ્વાધ્યાયાદિમાં મન-વચન-કાયાને પ્રવર્તાવે છે, અને અસમભાવ પ્રત્યેના દ્વેષના ઉલ્લેખને કારણે પોતાને અસમભાવ ન સ્પર્શે એ રીતે બાહ્ય પદાર્થો કે જીવો સાથે ઉચિત વ્યવહાર કરે છે.

આવા સમભાવના પરિણામવાળા અને સવિકલ્પ દશાવાળા મુનિઓ, સમભાવ પ્રત્યેના રાગ અને અસમભાવ પ્રત્યેના દ્વેષનો વિકલ્પ કરતા હોય ત્યારે, એક જ સમયે રાગ અને દ્વેષ બંનેનો ઉપયોગ સાથે નથી હોતો, એક કાળે રાગ કે દ્વેષમાંથી એકનો જ ઉપયોગ હોય છે. તેથી જ્યારે સમભાવ પ્રત્યેના રાગને અભિમુખ ઉપયોગ હોય છે, ત્યારે સ્વાધ્યાયાદિ ઉચિત ક્રિયા દ્વારા સંવેગની વૃદ્ધિ કરીને સમભાવને વધારે છે; અને જ્યારે ચક્ષુરિન્દ્રિય આદિ કોઈ પણ ઈન્દ્રિય સાથે કોઈ વિષયનો સંપર્ક થાય, ત્યારે તે નિમિત્તને પામીને "મને અસમભાવનો પરિણામ ન સ્પર્શો" તેવો અસમભાવ પ્રત્યેનો દ્વેષોલ્લેખ જાગૃત થાય છે, તેથી તે નિમિત્તને આશ્રયીને ક્યાંય રાગ-દ્વેષનો

પરિણામ પ્રગટ થતો નથી. આથી સહવર્તી સાધુઓ સાથે સ્વાધ્યાયાદિ કરતાં કે વાચના લેતાં કોઈનાં મધુર વચનો કે કટુવચનો હોય તો પણ તેને આશ્રયીને રાગાદિ પરિણામ ન થાય તે રીતે શ્રોત્રેન્દ્રિયમાં ઉપયુક્ત હોય છે, તેમ જ આંખે દેખાતો કોઈ પદાર્થ રાગ-દ્વેષને સ્ફુરણ ન કરે તે રીતે ચક્ષુરિન્દ્રિયમાં ઉપયુક્ત હોય છે. યાવત્ શરીરની શાતા-અશાતાને આશ્રયીને પણ રાગ-દ્વેષનો પરિણામ ન સ્પર્શે તે રીતે ઉપયુક્ત હોય છે, તે સર્વમાં નિયામક અંતરંગ રીતે જાગૃત અસમભાવ પ્રત્યેના દ્વેષનો ઉલ્લેખ જ છે.

જેમ કોઈ મુસાફર, કાંટા પથરાયેલા સ્થાનમાંથી પસાર થતો હોય ત્યારે, અત્યંત ઉપયોગપૂર્વક, કાંટો ક્યાંય ન લાગે તે રીતે પગ મૂકે છે, આમ છતાં ક્વચિત્ કાંટો લાગી જાય તો પણ તુરત જ તેને કાઢી નાંખે છે. કદાચ તત્કાળ કાંટો ન પણ નીકળે તો પણ મારે આ કાંટો જલદી કાઢવો છે, તેવો વિકલ્પ રાખીને સ્થાને પહોંચી તે કાંટો અવશ્ય કાઢે છે. તેમ સવિકલ્પ દશાવાળા સામાયિકના પરિણામવાળા જીવો, પોતાના સામાયિકકાળ દરમ્યાન કોઈ પણ નિમિત્તને પામીને રાગ-દ્વેષના પરિણામરૂપ અસમભાવના પરિણામના કાંટા ન લાગે તે રીતે યત્ન કરતા હોય છે, આમ છતાં અનાભોગ કે સહસાત્કારથી તેવો કોઈ પરિણામ થઈ ગયો હોય તો તત્કાળ તેની નિંદા કરીને તે પરિણામને દૂર કરે છે. કદાચ કંઈક અશુદ્ધિ રહી ગઈ હોય તો તેની શુદ્ધિ કરવાનો સંકલ્પ રાખીને, આલોચનાકાળમાં તે પરિણામની સ્મૃતિ કરીને, તે ભાવ પ્રત્યે અત્યંત જુગુપ્સા કરીને તે પરિણામને દૂર કરે છે. પરંતુ જે સાધુઓ કે શ્રાવકો સામાયિકકાળ દરમ્યાન તે રીતે ઉપયોગમાં યત્ન કરતા નથી, તેઓ કદાચ સંયમને ઉચિત ક્રિયા કરતા હોય તો પણ તેમની ઈન્દ્રિયો અને તેમની શરીરની પ્રવૃત્તિઓ અયતનાપૂર્વક પ્રવર્તતી હોવાથી સતત તે તે નિમિત્તો પ્રમાણે રાગાદિ ભાવો થયા કરે છે, અને તે જ પ્રમાણે આત્મામાં કર્મરૂપી કંટકો અને અસમભાવના સંસ્કારો સ્થિર થતા હોય છે. તેથી સંયમગાત્રરૂપ મુનિનો દેહ કે શ્રાવકનો દેહ નાશ પામે છે, અને તેથી જ તેઓ બાહ્યથી સંયમની ક્રિયા કરવા છતાં વસ્તુતઃ અસંયમી જ હોય છે. છતાં સામાયિક કરવાનો શુભ આશય છે, તે ધર્મમાત્ર ફળવાળી ક્રિયા છે માટે સર્વથા નિરર્થક પણ નથી.

વળી આ સવિકલ્પ સામાયિકવાળાને સામાયિકકાળ દરમ્યાન ગુણ પ્રત્યેના રાગરૂપ પ્રશસ્ત રાગ કે અસમભાવ પ્રત્યેના દ્વેષરૂપ પ્રશસ્ત દ્વેષ હોય છે, પરંતુ અન્ય કોઈ જીવની અનુચિત પ્રવૃત્તિ પ્રત્યેનો દ્વેષ થાય તો તે પ્રશસ્ત કષાય નથી. જેમ શિષ્યોની સંયમની અનુચિત પ્રવૃત્તિ જોઈને ચંડરુદ્રાચાર્ય ચંડ બન્યા હતા=ગુસ્સાવાળા થતા હતા, તે પણ પ્રશસ્ત કષાય ન હતો, પરંતુ સંયમમાં અતિચારરૂપ પરિણામ હતો. આમ છતાં ચંડરુદ્રાચાર્ય અનેક ગુણોથી યુક્ત હોવાથી અને પોતાનો ચંડ સ્વભાવ જાણતા હોવાથી તેના નિવર્તન માટે સદા સાવધાન રહેતા હતા, અને અનાભોગ-સહસાત્કારથી તે ભાવ થઈ જતો હતો, તો પણ આલોચનાદિથી તેની શુદ્ધિ કરતા હતા. માટે તેઓનું ચારિત્ર અતિચારવાળું હોવા છતાં તેમાં ચારિત્રનો પરિણામ પણ હતો.

વળી, સામાન્ય રીતે સમભાવના પરિણામવાળાને કોઈની અનુચિત પ્રવૃત્તિ જોતાં તે જીવ પ્રત્યે કરુણા થાય. તેથી તે વિચારે કે, હું શું યત્ન કરું કે જેથી તે જીવ અનુચિત પ્રવૃત્તિથી નિવર્તન પામે અને ઉચિત પ્રવૃત્તિ કરીને નિર્જરાનો ભાગી થાય ? પરંતુ અન્ય જીવોની અનુચિત પ્રવૃત્તિ જો પોતે સહન ન કરી શકે તો તે પોતાનામાં વર્તતો પ્રકૃતિદોષ છે. પરંતુ કોઈની અનુચિત પ્રવૃત્તિથી શાસનનું કોઈ અહિત થતું હોય, અને તે અહિતના નિવારણ અર્થે સામી વ્યક્તિને શિક્ષા કરવી આવશ્યક જણાય, તો તે વખતે તે વ્યક્તિ શાસનનું અહિત ન કરે, તેથી કંઈક કરુણાબુદ્ધિથી યુક્ત થઈ તેના પ્રતિ ગુસ્સો કરે, તે પ્રશસ્ત કષાય હોઈ શકે. જેમ વિષ્ણુકુમાર મુનિએ નમુચિ પ્રત્યે દ્વેષ કરેલો, ત્યાં પણ શાસનના રક્ષણનો પરિણામ હતો, અને નમુચિ પોતાનું અધિક અહિત કરીને વિશેષ પાપ ન કરે માટે જ તેનો વિનાશ કર્યો; પરંતુ તેની અનુચિત પ્રવૃત્તિને જોઈને તે જીવ પ્રત્યે દ્વેષભાવથી વિનાશ નથી કર્યો; કેમ કે પ્રશસ્ત કષાયમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ જ વર્તતો હોય છે.

**(૨) નિર્વિકલ્પ સામાયિક :-**

અપ્રમત્તાદિ ગુણસ્થાનકવર્તી જીવોમાં નિર્વિકલ્પ સામાયિકનો ઉપયોગ હોય છે અને નિર્વિકલ્પ અવસ્થામાં વિકલ્પાત્મક કષાય નહીં હોવા છતાં ઉદયમાન કષાય તે કષાયના જ ઉચ્છેદમાં પ્રવર્તે છે; તેથી વ્યક્ત રીતે અપ્રમત્તાદિ

મુનિઓ સમભાવનો રાગ કે અસમભાવનો દ્વેષ કરતા નથી, પરંતુ કોઈ જ પ્રકારની ઉત્સુકતા વિના સહજ પ્રકૃતિથી સ્વભાવ તરફ=પોતાના આત્મભાવો તરફ, શક્તિના પ્રકર્ષથી ગમન કરે છે. તેમાં જોકે સ્વભાવ તરફનો રાગ અને આત્મભાવોથી વિમુખ એવા સંસારના ભાવો પ્રત્યેનો દ્વેષ પ્રવર્તક બને છે; તો પણ "મારે સમભાવ જ કરવો છે અને અસમભાવ નથી કરવો" - તેવા સવિકલ્પ પરિણામવાળા મુનિઓ જેવો વિકલ્પાત્મક રાગાદિનો ઉલ્લેખ નથી. તેમ છતાં સ્વભાવ તરફના યત્નમાં ઉદયરૂપે પ્રવર્તતો રાગ સ્વભાવમાં જવા પ્રવર્તક બને છે, અને વિભાવ પ્રત્યે ઉદયરૂપે વર્તતો દ્વેષ અસ્વભાવ પ્રત્યે જતાં અટકાવે છે. એ રીતે કષાયો જ નિર્વિકલ્પ પરિણામવાળા જીવોને કષાયોના ઉચ્છેદમાં પ્રવર્તે છે.

**सावज्जं जोगं पच्चक्खामि ..... न कारवेमि :-**

પૂર્વમાં સામાયિકની પ્રતિજ્ઞા કરી, હવે તે ગ્રહણ કરાયેલા સામાયિકના પાલન માટે શું કરવું જોઈએ, તે બતાવવા અર્થે કહે છે – "હું સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરું છું. જ્યાં સુધી હું સામાયિકની મર્યાદામાં છું, ત્યાં સુધી મન, વચન અને કાયારૂપ ત્રણ કરણ દ્વારા, કરવા અને કરાવવારૂપે સાવદ્ય યોગ નહીં પ્રવર્તાવું," એ પ્રકારે પ્રત્યાખ્યાન કરે છે, અને સમભાવની પ્રાપ્તિ અર્થે, નિરવદ્ય પરિણામને ઉત્થિત કરવા માટે ચોક્કસ આસનમાં બેસી સામાયિક દરમ્યાન સ્વાધ્યાયાદિમાં યત્ન કરે છે. સ્વાધ્યાયાદિમાં જે આસન, સંવેગની વૃદ્ધિનું કારણ બને તે આસન સ્થાનયોગ બને છે. કોઈક કારણે તે આસનમાં રહેવાથી શરીરને અશાતાની પ્રતીતિ થાય ત્યારે અશાતાના દ્વેષથી તે આસન છોડી અન્ય આસન સ્વીકારે, તો સમભાવને અનુકૂળ યત્નમાં ખામી આવે. આથી સામાયિક દરમ્યાન શ્રાવક અશાતા પ્રત્યે દ્વેષ ન થાય તે રીતે ઉપયુક્ત થાય. છતાં જો સ્વાધ્યાયથી થતા ઊર્ણ, અર્થ, આલંબનયોગરૂપ ભાવોને ઉત્થિત કરવામાં અશાતા વ્યાઘાતક થતી હોય તો, તેના નિવારણ અર્થે સ્વાધ્યાયની પ્રવૃત્તિના ઉપાયરૂપે પગપ્રસારણાદિ ક્રિયા, સાવદ્યયોગ ન થાય તે રીતે પ્રમાર્જના સાથે કરે; કેમ કે અયતનાની કોઈ પણ શારીરિક, માનસિક કે વાચિક પ્રવૃત્તિ પ્રમાદથી થાય છે અને પ્રમાદ કષાયની વૃદ્ધિ કરે છે, જ્યારે સામાયિક દરમ્યાન કષાયના ઉચ્છેદનો યત્ન કરવાનો છે, તે જ સમભાવના યત્ન સ્વરૂપ છે.

અહીં વિશેષ એ છે કે, કોઈ જીવને પીડા કરવી, કોઈના પ્રાણનો નાશ કરવો કે કોઈને કષાયનો ઉદ્રેક કરાવવો તે પણ સાવદ્યયોગ છે. અહીં કોઈ જીવમાં પોતાનો પણ સંગ્રહ થઈ જતો હોવાથી પોતાને પીડા કરવી, પોતાના પ્રાણનો નાશ કરવો કે પોતાને કષાયનો ઉદ્રેક થાય, તે પણ સાવદ્યયોગ છે. અને પોતાનાથી અન્ય કોઈ જીવને પીડા આદિ થાય કે કોઈના કષાયના ઉદ્રેકમાં પોતે નિમિત્તરૂપ બને તો તે પણ સાવદ્યયોગરૂપ છે. આથી સાધુ કે સામાયિકકાળ દરમ્યાન શ્રાવક પોતાનાથી કોઈ જ જીવને સહેજ પણ પીડા ન થાય તે રીતે સર્વ યતના કરે છે, અને પોતાના નિમિત્તે અન્ય કોઈને કષાય ન થાય તેવો શક્તિના પ્રકર્ષથી યત્ન કરે છે, તેમ પોતાના કષાયના પરિહાર માટે પણ યત્ન કરે છે. એટલું જ નહીં પણ પદ્માસનાદિ આસનમાં બેસવાથી ક્રિયાથી પોતાને જે અશાતારૂપ પીડા થાય છે, તે પણ સંવેગની વૃદ્ધિનું કારણ બને તે રીતે સહન કરે છે. વળી સંયમની વૃદ્ધિ થાય તેમ હોય તો વાઉકાયની વિરાધના હોવા છતાં સાધુ કે સામાયિકમાં રહેલ શ્રાવક ગમનાદિ ચેષ્ટા કરે, અને પોતાને કાયાથી કંઈ ચેષ્ટા કરવી પડે તો પણ અન્ય જીવોની પીડાના પરિહાર અર્થે યતનાપૂર્વક પ્રવર્તે, તે સિવાય ત્રણ ગુપ્તિમાં રહે અર્થાત્ કાયાને કાચબાની જેમ સંકોચીને રહે, વચનને કોઈ કારણ ન હોય તો નિરુદ્ધ કરીને રહે અને કારણ હોતે છતે સ્વાધ્યાયાદિમાં પ્રવર્તાવીને રહે, અને મનને શુભધ્યાનમાં પ્રવર્તાવીને રહે તો સાવદ્યયોગનો પરિહાર સંભવે.

સામાયિકના પરિણામરૂપ સંવેગની વૃદ્ધિ માટે કરાતા ઉચિત ક્રિયાના યત્નકાળમાં કાયાદિની ચેષ્ટાથી જે કોઈ વાઉકાયાદિ જીવોની વિરાધના થાય છે, તે અશક્ય પરિહારરૂપ છે, તેથી તે વખતે કરાતો સંયમયોગને અનુકૂળ ઉચિત વ્યાપાર નિરવદ્ય યોગરૂપ છે; પરંતુ સંયમની કોઈ પણ ક્રિયા કરતાં શક્ય એટલો જીવહિંસાના પરિહાર માટે યત્ન ન કરવામાં આવે, તો તે વખતે થતી જીવહિંસા સાવદ્યયોગરૂપ છે. એટલું જ નહીં પણ યતનાનો અભાવ હોય તો કોઈ જીવની હિંસા ન પણ થાય, તો પણ તે સાવદ્યયોગરૂપ છે. આથી જ મુનિ યતનાપૂર્વક નદી ઊતરે છે તો નિરવદ્ય યોગ છે, પરંતુ પ્રમાદપૂર્વક પડિલેહણ કરતા હોય તો પણ ષટ્કાયના વિરાધક છે. માટે સાવદ્યયોગના પરિહાર માટે અને નિરવદ્ય યોગમાં યત્ન અર્થે શ્રાવકે કે મુનિએ ઉચિત

પ્રવૃત્તિમાં અપ્રમાદ વધે એ રીતે જ મન-વચન-કાયાને પ્રવર્તાવવા જોઈએ, તો જ સાવદ્યયોગનો પરિહાર થઈ શકે.

ક્યાં સુધી સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરું છું ? તેથી કહે છે – 'जाव नियमं पज्जुवासामि' - જ્યાં સુધી હું નિયમની પર્યુપાસના કરું છું=જ્યાં સુધી નિયત કાળમાનવાળી પ્રતિજ્ઞાની પર્યુપાસના કરું છું, ત્યાં સુધી સાવદ્યયોગનો ત્યાગ કરું છું.

શું સર્વથા સાવદ્યયોગનો ત્યાગ કરવાનો છે ? તેથી કહે છે - દુવિધ-ત્રિવિધથી સાવદ્યયોગનો ત્યાગ કરું છું. તે આ રીતે -

(૧) "મનથી, વચનથી અને કાયાથી હું પાપ કરું નહીં."

(૨) "મનથી, વચનથી અને કાયાથી હું પાપ કરાવું નહીં."

શાસ્ત્રરચનાની પદ્ધતિ એ છે કે, "यथोद्देशं निर्देशः" અર્થાત્ જે પ્રમાણે પૂર્વમાં કથન કર્યું હોય, તદનુસાર જ નિર્દેશ=વિવરણ, કરવામાં આવે. આ 'કરેમિ ભંતે' સૂત્રમાં 'દુવિહં તિવિહેણં' શબ્દ ઉદ્દેશ વચન છે. તે ઉદ્દેશ વચનમાં પ્રથમ 'દુવિહં' શબ્દ દ્વારા બે પ્રકારે એટલે કરણ, કરાવણરૂપ યોગનું ગ્રહણ છે, અને તિવિહેણં શબ્દ દ્વારા મન, વચન અને કાયારૂપ ત્રણ કરણ (સાધન)નું ગ્રહણ છે. તેથી તેના વિવરણરૂપ નિર્દેશ સમયે તે જ ક્રમથી કહેવું જોઈએ અર્થાત્ પ્રથમ દ્વિવિધ યોગનું કથન કરી, પછી ત્રિવિધ કરણનું કથન કરવું જોઈએ. તેના બદલે વ્યત્યય કરી, પ્રથમ મણેણં, વાયાએ, કાએણં રૂપ ત્રિવિધ કરણ કહી પછી ન કરેમિ, ન કારવેમિરૂપ દ્વિવિધ યોગનું ગ્રહણ કર્યું. તેનું કારણ એ છે કે સંસારની કે સંયમની કોઈ પણ કરણ-કરાવણની ક્રિયા મન-વચન-કાયારૂપ સાધનને આધીન છે. તેથી સાધનને પ્રધાન બતાવવા માટે નિર્દેશ વચનમાં મન-વચન-કાયાને પ્રથમ ગ્રહણ કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે, ઉદ્દેશ વચનમાં પણ તિવિહેણં-દુવિહેણં એમ કેમ ન કહ્યું ? તેનું કારણ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનમાં કરણ-કરાવણ પ્રધાનરૂપે પ્રત્યાખ્યેય છે=પ્રત્યાખ્યાન કરવા યોગ્ય છે=ત્યાગ કરવા યોગ્ય છે. તેથી તે બતાવવા માટે ઉદ્દેશ વચનમાં પ્રથમ કરણ-કરાવણરૂપ 'દુવિહં'નું ગ્રહણ કરી, પછી 'તિવિહેણં' શબ્દ સૂત્રમાં ગ્રહણ કર્યો.

આ દ્વિવિધ-ત્રિવિધ સાવદ્યયોગના પ્રત્યાખ્યાન કરવા દ્વારા હવે સાધક ભવિષ્યમાં નિયત કાળ સુધી ત્રણે કરણો વડે "હું સ્વયં સાવદ્યમાં પ્રવૃત્તિ કરીશ નહિ અને અન્યને પણ સાવદ્યમાં પ્રવૃત્તિ કરાવીશ નહીં," એવો દૃઢ સંકલ્પ કરે છે; જે નિયત કાળ સુધી મોક્ષને અનુકૂળ નિરવદ્ય પ્રવૃત્તિ દ્વારા સમભાવને ઉત્થિત કરવામાં કારણરૂપ બને છે અને આત્માને સાવદ્યયોગથી ગુપ્ત કરે છે. આ રીતે સામાયિક કરતી વખતે શ્રાવક ગુપ્તિને અભિમુખ પરિણામવાળો હોવા છતાં પણ તેને સંપત્તિ આદિ પ્રત્યે પોતાપણાની બુદ્ધિ વિચારરૂપે નહીં, પરંતુ અનુવૃત્તિરૂપે વર્તે છે. તેથી ઘર કે દુકાનમાં જે કાર્યો થઈ રહ્યાં છે, તેની અનુમોદના પણ વર્તે છે; અને કદાચ ગૃહકાર્યો ન થતાં હોય તો પણ પોતાની જે કાંઈ સંપત્તિ છે, તેમાં પોતાનાપણાની બુદ્ધિરૂપે અનુમોદનના પરિણામ વર્તે છે; અને સાથે જ વર્તમાનમાં સામાયિકમાં તે સર્વ પાપોના કરણ-કરાવણને આશ્રયીને અને મન-વચન-કાયાને આશ્રયીને ગુપ્તિઓ તરફનો યત્ન પણ વર્તી રહ્યો છે, તેથી ત્યાં સામાયિકભાવ પણ નિષ્પન્ન થાય છે. આથી શ્રાવકને મુનિની જેમ ત્રિવિધ-ત્રિવિધનો પરિણામ નથી, પરંતુ દ્વિવિધ-ત્રિવિધનો પરિણામ છે.

**સાધુ માટે 'करेमि भंते' સૂત્ર :-**

સાધુના 'કરેમિ ભંતે' સૂત્રથી થતી સમભાવની પ્રતિજ્ઞા સદા માટે= આજીવન, સાવદ્યયોગના પ્રત્યાખ્યાનની છે, પરંતુ નિયત કાળમર્યાદાવાળી નથી; કેમ કે 'જાવજ્જીવ' એ શબ્દ કાળમર્યાદા માટે નથી, પરંતુ મૃત્યુ પછી પ્રત્યાખ્યાનના ભંગના ભયથી 'જાવજ્જીવ' શબ્દનો પ્રયોગ છે, જેથી મૃત્યુ પછી પ્રતિજ્ઞાનો ભંગ ન થાય. જ્યારે ગૃહસ્થના 'કરેમિ ભંતે'માં 'જાવ નિયમં'નો પ્રયોગ કાળમર્યાદા માટે છે; કેમ કે એ કાળથી અધિક સાવદ્યયોગનો ત્યાગ કરવા માટે ગૃહસ્થ સમર્થ નથી. વળી સાધુને કાળમર્યાદા નથી, તેથી "સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ"નું પ્રત્યાખ્યાન છે; કેમ કે જો નિયત કાળમર્યાદા કરે તો તે કાળ પછીના સાવદ્ય યોગના સેવનનો પરિણામ હોવાથી અનુમોદનાનો પરિણામ સામાયિકકાળમાં પણ રહે જ. તેથી સર્વ સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરવું હોય તો સદા માટે સાવદ્યયોગના પરિહારનો અધ્યવસાય જોઈએ. આમ

છતાં મૃત્યુ પછી પરભવમાં સર્વથા સાવદ્યત્યાગરૂપ પ્રતિજ્ઞાનું પાલન શક્ય નથી, તેથી જાવજ્જીવની મર્યાદાથી પ્રતિજ્ઞા કરવામાં આવે છે અર્થાત્ આ ભવમાં જીવું ત્યાં સુધીની મર્યાદાથી પ્રતિજ્ઞા કરવામાં આવે છે. આમ છતાં, આજીવનની મર્યાદાની પ્રતિજ્ઞા મૃત્યુ પછી સાવદ્યના સેવનના અધ્યવસાયથી સંવલિત નથી, માટે સાધુની પ્રતિજ્ઞા ત્રિવિધ-ત્રિવિધની છે; જ્યારે શ્રાવકને સામાયિક કર્યા પછી સાવદ્યયોગ સેવવાનો અધ્યવસાય છે, તેથી સામાયિકકાળ દરમ્યાન પણ અનુમોદનાની શ્રાવકને નિવૃત્તિ નથી, માટે શ્રાવકને દુવિધ-ત્રિવિધની પ્રતિજ્ઞા છે. પરંતુ સાધુને તો આવો અનુમોદનાનો પરિણામ પણ નથી, તેથી સર્વ સાવદ્યયોગનો સંપૂર્ણ ત્યાગ છે. વળી સમભાવની વૃદ્ધિનું કારણ બને તેવી જ પ્રવૃત્તિ સાધુને કરવાની છે, પરંતુ અસમભાવની પોષક એવી કોઈ પણ પ્રવૃત્તિ યાવજ્જીવ સાધુને કરવાની નથી. જ્યારે શ્રાવક તો સામાયિકકાળમાં પણ કાલાવધિ પછી ઉત્તરકાળમાં પોતે અસામાયિકની પ્રવૃત્તિ નહીં જ કરે તેવો સંકલ્પ રાખતો નથી. માટે દ્વિવિધ-ત્રિવિધનું જ પચ્ચક્ખાણ કરે છે; કેમ કે કાલાવધિ પૂર્ણ થતાં પછી સંસારની પ્રવૃત્તિ કરવાનો પરિણામ હજી વિદ્યમાન છે. તેથી તેને પૂર્ણ સાવદ્યયોગનો વિરામ નથી, તો પણ વર્તમાનમાં=સામાયિકમાં, તે શ્રાવક સમભાવની વૃદ્ધિનું કારણ બને તે રીતનો સાવદ્યયોગનો વિરામ કરીને સમભાવમાં યત્ન કરે છે.

સાધુને ત્રિવિધમાં “न करेमि-न कारवेमि-करंतं पि अन्नं न समणुजाणामि” નું પ્રત્યાખ્યાન છે, અને તેનો અર્થ “હું સાવદ્ય કરતો નથી, કરાવતો નથી અને કરતા પણ અન્યની અનુમોદના કરતો નથી” એ પ્રમાણે છે. અહીં કરતો નથી, કરાવતો નથી અને અનુમોદના કરતો નથી એમ કહેવાને બદલે ‘કરંતંપિ અન્નં’=‘કરતા એવા પણ અન્યની,’ અનુમોદના કરતો નથી, તેમ કહીને એ બતાવવું છે કે, સાધુ જ્યારે સહસાત્કારથી સાવદ્યયોગમાં પ્રવર્તમાન થાય છે, ત્યારે પણ “મેં આ સારું કર્યું છે” એવી અનુમોદના કરતા નથી, પરંતુ નિંદા-ગર્હા કરી મિથ્યાદુષ્કૃતદાનથી તેનાથી નિવર્તન પામે છે. એ રીતે કોઈ જીવ સાવદ્યયોગ કરતો હોય, કોઈ જીવ સાવદ્યયોગ કરાવતો હોય, કોઈ જીવ સાવદ્યયોગની અનુમોદના કરતો હોય, તેવા અન્યની પણ પોતે અનુમોદના કરતા નથી, એ અર્થ ‘करंतंपि अन्नं न समणुजाणामि’ થી ગ્રહણ કરવાનો છે.

**तस्स भंते थी वोसिरामि :-**

પૂર્વમાં સામાયિકની પ્રતિજ્ઞા કરી અને ત્યાર પછી સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કર્યું અને સંક્ષેપથી શ્રાવકને સાવદ્યયોગ દ્વિવિધ-ત્રિવિધને આશ્રયીને છે, તેમ કહ્યું. આ રીતે પ્રતિજ્ઞા કરી તેનું નિગમન કરતાં ફરી ભદંત શબ્દથી સંબોધે છે અને કહે છે કે, “હે ભદંત ! હું તેનું=પૂર્વમાં સેવાયેલા સાવદ્યયોગો કે જે અનુવૃત્તિરૂપે હોય તો વર્તમાનમાં સ્વીકારાયેલા સામાયિકના પરિણામમાં માલિન્ય કરનાર અતિચારરૂપ બને તેનું, પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને પૂર્વના સાવદ્યયોગવાળા મારા આત્માને વોસિરાવું છું.”

આશય એ છે કે ‘હે ભદંત !’ શબ્દથી ફરી ગુરુને સંબોધીને, પૂર્વના સેવાયેલા સાવદ્યયોગથી આત્માના નિવર્તન અર્થે “તસ્સ ભંતે ! થી ..... વોસિરામિ” સુધી શબ્દો બોલે છે, તેથી એ પ્રાપ્ત થાય કે, પૂર્વમાં જે પ્રતિજ્ઞા કરી, તે પ્રતિજ્ઞાને અનુરૂપ સાવદ્યયોગને છોડીને નિરવદ્યયોગમાં પ્રયત્ન કરવાનો પોતે આરંભ કરે છે, અને તે માટે પૂર્વમાં કરેલા સાવદ્યયોગથી પાછો ફરે છે અને તેના પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે તેની નિંદા-ગર્હા કરે છે. વળી કહે છે, પૂર્વમાં મારાથી કરાયેલો સાવદ્યયોગનો પરિણામ અત્યંત અનુચિત છે, પરંતુ મારા સત્ત્વનો એવો પ્રકર્ષ થયો નથી કે જેથી હું સદાકાળ માટે તે સાવદ્યયોગને છોડી શકું; તો પણ તે સાવદ્યયોગ નિંદનીય છે=જુગુપ્સનીય છે, તેવો ભાવ કરીને વર્તમાનમાં પૂર્વના સાવદ્યયોગથી મારા આત્માને અસંબંધવાળો કરવા અર્થે તે સાવદ્યયોગની નિંદા-જુગુપ્સા કરીને તે પાપયુક્ત મારા આત્માને હું વોસિરાવું છું, જેથી પૂર્વમાં કરાયેલા સાવદ્યયોગની અનુમતિનો પરિણામ પણ મારા આત્મામાં સામાયિકકાળ સુધી રહે નહીં.

યદ્યપિ સર્વ પાપોના નાશનું કારણ સામાયિકનો જ પરિણામ છે અને અસામાયિકનો ભાવ એ સર્વ પાપોનું મૂળ છે, તેથી પૂર્વની સામાયિકની પ્રતિજ્ઞાથી સામાયિકનો પ્રકૃષ્ટ ભાવ થાય તો યાવત્ સર્વ પાપો નાશ પામી જાય છે, તેથી અતીત પાપોનું પ્રતિક્રમણ-નિંદા વગેરે કરવાની આવશ્યકતા રહે નહિ. તો પણ જેમને તેવો પ્રકર્ષવાળો ભાવ થયો નથી, તેમને, અતીતના પાપોનું પ્રતિક્રમણ-નિંદા-ગર્હા કરે ત્યારે પ્રતિજ્ઞાથી ઉત્પન્ન થયેલ સામાયિકનો

પરિણામ વિશેષરૂપે અતિશયિત બને છે. તેથી સામાયિકના પરિણામને અતિશયિત કરવા અર્થે જ પ્રતિક્રમણ-નિંદા-ગર્હાદિના સંકલ્પો સામાયિક સૂત્રમાં છે.

**સામાયિકનો પરિણામ :-**

સામાયિક એ જીવનો સમભાવનો પરિણામ છે અને તે સમભાવનો પરિણામ પ્રગટ કરવા માટે કે પ્રગટ થયેલા સમભાવના પરિણામને જિવાડવા માટે, મન-વચન-કાયાના યોગો કષાયમાં ન પ્રવર્તે તે રીતે, ભગવાનના વચનાનુસાર નિરવદ્ય ક્રિયાઓમાં પ્રવર્તાવવાના છે. તેથી સામાયિકનો પરિણામ સાવદ્યયોગના પરિહારથી જ નિષ્પન્ન થાય છે અને જીવે છે. આ સાવદ્ય અને નિરવદ્યનું વિભાજન બાહ્ય આચરણાથી નથી, પણ સામાયિકના પરિણામથી છે, અને અંતરંગ સામાયિકના પરિણામને નિષ્પન્ન કરવા માટે બાહ્ય આચરણા ઉપષ્ટંભક છે.

**'करेमि भंते' સૂત્રમાં કરાતા ત્રિકાળવ્યાપી ત્રણ સંકલ્પ :-**

સામાયિકના ત્રિકાળવ્યાપી ભાવને બતાવવા માટે "अइअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि" એ પ્રકારનું શાસ્ત્રવચન છે. તેથી 'पडुप्पन्नं संवरेमि' - વર્તમાનમાં હું સંવર કરું છું, તે રીતે "करेमि भंते सामाइयं" એ વચનથી સામાયિકનું ગ્રહણ વર્તમાનકાળ વિષયક થયું. 'अणागयं पच्चक्खामि' - અનાગતનું પ્રત્યાખ્યાન કરું છું, તે રીતે "सावज्जं जोगं ... न कारवेमि" એ વચનથી સામાયિક ગ્રહણ કર્યા પછી સામાયિકકાળની અવધિ સુધીના ભવિષ્યકાળ વિષયક સામાયિકનું ગ્રહણ થયું. 'अइअं निंदामि' - ભૂતકાળમાં કરાયેલા સાવદ્યયોગની નિંદા કરું છું, તે રીતે "तस्स भंते ... वोसिरामि" એ વચનથી સામાયિકનું ગ્રહણ ભૂતકાળના સાવદ્યયોગની નિંદા-ગર્હાવાળું થયું.

વળી 'કરેમિ ભંતે' સૂત્રના ત્રણ સંકલ્પ સંક્ષેપથી આ પ્રમાણે છે -

| સંકલ્પનો વિષય | કયા કાળ સંબંધી સંકલ્પ ? | સંકલ્પ શા માટે ? |
|---|---|---|
| ૧. "करेमि भंते सामाइयं" | વર્તમાનકાળ વિષયક આ સંકલ્પ છે. | વર્તમાનમાં સામાયિકનો યત્ન ઉત્થિત કરવા માટે. |

| | | |
|---|---|---|
| ૨. "सावज्जं जोगं ... न कारवेमि" | ભવિષ્યકાળ વિષયક પ્રત્યાખ્યાન કરું છું. | નિયતકાળ સુધી આ સંકલ્પ છે, સામાયિકના પરિણામને જિવાડવા માટે. |
| ૩. "तस्स भंते ... वोसिरामि" | અતીતકાલ વિષયક આ સંકલ્પ છે. | સામાયિક માટે પ્રારંભમાં કરાયેલા યત્નને જ અતિશયિત કરવા અર્થે. |

સામાયિકમાં કરાતા આ ત્રણે સંકલ્પોનું લક્ષ્ય એક જ છે - નિયતકાળ સુધી કષાયને પરવશ થયા વગર ભગવાનના વચનાનુસાર સમભાવમાં સુદઢ યત્ન થાય અને નિરવદ્ય ભાવ પુષ્ટ થાય. આમ છતાં પ્રથમ સંકલ્પને પુષ્ટ કરવા માટે બીજો સાવદ્યયોગના પ્રત્યાખ્યાનનો સંકલ્પ છે, જે સામાયિક ઉચ્ચરાવ્યા પછી સામાયિકની અવધિ સુધીના પચ્ચક્ખાણરૂપ હોવાથી ભવિષ્યના વિષયવાળો છે.

પ્રથમ અને બીજા સંકલ્પથી જે નિરવદ્ય ભાવ ઉત્પન્ન થાય તે ભૂતકાળના સાવદ્ય ભાવના સંસ્કારોને મ્લાન કરવાનું કારણ બને છે. આમ છતાં તે ભૂતકાળનાં પાપોથી હું પાછો ફરું છું=તેનું પ્રતિક્રમણ કરું છું, એ પ્રકારનો તૃતીય સંકલ્પ ભૂતકાળના સાવદ્યના સંસ્કારોને વિશેષરૂપે નાશ કરવા સમર્થ બને તેવો અધ્યવસાય પેદા કરે છે, અને તે જ પ્રતિક્રમણની ક્રિયારૂપ છે; અને ત્યાર પછી તે ભૂતકાળનાં પાપોની નિંદા અને ગર્હા કરવામાં આવે છે. ત્યાર પછી તે સાવદ્યવાળા આત્માને હું વોસિરાવી દઉં છું, એમ કહે છે ત્યારે, ભૂતકાળના સાવદ્યવાળા આત્માનો પોતાને સંબંધ નથી, તેવી બુદ્ધિ થવાથી વિશેષ પ્રકારના સાવદ્ય ભાવોના સંસ્કારો નાશ પામે છે. આથી અપેક્ષાએ ત્રણે સંકલ્પનો ભેદ પણ છે, અને છતાં આ ત્રણે સંકલ્પરૂપ જ સામાયિકની ક્રિયા છે, તેથી એક પણ છે.

**સામાયિકનો પરિણામ પ્રગટ કરવા શું કરશો ?**

શ્રાવકને સામાયિકમાં સાક્ષાત્ યત્ન કરવો હોય ત્યારે તેણે સામાયિક ગ્રહણ કરવા પૂર્વે સામાયિકનાં સૂત્રોના અર્થ યથાર્થ જાણી લેવા જોઈએ અને

વિચારવું જોઈએ કે, આ સામાયિક એ મારા આત્માનું સ્વરૂપ છે, જે સર્વત્ર નિરપેક્ષ ભાવરૂપ છે; અને અસામાયિકભાવ તે જીવને સંસારની જન્મ-મરણની વિડંબના કરાવનાર મોહના ઉદયકૃત પરિણામ છે, જે આત્માનું અત્યંત કુત્સિત સ્વરૂપ છે; કેમ કે જીવને માટે વસ્તુતઃ પોતાનાથી પૃથગ્ એવા શરીરથી માંડી યાવત્ મૂલ્યવાન પદાર્થો કે અમૂલ્યવાન પદાર્થો અનુપયોગીરૂપે સમાન છે. જીવને તે સુખ આપી શકતા નથી. પરમાર્થથી જીવનો પરિણામ જ સુખરૂપ છે. વળી જીવને સંસારવર્તી પોતાની દરેક અવસ્થા કેવળ ક્લેશ ઉત્પન્ન કરાવનારી છે, અને સંસારવર્તી કોઈપણ પદાર્થ ચિત્તને લેશ પણ ન સ્પર્શે તેવું જે પોતાનું માનસ તે જ જીવની સુખરૂપ અવસ્થા છે. એ જ માનસ ઉત્તરોત્તર વૃદ્ધિમત્ થઈને જીવની પરાસુખવાળી વીતરાગભાવની અવસ્થાને પ્રાપ્ત કરાવનાર છે અને એ વીતરાગદશા સર્વ સંસારભાવોથી જીવની સદા માટે વિશ્રાંતિ કરાવનાર છે. તેથી સંસારથી આ અતીત અવસ્થા એકમાત્ર પ્રાપ્ત કરવા યોગ્ય છે, એવી સ્પષ્ટ બુદ્ધિ સમ્યગ્ સમાલોચનપૂર્વક સામાયિક ગ્રહણ કરવા પૂર્વે નિષ્પન્ન કરી લેવી જોઈએ.

વળી આ સામાયિકસૂત્ર પ્રતિજ્ઞાસૂત્ર છે. તેથી સૂત્ર ઉચ્ચારણ કરતાં જીવ એવો દૃઢ સંકલ્પ કરે છે કે "હું સામાયિક ગ્રહણ કરું ત્યારથી અસામાયિકભાવથી નિવર્તન પામી સામાયિકના અવધિકાળ પર્યંત મારા ત્રણે યોગોને ગૃહીત પ્રતિજ્ઞાને અનુરૂપ પ્રવર્તાવીશ." તેથી સામાયિક લીધા પછી સાધકે અત્યંત ઉપયોગપૂર્વક સંસારનાં કોઈ આલંબન ન સ્પર્શે એ રીતે યત્ન કરવો જોઈએ, અને સામાયિકની વૃદ્ધિના ઉપાયભૂત, સંવેગની વૃદ્ધિ થાય તેવા સામાયિકના અર્થને કહેનારા યોગગ્રંથોમાં પ્રથમ પ્રયત્ન કરવો જોઈએ, જેથી લક્ષ્ય અત્યંત સ્થિર થાય અને લક્ષ્યને અનુરૂપ કઈ રીતે પ્રવૃત્તિ કરવી તેનો સૂક્ષ્મ બોધ થાય. તે રીતે પુનઃ પુનઃ અભ્યાસ કરવાથી એવી કળા પ્રગટ થાય કે, સામાયિક ઉચ્ચરતાંની સાથે જ, સામાયિકનો પરિણામ પ્રગટેલો હોય તો વૃદ્ધિ થાય, અને કદાચ સામાયિકનો પરિણામ પ્રગટે તેવો સૂક્ષ્મ બોધ ન હોય કે તેવો તીવ્ર ઉપયોગ ન હોય, તો પાછળથી પણ તે પ્રકારના અધ્યયનાદિના યત્નથી સામાયિકનો પરિણામ પ્રગટે, કે જે વિપુલ નિર્જરા કરાવે.

વ્યક્તરૂપે કે સંસ્કારરૂપે સતત વીતરાગ અવસ્થા જેને પ્રાપ્તવ્ય લાગે તેવા સાધકને થાય કે, વીતરાગદશાની નિષ્પત્તિ અર્થે ભગવાને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં યત્ન કરવાનું કહ્યું છે. તેથી આ સામાયિકમાં હું મારા ત્રણે કરણો એ રીતે પ્રવર્તાવું કે જેથી મારું માનસ સંસારના ભાવોથી નિવર્તન પામે અને આત્મામાં જ ગુપ્ત ગુપ્તતર થાય. તેથી તે તદર્થે સામાયિકમાં એકાગ્રતાપૂર્વક સ્વાધ્યાય કરે, શાસ્ત્રાદિનું સ્વયં વાંચન કરે, ગુણસંપન્ન ગુરુમુખે સમભાવની વૃદ્ધિ કરે તેવા ઉપદેશને સાંભળે, નવકારમંત્રનો જાપ કરે કે સાત્ત્વિક મહાપુરુષોએ જીવનમાં ધર્મસાધના કઈ રીતે કરી તેની કથાને સાંભળે કે વાંચે કે અન્ય કોઈ તેવી જ સામાયિકને ઉચિત પ્રવૃત્તિ કરે, જેથી સામાયિકનો પરિણામ પ્રગટે.

**મુનિને કરવા યોગ્ય યત્ન :-**

જેણે સંયમ ગ્રહણ કર્યું છે એવા મુનિને તો સર્વવિરતિ સામાયિક હોવાથી ત્રિવિધ-ત્રિવિધ સાવદ્યનું પ્રત્યાખ્યાન હોય છે. તેથી મુનિએ તો સ્થિર નિર્ણય કરવો જોઈએ કે, મારી દરેક પ્રવૃત્તિ કેવળ મોક્ષને અનુકૂળ એવા આત્માના પરિણામને ઉત્થિત કરવા માટે છે અને તે બોલવામાત્રથી કે વિચારવામાત્રથી થઈ જતી નથી. પરંતુ તેની નિષ્પત્તિ માટે પોતાની દરેક પ્રવૃત્તિઓના કાળમાં ચિત્તમાં વર્તતો ભાવોનો પ્રવાહ કઈ દિશામાં જઈ રહ્યો છે તેનું વિશ્લેષણ કરવું જોઈએ, અને વિચારવું જોઈએ કે, "મારા ચિત્તના પરિણામો કેટલા અંશે મોક્ષને અનુકૂળ પ્રવર્તે છે ? કેટલા અંશે મોક્ષને પ્રતિકૂળ પ્રવર્તે છે ? હું જે મોક્ષને અનુકૂળ પરિણામ માનું છું, તે પરમાર્થથી મોક્ષને અનુકૂળ છે ? કે પછી મનને માત્ર સમજાવવાથી મોક્ષને અનુકૂળ છે ?" કેમ કે જીવ બાહ્યથી પોતે તપાદિની આચરણાઓ કરે છે ત્યારે તે માને છે કે હું મોક્ષને અનુકૂળ ક્રિયા કરું છું, પરંતુ તે આચરણારૂપ ક્રિયાના અવલંબનથી જો ચિત્ત સંસારના ભાવોથી નિરપેક્ષભાવવાળું ન થતું હોય, અને જે આ તપ કર્યો છે તેનો માત્ર સંતોષ વર્તતો હોય, તો તેટલામાત્રથી તે મોક્ષને અનુકૂળ બની શકે નહિ. તેથી દરેક પ્રવૃત્તિઓના કાળમાં વર્તતું એવું પોતાનું ચિત્ત, કયા ભાવોની વૃદ્ધિ કરે છે તેનું વારંવાર સમાલોચન કરવું જોઈએ અને પોતાના સંયોગ પ્રમાણે જે કાંઈપણ ઉચિત પ્રવૃત્તિ કરવાની હોય તે કરતી વખતે પણ મોક્ષને જ અનુકૂળ ભાવ કઈ રીતે ઉત્થિત થાય ? અને મોક્ષને

પ્રતિકૂળ ભાવનો કઈ રીતે વિચ્છેદ થાય ?, તેનો સૂક્ષ્મ બોધ કરીને, ચિત્તને વારંવાર સામાયિકના પરિણામથી વાસિત કરવું જોઈએ; અને તે વાસિત થયેલા ચિત્તને અતિશયિત કરવા માટે પ્રસ્તુત સામાયિક સૂત્રનું વારંવાર ઉચ્ચરણ ઉપયોગી છે; કેમ કે તે સૂત્ર દ્વારા વારંવાર યાદ આવે છે કે, મેં ત્રિવિધ-ત્રિવિધ સાવદ્યયોગનો પરિહાર કર્યો છે, તેથી નિરવદ્ય નિરવદ્યતર ભાવ સ્ફુરણ થાય તે રીતે મારે મન-વચન-કાયાને પ્રવર્તાવવાં જોઈએ, તો જ આ સંસારસાગરથી પાર પામી શકાય છે. માત્ર તપની ક્રિયાથી કે બીજી બાહ્ય આચરણાઓથી સંતોષ માની લે અને સામાયિકના વાસ્તવિક ભાવથી ચિત્તને વાસિત કરવામાં ન આવે તો સમ્યગ્ સામાયિક નિષ્પન્ન થાય નહિ, અને તેમ થાય તો ઘણા ભોગસુખોના ત્યાગ પછી ગ્રહણ કરાયેલું સંયમ પણ અફલપ્રાયઃ બને. માટે સત્ત્વના અતિશયથી વારંવાર નિરવદ્યભાવનો વિચાર સૂક્ષ્મ ઊહપૂર્વક કરવો જોઈએ, અને સૂત્રઉચ્ચારણકાળમાં તે જ ભાવની પુષ્ટિ થાય તે રીતે અંતરંગ યત્ન કરવો જોઈએ, જેથી ગુપ્ત ગુપ્તતર માનસ પ્રતિદિન વૃદ્ધિમત્ થતું જાય. આ રીતે ત્રણ ગુપ્તિનો અતિશય આ સૂત્રથી નિષ્પન્ન થાય છે કે જે અંતે ક્ષપકશ્રેણિ અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે.

સાધક જીવ વિચારે કે દરેક પદાર્થ પ્રત્યે પોતાનો એકમાત્ર જ્ઞાતૃસ્વભાવરૂપે એક પરિણામ રાખવો તે આત્માનું સાચું વાસ્તવિક સ્વરૂપ છે અને તે મારા માટે હિતરૂપ છે, અને તે સ્વરૂપને ઉલ્લસિત કરવા અર્થે સર્વજ્ઞ ભગવંતે દ્વાદશાંગીના સંગ્રહરૂપે આ સામાયિક સૂત્ર આપેલ છે. આ વિચારથી પ્રારંભિક કક્ષામાં જીવ સામાન્યથી તે સૂત્રના સામાન્ય ભાવને સમજીને સમપરિણામમાં યત્નવાળો બને છે, અને જેમ જેમ દ્વાદશાંગીને ભણતો જાય છે તેમ તેમ તે સ્વભાવને વિશેષ વિશેષરૂપે જોવા સમર્થ બને છે. તેથી વિશેષ સામાયિકભાવ નિષ્પન્ન કરતો જાય છે અને તે ભાવ વૃદ્ધિમત્ થઈને અંતે વીતરાગભાવમાં નિષ્ઠાને પામનાર બને છે. તેથી આખી દ્વાદશાંગીનો સંગ્રહ કરનાર 'કરેમિ ભંતે' સૂત્ર છે અને વીતરાગભાવ સાથે પણ તે કારણરૂપે જોડાયેલું છે. આ પ્રકારની બુદ્ધિને ઉલ્લસિત કરીને સૂત્રના અર્થોની વિચારણામાં સમ્યગ્ રીતે યત્ન કરવામાં આવે તો સામાયિકરૂપ જે આત્માનો ભાવ છે તે નિષ્પન્ન થઈ શકે, અગર તો સામાયિકના મૂળભાવની અભિમુખ ભાવ પણ જરૂર નિષ્પન્ન થઈ શકે.

## ।। १०. सामाइअवयजुत्तो सूत्र ।।

**सामाइयवयजुत्तो, जाव मणे होइ नियमसंजुत्तो ।**
**छिन्नइ असुहं कम्मं, सामाइय जत्तिया वारा ।।१।।**
**सामाइयम्मि उ कए, समणो इव सावओ हवइ जम्हा ।**
**एएण कारणेणं, बहुसो सामाइअं कुज्जा ।।२।।**
**सामायिक विधिए लीधुं, विधिए पार्युं, विधि करतां जे कोइ अविधि हुओ होय, ते सवि हु मन, वचन, कायाए करी मिच्छा मि दुक्कडं ।।**

દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીસ દોષમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય તે મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

**'सामाइयवयजुत्तो' સૂત્રની ભૂમિકા :-**

શ્રાવક સામાયિક કરીને ઉત્તમ ભાવો કરતો હોય છે, તો પણ સામાયિક પૂર્ણ થતાં તરત જ પુનઃ તે રીતે સામાયિક કરી શકે તેવા સંયોગ ન હોય, એટલે કે કોઈ ગૃહકાર્ય કે સંસારની પ્રવૃત્તિ કરવાનો અવસર હોય, કે તે જ પ્રકારે સામાયિકમાં ફરી સુદૃઢ યત્ન કરી શકે તેવી ચિત્તની ક્ષમતા ન હોય, તો શ્રાવક સામાયિક પારવાના અભિમુખ પરિણામવાળો થાય છે. તો પણ સામાયિક પ્રત્યેનો પ્રતિબંધ અસ્ખલિત રહે તે માટે સામાયિક પારતાં આ સામાયિક પારવાનું પ્રસ્તુત સૂત્ર બોલે છે.

**સૂત્રનો અર્થ :-**

**सामाइयवयजुत्तो ..... कुज्जा ।।२।। :-**

**આ સૂત્રની પ્રથમ બે ગાથાનો અર્થ બે રીતે થઈ શકે છે :-**

(૧) પ્રસ્તુત સૂત્રની બે ગાથાનો સ્વતંત્ર અર્થ કરીએ તો આ રીતે અર્થ થઈ શકે.

સામાયિકવ્રતથી યુક્ત શ્રાવક, મનમાં નિયમથી સંયુક્ત છે ત્યાં સુધી, જેટલી વાર સામાયિક કરે છે તેટલી વાર અશુભ કર્મોને છેદે છે. જે કારણથી

સામાયિક કરાયે છતે શ્રાવક શ્રમણ જેવો થાય છે, એ કારણથી વારંવાર સામાયિક કરવું જોઈએ. આ રીતે પણ કોઈ અન્વય કરે તો દોષરૂપ નથી.

(૨) બે ગાથાનો સંયુક્ત અન્વય કરીએ તો આ પ્રમાણે અર્થ થાય - સામાયિકવ્રતયુક્ત શ્રાવક, જ્યાં સુધી મનમાં નિયમ સંયુક્ત હોય છે અને જેટલીવાર સામાયિકને કરે છે, ત્યાં સુધી અને તેટલીવાર, અશુભ કર્મોને છેદે છે; અને જે કારણથી સામાયિક કરાયે છતે શ્રાવક શ્રમણના જેવો થાય છે, એ કારણથી બહુ વખત સામાયિક કરવું જોઈએ. એ પ્રમાણે અન્વય વધુ ઉચિત લાગે છે.

**સામાયિક વિધિએ ..... તસ્સ મિચ્છા મિ દુક્કડં :-**

આનો અર્થ સુગમ છે=સહેલાઈથી જણાઈ જાય છે.

**-: વિશેષાર્થ :-**

**'सामाइयवयजुत्तो' :-**

જે શ્રાવક સામાયિકવ્રત ઉચ્ચરે છે, અને ત્યાર પછી, જેમ સુભટ શત્રુના ઉચ્છેદ માટે અપ્રમાદભાવથી યત્ન કરે છે તેમ મન-વચન-કાયાના યોગોને અપ્રમાદભાવથી કષાયના ઉચ્છેદમાં પ્રવર્તાવે છે, અને અત્યંત ઉપયુક્ત થઈને સંવેગની વૃદ્ધિ થાય તે રીતે સ્વાધ્યાયાદિમાં યત્ન કરે છે, તેવો શ્રાવક સામાયિકવ્રતથી યુક્ત છે.

**'जाव मणे ..... जत्तिया वारा' ।।१।। :-**

સામાયિક ગ્રહણ કર્યા પછી, જ્યાં સુધી "મારે સામાયિકના પરિણામમાં યત્ન કરવો છે," તે પ્રકારની પ્રતિજ્ઞારૂપ નિયમનું મનમાં સ્મરણ રાખીને શ્રાવક યત્ન કરે છે, ત્યાં સુધી પ્રતિક્ષણ સમભાવના પરિણામની વૃદ્ધિ થતી હોવાથી, પૂર્વના અસમભાવથી જન્ય જે અશુભ કર્મો બંધાયેલાં હતાં, તેનો, જેટલી વાર શ્રાવક તે જ રીતિએ સામાયિકને કરે છે, તેટલી વાર ઉચ્છેદ કરે છે. આમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, સામાયિકવ્રતવાળો શ્રાવક સામાયિકકાળમાં નિયમથી સંયુક્ત હોય ત્યારે, જેટલી વખત સામાયિક કરે છે તેટલી વખત અશુભ કર્મોને છેદે છે. તેથી એ પ્રાપ્ત થાય કે, જીવમાં અશુભ કર્મોનો સંચય

ઘણો છે, તેથી જોકે એક વખતના સામાયિકથી તે ઘણાં કર્મોનો નાશ થઈ જતો નથી, તો પણ કર્મોના નાશનો અર્થી શ્રાવક ઘણી વખત સામાયિક કરીને ઘણાં અશુભ કર્મોના નાશને પ્રાપ્ત કરે છે.

અહીં પ્રશ્ન થાય કે, સામાયિકવ્રતવાળો સાધક અશુભ કર્મોનો નાશ કેમ કરે છે ? તેથી હેતુ કહે છે,

**सामाइयम्मि ..... कुज्जा ।।२।। :-**

સામાયિક કરાયે છતે શ્રાવક શ્રમણ જેવો હોય છે અર્થાત્ શ્રમણરૂપ નથી, પરંતુ શ્રમણ જેમ સંપૂર્ણ નિરવદ્યભાવમાં વર્તે છે, તેમ સામાયિકકાળમાં શ્રાવક પણ નિરવદ્યભાવમાં દ્વિવિધ-ત્રિવિધરૂપ સાવદ્યના પરિહારથી વર્તે છે, તેથી જ અશુભ કર્મોનો નાશ કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, અશુભ કર્મોના નાશનું કારણ નિરવદ્યભાવ છે, અને સામાયિક પોતે નિરવદ્યભાવ સ્વરૂપ છે તેથી અશુભ કર્મોનો નાશ કરે છે. વળી સામાયિક અશુભ કર્મોનો નાશ કરે છે એ કારણથી વારંવાર સામાયિક કરવું જોઈએ એમ બોલનારને, સામાયિક પારતી વખતે એ પરિણામ હોવો જોઈએ કે - "આ જગતમાં જીવને માટે કદર્થનારૂપ કોઈ હોય તો અશુભ કર્મો છે, અને તેથી કલ્યાણના અર્થી જીવ માટે તેનો નાશ કરવો એ અત્યંત ઉપાદેય છે. વળી તેનો નાશ પરિપૂર્ણ નિરવદ્યભાવના સેવનથી થાય છે, અને પરિપૂર્ણ નિરવદ્યભાવનું સેવન પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના સમ્યગ્ પાલનથી સંભવે છે. માટે તે મુનિઓને ધન્યવાદ છે કે, જેમનું જીવન સદા સમિતિ-ગુપ્તિના ભાવોથી યુક્ત છે. જો મારું સત્ત્વ પણ તેવું હોય તો મારા જીવનની સાર્થકતા અર્થે હું પણ તેમાં જ યત્ન કરું. પરંતુ હજુ તેવું સત્ત્વ પ્રગટ થયું નથી, તેથી તે સત્ત્વસંચય માટે અધિક-અધિક સામાયિક કરવા માટે યત્ન કરું, જેથી શક્તિનો સંચય થાય." આ પ્રકારની ઉત્તમ અભિલાષા શ્રાવકે સામાયિક પારતાં કરવાની છે, અને તેને માટે નિરવદ્યભાવ અને સાવદ્યભાવ શું છે ? તેનો સમ્યગ્ બોધ, 'કરેમિ ભંતે સૂત્ર'માં બતાવ્યા પ્રમાણે સમ્યગ્ બુદ્ધિપૂર્વક સમાલોચન કરીને તેને હૃદયમાં સ્થિર કરવો જોઈએ.

ત્યાર પછી તેવા નિરવદ્ય પરિણામ કરવા માટે સામાયિકકાળમાં

યત્ન કરે તો પણ ત્રિવિધ-ત્રિવિધનો પરિણામ નહીં હોવાથી શ્રાવક શ્રમણ સદશ થતો નથી. આમ છતાં શ્રમણની નજીકનો કોઈક ભાવ છે, જેથી દ્વિવિધ-ત્રિવિધનો પરિણામ વર્તે છે અને શ્રાવક શ્રમણ જેવો થાય છે, અને તેથી અશુભ કર્મોનો નાશ કરે છે. માટે કદાચ તથાવિધ સત્ત્વની અલ્પતાને કારણે શ્રાવક પોતે શ્રમણભાવ ન સ્વીકારી શકે તો પણ શક્તિને ગોપવ્યા વગર સમ્યગ્ યત્નપૂર્વક વારંવાર સામાયિક કરવી જોઈએ, આ પ્રકારનો ભાવ સૂત્ર બોલતી વખતે થાય, તો સામાયિક પ્રત્યેનો પ્રતિબંધ=રાગ, અતિશયિત થાય છે. તેથી શાસ્ત્રમાં કહ્યું છે કે, "જે શક્ય હોય તે કરે અને જે અશક્ય હોય ત્યાં પ્રતિબંધ રાખે" તે નિયમનું સમ્યક્ પાલન થાય છે. અને સામાયિકકાળમાં સમ્યગ્ યત્નપૂર્વક નિરવદ્યભાવનું આસ્વાદન થતું હોય તો, સામાયિક પારનાર એવો તે શ્રાવક માત્ર કાયાથી સામાયિક પારે છે, અને સામાયિક પાર્યા પછી અન્ય પ્રવૃત્તિઓ કરે તો પણ તેનું ચિત્ત સામાયિકના પરિણામથી રુચિરૂપે દૂર થતું નથી, અને તેથી જ્યારે સંયોગ અને સત્ત્વ દેખાય ત્યારે અવશ્ય તે સામાયિકમાં યત્ન કરે છે. વળી જ્યારે તે શ્રાવક સામાયિક સિવાયનો અન્ય યત્ન કરતો હોય તો પણ તેનું ચિત્ત સામાયિકના સ્વરૂપ પ્રત્યે અત્યંત આવર્જિત હોવાને કારણે સંસારની શેષ સર્વ ક્રિયાઓ રુચિ વગરની અને ઉપહત શક્તિવાળી=હણાયેલી શક્તિવાળી, બની જાય છે. તેથી સંસારના પ્રવૃત્તિકાળમાં પણ સામાયિક પ્રત્યેનો વર્તતો દૃઢ પ્રતિબંધ, ભૂમિકા પ્રમાણે અશુભ કર્મોનો છેદ કરે છે. આથી જેમ જેમ તે સામાયિકો કરતો જાય છે, તેમ તેમ તેનું ચિત્ત તાત્ત્વિક મુનિભાવની આસન્ન-આસન્નતર=નજદીક, નજદીક જતું જાય છે, અને તે રીતે સત્ત્વના પ્રકર્ષવાળો થયેલો શ્રાવક પછી ક્રમસર મહાસત્ત્વથી સંયમમાં યત્ન કરનારો પણ બને છે.

**સામાયિક વિધિએ લીધું ..... મિચ્છા મિ દુક્કડં :-**

આ રીતે સામાયિક પારવાની ગાથા બોલીને અનાભોગ કે સહસાત્કારથી પણ લાગેલા દોષોના નાશ અર્થે પારનાર શ્રાવક બોલે છે કે, "સામાયિક વિધિએ લીધું" અર્થાત્ પોતે સામાયિક ગ્રહણ કરતી વખતે શાસ્ત્રકારોએ જે વિધિ બતાવી છે, તેને સમ્યગ્ જાણીને, તે પ્રકારે રુચિ કરીને અને તે પ્રકારે

સમ્યગ્ યત્નપૂર્વક ગ્રહણ કર્યું છે; અને "વિધિએ પાર્યું"=પારવાની ક્રિયા વિધિપૂર્વક કરી છે, અને વિધિ કરતાં જે કોઈ આશાતના થઈ હોય અર્થાત્ સામાયિક ગ્રહણ કર્યા પછી નિયતકાળ સુધી ગ્રહણ કરેલી પ્રતિજ્ઞા અનુસાર મન-વચન-કાયાના કરણોને પ્રવર્તાવીને સામાયિકના પરિણામને કરવા માટે સમ્યગ્ યત્ન કર્યો છે, આમ છતાં છદ્મસ્થભાવને કારણે કે અનાદિના કુસંસ્કારોને કારણે તથાવિધ કોઈ સ્ખલનાથી "વિધિ કરતાં જે કાંઈ અવિધિ થઈ હોય, તે સર્વને હું મન-વચન-કાયાથી મિચ્છા મિ દુક્કડં આપું છું."

યદ્યપિ જે સાધક સામાયિક ગ્રહણ કરતી વખતે સમ્યગ્ કરવાના યથાર્થ બોધવાળો હોય, વળી સામાયિકના પરિણામને કરવાના યત્નવાળો હોય તે સાધક "સામાયિક વિધિએ લીધું..." એમ બોલી શકે, પરંતુ કેવળ સૂત્રના ઉચ્ચારણમાં યત્ન કરીને સામાયિકને ગ્રહણ કરતો હોય, પણ તેની પારમાર્થિક વિધિને પણ ન જાણતો હોય, કે સામાયિકના પારમાર્થિક સ્વરૂપથી અજ્ઞ હોય, તેવા સાધકનું તે પ્રકારનું ઉચ્ચારણ પ્રગટ મૃષાવાદરૂપ બની જાય છે. પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ દ્વારા રચાયેલ યોગવિંશિકા ગ્રંથના ૧૨મા શ્લોકની ટીકામાં, લેશ પણ સંવેગ વગરના અનુષ્ઠાનને અનનુષ્ઠાન રૂપે સ્વીકારીને મહામૃષાવાદરૂપ કહેલ છે. (વિશેષ જિજ્ઞાસુઓએ યોગવિંશિકા ગ્રંથની શ્લોક-૧૨ની ટીકા જોવી.) આમ છતાં, જે સાધકને વિધિપૂર્વક સામાયિક લેવાની અને કરવાની વૃત્તિ હોવા છતાં, અનાદિભવથી અભ્યસ્ત એવા પ્રમાદને કારણે યત્ન ન કરતો હોય તો પણ મનમાં તેને તે સંબંધી જો ખેદ વર્તતો હોય, તેવો જીવ જ્યારે બોલે છે કે, સામાયિક વિધિએ લીધું આદિ, ત્યારે તેને લાગે છે કે પ્રસ્તુત વચનને બોલવા માટે ખરેખર હું અનધિકારી છું. તેથી તેને પોતાના પ્રમાદદોષ પર જુગુપ્સા ઉત્થિત થાય છે, અને તેથી વિધિપૂર્વક ગ્રહણ કરવા માટેનું વીર્ય કાંઈક અંશે જાગૃત થાય છે, કે જેથી ઉત્તરકાલમાં કાંઈક વિધિપૂર્વકતાને અનુરૂપ યત્ન પ્રગટે, અને તેવા સાધકનું, સામાયિક વિધિએ લીધું ઈત્યાદિ વચનઉચ્ચારણ મૃષાવાદરૂપ હોવા છતાં નિરનુબંધ બને છે અને આરંભિક દશામાં તે પ્રકારે બોલનાર સાધકને પણ લાભ થાય છે. પરંતુ જે જીવો અવિચારકપણે બોલે છે અને તેના પ્રત્યે વિચાર કરવાની જિજ્ઞાસા પણ ઉત્થિત થતી નથી, તેવાઓની તે ક્રિયા સંમૂર્ચ્છિમરૂપ છે, જે બહુ ફળપ્રદ

નથી. માટે ફળના અર્થીએ પ્રસ્તુત મિચ્છા મિ દુક્કડં દેતાં વિધિને અભિમુખ વીર્ય ઉત્થિત થાય તે માટે યોગ્ય બોધની જિજ્ઞાસા પણ અવશ્ય આવિર્ભાવ કરવી જોઈએ, કે જેથી ધીરે ધીરે રુચિ અને પ્રવૃત્તિ વિધિ કરવામાં પ્રગટે.

**દશ મનના .... મિચ્છા મિ દુક્કડં :-**

આ રીતે મિચ્છા મિ દુક્કડં દીધા પછી સામાયિકમાં વર્તતાં થયેલા દશ મનના, દશ વચનના અને બાર કાયાના દોષોનું મિચ્છા મિ દુક્કડં દેવાય છે. તેનું તાત્પર્ય એ છે કે, પ્રથમ સામાન્ય રીતે વિધિ કરતાં જે અવિધિ થઈ હોય તે સર્વનું મિચ્છા મિ દુક્કડં દીધું, હવે તે સર્વ દોષો ત્રણેય યોગો દ્વારા બત્રીશ ભેદથી વિશેષરૂપે ઉપસ્થિત કરીને તેનું મિચ્છા મિ દુક્કડં દે છે, જેથી કાંઈક સંગ્રહરૂપે અને કંઈક વિશેષરૂપે તે દોષોની ઉપસ્થિતિ થવાથી તેના પ્રત્યે ફરી જુગુપ્સાનો ભાવ ઉત્થિત થાય છે, અને તેથી દોષો નિષ્પન્ન કરવાને અનુકૂળ જે વીર્ય છે તે શિથિલ બનતું જાય છે, અને ઉત્તરકાલિન સામાયિક દોષરહિત પેદા થાય કે દોષોની અલ્પતાવાળું પેદા થાય એવું જીવવીર્ય નિષ્પન્ન થાય છે.

સામાયિક એ આત્માના સમપરિણામરૂપ છે. તેથી આત્મા કર્મની અસરથી મુક્ત થાય તેવો આત્માનો સમપરિણામ ઉત્પન્ન કરવા અર્થે સમભાવને પેદા કરવાનો યત્ન સામાયિકકાળમાં કરવાનો હોય છે, અને તે યત્ન મન-વચન-કાયાની ક્રિયાથી સંભવે છે. તેથી જ્યારે તે ત્રણેય યોગો સામાયિકથી નિષ્પાદ્ય એવા ભાવને અનુરૂપ સંપૂર્ણ પ્રવર્તતા હોય ત્યારે જ સામાયિક સર્વ દોષોથી રહિત બને છે, પરંતુ તેમાં જે કાંઈ ત્રુટિ રહે છે, તે દોષરૂપ બને છે. તે ત્રુટિઓને મન-વચન-કાયાના બત્રીસ દોષમાં વિભક્ત કરેલ છે અને તેમાં મન સંબંધી જે કાંઈ ત્રુટિ છે, તેને દશ વિભાગમાં વિભક્ત કરેલ છે, જે આ પ્રમાણે –

**મનના દોષો=મન સંબંધી દોષો :-**

**(૧) અવિવેક :-** સામાયિકકાળ દરમિયાન શ્રાવકે સામાયિકનો ભાવ ઉત્થિત થાય તે રીતે શ્રુતનું શ્રવણ-અધ્યયનાદિની ઉચિત ક્રિયા કરીને સમભાવની વૃદ્ધિમાં યત્ન કરવો જોઈએ, જેથી સંસારની નિર્ગુણતાની અને મોક્ષ જ અત્યંત ઉપાદેય છે તેવી બુદ્ધિ સ્થિર થાય. પરંતુ જે જીવ તે રીતે શ્રુતનું અધ્યયનાદિ

ન કરતો હોય, અગર શ્રવણ-અધ્યયનાદિ કરવા છતાં, આ શ્રુતને, તેના દ્વારા મારે કયા લક્ષ્ય સુધી જવું છે તેની સાથે નથી જોડતો અર્થાત્ સંવેગની વૃદ્ધિ સાથે શ્રુતઅધ્યયનને જોડી નથી શકતો, તે અવિવેક નામનો દોષ છે.

**(૨) અવિનય :-** સામાયિક ગ્રહણ કર્યા પછી ગુરુની સાક્ષીએ સામાયિક કરતો હોય તો ઉચિત વિવેકપૂર્વક તેમની પાસે સંવેગવર્ધક શાસ્ત્રો સાંભળે. અને કદાચ તેવા કોઈ ગુરુ ન હોય અને સ્થાપનાજી સન્મુખ સામાયિક કરતો હોય, તો, "આ ભાવાચાર્યની સ્થાપના છે, તેમના સાંનિધ્યમાં હું સામાયિક કરું છું," તે પ્રકારની ઉપસ્થિતિપૂર્વક સ્થાપના નિક્ષેપાના વિનયને જાળવવા યત્ન કરે, તે સામાયિકમાં કર્તવ્ય વિનય છે. તેમાં જે કંઈ ત્રુટિ હોય તે અવિનય દોષ છે.

**(૩) અબહુમાન :-** સામાયિકનો પરિણામ, સામાયિકનાં સૂત્રો અને સામાયિકથી સંપન્ન એવા ગુરુ આદિ એ સર્વ પ્રત્યે ભાવનો જે પ્રતિબંધ અર્થાત્ તેઓ પ્રત્યે જે અત્યંત આદરબુદ્ધિ, તે બહુમાનભાવ છે, અને તેવો બહુમાનભાવ ન વર્તતો હોય તેવો માનસપરિણામ એ અબહુમાન દોષ છે. અને આ દોષનો અભાવ તેને જ સંભવે કે જે જીવને સર્વજ્ઞ ભગવંતે સામાયિકનો અર્થ અપૂર્વ કહ્યો છે, એવો નિર્ણય, માત્ર શબ્દથી નહિ પરંતુ પદાર્થના યથાર્થ બોધને કારણે થયેલો હોય. તેવા જીવને એ પ્રકારે ભાસે છે કે, "ભગવાને જેવો સામાયિકનો અર્થ કહેલ છે, તેવો સામાયિકનો અર્થ મને પૂર્વમાં જો પ્રાપ્ત થયેલ હોત તો અવશ્ય મારા સંસારનો ઉચ્છેદ થઈ ગયો હોત. પરંતુ અનાદિકાળમાં ઘણી વખત સામાયિક પદાર્થનું શ્રવણ હોવા છતાં ક્યારેય તેના તાત્ત્વિક સ્વરૂપને જાણવા મારા જીવે યત્ન કર્યો નથી, તેના એ ઉત્તમ સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા પણ થઈ નથી, તેથી જ મારો આ સંસાર જીવંત રહ્યો છે. તેથી આ સંસારના ઉચ્છેદના અનન્ય કારણરૂપે જો કોઈ હોય તો એક માત્ર આ સામાયિકનો તાત્ત્વિક ભાવ જ છે." એવો જેને બોધ થયો છે તેને સામાયિક સૂત્ર, તેનો અર્થ અને તેને દેનારા એવા ભગવાન અને સામાયિકવાળા એવા ગુરુ પ્રત્યે અત્યંત બહુમાનભાવ થાય છે. તેમાં જે ત્રુટિ હોય તે માનસિક અબહુમાનરૂપ દોષ છે. તેવો જીવ ક્રિયાકાળમાં કોઈ સૂત્રાદિનું અધ્યયન

કરતો હોય તો પણ તે વખતે સામાયિકનો એ માનસિક દોષ તેનામાં વર્તતો હોય છે અને તે દોષ સમ્યગ્ સામાયિકની નિષ્પત્તિમાં પ્રતિબંધક બને છે. તેથી સાધકે સામાયિકમાં બહુમાનભાવ થાય તેવો યત્ન કરવો જોઈએ. સામાયિક કઈ રીતે ઉત્તમ છે, રત્નચિંતામણિ આદિ પદાર્થો કરતાં પણ તે કઈ રીતે અધિક મહત્ત્વવાળું છે, તેને બરાબર સમજીને, પછી એ રીતે બુદ્ધિમાં તેને ઉપસ્થિત કરીને તેના પ્રત્યે બહુમાનભાવવાળો થઈને પ્રવૃત્તિ કરે, તો સામાયિકમાં આવી જતો આ માનસિક દોષ દૂર થઈ શકે છે.

**(૪) રોષ :-** કોઈ જીવ સામાયિક ગ્રહણ કરે તેની પૂર્વે, તેને વારંવાર સામાયિક ગ્રહણ કરવાનું કોઈ કહે તેથી રોષથી સામાયિક ગ્રહણ કરે, અગર અન્ય કોઈ કારણથી કોઈના પ્રત્યે રોષ થયેલો હોય તો રોષમાં ને રોષમાં સામાયિક ગ્રહણ કરવા બેસી જાય, અથવા તો તેવું કાંઈ ન હોય, આમ છતાં, સામાયિક ગ્રહણ કર્યા પછી કોઈનું પણ તેવું અસમંજસ કાર્ય જોઈને ઈષત્ અરુચિ થાય, તે બધું રોષમાં અંતર્ભાવ પામે. તેથી તે દોષના પરિહારના અર્થીએ સામાયિક ગ્રહણ કરતી વખતે એવો દૃઢ સંકલ્પ કરવો જોઈએ કે કોઈપણ અરુચિનાં નિષ્પાદક નિમિત્તોને પામીને તેને અભિમુખ પોતાનો કોઈ ભાવ ન થાય. અને તે રીતે ચિત્તને વાસિત કરીને સામાયિકકાળ દરમ્યાન પોતાનો સમભાવ વૃદ્ધિમત્ થાય તે રીતે અર્થશ્રવણાદિ ક્રિયાઓ કરતો હોય, તો ચિત્તમાં રોષ-દોષનો પ્રાદુર્ભાવ ન થાય.

**(૫) ગર્વ :-** પોતે દરરોજ સામાયિક કરે છે અથવા તો પોતે બહુ સારી રીતે સામાયિક કરે છે, એ પ્રકારના ગર્વને ધારણ કરીને પણ સામાયિકમાં યત્ન કરે, અથવા તો તે પ્રકારે કોઈ યત્ન ન કર્યો હોય, આમ છતાં, પોતે સારી સામાયિક કરે છે તેની કોઈ પ્રશંસા કરે તો મનમાં ઈષત્ પણ અસર થાય, તો તે ગર્વ દોષ છે. તેથી સર્વ પ્રકારના ગર્વને છોડીને ચિત્તને તે રીતે ભાવિત રાખવું જોઈએ કે, પોતાને કોઈ મહાન કહે કે ધર્મી કહે તેટલામાત્રથી પોતે મહાન કે ધર્મી બની જતો નથી, પરંતુ અંતરંગ માનાદિ કષાયને અવરુદ્ધ કરવાનો સતત યત્ન કરવાથી જ જીવ મહાન બની શકે છે, આ પ્રકારે બુદ્ધિને વાસિત કરીને, તેની વૃદ્ધિ થાય તે રીતે જ સામાયિકમાં યત્ન કરવો જોઈએ. અન્યથા, તથાવિધ નિમિત્તની પ્રાપ્તિના અભાવમાં વ્યક્તરૂપે ગર્વનો પરિણામ

ન પણ વર્તતો હોય, છતાં તે વખતે બુદ્ધિમાં અવ્યક્તરૂપે તેવો ભાવ વર્તતો હોય છે, જેથી સૂત્ર-અર્થના અધ્યયનથી પણ ચિત્ત સામાયિકભાવ પ્રત્યે ઉલ્લસિત થતું નથી. જેમ બાહુબલીએ માનપરિણામને ચિત્તમાં રાખીને બાર મહિના સુધીના સંયમજીવનના ધ્યાનના કાળમાં, વ્યક્તરૂપે કોઈ માન સંબંધી વિચાર ન કર્યો, તો પણ અવ્યક્તપણે રહેલો તે માનનો પરિણામ ક્ષપકશ્રેણિની પ્રાપ્તિમાં પ્રતિબંધક બન્યો.

**(૬) લાભવાંછા :-** લાભવાંછા શબ્દથી કોઈ જીવને ધનના લાભની, પુત્રના લાભની કે શત્રુ આદિના વિજયના લાભની વાંછા હોય, અને પોતાના યત્નથી તેની પ્રાપ્તિ દેખાતી ન હોય તેવે વખતે કોઈના કહેવાથી ધર્મ તેને ઉપાયરૂપે ભાસે કે અન્ય કોઈ રીતે ધર્મમાં તેને તેની પ્રાપ્તિના ઉપાયરૂપે બુદ્ધિ થઈ જાય; ત્યારે તે આશયપૂર્વક સામાયિકાદિમાં પ્રયત્ન કરતો હોય, ત્યારે વ્યક્ત વિચારણારૂપે તેવો વિચાર ન વર્તતો હોય તો પણ, અને સામાયિકના પ્રવૃત્તિકાળમાં ચિત્તને સૂત્રાદિમાં જ પ્રવર્તાવતો હોય તો પણ, તે પ્રકારના પરિણામથી અનુવિદ્ધ એવું ચિત્ત હોવાને કારણે, લાભવાંછા રૂપ માનસદોષ લાગે છે. ગૃહસ્થ યદ્યપિ ધનાદિ કે પુત્રાદિની વાંછાવાળો હોઈ શકે છે, તો પણ તે માનતો હોય છે કે, આ સર્વ વાંછાઓ જ અનર્થનું મૂળ છે અને સર્વ વાંછાઓથી રહિત એવો મોક્ષ જ એક ઉપાદેય છે, અને તેને અનુરૂપ એવી અનિચ્છાની પરિણતિ સ્વરૂપ જ આ સામાયિક પદાર્થ છે, તેથી તેની નિષ્પત્તિ થાય તે રીતે જ તે સામાયિકના કાળમાન દરમ્યાન શાસ્ત્રશ્રવણાદિ કરતો હોય, તો ચિત્તમાં સંસ્કારરૂપે પડેલી તે વાંછાઓ પણ ક્ષીણ ક્ષીણતર થતી જાય છે. પરંતુ જો એ રીતે યત્ન ન કરતો હોય તો અવ્યક્ત રીતે કે વ્યક્ત રીતે તે લાભની વાંછાઓ લાભના ઉપાયરૂપે તેને સામાયિકમાં પ્રવૃત્તિ કરાવી શકે, ત્યારે ચિત્તની મલિનતાને કરે એવો લાભવાંછા દોષ પ્રાપ્ત થાય છે.

**(૭) ભય :-** સામાયિક કરતાં પૂર્વે ભય વર્તતો હોય કે, જો હું સામાયિક નહિ કરું તો જે ધર્મી સમાજની વચ્ચે હું રહ્યો છું તેમાં ખરાબ દેખાશે, અગર તો વડીલ આદિના ભયથી સામાયિક કરે, તો સામાયિક ગ્રહણ કર્યા પછી સૂત્ર-વાચનાદિ કરતો હોય તો પણ તે ભયનો પરિણામ અનુવૃત્તિરૂપે રહે છે. અને કદાચ પૂર્વમાં તેવો કોઈ ભય ન પણ હોય અને સ્વેચ્છાથી જ

સામાયિક કરતો હોય, આમ છતાં પોતાના ધનાદિના નાશનો ભય કે અન્ય કોઈ આપત્તિઆદિનો ભય ઉપસ્થિત થાય, તો માનસમાં તે ભયનો પરિણામ સ્ફુરણ થવાથી સામાયિકમાં માનસિક દોષ લાગે છે. વસ્તુતઃ સામાયિકકાળમાં ચિત્તને બાહ્ય વસ્તુઓના વિષયમાં પ્રતિબંધરહિત કરવા યત્ન કરવાનો છે, અને જેમ જેમ ઉપયોગના બળથી તે પ્રતિબંધ તૂટતો જાય છે, તેમ તેમ ભયનો પરિણામ ઉત્થિત થઈ શકે એવી ચિત્તવૃત્તિ મ્લાન થતી જાય છે અને તેથી સમ્યગ્ રીતે સામાયિકમાં યતમાન જીવને નિર્ભયતાનો પરિણામ વૃદ્ધિમત્ થયા કરે છે.

**(૮) યશ : કીર્તિ** :- સામાયિક ગ્રહણ કરવા પૂર્વે, પોતે સામાયિક કરે છે એથી આ ધર્મી છે એમ લોક કહેશે, એવો આશય વ્યક્તરૂપે હોય કે ક્વચિત્ અવ્યક્તરૂપે પણ હોઈ શકે અર્થાત્ સ્પષ્ટ શબ્દાત્મક વિચાર ન હોય છતાં સામાયિકની પ્રવૃત્તિના કાળમાં ઉત્સાહના અંગરૂપે તે પરિણામ વર્તતો હોય, ત્યારે અવ્યક્તરૂપે પણ તે પરિણામ સામાયિકની પ્રવૃત્તિમાં નિયામક બને છે. માટે સમ્યગ્ સામાયિકની નિષ્પત્તિના અર્થીએ વારંવાર ચિત્તને ભાવિત કરીને એવી સ્થિર બુદ્ધિ કરવી જોઈએ કે "ભગવાને સર્વ પદાર્થો પ્રત્યે ઉદાસીન ચિત્ત જ નિષ્પન્ન કરવા અર્થે આવી ઉત્તમ સામાયિક બતાવી છે. તેથી સર્વ પદાર્થોનો પ્રતિબંધ તૂટે તેને અનુકૂળ યત્ન એ સામાયિકની ક્રિયા છે, અને તે આશય વૃદ્ધિમત્ થાય તદ્ અર્થે હું સામાયિક કરું છું." એ પ્રમાણે બુદ્ધિને ઉલ્લસિત કરીને યત્ન કરે તો યશ-કીર્તિ આદિ જે સામાયિકના દોષો છે, તે સામાયિકના પ્રવર્તનમાં અંગ બને નહિ. વળી સામાયિક ગ્રહણ કરી હોય ત્યાર પછી પણ તેની કોઈ પ્રશંસા કરે અને બુદ્ધિ તેના ભાવોને સ્પર્શવા લાગે તો ચિત્તમાં સામાયિકને મલિન કરનારો યશ-કીર્તિનો પરિણામ ઉદ્ભવ્યો છે, એમ નક્કી થાય. માટે સામાયિક દરમ્યાન પણ તેવો કોઈ પરિણામ ન સ્પર્શે તે રીતે ઉપયુક્ત થઈને સામાયિકના ભાવથી ચિત્તને વાસિત કરવા યત્ન કરવો જોઈએ.

**(૯) નિદાન** :- સામાયિક કરતી વખતે કોઈક પરલોકના ફળની આકાંક્ષાપૂર્વક તે કરવામાં આવે કે કરતાં પહેલાં તેવી કોઈ આશંસાપૂર્વક સામાયિકમાં યત્ન કરવામાં આવે તે નિદાન દોષ છે. તેથી સર્વ ઈચ્છાઓના

પરિહારરૂપ સમભાવ ઉત્થિત થાય તે પ્રકારના સંકલ્પપૂર્વક જ સામાયિકમાં યત્ન કરવો જોઈએ કે જેથી અન્ય કોઈ તુચ્છ ફળની આશંસા પણ ન થાય અને તદ્ અભિમુખ ભાવ પણ ન આવે.

**(૧૦) ફળસંશય :-** સામાયિક ગ્રહણ કરતાં પૂર્વે કે સામાયિક ગ્રહણ કર્યા પછી પણ સામાયિકના ફળમાં સંશય થાય તે માનસિક દોષરૂપ છે. સામાન્ય રીતે વિચારક જીવને કોઈપણ કાર્ય કરતાં પૂર્વે તે કાર્યનું ફળ શું છે, તેનો નિર્ણય કરીને પ્રસ્તુત ક્રિયા તેની સાથે કઈ રીતે સંબદ્ધ છે, તે યોજવા પ્રયત્ન કરવો જોઈએ; અને તે નિર્ણય જેટલો સ્પષ્ટ હોય તેટલી ફળસંશયની સંભાવના રહેતી નથી. પરંતુ તે અસ્પષ્ટ હોવાના કારણે નિમિત્ત પામીને જીવને ફળસંશય થાય છે, અને ક્વચિત્ નિમિત્ત પ્રાપ્ત ન થાય તો પણ સંશયની સંભાવનાવાળું ચિત્ત હોય છે. તેને દૂર કરવા પ્રસ્તુત સામાયિકમાં સામાયિકના સ્વરૂપની વિચારણા વિચારક આત્મા આ રીતે યોજી શકે કે "સર્વ સંસારનું બીજ કર્મના ઉદયથી થતો આત્માનો વિષમભાવ છે અને તે જ સર્વ સાવદ્ય પ્રવૃત્તિ કરાવે છે. તેથી સંસારના ઉચ્છેદના અર્થીએ વિષમભાવનો ઉચ્છેદ કરવા યત્ન કરવો જોઈએ; અને તેના ઉચ્છેદ માટે સામાયિક આવશ્યક છે, કેમ કે વિષમભાવની વિરુદ્ધ એવી સમભાવની પરિણતિરૂપ સામાયિક છે." આ રીતે નિર્ણય કરીને સમભાવનો ઉપાય નિરવદ્ય માનસ છે, તેથી સામાયિકમાં સાવદ્યયોગના પરિહારનો સંકલ્પ કરે. વળી તે શાસ્ત્રના બળથી વિચારે કે, "આ નિરવદ્યભાવરૂપ સામાયિક સર્વકર્મરહિત એવી આત્માની અવસ્થા પ્રાપ્ત કરાવે તેવી છે. પરંતુ તે ભૂમિકાની પૂર્ણ સામાયિક જ્યાં સુધી ન પ્રગટે ત્યાં સુધી તે આશયથી કરાતી સામાયિકની ક્રિયા પુણ્યના સંચય દ્વારા જીવને સંસારમાં સારી ભૂમિકામાં રાખનાર છે, અને ત્યાં સાધના કરીને અંતે સર્વ કર્મનો નાશ કરવામાં આ સામાયિકની ક્રિયા કારણ બનશે." એ પ્રકારનો સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક શાસ્ત્રબળથી નિર્ણય કરીને, એમાં કોઈ સંશય ઉત્પન્ન ન થાય તે રીતે વારંવાર શિષ્ટ પુરુષો પાસે સામાયિક સંબંધી કાર્યકારણભાવ સમજવા પ્રયત્ન કરે, તો કાર્યકારણભાવનો સ્થિર નિર્ણય થાય, જેથી ફળમાં સંશય રહે નહીં; કેમ કે પોતાની પ્રવૃત્તિથી ફળ મળશે, તેમાં સંશય થવાનું કારણ કાર્યકારણભાવનો સ્થિર નિર્ણય નથી તે છે, અને

આ રીતે સંશય દૂર કરીને સામાયિકમાં યત્ન કરવામાં આવે તો સંશયરહિત સામાયિક નિષ્પન્ન થઈ શકે.

**(૧) વચનના દોષો :-**

(૧) **સ્વચ્છંદ :-** સામાયિકકાળમાં સામાયિકભાવની વૃદ્ધિનું કારણ ન હોય તેવું વચન બોલવું તે સ્વચ્છંદ વચન છે. તેથી સામાયિક ગ્રહણ કરતી વખતે જ તેવો સંકલ્પ હોવો જરૂરી છે કે, કેવળ સામાયિકભાવની વૃદ્ધિ કરે તેવું તત્ત્વની પૃચ્છારૂપ વચન મારે બોલવાનું છે, અન્ય નહિ. આ સંકલ્પના નિયંત્રણ નીચે થતી સામાયિકની ક્રિયામાં સમભાવને નિષ્પન્ન ન કરે તેવો કે સમભાવની અભિમુખ પણ ન લઈ જાય તેવો એક પણ વચનપ્રયોગ થતો નથી, જેથી સ્વચ્છંદરૂપ વચનના દોષથી રહિત એવી સામાયિકની ક્રિયા બને છે. પરંતુ જે તેવા ઉપયોગપૂર્વક સામાયિકમાં યત્ન કરતા નથી, અને જે જે સ્મરણ થાય છે તે તે વચનપ્રયોગ કોઈની સાથે કરે તો સ્વચ્છંદ નામનો વચનદોષ પ્રાપ્ત થાય.

(૨) **સહસાત્કાર :-** કલ્યાણનો અર્થી બનેલો આત્મા, સમભાવની નિષ્પત્તિ અર્થે સામાયિક કરવા માટે તત્પર બનેલો, સામાયિક ગ્રહણ કરતી વખતે સંકલ્પ કરે કે, મારે મારા મન-વચન-કાયાના યોગોને નિરવદ્યભાવને અનુરૂપ પ્રવર્તાવવાના છે. આમ છતાં, અનાદિ અભ્યાસને કારણે અકસ્માત કોઈ પરિચિત વ્યક્તિ આવી જાય, કે તેવું કોઈ બાહ્ય નિમિત્ત ઉત્પન્ન થાય ત્યારે, સામાયિકની વૃદ્ધિની સાથે જેને પ્રયોજન નથી તેવો વચનપ્રયોગ સહસાત્કારથી થઈ જાય છે, એ વચન સંબંધી સહસાત્કાર દોષ છે. અને તેના નિવારણ અર્થે ચિત્તને સામાયિકભાવથી અત્યંત ભાવિત કરીને, ત્રણેય યોગો તેના નિયંત્રણ નીચે પ્રવર્તે એવી ચિત્તવૃત્તિ બનાવી દેવી જોઈએ, જેથી સહસાત્કારથી પણ કોઈ વચનપ્રયોગ ન થઈ જાય.

(૩) **કુવચન :-** કોઈને પીડા ઉપજાવે તેવું વચન સામાયિકમાં બોલવું તે કુવચન છે. કેટલીક વખત જેના વિષયમાં વાત થતી હોય તે વ્યક્તિ હાજર ન હોય તેથી તેને પીડા ઉપજાવવાનું કોઈ કારણ ન બને, તો પણ પોતે કાંઈક જાણતો હોય અને તે કહેવાની વૃત્તિ પોતાનામાં વર્તતી હોય, તેથી કોઈ

વિશેષ પ્રયોજન ન હોવા છતાં તે વાત બીજાને કરે, ત્યારે જેના વિષયમાં તે વાત છે, તે વ્યક્તિને તે વાત જ્ઞાત થાય તો પીડા ઊપજે તેવું હોય, તો તે વચન કુવચનરૂપ છે. તેથી કોઈને પીડા ઉપજાવે તેવું કઠોર વચન કે તુચ્છભાવની અભિવ્યક્તિ કરે તેવો વચનપ્રયોગ સામાયિકમાં કરવો તે દોષરૂપ છે. તેથી સામાયિકમાં મૌન ગ્રહણ કરવું જોઈએ અથવા સામાયિકના ભાવની વૃદ્ધિમાં ઉપષ્ટંભક=સહાયક, એવી તત્ત્વચિંતાને અનુકૂલ પૃચ્છાદિની ક્રિયા સિવાય અન્ય વચન બોલવું જોઈએ નહીં.

(૪) **સંક્ષેપ :-** કોઈ જીવ તત્ત્વનો જાણ હોય અને યોગ્ય જીવોને સન્માર્ગ વિષયક ઉપદેશાદિ આપતો હોય ત્યારે તે ઉપદેશનું મુખ્ય પ્રયોજન સામેની વ્યક્તિને યથાર્થ તત્ત્વબોધ કરાવવાનો છે. આમ છતાં ક્વચિત્ કોઈક કારણને પામીને ઉપદેશક તત્ત્વના બોધને અનુકૂળ કથન સંક્ષેપ કરીને કહે, કે જેથી શ્રોતાને સ્પષ્ટ બોધ પ્રાપ્ત ન થઈ શકે, તે સંક્ષેપ દોષ છે; પરંતુ સૂત્રને સંક્ષેપથી બોલે તે અશુદ્ધ દોષ છે, તેથી સંક્ષેપ દોષમાં તે અંતર્ભાવ પામે નહિ. અને ઉપદેશક સામાયિકમાં શ્રોતાને તત્ત્વનો બોધ થાય એવા નિર્મળ આશયપૂર્વક પ્રરૂપણા કરતા હોય ત્યારે, શ્રોતાની બુદ્ધિને અનુરૂપ યથાર્થ પ્રરૂપણા કરે તો તેનો તે વિશુદ્ધ આશય પુષ્ટ બને છે. પરંતુ અન્યમનસ્કતાને કારણે કે અન્ય કોઈ પ્રવૃત્તિ વિષયક ઉત્સુકતાને કારણે જ્યારે સ્પષ્ટ ન કહે, અને સંક્ષેપથી કથન પૂરું કરે, ત્યારે પોતાના સમપરિણામને અનુકૂળ યત્નમાં મ્લાનિ પ્રાપ્ત થાય છે, તેથી તે દોષરૂપ છે; કેમ કે સમપરિણામ ઉચિતપ્રવૃત્તિપ્રધાન હોય છે, અને ઉચિત પ્રવૃત્તિ સામેની વ્યક્તિને સમ્યગ્ બોધ થાય એ પ્રમાણે પૂર્ણ કથન કરવારૂપ છે. તેથી સંક્ષેપ દોષ એ સામાયિકના અતિચારરૂપ બને છે.

(૫) **કલહ :-** સામાયિક ગ્રહણ કર્યા પછી કોઈ વ્યક્તિની સાથે કોઈ પ્રસંગને પામીને કલહકારી વચનપ્રયોગ કરવો તે કલહ દોષ છે અથવા તો પૂર્વમાં કોઈની સાથે કલહ થયો હોય અને ચિત્તમાં તેના પ્રત્યે દ્વેષનો પરિણામ વર્તતો હોય અને તેને કારણે તેના પ્રત્યે ઘસાતાં વચનો બોલવાની વૃત્તિથી કાંઈક કહેવાતું હોય તો પણ તે કલહદોષમાં અંતર્ભાવ પામે છે.

(૬) **વિકથા :-** સામાયિકમાં ચાર પ્રકારની વિકથાને છોડીને ધર્મકથા

કરવી જોઈએ. સામાયિક ગ્રહણ કર્યા પછી તત્ત્વમાર્ગની પ્રાપ્તિ થાય તેવી ધર્મકથાને સાંભળવી જોઈએ કે કરવી જોઈએ, પરંતુ અનાદિ અભ્યાસને કારણે ક્વચિત્ ધર્મશાસ્ત્રનું કોઈની પાસે વાંચન કરતી વખતે પણ વિકથા થવાનો સંભવ છે. તેથી જેમ સામાન્ય રીતે જીવ સ્ત્રી આદિની કથામાં રસ લે છે, તેમ તે શાસ્ત્રવાંચન વખતે પણ પ્રાસંગિક કથનમાંથી તે તે રસની પુષ્ટિ થાય તેવા વચનપ્રયોગો કરે, તો વિકથા દોષની પ્રાપ્તિ થાય, જે સામાયિકને મ્લાન કરે છે.

(૭) **હાસ્ય** :- સામાયિકમાં તાત્ત્વિક ભાવોની નિષ્પત્તિ અર્થે યત્ન કરવાનો છે. તેથી હાસ્ય ઉત્પન્ન થાય તેવો વચનપ્રયોગ કરવો તે પણ સામાયિકની ક્રિયામાં દૂષણરૂપ છે. તેથી સ્વયં હસવું કે અન્યને હસાવે તેવો વચનપ્રયોગ કરવો તે હાસ્ય દોષ છે.

(૮) **અશુદ્ધ** :- સામાયિક ગ્રહણ કરવાની ક્રિયામાં બોલાતાં સૂત્રો અશુદ્ધ બોલે, કે સામાયિક ગ્રહણ કર્યા પછી સ્વાધ્યાયાદિમાં પ્રવર્તતો હોય ત્યારે સૂત્રો અશુદ્ધ બોલે, તે અશુદ્ધ સૂત્રદોષ છે; અને સૂત્રોના અર્થનું નિરૂપણ કરતો હોય ત્યારે, અર્થને સમ્યગ્ સમજ્યા વગર સૂત્રોના અર્થ કહે, તે અશુદ્ધ અર્થનું પ્રરૂપણ છે. તે સર્વ અશુદ્ધ દોષરૂપ પ્રાપ્ત થાય.

(૯) **નિરપેક્ષ** :- સામાયિકમાં ઉપદેશાદિ ક્રિયા કરતો હોય ત્યારે સાપેક્ષ વચન બોલવાનાં હોય છે; કેમ કે જૈનશાસન સ્યાદ્વાદને માને છે. તેથી ક્વચિત્ નિશ્ચયનું કથન હોય કે ક્વચિત્ વ્યવહારનું કથન હોય, પરંતુ તે વ્યવહારનું કે નિશ્ચયનું કથન અન્ય સ્થાનની અપેક્ષા રાખ્યા વગર એકાંતે કહેતો હોય, અથવા શ્રોતાને એકાંત બોધ થાય એ રીતે કહેતો હોય તો નિરપેક્ષ દોષ છે. તેથી બોલતી વખતે કદાચ વ્યવહારનું સ્થાપન કરતો હોય તો પણ તેની બુદ્ધિમાં હોય કે, શ્રોતામાં આ ઉપદેશ વ્યવહારથી સંપન્ન થયા પછી નિશ્ચયથી સ્થાપન કરવાનો છે, જેથી શ્રોતાને તત્ત્વની પ્રાપ્તિ થાય. આ રીતે પ્રરૂપણા કરવાથી તે ઉપદેશ સાપેક્ષ વચન બને, અન્યથા નિરપેક્ષ વચન બને.

(૧૦) **મુણમુણ દોષ** :- સામાયિકમાં ઉપદેશાદિ આપતી વખતે શાસ્ત્રના સર્વ પદાર્થોની પરસ્પર સંકલના કર્યા વગર એ રીતે કથન કરે, કે જેથી

શ્રોતાને તેની પ્રરૂપણાથી કોઈ પણ સંકલિત પદાર્થનો બોધ જ ન થાય, તે મુણમુણ દોષ છે. એ સિવાય સૂત્ર કોઈ અશુદ્ધ બોલે ત્યારે તે અશુદ્ધ દોષમાં આવે, પરંતુ શુદ્ધ બોલનાર પણ તે રીતે અસ્પષ્ટ ઉચ્ચારણ કરતો હોય તો તે પણ મુણમુણ દોષ થાય છે. વસ્તુતઃ સામાયિકભાવની નિષ્પત્તિ અર્થે સ્વાધ્યાયાદિ સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક કરવા જોઈએ, અને શ્રોતાને ઉપદેશ આપતી વખતે તેને કોઈક ચોક્કસ પદાર્થનો સમ્યગ્ રીતે બોધ થાય તે રીતે ઉપદેશ આપવો જોઈએ, તો પોતાના સામાયિકભાવની વૃદ્ધિને અનુકૂળ તે સૂત્ર બોલવાની કે ઉપદેશ દેવાની પ્રવૃત્તિ બની શકે. અન્યથા, મુણમુણ દોષની પ્રાપ્તિ થાય, જે સામાયિકના ભાવને મ્લાન કરનાર છે.

**(૨) કાયાના દોષો :-**

**(૧) અયોગ્ય આસન :-** સામાયિકમાં સામાયિકનો પરિણામ અતિશયિત કરવા અર્થે યોગગ્રંથોમાં વર્ણિત આસનોમાંથી કોઈ પણ પદ્માસનાદિ આસનને પોતાના સુખાસનરૂપે સિદ્ધ કરીને સામાયિકની ક્રિયા કરે, જેથી સ્વાધ્યાયાદિ દ્વારા સામાયિકના ભાવને નિષ્પન્ન કરવામાં તે આસન ઉપષ્ટંભક બને=સહાયક બને. તેના બદલે પગ લાંબા-ટૂંકા કરીને જે તે મુદ્રામાં બેસે તો તે અયોગ્ય આસન છે, જે સામાયિક પ્રત્યેના અવિનયના ભાવને બતાવનાર છે. તેથી અનાદરબુદ્ધિથી તેવા આસનમાં બેસવાથી જીવ કર્મબંધનો ભાગી બને છે, પરંતુ ક્વચિત્ કાયાદિની કોઈ ક્ષતિ હોય તો અપવાદથી તે આસનને છોડીને પણ સામાયિક કરે તો દોષરૂપ નથી.

**(૨) અસ્થિર આસન :-** સામાયિક ગ્રહણ કર્યા પછી યોગ્ય એવા પદ્માસનાદિમાં બેસીને સામાયિક કરનાર પણ, આસન બદલે અગર તો તે આસનમાં પગ આદિ અવયવોને હલન-ચલન કરાવીને અસ્થિર કરે કે અન્ય પ્રવૃત્તિ નિમિત્તે એક સ્થાનમાંથી સ્થાનાંતર કરે, તે સર્વ અસ્થિર આસન નામનો દોષ છે. વાસ્તવિક રીતે સામાયિકમાં સમપરિણામ ઉત્થિત થાય એ રીતે માનસને ઉપદેશાદિ શ્રવણમાં કે સૂત્રાદિના અધ્યયનમાં પ્રવર્તાવવાનું છે, અને તેમાં ઉપષ્ટંભકરૂપે યોગ્ય આસનમાં બેસીને તે ક્રિયા કરવાની છે. પરંતુ આસનમાં અસ્થિરતા કરવાથી તે પરિણામ માટેનો યત્ન સ્ખલિત થાય છે

તેથી તે દોષરૂપ બને છે. પરંતુ જ્યારે કોઈ સ્થાનમાં સામાયિક ગ્રહણ કરીને બેઠો હોય, અને પોતે સ્થિર આસનમાં રહીને યત્ન કરતો હોય, આમ છતાં કોઈ એવો જ પ્રસંગ ઉપસ્થિત થાય કે તે વખતે એ સ્થળમાંથી ઊઠીને અન્યત્ર જવું ઉચિતરૂપે પ્રાપ્ત થતું હોય, તે વખતે સામાયિકની સમિતિની મર્યાદાપૂર્વક અન્યત્ર ગમન કરે તો પણ તે અસ્થિર આસનદોષ નથી. અને આથી જ સામાયિક કરવાનો અર્થી, કોઈ તથાવિધ સંયોગ બાધક ન હોય તો, ઘરેથી સામાયિક ગ્રહણ કરીને ઉપાશ્રયમાં સાધુ પાસે જઈ સ્વાધ્યાયાદિ કરે, એ પ્રમાણે શાસ્ત્રવિધિ છે, જેથી ગમન દરમિયાન પણ સામાયિકભાવ વગરનો સમય વ્યર્થ ન જાય. તેથી જે જીવ સામાયિક ગ્રહણ કરીને ઈર્યાસમિતિમાં ઉપયુક્ત બનીને ઉપાશ્રય તરફ ગમનક્રિયા કરતો હોય ત્યારે સમ્યગ્ યતમાન હોય તો કાયાનો દોષ લાગતો નથી.

**(૩) ચલ દૃષ્ટિ :-** સામાયિક લીધા પછી આજુબાજુની વસ્તુઓને જોવામાં ચક્ષુ ઉપયુક્ત થાય ત્યારે ચલદૃષ્ટિ નામનો દોષ પ્રાપ્ત થાય છે. વસ્તુતઃ સામાયિક ગ્રહણ કર્યા પછી સામાયિકના ભાવની નિષ્પત્તિને અનુકૂળ સૂત્રાદિમાં યત્ન વર્તતો હોય, અને તે યત્ન પણ સમપરિણામ તરફ જીવનું પ્રસર્પણ થાય તે રીતે વર્તતો હોય, તો પણ જ્યારે તે દૃઢ નથી હોતો ત્યારે, જીવમાં સુષુપ્ત રીતે પણ જે ઉત્સુકતાનો સ્વભાવ પડેલો છે, તે નિમિત્તને પામીને ઉત્થિત થાય છે. ત્યારે સામાયિકમાં વર્તતો જીવ, કોઈના આગમનની સંભાવના દેખાય કે તેવો ધ્વનિ આદિ સંભળાય, તો તુરત જ તે તરફ દૃષ્ટિપાત કરીને, સામાયિક વિષયક મૂળ યત્નને છોડીને તે જોવા માટે પ્રયત્ન કરે છે, તે ચલદૃષ્ટિ દોષ છે. તેથી સામાયિકની નિષ્પત્તિના અર્થીએ ચિત્તને એ રીતે જ ભાવિત કરીને સામાયિકમાં યત્ન કરવો જોઈએ કે જેથી કોઈ સુષુપ્ત સંસ્કાર ઉત્થિત થઈને સામાયિકના ભાવની નિષ્પત્તિને અનુકૂળ ક્રિયાને મુકાવીને અન્ય ક્રિયામાં પ્રયત્ન ન કરાવી શકે.

**(૪) સાવદ્ય ક્રિયા :-** સામાયિક ગ્રહણ કર્યા પછી સર્વ સાવદ્ય ક્રિયાનો પરિહાર હોય છે, આમ છતાં કોઈ ગૃહકાર્ય ચાલતું હોય ત્યારે ઈશારાદિથી કાંઈ સૂચન કરે તો સાવદ્ય ક્રિયા બને છે. તે સિવાય તેવી કોઈ પ્રવૃત્તિ ન

કરતો હોય અને સૂત્રઅધ્યયનમાં ઉપયુક્ત હોય ત્યારે પણ, શારીરિક અકળામણાદિને કારણે આસનનું પરિવર્તન કરવું પડે ત્યારે, અપેક્ષિત એવી સમિતિની સમ્યગ્ યતના ન કરે, અને તેને કારણે કોઈ જીવનો વિનાશ થાય કે ન થાય, તો પણ તે શરીરની ચેષ્ટા સાવદ્ય ક્રિયારૂપ બને છે. અને આથી સામાયિક ગ્રહણ કરીને ઉપદેશાદિ અર્થે ગુરુ પાસે જતો હોય ત્યારે પણ, ઈર્યાસમિતિ આદિમાં અત્યંત ઉપયુક્ત થઈને યત્ન ન કરતો હોય, અને કદાચ નીચે જોઈને ચાલતો હોય એમ છતાં, માનસઉપયોગ વારંવાર અન્યત્ર વર્તતો હોય, તો તે ગમનક્રિયા પણ સાવદ્ય ક્રિયારૂપ બને છે. અને આથી અનુપયોગપૂર્વક પડિલેહણ કરનાર સાધુને પણ છ કાયનો વિરાધક કહેલ છે.

**(૫) આલંબન :-** સામાયિક ગ્રહણ કર્યા પછી સામાયિકમાં યોગ્ય આસનાદિમાં બેસીને સ્વાધ્યાયાદિમાં યત્ન કરવાનો હોય છે, પરંતુ અનાદિકાળથી જીવનો સુખશીલિયો સ્વભાવ અભ્યસ્ત થયેલો હોવાને કારણે, શરીરની અનુકૂળતા અર્થે થાંભલો કે ભીંત આદિનું અવલંબન (ટેકો) લઈને સામાયિકમાં યત્ન કરે છે, ત્યારે આલંબન દોષ પ્રાપ્ત થાય છે. પરંતુ જે જીવ સામાયિકના ભાવની નિષ્પત્તિનો અર્થી છે અને તેના માટે શક્તિને અનુરૂપ ઉચિત આસનમાં યત્ન કરતો હોય અને તે વખતે પ્રામાણિક રીતે પોતાના શરીરને અનુરૂપ થાંભલા કે ભીંતનું અવલંબન જ પરિણામની વૃદ્ધિનું અંગ દેખાય, તેથી પરિણામની વૃદ્ધિ અર્થે તેમાં યત્ન કરે, તો તે આલંબન દોષરૂપ ન બને. પરંતુ પ્રમાદના અંગરૂપે જ્યારે આલંબન લે ત્યારે તે દોષરૂપ બને છે.

**(૬) આકુંચન-પ્રસારણ :-** સામાયિકમાં રહેલ જીવ વિશિષ્ટ પ્રયોજન વગર હાથ-પગ આદિ અવયવોનું આકુંચન-પ્રસારણ કરે તો તે કાયદોષરૂપ બને છે; કેમ કે તે પ્રકારની પ્રવૃત્તિમાં ચિત્ત વ્યગ્ર રહેવાથી સુદૃઢ રીતે સામાયિકના ભાવમાં થતો યત્ન વ્યાઘાતને પામે છે.

**(૭) આળસ :-** સામાયિકમાં આળસ મરડવી તે આળસ દોષ છે. સામાન્ય રીતે ધર્મી જીવ ઈચ્છતો હોય છે કે, મારી સામાયિક જો સમભાવને નિષ્પન્ન કરે તો તે સફળ થઈ કહેવાય. તેથી દોષોના પરિહારપૂર્વક સમભાવને નિષ્પન્ન કરવા અર્થે સામાયિક કરવાની ઈચ્છાવાળો તે હોય છે. તેમ છતાં

સામાયિકની ક્રિયાથી તત્ક્ષણ કોઈ ચિત્તની પ્રસન્નતા કે આનંદ પ્રાપ્ત ન થાય, કે તેવો ક્ષયોપશમ અને સત્ત્વ ન હોવાથી સામાયિકમાં સ્થૈર્યભાવ પ્રાપ્ત ન થાય, તેથી કરીને શરીરમાં રહેલી જડતા, આળસાદિ મરડવા પ્રત્યે જીવને ઉપયુક્ત બનાવે છે, અને તે ક્રિયામાં વ્યગ્ર રહેવાથી સામાયિકભાવની નિષ્પત્તિનો યત્ન સમ્યગ્ રીતે કરી શકતો નથી. તેથી આળસ દોષના પરિહાર અર્થે, ચિત્તને સામાયિકની પ્રવૃત્તિમાં કોઈ વિશેષ અંતરંગ સુખાનુભૂતિ કરાવે તે રીતે ગુરુ પાસેથી શાસ્ત્રશ્રવણમાં પ્રવર્તાવવું જોઈએ.

**(૮) મોટન :-** આળસ દોષની જેમ જ ચિત્તમાં પ્રમાદ હોવાને કારણે સામાયિકમાં આંગળીઓને મરડવાપૂર્વક ટચાકા ફોડવાની ક્રિયા કરવાને કારણે મોટન દોષની પ્રાપ્તિ થાય છે.

**(૯) મલ દોષ :-** સામાયિકમાં સુદઢ યત્ન કરવાને બદલે શરીરના મલાદિ સાફ કરવા તે મલ દોષ છે, અને તેમ કરવાથી વ્યક્તરૂપે મલશુદ્ધિનો વિચાર નહિ હોવા છતાં વ્યક્ત કે અવ્યક્તરૂપે મલ પ્રત્યે જુગુપ્સા ભાવ વર્તી રહ્યો છે અને તે જ ભાવ મલ કાઢવાથી પુષ્ટ બને છે. તેથી તે દોષ સામાયિકભાવ પ્રત્યેના ચિત્તના પ્રસર્પણનો વ્યાઘાતક બને છે.

**(૧૦) વિમાસણ :-** સામાયિકમાં સૂત્રઅધ્યયનાદિની ક્રિયાથી સામાયિકના પરિણામને અનુકૂળ કોઈ સ્પષ્ટ દિશામાં યત્ન ન થઈ શકતો હોય, ત્યારે શું કરવું ? તેવી વિમાસણમાં જીવ પડે, અને તે પ્રકારની મુદ્રાથી સામાયિકમાં બેસે, તે કાયાનો વિમાસણ દોષ છે. આપાતથી જોતાં વિમાસણ એ માનસિક દોષરૂપ છે એવું લાગે, પરંતુ વિમાસણકાળમાં જે કાયાની મુદ્રા છે, તે પ્રકારની જ મુદ્રામાં સામાયિક વખતે બેઠો હોય તો તેને આશ્રયીને આ દોષને કાયાના દોષમાં ગણેલ છે. તે વખતે માનસિક યત્ન પણ વિમાસણ દોષને અનુરૂપ વર્તતો હોય છે, અને તેથી સામાયિક માટેનો દૃઢ યત્ન વિઘાતને પામે છે.

**(૧૧) નિદ્રા :-** સામાયિક ગ્રહણ કર્યા પછી ઝોકાં ખાવાં, કદાચ વ્યક્ત રૂપે ઝોકાં ન હોય છતાં અવ્યક્ત રૂપે નિદ્રાને અનુકૂળ શરીરનો પરિણામ વર્તતો હોય ત્યારે નિદ્રા દોષ લાગે છે. વસ્તુતઃ સામાયિકમાં સમભાવને ઉત્થિત કરે એવી સુદૃઢ ક્રિયા કરવાની હોય છે. તે ક્રિયાની મંદતાના આપાદક

એવા માનસ પરિણામયુક્ત આ નિદ્રારૂપ કાયાનો દોષ છે.

**(૧૨) વસ્ત્ર સંકોચ :-** સામાયિક ગ્રહણ કર્યા પછી વસ્ત્રનું સંકોચન કર્યા કરે અર્થાત્ શરીરની સાથે સંલગ્ન એવું વસ્ત્ર ફેરવી ફેરવીને ધારણ કરવા યત્ન કરે અથવા વસ્ત્રને સરખું કરવાની પ્રવૃત્તિમાં વારંવાર એ રીતે વ્યાપૃત રહે કે જેથી સામાયિકનો સમ્યગ્ યત્ન સ્ખલનાને પામે, આ વસ્ત્ર સંકોચન દોષ છે.

## – : સામાયિક ગ્રહણવિધિ અને કરવા યોગ્ય પરિણામ :–

શ્રાવક સામાયિક કરતાં પહેલાં સાવદ્યયોગની પ્રવૃત્તિમાં હોય છે. તે સાવદ્ય યોગની પ્રવૃત્તિથી નિવર્તન પામી હવે મારે નિરવદ્ય પ્રવૃત્તિ કરવી છે, તેવો પરિણામ થતાં શ્રાવક સામાયિક ગ્રહણ કરવા તત્પર બને છે ત્યારે, ઉચ્ચ આસનસ્થ ધર્મપુસ્તકમાં, પ્રથમ નમસ્કાર મહામંત્રપૂર્વક પંચિંદિય સૂત્ર બોલી ૩૬ ગુણોથી યુક્ત ભાવાચાર્યની સ્થાપના કરે છે. ત્યારબાદ સંડાસાદિ પ્રમાર્જવા સહિત ખમાસમણપૂર્વક ગુણવાન સ્થાપનાગુરુને વંદન કરીને તેમની પાસે **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ?"** એ આદેશ માંગી, ગુરુ જ્યારે **"પડિક્કમેહ"** કહે ત્યારે **"ઈચ્છં"** કહી આદેશનો સ્વીકાર કરી ઈરિયાવહિયા સૂત્ર બોલે છે, જેથી સાવદ્યના સેવનવાળું માનસ નિવર્તન પામે, નિરવદ્ય ભાવોને અભિમુખ માનસ તૈયાર થાય અને સર્વ સાવદ્ય પ્રવૃત્તિ પ્રત્યે જુગુપ્સાભાવ પેદા થાય.

ત્યારબાદ તે જ ભાવને અતિશયિત કરવા અર્થે ઈરિયાવહિયા સૂત્રથી આલોચના કરાયેલ અને અંતે તસ્સ મિચ્છા મિ દુક્કડં દ્વારા પ્રતિક્રમણ કરાયેલ, છતાં પણ કોઈક પ્રકારના પાપને અભિમુખ પરિણામ હોય, તો તેની શુદ્ધિ અર્થે તસ્સ ઉત્તરી અને અન્નત્થ સૂત્ર બોલીને કાયોત્સર્ગ કરે છે. કાયોત્સર્ગમાં ચિત્તને શુભધ્યાનમાં પ્રવર્તાવી ચોવીશ તીર્થંકરોનું કીર્તન કરી, ચિત્તને પવિત્ર બનાવે છે, અને કાયોત્સર્ગ પૂર્ણ થતાં પારીને કાયોત્સર્ગ દ્વારા થયેલ હર્ષની અભિવ્યક્તિરૂપે પ્રગટ લોગસ્સ સૂત્ર બોલે છે. આ રીતે અત્યંત ઉપયોગપૂર્વક કરાએલી ઈરિયાવહિયાની ક્રિયાથી શ્રાવકનું માનસ 'કરેમિ ભંતે' સૂત્ર દ્વારા સામાયિક ગ્રહણ કરવાની પ્રતિજ્ઞારૂપ સામાયિકના પરિણામ તરફ જવાની

ઉચિત ભૂમિકાવાળું તૈયાર થાય છે.

સામાયિકગ્રહણમાં દરેક ખમાસમણની ક્રિયા સંડાસાદિ પ્રમાર્જનાપૂર્વક કરવાની છે.

હવે સામાયિક ગ્રહણ કરવાના પરિણામને અભિમુખ થયેલો સાધક ભાવાચાર્યની સન્મુખ ખમાસમણપૂર્વક **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું ?"** - એ પ્રમાણે આદેશ માંગે છે. પડિલેહણની ક્રિયા ચારિત્રાચારની ક્રિયારૂપ છે અને તેના દ્વારા ષડ્જીવનિકાયના પાલનનો પરિણામ પોતાનામાં પ્રગટ થાય છે. ગુરુ **"પડિલેહેહ"** કહી આદેશ આપે છે, તેને **"ઈચ્છં"** કહી, આદેશ સ્વીકારી, મુહપત્તિનું પડિલેહણ કરી, ખમાસમણપૂર્વક ગુરુને પરતંત્ર થઈને સામાયિકગ્રહણ સંબંધી અનુજ્ઞા અર્થે **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક સંદિસાહુ ?"** એ પ્રમાણે આદેશ માંગે છે, જેથી ઉત્તમ ક્રિયા પણ ગુણવાન એવા ભાવાચાર્યની અનુજ્ઞાથી કરવા ઈચ્છે છે. અને ભાવાચાર્ય **"સંદિસાવેહ"** એ પ્રમાણે અનુજ્ઞા આપે છે, ત્યારે હર્ષિત થઈને **"ઈચ્છં"** કહી સામાયિકના પરિણામમાં પોતાને સ્થાપન કરવા અર્થે ફરી **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક ઠાઉં ?"** અર્થાત્ હું સામાયિકમાં સ્થિર થાઉં ? એમ આદેશ માંગે છે. ગુરુ **"ઠાવેહ"** શબ્દથી અનુજ્ઞા આપે ત્યારે "ઈચ્છં" કહી સામાયિકના પરિણામમાં સ્થિર થવા માટે અત્યંત અભિમુખ થઈને મંગલ અર્થે નવકારના સ્મરણપૂર્વક બોલે છે - **"ઈચ્છકારી ભગવન્ ! પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી"**=હે ભગવંત ! કૃપા કરી આપ ઈચ્છાપૂર્વક મને સામાયિક દંડક=કરેમિ ભંતે સૂત્ર, ઉચ્ચરાવશોજી. ત્યારે ગુરુમુખે સામાયિક દંડક સૂત્ર સાંભળીને સામાયિકભાવમાં સ્થિર થવા માટે પ્રતિજ્ઞા લે છે. આ પ્રતિજ્ઞાને કહેનારા 'કરેમિ ભંતે' સૂત્રના શબ્દોનું શ્રવણ કરતાં, સુદૃઢ યત્નપૂર્વક સૂત્ર, અર્થ અને આલંબનમાં ઉપયુક્ત થઈને યત્ન કરે તો, પ્રતિજ્ઞાને અનુરૂપ અર્થના સ્મરણના કારણે, અને ભાવાચાર્યના સ્વરૂપના આલંબનને કારણે, પ્રતિજ્ઞાકાલપર્યંત સંવેગની વૃદ્ધિ થાય તે રીતે પોતાના મન-વચન-કાયાના યોગોને સામાયિકના પરિણામમાં પ્રવર્તાવી શકે તેવી શક્તિનો સંચય થાય છે.

અહીં સામાયિકના પરિણામ માટેનો યત્ન સંક્ષેપથી એ છે કે, સામાયિકની

પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા પછી પોતાના વિદ્યમાન કષાયોના ઉદયને ઉપયોગપૂર્વક, સમભાવ પ્રત્યે રાગ અને અસમભાવ પ્રત્યે દ્વેષ જીવંત રહે તે રીતે સુદૃઢ યત્નપૂર્વક પ્રવર્તાવે, અને સમભાવના ઉપાયમાં પ્રવૃત્તિ કરે અને અસમભાવમાં યત્ન ન થાય એ રીતે મન-વચન-કાયાના યોગો પ્રવર્તાવે.

આ રીતે ગુરુના મુખથી સામાયિક સૂત્રની પ્રતિજ્ઞા શ્રવણ કરીને, અથવા ગુરુ ન હોય તો સ્થાપના કરેલ ભાવાચાર્ય મને સામાયિક ઉચ્ચરાવે છે તેવી બુદ્ધિ કરીને, સ્વયં 'કરેમિ ભંતે' ઉચ્ચરે, અને ગ્રહણ કરેલ સામાયિકની મર્યાદાને ખ્યાલમાં રાખી પ્રતિજ્ઞાકાળની અવધિ (મર્યાદા) સુધી, "મારે મારા મન-વચન-કાયાના યોગો સામાયિકના ભાવની વૃદ્ધિ થાય એ રીતે પ્રવર્તાવવા છે" તેવા સંકલ્પને અનુસરવા માટે, સામાયિકની વૃદ્ધિ થાય તેવા સ્થિર આસનમાં બેસવાની અનુજ્ઞા અર્થે, **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે સંદિસાહું ?"** એ આદેશ માંગે, અને ગુરુ **"સંદિસાવેહ"** શબ્દ દ્વારા અનુજ્ઞા આપે ત્યારે **"ઈચ્છં"** કહી, **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ?"**= સામાયિકને અનુકૂળ આસનમાં હું બેસું ? તે પ્રકારની અનુજ્ઞા માગીને, **"ઠાવેહ"** શબ્દ દ્વારા ગુરુની અનુજ્ઞા મળતાં **"ઈચ્છં"** કહી, પોતે એ આસનમાં બેસે, અને બેઠા પછી શું કરે કે જેથી સમભાવની વૃદ્ધિ થાય ? તેથી સમભાવની વૃદ્ધિના ઉપાયભૂત સ્વાધ્યાયમાં સ્થિર થવા માટે ફરી અનુજ્ઞા માંગે કે **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંદિસાહું ?"**=મને સ્વાધ્યાય કરવાની અનુજ્ઞા આપો. ગુરુની **"સંદિસાવેહ"** શબ્દથી અનુજ્ઞા મળ્યા પછી સ્વાધ્યાય કરવા માટે કહે કે **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ?"** - આ રીતે **'કરેહ'** શબ્દ દ્વારા અનુજ્ઞા મેળવી "ઈચ્છં" કહી સ્વાધ્યાયમાં સ્થિર થાય.

જોકે કરેમિ ભંતે સૂત્રથી સામાયિક ગ્રહણ કર્યા પછી સામાયિકની વૃદ્ધિ થાય તેવા સ્થિર આસનમાં બેસવાનું હોય છે, અને સ્થિર આસનમાં બેસીને સંવેગની વૃદ્ધિ થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક સ્વાધ્યાયમાં યત્ન કરવાનો હોય છે, તેથી આ ઉચિત કર્તવ્ય હોવાથી ગુરુ અવશ્ય અનુજ્ઞા આપે જ; તો પણ પોતે ગુણવાનને પરતંત્ર થઈને આ ઉત્તમ ક્રિયા કરવા ઈચ્છે છે, જેથી ગુણવાનના પારતંત્ર્યના બળથી પોતાની તે ક્રિયા વિનયથી યુક્ત બને અને

ગુણવાનને આધીન ગુણની વૃદ્ધિનું કારણ બને, તેથી અનુજ્ઞા માગે છે. ગુણવાનનું અવલંબન હોય તો જ ગુણની વૃદ્ધિ થાય છે અને ગુણવાનનું અવલંબન ગુણવાનની પરતંત્રતાથી થાય છે, તેથી જ્યારે આદેશ માંગે છે ત્યારે એ બુદ્ધિ હોય કે, ભાવાચાર્ય સામાયિકની વૃદ્ધિ થાય તેવા આસન માટેની કે તેવા સ્વાધ્યાયની અનુજ્ઞા આપે, પણ સામાયિકને બાધક થાય તેવા આસનની કે સમભાવની વૃદ્ધિનું કારણ ન બને તેવા યથાતથા કરાતા સ્વાધ્યાયની અનુજ્ઞા કદી ન આપે, પરંતુ મારા આત્માના હિતનું કારણ બને તેવા પ્રકારના આસનમાં બેસવાની કે સ્વાધ્યાય કરવાની અનુજ્ઞા આપે, આથી તેમની અનુજ્ઞા જે પ્રમાણે મળી છે તે જ પ્રમાણે મારે યત્ન કરવો જોઈએ. તેથી એવી સ્થિર બુદ્ધિ કરીને, ત્યાર પછી મંગલાર્થે ત્રણ નવકાર ગણીને સ્વાધ્યાયમાં સ્થિર થવા યત્ન કરે.

અહીં પ્રશ્ન થાય કે, બેસવાની અનુજ્ઞા માંગી ફરી ઊભા થઈને સજ્ઝાયનો આદેશ માંગ્યો તો કરેલ પ્રતિજ્ઞાનો ભંગ ન થાય ?

અહીં **"બેસણે સંદિસાહું ?"** અને **"બેસણે ઠાઉં ?"** કહ્યું તેથી ગુરુ દ્વારા સ્થિર આસનમાં બેસવાની અનુજ્ઞા મળી, અને તે અનુજ્ઞા તત્કાળ જ પાલન કરવાની છે. તેથી તે આસનમાં બેસીને કરવાની ઉચિત સ્વાધ્યાયાદિની ક્રિયાની અનુજ્ઞા અર્થે ઊભા થઈ ખમાસમણપૂર્વક સ્વાધ્યાયની જે અનુજ્ઞા માગી તે સ્થિર આસનમાં બેસવા માટે બાધક નથી, પરંતુ તેને જ પ્રવર્તાવવાનું સમ્યગ્ અંગ છે; કેમ કે સમભાવને અનુકૂળ સ્થિર આસન જ એ છે કે જે સામાયિકની વૃદ્ધિને અનુકૂળ ક્રિયામાં પ્રવર્તાવે. આથી જ સંડાસાદિ પ્રમાર્જવાપૂર્વક અને શરીરને અત્યંત ગુપ્તિમાં રાખીને સ્વાધ્યાયની અનુજ્ઞાનો આદેશ માંગે છે, જે સ્થિર આસનમાં બેસવારૂપ છે. આથી જ સામાયિક ગ્રહણ કર્યા પછી કોઈ પ્રતિક્રમણાદિની ક્રિયા કરતા હોય ત્યારે, તે ક્રિયામાં વારંવાર ઊભા થાય કે બેસે, પગ ઊંચો કરે વગેરે ક્રિયા કરે તે બધી જ ક્રિયાઓ સામાયિકને અનુકૂળ આસનમાં બેસવા સ્વરૂપ જ છે; કેમ કે સામાયિક દરમ્યાન અમુક ચોક્કસ આસનમાં જ બેસવું તેવો અર્થ નથી, પણ પોતાની કાયાને સમભાવની વૃદ્ધિ અર્થે જે રીતે સ્થિર રાખવાની જરૂર જણાય તે રીતે સ્થિર રાખે, અને

જે રીતે કાયાને પ્રવર્તાવવાની જરૂર જણાય તે રીતે પ્રવર્તાવે, તે જ સ્થિર આસનમાં રહેવા સમાન જાણવું. આથી જ અહોરાત્રિનો પૌષધ ગ્રહણ કરીને શ્રાવક, સામાયિકમાં બેસવાના આસનની અનુજ્ઞા માગ્યા પછી સામાયિકભાવની વૃદ્ધિ થાય તેવી સર્વ ઉચિત ક્રિયાઓ પણ કરે છે. માટે સ્થિર આસનમાં બેસવું એટલે કોઈ એક આસનમાં અન્ય સર્વ કાયચેષ્ટાનું વર્જન કરીને બેસવું તેવો અર્થ નથી, પરંતુ સમભાવની વૃદ્ધિ થાય તે રીતે કાયાને ગુપ્તિમાં રાખીને ઉચિત ક્રિયામાં યત્ન કરે તે જ સ્થિર આસનમાં બેસવારૂપ છે.

## – : સામાયિક પારવાની વિધિ અને કરવા યોગ્ય પરિણામ :–

આરાધક સાધક, સ્થાપનારૂપે સ્થાપિત કરેલ ૩૬ ગુણોથી યુક્ત, સદા મોક્ષમાર્ગે ઉદ્યત ભાવાચાર્યની પાસે 'કરેમિ ભંતે' સૂત્રથી સામાયિકની પ્રતિજ્ઞા ગ્રહણ કરી, એકાગ્રતાપૂર્વક સ્વાધ્યાયમાં લીન રહી, સામાયિકના પાલનકાળ દરમ્યાન સામાયિકના મોક્ષાનુકૂલ નિરવદ્યભાવોને અતિશયિત કરવા યત્ન કરે છે, અને તેનાથી પોતાને થયેલ સંતોષથી આવી ઉત્તમ ક્રિયામાં સદા અવસ્થિત રહેવાને ઈચ્છે છે. ઉત્તમ ભાવોનો તેને જીવંત પક્ષપાત છે અને સર્વવિરતિની લાલસાવાળો છે, તેથી ઉત્તમ પ્રવૃત્તિ છોડવા અંતઃકરણ તૈયાર નથી. પરંતુ સદા સામાયિકની પ્રવૃત્તિ કરી શકે તેવું સત્ત્વ કે સંયોગનો અભાવ છે, પોતાનું ગૃહકાર્ય કે સંસારની અન્ય પ્રવૃત્તિ કર્યા વિના રહી શકે તેવું ચિત્ત નથી, ત્યારે સામાયિક પ્રતિ અત્યંત પક્ષપાત હોવા છતાં સાધક તેને પારવાના અભિમુખભાવવાળો થાય છે.

સામાયિકને પારવા માટેની ક્રિયા કરતાં ગુણસંપન્ન ગુરુનું પારતંત્ર્ય હોવાથી ભાવાચાર્યની સમક્ષ પ્રથમ આદેશ માંગે છે કે, **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ?"** ગુરુ તરફથી **"પડિક્કમેહ"** રૂપે આદેશ મળતાં **"ઈચ્છં,"** થી અનુજ્ઞા સ્વીકારી **"ઈચ્છામિ પડિક્કમિઉં"** કહી ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે અને સામાયિક દરમ્યાન થયેલ સ્ખલનાઓની શુદ્ધિ કરે છે, અને જો સામાયિકમાં કોઈ વિરાધના ન થઈ હોય તો અવિરાધનાના ભાવને દૃઢ કરે છે. સામાન્ય રીતે સામાયિકમાં સુદૃઢ યત્ન કરવો અતિશય દુષ્કર છે. તેથી અનાભોગથી કે સહસાત્કારથી પણ સામાયિકની કાળમર્યાદામાં કોઈ

સ્ખલના થઈ હોય તો, સ્ખલનાના વિરુદ્ધ ભાવો કરી સ્ખલનાના સંસ્કારો નાશ પામે તે રીતે ઈરિયાવહિયા સૂત્ર દ્વારા શુદ્ધિ કરે છે, ત્યારે, ષટ્કાયના પાલનનો, સમગ્ર જીવો પ્રત્યેની તુલ્યદર્શિતાનો પરિણામ ઉલ્લસિત થાય છે; અને ઈરિયાવહિયાને અંતે **"તસ્સ મિચ્છા મિ દુક્કડં"** શબ્દ બોલે છે ત્યારે પ્રમાદ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે, જેથી પ્રમાદનો ભાવ દૃઢ સંસ્કાર આધાન ન કરે અને ઉત્તરોત્તર નિરતિચાર ભૂમિકાવાળી સામાયિક થાય, તેવી શક્તિનો સંચય થાય છે.

ત્યાર બાદ તસ્સ ઉત્તરી અને અન્નત્થ સૂત્રો બોલી સામાયિકમાં લાગેલા દોષોની શુદ્ધિ અર્થે કાયોત્સર્ગ કરે છે; કેમ કે ઈરિયાવહિયાથી કરાયેલ આલોચના અને તસ્સ મિચ્છા મિ દુક્કડંથી પ્રતિક્રમણ કરતાં પણ કોઈ બાકી રહેલ અશુદ્ધિ હોય, તો તેની શુદ્ધિ કાયોત્સર્ગથી અવશ્ય થાય છે; અને ઉપયોગપૂર્વક કરાયેલા કાયોત્સર્ગથી સામાયિક દરમ્યાન લાગેલા સર્વ અતિચારોની પોતે શુદ્ધિ કરી છે, તેથી તે અને હર્ષની અભિવ્યક્તિરૂપે પ્રગટ લોગસ્સ બોલે છે ત્યારે પરમાત્માના કીર્તનથી ચિત્ત પણ વિશેષ પવિત્ર બને છે. પછી સામાયિકથી નિષ્પન્ન થયેલ ષટ્કાયના પાલનના પરિણામને પુષ્ટ કરવા માટે **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ?"** એ પ્રમાણે આદેશ માંગી મુહપત્તિ પડિલેહે છે, જેનાથી સંયમની યતનાના પરિણામ અત્યંત જીવંત બને છે. પછી ગુરુના વિનય અર્થે સામાયિક પારવાનો આદેશ માંગે છે કે, **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પારું ?"** યદ્યપિ તે જાણે છે કે આવી ઉત્તમ ક્રિયાને છોડવાની અનુજ્ઞા ગુણસંપન્ન ગુરુ ક્યારેય આપે નહીં, છતાં તેમના પ્રત્યેના વિનયથી યાચનાના પરિણામવાળો બને છે, અને ગુરુ પણ તેની ભાવવૃદ્ધિ અર્થે **"पुणो वि कायव्वं"="पुनरपि कर्तव्यं"** "ફરી પણ આ સામાયિક તારે કરવા યોગ્ય છે," તેમ કહે છે. ત્યારે પોતાને પણ તે સામાયિકની રુચિ છે અને ફરી કરવા યોગ્ય છે એવું સ્વીકારે છે, માટે જ **"યથાશક્તિ"** કહીને ગુરુની વાતને સ્વીકારે છે કે "મારી શક્તિ હશે તે પ્રમાણે હું જરૂર સામાયિક કરીશ." પરંતુ અત્યારે તને સામાયિક કરવાનો પરિણામ નથી, તેથી ફરી આદેશ માગે છે કે, **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યું."** યદ્યપિ તે જાણે જ છે કે, પૂર્વમાં પણ ગુરુએ અનુજ્ઞા આપી નથી અને હવે પણ આપે

તેમ નથી, છતાં તેમના પ્રત્યેના વિનયના કારણે અને ગુરુના મુખેથી નીકળેલ પ્રત્યુત્તર દ્વારા પોતાને જે સામાયિકનું મહત્ત્વ છે, તેમાં ફરી યત્ન ઉલ્લસિત થાય તદર્થે, ઉત્તમ વચનોના શ્રવણની ઈચ્છાથી ફરી તે આ પ્રકારે યાચના કરે છે. ત્યારે ગુરુ પણ જાણે છે કે, ફરી સામાયિક કરવા જેવું જાણવા છતાં આને અત્યારે સામાયિકનો પરિણામ નથી, તેથી કહે છે કે - **"आयारो न मोत्तव्वो" "आचारः न मोक्तव्यः"** - "શ્રાવકનો સામાયિક કરવાનો જે આચાર છે, તે આચાર છોડવા જેવો નથી." ત્યારે પોતાને પણ તે આચાર છોડવા જેવો નથી તે માન્ય છે સ્વીકાર્ય છે, તેથી જ્યારે મને અવસર મળશે ત્યારે તેમાં હું યત્ન કરીશ, એ પ્રકારની બુદ્ધિથી **"તહત્તિ"** બોલીને ગુરુના વચનનો સહર્ષ સ્વીકાર કરે છે. કેવલ ગુરુ દ્વારા બોલાયેલા તે શબ્દોને સાંભળી લેવા માત્રથી અને તહત્તિરૂપ પ્રત્યુત્તર બોલી લેવા માત્રથી તે ક્રિયાની સાર્થકતા નથી થતી, પરંતુ જે જીવને સામાયિકના સ્વરૂપના બોધપૂર્વક સામાયિકનું મહત્ત્વ બુદ્ધિમાં સમ્યગ્ રીતે અંકિત થયેલું હોય, અને સાથે સાથે ઉત્તમ પ્રકારના સર્વવિરતિ સામાયિકને વહન કરતા ગુણસંપન્ન ગુરુ પ્રત્યે બહુમાનના કારણે તેમનું પણ મહત્ત્વ અંકિત થયેલું હોય, અને તેથી કરીને ગુરુ દ્વારા બોલાયેલાં વચનો તેને આરાધનામાં વિશેષ ઉત્સાહ પેદા કરવાનું પ્રબલ કારણ બનતાં હોય, તે જ જીવ જ્યારે 'તહત્તિ' શબ્દ બોલે ત્યારે તેનો સામાયિકના આચારને નહીં મૂકવાનો પક્ષપાત સાચો છે એમ કહેવાય.

ક્વચિત્ સાક્ષાત્ ગુરુ વિદ્યમાન ન હોય અને સ્થાપનાચાર્ય પાસે શ્રાવક સામાયિક પારતો હોય ત્યારે પણ, પોતે ભાવાચાર્ય પાસે તે તે પ્રકારના આદેશ માંગ્યા છે અને ભાવાચાર્યે તે તે પ્રકારે મને કહ્યું છે, એ પ્રકારે ઉપસ્થિત કરીને, 'पुणो वि कायव्वं' આદિ શબ્દો દ્વારા જે ભાવો કરવાના છે, તે ભાવો શ્રાવક સ્વબુદ્ધિથી ઉપસ્થિત કરીને અવશ્ય કરે. પરંતુ તેની કોઈ સ્મૃતિ કર્યા વગર માત્ર આદેશો બોલીને સામાયિક પારે તો તે પારવાની વિધિમાં પણ ઉપયોગરૂપ અંગની વિકલતા, સ્મૃતિરૂપ અંગની વિકલતા અને તે પ્રકારના પરિણામ ન કરવારૂપ અંગવિકલતા દોષની પ્રાપ્તિ થાય.

ત્યાર પછી સામાયિક પારવા અર્થે મંગલાર્થક નમસ્કારમંત્રનો પાઠ બોલે, અને પછી સામાયિકના જ મહત્ત્વને બતાવનારું અને પોતાના હૈયામાં

જે સામાયિકનું મહત્ત્વ સ્થિર થયેલું છે તેને પુષ્ટ બનાવનારું એવું સામાયિક પારવાનું સૂત્ર તે બોલે; જેથી તેની પારવાની ક્રિયાથી પણ પુષ્ટ થયેલું તેનું ચિત્ત, સામાયિકને છોડીને અન્યત્ર જવા માટે લેશ પણ રુચિ ન ધરાવતું હોય તેવું બની જાય; અને ત્યારે જ સામાયિક પારવાના સૂત્રમાં સામાયિકનો મહિમા કેવો છે તેની તેને ઉપસ્થિતિ થાય. આથી સામાયિક પ્રત્યેનું તેનું વલણ સદા જીવતું રહે છે, અને સામાયિક પાર્યા પછી પણ સામાયિકના ભાવની અસરતળે વર્તતું તેનું ચિત્ત અન્ય ક્રિયાના કાળમાં પણ સામાયિકથી વાસિત મતિવાળું વર્તતું હોય છે. યદ્યપિ આ રીતે કોઈ જીવ બુદ્ધિથી વિચાર કરી લે એટલામાત્રથી એ પ્રકારે સામાયિક નિષ્પન્ન કરી શકતો નથી, પરંતુ સમ્યગ્ રીતે તત્ત્વનું પર્યાલોચન કરીને દરેક ભાવોને સૂક્ષ્મ પ્રજ્ઞાથી જોવાનો યત્ન કરે, અને દરેક સ્થાનને આશ્રયીને પોતાની રુચિ તે જ પ્રકારના ભાવોને કરવા માટે ઉલ્લસિત થાય તે રીતે પુનઃ પુનઃ સમાલોચન કરે, તો તેથી અતિશયિત થયેલી રુચિ, કરાતા સામાયિકમાં કંઈક અંશે તથાવિધ યત્ન ઉત્થિત કર્યા વિના રહે નહીં, અને આ રીતે ત્રુટિત ત્રુટિત પણ યત્ન કરનાર જીવ, ત્રુટિઓના નિવારણથી યાવત્ સમ્યગ્ ભાવસામાયિક સુધી પણ પહોંચી શકે છે.

## ।। ११. जगचिन्तामणि सूत्र ।।

**इच्छाकारेण संदिसह भगवन् ! चैत्यवंदन करुं ? इच्छं ।**
**जगचिन्तामणि ! जगनाह ! जगगुरू ! जगरक्खण !**
**जगबन्धव ! जगसत्थवाह ! जगभावविअक्खण ! ।**
**अट्ठावयसंठविअरूव ! कम्मऽट्ठविणासण !,**
**चउवीसं पि जिणवर ! जयंतु अप्पडिहयसासण ! ।।१।।**

**कम्मभूमिहिं कम्मभूमिहिं पढमसंघयणि;**
**उक्कोसय सत्तरिसय, जिणवराण विहरंत लब्भइ;**
**नवकोडिहिं केवलीण, कोडिसहस्स नव साहु गम्मइ ।**
**संपइ जिणवर वीस मुणि, बिहुं कोडिहिं वरनाण,**
**समणह कोडिसहस्स दुअ, थुणिज्जइ निच्च विहाणि ।।२।।**

**जयउ सामिय ! जयउ सामिय ! रिसह ! सत्तुंजि;**
**उज्जिंति पहु-नेमिजिण ! जयउ वीर ! सच्चउरीमंडण !;**
**भरुअच्छहिं मुणिसुव्वय ! मुहरि पास ! दुह-दुरिअखंडण ! ।**
**अवर विदेहिं तित्थयरा, चिहुं दिसि विदिसि जिं के वि,**
**तीआणागयसंपइअ, वंदुं जिण सव्वे वि ।।३।।**

**सत्ताणवइसहस्सा, लक्खा छप्पन्न अट्ठकोडीओ ।**
**बत्तीससय बासियाइं, तिअलोए चेइए वंदे ।।४।।**

**पन्नरसकोडिसयाइं, कोडीबायाललक्खअडवन्ना ।**
**छत्तीससहसअसीइं, सासय बिंबाइं पणमामि ।।५।।**

**'जगचिंतामणि' સૂત્રની ભૂમિકા :-**

અરિહંતોના વંદન અર્થે કરાતા ચૈત્યવંદનમાં આ સૂત્ર બોલાય છે. આ સૂત્રની પ્રથમ બે ગાથા ગૌતમસ્વામીજીએ અષ્ટાપદ પર્વત ઉપર ચૈત્યવંદન કરતાં રચેલી છે, અને તેમાં પ્રથમ અષ્ટાપદ પર્વત ઉપર રહેલા ચોવીશે તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી છે. ત્યાર પછી ભાવના ઉત્કર્ષ અર્થે સર્વ કર્મભૂમિઓમાં યતા ઉત્કૃષ્ટ જિનો, કેવલિ આદિને વંદના કરવામાં આવી છે.

આ ચૈત્યવંદનના વિષયભૂત ભગવાન કેવા છે, અને તેમને કરાતું ચૈત્યવંદન કેવું છે, તે અંગે પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, યોગશતક ગ્રંથ ગાથા-૩૧માં જણાવે છે કે, "ભગવાન જગતના ગુરુ છે, સંતપુરુષોને વંદનીય છે અને ભગવાનને વંદન કરવું તે જ ખરેખર તેમના ગુણોની ઓળખ છે. વળી ભગવાનને વંદન કરવું તે મહાકલ્યાણરૂપ છે, દુઃખનો નાશ કરનારું છે, સુખની પરંપરાનું કારણ છે અને મનુષ્યભવનો સાર છે." ભાવથી ભગવાનનું ચૈત્યવંદન કરવું અત્યંત દુર્લભ છે, માટે ક્ષુદ્ર જીવો તો આવા ચૈત્યવંદનને કરી શકતા નથી, ક્વચિત્ કરે છે તો પણ તે માત્ર શબ્દ બોલવારૂપે કરે છે. અતિ સાત્ત્વિક જીવો અત્યંત ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરે તો જ આવું ભાવથી ચૈત્યવંદન કરી શકે. સમ્યગ્ રીતે કરાયેલું આ ચૈત્યવંદન સંસારના ઉચ્છેદનું કારણ છે અને અત્યંત ઉપયોગપૂર્વક બોલાતું હોય તો ભગવાનના ગુણોથી રંજિત થયેલું ચિત્ત તત્કાળ સંસારને સીમિત કરે છે. આ પ્રકારના ચૈત્યવંદનના સ્વરૂપને

જાણીને ચૈત્યવંદન કરવા માટે ઉદ્યત થવું જોઈએ.

જે વ્યક્તિને લોકોત્તમ એવા અરિહંત પરમાત્માનું આવું સ્વરૂપ સમ્યગ્ જણાયું છે અને તેથી જેનું ચિત્ત ભગવાનના ગુણગાન પ્રત્યે અભિમુખ થયેલું છે, તેવો સાધક, માનસિક રીતે સમ્યગ્ અભ્યુત્થિત થઈને ચૈત્યવંદન કરે, અને તેમાં ગુંફિત (ગૂંથાયેલા) શબ્દોના અવલંબને, ભગવાન પ્રત્યે પોતાનો અંતરંગ બહુમાનભાવ પુષ્ટ-પુષ્ટતર બનાવી શકે, તો ચૈત્યવંદનકાળમાં શબ્દોના અવલંબનથી બુદ્ધિમાં અરિહંતનું સ્વરૂપ ઉપસ્થિત થવાથી અરિહંત પરમાત્મા પ્રત્યે તેનું હૈયું અત્યંત ભક્તિસભર બને છે.

ભગવાને સાધના દ્વારા પોતાનું ચિત્ત નિર્મળ અને પવિત્ર બનાવ્યું છે. હવે તેમનું ચૈત્યવંદન કરવા દ્વારા મારે પણ તેમના જેવું મારું ચિત્તરત્ન બનાવવું છે, તેવા ભાવથી સાધક ચૈત્યવંદન કરે, તો ચોક્કસ વિશેષ પ્રકારની નિર્મળતા દ્વારા ચિત્ત પવિત્ર બને છે અને જેને આવું પવિત્ર ચિત્ત બને છે તેને જીવનમાં અને મરણ સમયે સમાધિ સુલભ બને છે.

શ્રાવક ભગવાનના ચાર અતિશયોને જાણનારો હોય. ભગવાને મહાવીર્ય ફોરવીને કષાયોને જીત્યા, અને કેવળજ્ઞાન પામ્યા પછી કેવળ જગતના ઉપકાર અર્થે શુદ્ધ માર્ગ સ્થાપ્યો. તેથી આ ભગવાન પૂજનીય છે તેવું શ્રાવક જાણે છે. આથી ભગવાનના પૂજનને અભિમુખ પરિણામવાળો શ્રાવક, જિનાલય તરફ જાય છે ત્યારથી જ ભગવાનની ભક્તિના પરિણામથી અત્યંત વાસિત હોય છે. યતનાપૂર્વક જિનાલયમાં જઈને ભગવાનની ભક્તિ કરે છે અને દીર્ઘકાળ સુધી પૂજાદિ ઉપચાર દ્વારા ભગવાનના ગુણોથી અત્યંત વાસિત અંતઃકરણવાળો થાય છે. આ રીતે ભગવાનના ગુણોથી રંજિત થયેલો શ્રાવક, અન્ય સર્વ કર્તવ્યોનો ત્યાગ કરીને, એકાંત પ્રયત્નવાળો થઈ, ભગવાનની ભાવપૂજારૂપ ચૈત્યવંદન કરવા અભિમુખ થાય છે, ત્યારે ભૂમિનું અવલોકન કરીને, વિધિપૂર્વક પ્રમાર્જના કરીને, ખમાસમણ આપવાપૂર્વક ઈરિયાવહિયા કરીને ચોક્કસ મુદ્રામાં બેસીને ચૈત્યવંદનનો પ્રારંભ કરે છે. ત્યારે ભગવાનની મૂર્તિમાં ચિત્ત સ્થાપન હોવાથી મૂર્તિને જોઈને તેના હૈયામાં ભગવાનનો વીતરાગભાવ અતિશયિત થાય છે, અને હૈયું ભગવાનના ગુણોથી વાસિત હોવાથી હર્ષથી પુલકિત દેહવાળો, આનંદના અશ્રુથી પરિપૂર્ણ લોચનવાળો, સૂત્ર અને અર્થમાં અત્યંત

ઉપયોગપૂર્વક ચૈત્યવંદનને કરે છે. તે વખતે, તેની બુદ્ધિમાં એ ઉપસ્થિત હોય છે કે 'આ ભુવનગુરુ છે, તેમની સ્તુતિ કરવી તે જ જીવનનો સાર છે અને તે જ સકલ કલ્યાણનું એક કારણ છે. રત્નચિંતામણિ આદિ પ્રાપ્ત થવાં દુર્લભ છે તેના કરતાં પણ ભાવથી ચૈત્યવંદન કરવું અતિ દુર્લભ છે. માટે જો અત્યંત અપ્રમાદપૂર્વક યત્ન થશે તો જ આ ચૈત્યવંદન મને ભાવથી નિષ્પન્ન થશે.' તેથી અતિચારથી અત્યંત ભીરુ એવો તે શ્રાવક, લેશ પણ પ્રમાદ ન થઈ જાય તેવી સાવધાનીપૂર્વક, મનને સૂત્ર અને તેના અર્થમાં પ્રવર્તાવીને ચૈત્યવંદનની ક્રિયા દ્વારા પોતાના આત્માને કૃતાર્થ માનતો ચૈત્યવંદનને કરે છે.

**સૂત્રનો અર્થ :-**

**इच्छाकारेण ..... इच्छं :-**

ચૈત્યવંદન કરતાં પૂર્વે આદેશ માંગવામાં આવે છે કે, "હે ભગવંત ! આપ મને ઈચ્છાપૂર્વક આદેશ આપો, હું ચૈત્યવંદન કરું ?" ઉત્તમ ક્રિયામાં ગુરુની આજ્ઞા હંમેશાં હોય છે, તો પણ ગુરુને પરતંત્ર રહીને જ સર્વ કાર્યો કરવાં જોઈએ તેવી બુદ્ધિ ઉલ્લસિત કરવા સાધક આદેશ માંગે છે. તેમાં 'ઈચ્છાકારેણ' શબ્દ દ્વારા બલાભિયોગનો પરિહાર થાય છે, ઈચ્છાકાર સામાચારીનું પાલન થાય છે અને ગુરુનો વિનયવિશેષ થાય છે. "ચૈત્યવંદન કરું ?" એમ કહેવાથી ચૈત્યવંદન કરવાને અભિમુખ પરિણામ ઉત્થિત થાય છે, અને ગુરુ મુખે 'કરેહ'='તું કર' એ શબ્દ દ્વારા આજ્ઞા મળતાં પ્રસન્ન થઈ 'ઈચ્છં' શબ્દથી આજ્ઞાને સ્વીકારે છે.

**जगचिंतामणि ! :-**

હે જગતના જીવો માટે ચિંતામણિ ! હે જગતના નાથ ! હે જગતના ગુરુ ! હે જગતનું રક્ષણ કરનાર ! હે જગતના બંધુ ! હે જગતના સાર્થવાહ ! હે જગતના ભાવોને જોવામાં અને પ્રકાશવામાં વિચક્ષણ ! હે અષ્ટાપદ પર્વત પર સંસ્થાપિત સ્વરૂપવાળા=પ્રતિમારૂપે સ્થાપિત સ્વરૂપવાળા ! હે આઠ કર્મોનો વિનાશ કરનારા ! હે અપ્રતિહત શાસનવાળા ! હે ચોવીશે પણ જિનેશ્વરો ! જય પામો.

**कम्मभूमिहिं :-**

પંદર કર્મભૂમિઓમાં પ્રથમ સંઘયણવાળા ઉત્કૃષ્ટ જિનેશ્વરો એકસો સિત્તેર વિચરતા પ્રાપ્ત થાય છે. નવ ક્રોડ કેવળીઓ અને નવ હજાર ક્રોડ=૯૦ અબજ, સાધુઓ પ્રાપ્ત થાય છે. વર્તમાનકાળે વીશ જિનેશ્વરો, બે ક્રોડ કેવળજ્ઞાની મુનિઓ અને બે હજાર ક્રોડ=૨૦ અબજ શ્રમણોની નિત્ય પ્રાતઃકાળે સ્તવના કરાય છે.

**जयउ सामिय ! :-**

હે સ્વામી ! જય પામો. હે સ્વામી ! જય પામો. શત્રુંજય પર્વત પર રહેલા ઋષભદેવ ! ઉજ્જયંત=ગિરનાર પર્વત ઉપર પ્રભુ નેમિજિન ! સાચોરના શણગાર મહાવીરસ્વામી ! ભરુચના મુનિસુવ્રતસ્વામી ! દુઃખ અને પાપનો નાશ કરનાર મથુરાના પાર્શ્વનાથ ભગવાન ! જય પામો. બીજા વિદેહના= મહાવિદેહ અને ઐરવત આદિ ક્ષેત્રોના, તીર્થંકરોને, ચારે દિશાઓ અને વિદિશાઓમાં જે કોઈ પણ અતીત, અનાગત અને વર્તમાનના સર્વ પણ જિનોને હું વંદન કરું છું.

**सत्तावणइ :-**

આઠ ક્રોડ છપ્પન લાખ સત્તાણું હજાર બત્રીસસો બ્યાશી, ત્રણ લોકનાં ચૈત્યોને હું વંદન કરું છું.

**पन्नरस :-**

પંદરસો ક્રોડ=૧૫ અબજ, બેતાળીસ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર, એંશી શાશ્વત જિનબિંબોને હું પ્રણામ કરું છું.

**– : વિશેષાર્થ :–**

**जगचिंतामणि ! :-**

"હે જગતના ચિંતામણિ !" ભગવાનને ઉપમા દ્વારા બતાવતાં કહે છે કે, ભગવાન જગતમાં ચિંતામણિ રત્ન જેવા છે. જેમ ચિંતામણિ રત્ન મનુષ્યભવમાં ભૌતિક સામગ્રી સંબંધી સર્વ ચિંતાઓને દૂર કરીને જીવનો

ઉપકાર કરે છે, તેમ ભગવાન સંસારવર્તી જીવોની સર્વ ચિંતાઓ દૂર કરીને યાવત્ અચિંત્ય એવા મોક્ષને પ્રાપ્ત કરાવે છે અર્થાત્ ભાવથી જેઓ ભગવાનને પ્રાપ્ત કરે છે, તેઓ જ્યાં સુધી સંસારમાં હોય છે ત્યાં સુધી પ્રકૃષ્ટ પુણ્યના બળથી ઉત્તમ જન્મને પ્રાપ્ત કરે છે, અને ઉત્તરોત્તર ઉત્તમ મનુષ્યજન્મ અને દેવજન્મને પામીને યાવત્ મોક્ષને પામે છે. વળી સંસારમાં પણ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી, કેવળ જન્મ અને મૃત્યુના દુઃખ સિવાય કોઈ દુઃખ પ્રાપ્ત ન થાય એવા પ્રકારની ભૌતિક સામગ્રી એ પુણ્ય પ્રાપ્ત કરાવે છે, અને તે ભૌતિક સામગ્રીવાળા કાળમાં પણ ભગવાનનો ધર્મ સતત પ્રાપ્ત કરાવે છે, કે જેથી ઉત્તરોત્તર વિશિષ્ટ વિશિષ્ટતર પુણ્યબંધ અને નિર્જરા થતાં અંતે સર્વ કર્મરહિત અવસ્થા પ્રાપ્ત થાય છે અને જીવ પરમ સુખનો ભાગી થાય છે. તે બધું જ આપનારા ભગવાન છે, તેથી તેઓ જગતમાં ચિંતામણિ રત્ન જેવા છે. તેથી જે જીવ, ભગવાનને તેવા સ્વરૂપવાળા જાણીને તેઓ પ્રત્યે પૂજ્યબુદ્ધિવાળો થાય છે અને અનન્ય ભક્તિસભર બની ભગવાનને સંબોધન કરે છે, ત્યારે તેના માટે ભગવાન અવશ્ય ચિંતામણિ રત્નથી પણ અધિક બને છે.

**जगनाह ! :-**

"હે જગતના નાથ !" વળી ભગવાન જગતના નાથ છે. જેમ રાજા પ્રજાનો નાથ થઈને પ્રજાના યોગક્ષેમને કરે છે, તેમ ભગવાન સંસારવર્તી જીવોના યોગક્ષેમને કરનારા છે. શાસ્ત્રમાં યોગ અને ક્ષેમની વ્યાખ્યા કરતાં કહ્યું કે, "अप्राप्तस्य प्रापणं योगः" અને "प्राप्तस्य रक्षणं क्षेमः ।" ભગવાન પણ અપ્રાપ્ત ગુણસંપત્તિનો યોગ કરાવે છે અને પ્રાપ્ત ગુણસંપત્તિનું રક્ષણ કરે છે અર્થાત્ જે જીવોને કર્મની લઘુતાને કારણે કાંઈક યોગ્યતા પ્રગટી છે, તેવા જીવોને ઉત્તમ ગુણો જે પ્રાપ્ત થયા નથી, તેને પ્રાપ્ત કરાવી આપે છે; અને પ્રાપ્ત થયેલી એવી ઉત્તમ યોગ્યતાનું એ રીતે રક્ષણ કરે છે કે જેથી ગુણસંપત્તિ વધતી જ જાય. પરંતુ આ ત્યારે જ સંભવે કે જ્યારે સંસારવર્તી જીવો, ભગવાન ખરેખર મારા નાથ કઈ રીતે છે, તેનો સમ્યગ્ બોધ કરીને ભાવથી ભગવાનને નાથરૂપે સ્વીકારે. વળી ભગવાનને નાથરૂપે જાણનાર જીવ પણ, જ્યારે ભગવાનની પ્રતિમા સન્મુખ, ભગવાન જગતના નાથ છે તેમ અત્યંત

ઉપયોગપૂર્વક બોલે, ત્યારે ભગવાન પ્રત્યે બહુમાનભાવ વધતો જાય છે; અને આ વધતો જતો બહુમાનભાવ, ભગવાનના અવલંબનથી પોતાનામાં અપ્રાપ્ત વિશેષ ગુણોનો યોગ અને પ્રાપ્ત પૂર્વના ગુણોનું રક્ષણ કરવા સમર્થ બને છે, ત્યારે ભગવાન તેના નાથ બને છે.

જેમ રાજાની આજ્ઞા જે સ્વીકારતો હોય તેના માટે રાજા નાથરૂપે બને છે, તેમ જે ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલવા માટે સ્વશક્તિ અનુસાર દૃઢ યત્નવાળા હોય છે, તેના માટે ભગવાન નાથ બને છે; અને ભગવાનની આજ્ઞા સંસારસાગરથી તરવા માટે જ્ઞાન અને ચારિત્રમાં યત્ન કરવાની છે, તેથી જેનું વીર્ય, શક્તિ અનુસાર શ્રુતનો બોધ કરવાના જે ઉપાયો છે તેમાં પ્રવર્તતું હોય, અને જેમ જેમ બોધ થતો જાય તેમ તેમ તે પ્રમાણે ઉચિત ક્રિયાઓ કરવામાં પ્રવર્તતું હોય, તે જીવો ભગવાનની આજ્ઞાનું પાલન કરનારા છે અને તેમના ભગવાન નાથ છે. પરંતુ તેવા પ્રકારની રુચિ હોવા છતાં જેઓનું વીર્ય સ્વશક્તિ અનુસાર દૃઢ યત્નવાળું નથી બનતું, તેઓ પણ ભગવાનને એ રીતે સંબોધીને તેવું વીર્ય ઉલ્લસિત કરવા યત્ન કરે, તો ધીરે ધીરે ભાવથી ભગવાનનો નાથભાવ તેમને પ્રાપ્ત થાય; કેમ કે નાથરૂપે ભગવાનને સ્વીકારવાની તેમની રુચિ છે. તેથી જ્યારે ભગવાનને 'જગનાહ' શબ્દથી સંબોધન કરે ત્યારે ભગવાન પ્રત્યેની તે રુચિ વૃદ્ધિ પામે છે, તેથી રુચિરૂપ અંશથી ભગવાન તેમના પણ નાથ છે. પરંતુ જે જીવો તેવો કોઈપણ ભાવ કર્યા વગર કેવળ શબ્દથી જ ભગવાનને જગતના નાથ કહે છે, તેઓને તે શબ્દથી થતા સામાન્ય શુભલેશ્યાના ભાવથી અધિક કાંઈ પ્રાપ્ત થતું નથી.

**जगगुरू :-**

"હે જગતના ગુરુ !" ભગવાન જગતના ગુરુ છે. ગુરુ કોને કહેવાય ? गृणाति शास्त्रतत्त्वं इति गुरुः । એ પ્રકારની 'ગુરુ' શબ્દની વ્યુત્પત્તિ છે. તેથી જે શાસ્ત્રનું તત્ત્વ બતાવે તે ગુરુ કહેવાય અને ભગવાને અપ્રકાશમાન એવા શાસ્ત્રતત્ત્વને પ્રકાશિત કર્યું, તેથી ભગવાન જગતના ગુરુ છે. ભગવાને તત્ત્વમાર્ગનો પ્રકાશ કરીને જગત ઉપર અચિંત્ય ઉપકાર કર્યો છે. તેથી ભગવાન પ્રત્યે જગદ્‌ગુરુરૂપે ભક્તિનો અતિશય થવાના કારણે સાધક તેમને 'જગદ્‌ગુરુ'

શબ્દ દ્વારા સંબોધન કરે ત્યારે ચિત્ત તે ભાવથી ભગવાન પ્રત્યે અત્યંત પૂજ્યબુદ્ધિવાળું થાય છે.

**जगरक्खण ! :-**

"હે જગતનું રક્ષણ કરનારા !" ભગવાન જગતના જીવોનું રક્ષણ કરનારા છે. ભગવાન બે પ્રકારે રક્ષણ કરે છે - (૧) સંસારમાં જીવો કર્મને વશ થઈને દુર્ગતિમાં પડતા હોય છે, તેઓનું દુર્ગતિના પાતથી ભગવાન ધર્મ આપીને રક્ષણ કરે છે. (૨) ભગવાને ષટ્કાયના પાલનરૂપ ધર્મનો ઉપદેશ આપીને જીવોને એ રીતે સન્માર્ગમાં પ્રવર્તાવ્યા કે જેથી છ કાયના જીવો રક્ષણને પામ્યા. તેથી ભગવાન ઉપદેશ દ્વારા તે જીવોનું રક્ષણ કરનારા બન્યા; કેમ કે ભગવાનના ઉપદેશથી પ્રવર્તનાર એવા મુનિઓથી ચૌદ રાજલોકમાં અમારિ પ્રવર્તે છે, અને તે સર્વ રક્ષણ ભગવાનથી થયું છે, એથી ભગવાન જગતનું રક્ષણ કરનારા છે. આ રીતે ભગવાનને ઉપસ્થિત કરવાથી રક્ષક એવા ભગવાન પ્રત્યે પૂજ્યબુદ્ધિ થાય છે. તેથી એ પ્રકારની ભક્તિના અતિશય અર્થે તેવા ઉત્તમ વિશેષણોથી ભગવાનનું સંબોધન કરવામાં આવે છે.

**जगबंधव ! :-**

"હે જગતના બંધુ !" ભગવાન જગતના બંધુ છે. જેમ સાચો બંધુ આપત્તિકાળમાં જીવને ઉપયોગી થાય છે, તેમ સંસારવર્તી જીવો સદા આપત્તિમાં જ પડ્યા છે, તે આપત્તિમાંથી તે જીવોને બંધુની જેમ ઉગારનારા ભગવાન છે, અને તેથી જે જીવ ભગવાનના વચનને અનુસરે છે તે સંસારમાં પણ પ્રાયઃ કદર્થના પામતો નથી. માટે જગતના જીવો માટે પરમ બંધુ એવા આ ભગવાન છે, એ પ્રમાણે બુદ્ધિમાં રાખીને તેમના પ્રત્યે જે જીવ અત્યંત અહોભાવને ધારણ કરે છે, તે જીવ જ્યારે જગતબંધુ તરીકે ભગવાનને સંબોધે છે, ત્યારે તેનું ચિત્ત ભક્તિના અતિશયવાળું બને છે અને તેનું વીર્ય ભગવાનના વચન પ્રમાણે સમ્યગ્ રીતે ચાલવાના પ્રકર્ષવાળું બને છે, જે સર્વ કલ્યાણોનું કારણ બને છે.

**जगसत्थवाह ! :-**

"હે જગતના સાર્થવાહ !" ભગવાન જગતના સાર્થવાહ છે. જેમ

અટવી સાર્થના બળથી ઓળંગી શકાય છે, તેમ આ ભવઅટવી ભગવાનરૂપ સાર્થવાહની સહાયથી સહેલાઈથી પાર ઊતરી જવાય છે. તેથી જે જીવ ભગવાનને સાર્થવાહરૂપે જુએ છે, તે જીવ ભવાટવી ઓળંગવા માટે ભગવાનનું અવલંબન લઈને સ્થિર યત્નવાળો બની શકે છે અને અત્યંત દુઃસાધ્ય એવું આ ભવાટવીનું લંઘન તેના માટે અત્યંત સુસાધ્ય બની શકે છે.

**जगभावविअक्खण ! :-**

"હે જગતના ભાવોનું પ્રકાશન કરવામાં વિચક્ષણ !" ભગવાન જગતના ભાવોને જોવામાં અને પ્રકાશવામાં વિચક્ષણ છે. અહીં જગતના ભાવોને જોવામાં અને પ્રકાશવામાં, એ બે ક્રિયાઓ અધ્યાહારરૂપે હોવાની સંભાવના દેખાય છે. તેથી વિચક્ષણ છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાન જગતના ભાવોને સમ્યગ્ જોઈ શકે છે અને સમ્યગ્ પ્રકાશી શકે છે, માટે તેમના વચનાનુસારે પ્રવૃત્તિ કરનારાઓનું એકાંતે હિત થાય છે. આ જગતના ભાવોને આ સફેદ છે, આ કાળું છે એ રૂપે જ માત્ર જોવાનું નથી, પરંતુ જગતના ભાવો સાથે જીવે કઈ રીતે વર્તવું જોઈએ કે જેથી પોતાનું પણ હિત થાય અને જગત્વર્તી અન્ય જીવોનું પણ હિત થાય, આ રીતે જોવું એ સમ્યગ્ અવલોકન બને છે. જગતમાં સંસ્થિત પદાર્થો જે રીતે સંસ્થિત છે, તે રીતે ભગવાને તેનું યથાર્થ વર્ણન કર્યું છે, અને તે બધા પદાર્થોની સાથે કઈ રીતે પ્રવૃત્તિ કરાય તો તે ઉચિત પ્રવૃત્તિરૂપ બને કે જેથી સ્વ-પરનું એકાંતે હિત થાય, તે પ્રકારે યથાર્થ જોઈને, ભગવાને તે રીતે તેનું પ્રકાશન કર્યું છે, તેથી જ ભગવાન વિચક્ષણ છે. આ રીતે ભગવાનને ઓળખીને ભગવાનને સંબોધન કરનાર જીવનું હૈયું ભગવાન પ્રત્યે અને ભગવાનનાં વચનો પ્રત્યે અવિહડ શ્રદ્ધાવાળું બને છે, જે સત્ત્વના ઉત્કર્ષ દ્વારા જીવનું એકાંત હિતનું કારણ બને છે.

**अट्ठावयसंठवियरूव ! :-**

ભરત મહારાજાએ અષ્ટાપદ પર્વત ઉપર ૨૪ તીર્થંકરોના દેહમાનવાળી, તેમના જે જે વર્ણો છે તે તે વર્ણવાળી, રત્નમય, જોનારને સાક્ષાત્ તે તીર્થંકરોના સ્વરૂપની ઉપસ્થિતિ થાય તેવા આકારવાળી રત્નમય પ્રતિમાઓ કરાવી છે અને તે દરેક તીર્થંકરોની પ્રતિમાઓ વિશેષ પ્રકારના પરિકરથી યુક્ત કરી છે.

**कम्मट्ठविणासण ! :-**

"હે આઠ કર્મોનો નાશ કરનારા !" ભગવાન આઠ કર્મોનો નાશ કરનારા છે. અષ્ટાપદ પર્વત ઉપર ચોવીશે તીર્થંકરોની મૂર્તિ સિદ્ધ મુદ્રામાં છે, તે તેમની તત્ત્વકાય અવસ્થાની ઉપસ્થિતિ કરાવે છે. આ તત્ત્વકાય અવસ્થા એ યોગનિરોધ કર્યા પછી સર્વકર્મરહિત આત્માનું જે શુદ્ધ સ્વરૂપ છે, તે રૂપ છે, અને તે તત્ત્વરૂપ કાયા છે જેમને તેવા ભગવાન છે. તેવા ભગવાનનું અવલંબન લઈને તેમની ભક્તિ કરવાથી ભક્તોનાં પણ આઠે કર્મોનો વિનાશ થાય છે અર્થાત્ તે પણ સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરે છે. તેથી જ અહીં ભગવાનને સંબોધન કરતાં કહે છે કે, "હે ભગવંત ! તમે આઠે કર્મોનો વિનાશ કરનારા છો."

**अप्पडिहयसासण ! :-**

"હે અપ્રતિહત શાસનવાળા !" અન્ય દર્શનો તત્ત્વની પ્રરૂપણા કરતાં હોય તો પણ એકાંતવાદ પર ચાલનારાં હોવાથી તેના પ્રતિસ્પર્ધી નય દ્વારા ખંડિત થાય છે, જ્યારે ભગવાનનું વચન અનેકાંતવાદરૂપ હોવાથી કોઈ જ કુવાદીઓની યુક્તિથી તે ખંડિત થતું નથી. તેથી ભગવાનનું વચન અપ્રતિહત છે અને ભગવાનના વચનરૂપ જ ભગવાનનું શાસન છે, તેથી ભગવાન અપ્રતિહત શાસનવાળા છે. તે વિશેષણથી સંબોધન કરવાથી ચોવીશે તીર્થંકરો એકાંતે શુદ્ધ એવા સન્માર્ગના સ્થાપક છે, તેવી ઉપસ્થિતિ થાય છે.

**जयंतु :-**

ઉપર્યુક્ત ગુણવાળા ભગવાન "જય પામો," એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે, "ભગવાન ! તમો સર્વ ઉત્કર્ષથી વર્તો." અર્થાત્ ભગવાન તો સર્વ ઉત્કર્ષવાળા છે જ, તો પણ ભગવાન જ સર્વ ઉત્કર્ષવાળા છે એ પ્રકારની લોકમાં ખ્યાતિ થાય તેવી આશંસા આ પદથી કરાય છે; કેમ કે ગુણવાનના ગુણો પ્રત્યે જેને પક્ષપાત છે, તેને ભક્તિના અતિશયથી તેમના સંબંધી આવી આશંસા થાય છે કે, ગુણવાન એવા ભગવાન તે સ્વરૂપે જ જગતમાં પણ વિખ્યાતિને પામો. જેમ મોટા રાજવી પાસે કોઈ સામાન્ય માનવી જાય છે ત્યારે "રાજા જય પામો," એ પ્રકારની આશંસાથી તે રાજા પ્રત્યે ભક્તિની અભિવ્યક્તિ કરે છે, એ રીતે પ્રસ્તુત સૂત્રમાં ચોવીશે જિનેશ્વરોને સંબોધીને

ભક્તિના અતિશયથી આ પ્રકારની અભિલાષા કરાય છે.

**कम्मभूमिहिं ..... विहाणि ।।२।। :-**

સર્વ કર્મભૂમિઓમાં ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરો થાય છે અને ઉત્કૃષ્ટથી જેટલા કેવલીઓ, જેટલા સાધુઓ પ્રાપ્ત થાય છે તથા સાંપ્રતમાં જે તીર્થંકરો, કેવલીઓ અને સાધુઓ વિચરે છે, તે સર્વની હું નિત્ય પ્રભાતે સ્તુતિ કરું છું, એમ આ સૂત્રની બીજી ગાથામાં કહ્યું. ત્યાં પ્રશ્ન થાય કે, ચૈત્યવંદન કરતી વખતે કેવલી અને સાધુઓની સ્તુતિ શા માટે કરવામાં આવે છે ? અને ઉત્કૃષ્ટ સંખ્યાના તીર્થંકરોની સ્તુતિ કરવાનું શું પ્રયોજન છે ? તેનું તાત્પર્ય એ છે કે, જેમ નમોત્થુણં સૂત્રમાં 'જેઅ અઈયા' ગાથા દ્વારા અતીત અને અનાગતના તીર્થંકરોને વંદના કરવામાં આવે છે અને તેથી ભાવનો ઉત્કર્ષ થાય છે, તેમ પ્રસ્તુતમાં, પહેલી ગાથામાં અષ્ટાપદ પર્વત ઉપર રહેલા ચોવીશે જિનેશ્વરોને નમસ્કાર કરીને, અહીં અઢી દ્વીપમાં થયેલા ઉત્કૃષ્ટ અને વર્તમાનમાં વર્તતા જઘન્ય તે સર્વ તીર્થંકરોને નમસ્કાર કરવાથી, અર્થથી મધ્યમ સર્વ તીર્થંકરોને પણ નમસ્કાર થઈ જાય છે અને તેથી ભાવનો ઉત્કર્ષ પ્રાપ્ત થાય છે, માટે તેમની સ્તવના કરાય છે.

તે જ રીતે જે કેવલીઓ છે, તેઓ પણ સત્ત્વના પ્રકર્ષવાળા છે અને મહાસત્ત્વને ફોરવીને જ ઉપેય એવા કેવલજ્ઞાનને પામ્યા છે. તેથી તેઓની સ્તુતિ કરવાથી પણ ગુણપ્રાપ્તિને અનુકૂલ એવું સત્ત્વ જીવમાં પ્રાદુર્ભાવ પામે છે. તેથી મહાસાત્ત્વિક એવા ભગવાનની સ્તુતિ કર્યા પછી સાત્ત્વિક એવા કેવલીઓની સ્તુતિ પણ સત્ત્વના પ્રકર્ષનું કારણ બને છે; અને તે જ રીતે સત્ત્વના પ્રકર્ષને સાધતા સન્માર્ગમાં પ્રસ્થિત એવા સાધુઓની પણ સ્તુતિ કરવાથી જીવનું અંતરંગ સત્ત્વ સન્માર્ગની પ્રવૃત્તિને અનુકૂળ પ્રકર્ષવાળું બને છે. આ જ કારણથી આ ચૈત્યવંદન સૂત્રમાં ભગવાનની સાથે કેવલીઓ અને સાધુઓની સ્તુતિ પણ કરવામાં આવી છે.

**जयउ सामिय ... सव्वे वि ।।३।। :-**

આ ત્રીજી ગાથામાં ભાવના પ્રકર્ષ અર્થે અને તીર્થો પ્રત્યેના ભક્તિભાવને ઉલ્લસિત કરવા અર્થે મુખ્ય મુખ્ય તીર્થોનો ઉલ્લેખ કરવાપૂર્વક સ્તવના કરાઈ

છે. ભક્તિભાવના ઉત્કર્ષનો અર્થી જીવ પ્રથમ ગાથાથી ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કર્યા પછી ઉત્કૃષ્ટથી વર્તતા તીર્થંકરો, કેવલીઓ અને સાધુઓની અને વર્તમાનમાં વિરહમાન એવા તીર્થંકરોને, કેવલી ભગવંતોને અને સાધુઓને નમસ્કાર કરે છે, અને ત્યાર પછી પણ સંતુષ્ટભાવ ન થવાથી અન્ય તીર્થોને પણ વંદના કરવાની આકાંક્ષાવાળો થાય છે અને તીર્થોને વંદના કરવાથી અંદરમાં વૃદ્ધિમત્ થતો પરમાત્મા પ્રત્યેનો ભક્તિનો ભાવ વિશેષ ઉત્કર્ષને પામે છે. તેથી આ ગાથામાં તીર્થોને વંદના કરાઈ છે.

**सत्ताणवइ ..... पणमामि ।।४-५।। :-**

પૂર્વની ગાથામાં વંદના કર્યા પછી પણ વિશેષ આકાંક્ષા થાય છે કે ત્રણેય લોકવર્તી સર્વ ચૈત્યો અને સર્વ શાશ્વત બિંબોને હું વંદના કરીને મારા આત્માને કૃતાર્થ કરું. અને તે સાક્ષાત્ કાયાથી સંભવિત ન હોવાથી તેમ જ પ્રત્યેકના ઉલ્લેખપૂર્વક સર્વ ચૈત્યોને ઉપસ્થિત કરીને વંદના કરવી સંભવિત ન હોવાથી, સંખ્યા દ્વારા તે સર્વની ઉપસ્થિતિ કરીને વંદના કરવાનો પરિણામ ગાથા-૪ અને ગાથા-૫માં કરે છે. અને આ રીતે સંકલ્પપૂર્વક ઉપયુક્ત થઈને વંદના કરે તો તીર્થંકરો, કેવલીઓ અને સાધુઓના અવલંબનથી અને તીર્થોના અવલંબનથી, પોતાના સત્ત્વનો પ્રકર્ષ તે રીતે થાય છે કે જેથી તે અરિહંતાદિ ભાવો પ્રત્યે તેનું ચિત્ત આવર્જિત રહે છે અને સંસારના તુચ્છ ભાવોથી વિમુખ વિમુખતર થતું જાય છે. તેથી જીવનો સંસાર અલ્પ બને છે અને મોક્ષને અનુકૂળ એવું સત્ત્વ અને પુણ્યાનુબંધીપુણ્ય વૃદ્ધિ પામે છે.

## ।। १३. जं किंचि सूत्र ।।

**जं किंचि नाम तित्थं, सग्गे पायालि माणुसे लोए ।**
**जाइं जिणबिंबाइं, ताइं सव्वाइं वंदामि ।।१।।**

**'जं किंचि' સૂત્રની ભૂમિકા :-**

આ સૂત્ર દ્વારા સર્વ તીર્થો અને સર્વ તીર્થોનાં જિનબિંબોને વંદના કરવામાં આવી છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, જિનપ્રતિમા આગળ વંદન કરનાર સાધક, સન્મુખ રહેલા જિનની ગુણગાનરૂપે સ્તુતિ કરીને, સામાન્યરૂપે

સર્વ જિનપ્રતિમાઓને અને તીર્થોને વંદન કરે તો ભાવનો ઉત્કર્ષ થાય. તેથી ચૈત્યવંદન કરતાં સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં રહેલાં સર્વ તીર્થોનાં સર્વ જિનબિંબોને વંદન કરવા અર્થે સાધક પ્રસ્તુત સૂત્ર બોલે છે.

અહીં વિશેષ એ છે કે, જે તારે તે તીર્થ કહેવાય, એ પ્રકારે તીર્થ શબ્દની વ્યુત્પત્તિ છે. યદ્યપિ આત્માનો રત્નત્રયીનો પરિણામ જ સંસારથી તારનાર છે, તો પણ બાહ્ય પદાર્થો રત્નત્રયીની વૃદ્ધિમાં નિમિત્ત છે. તેથી જે બાહ્ય નિમિત્તને અવલંબીને અંતરંગ યત્ન ઉત્થિત થાય છે, તે બાહ્ય પદાર્થ પણ તારનાર છે, એ પ્રકારનો વ્યવહાર થાય છે. તે તારક તીર્થરૂપ બાહ્ય પદાર્થો જંગમ અને સ્થાવરના ભેદથી બે પ્રકારના છે.

તેમાં જંગમતીર્થ મુનિભગવંતો છે, જેમના અવલંબનથી જીવનું વીર્ય સન્માર્ગને વિષે ઉત્થિત થાય છે અને જેમનાં દર્શનમાત્રથી પણ યોગ્ય જીવોને ચારિત્રનો પરિણામ ઉત્થિત થઈ શકે છે, તે જ રીતે શત્રુંજય સ્થાવર તીર્થ છે; કેમ કે અનંતા તીર્થંકરો અને કેવલિઓએ તે ભૂમિને સ્પર્શ કર્યો છે. તેથી તેમના સ્પર્શથી પવિત્ર થયેલી ભૂમિ પણ અન્ય જીવોના કલ્યાણનું કારણ છે માટે તીર્થ છે. વળી જેમ શત્રુંજય તીર્થ છે, તેમ જ્યાં જિનેશ્વરોનાં કલ્યાણકો થયાં હોય તેવી કલ્યાણક ભૂમિઓ પણ તીર્થ છે. વળી જેમ જિનેશ્વરો વડે સ્પર્શ કરાયેલી ભૂમિઓ તીર્થભૂમિ થાય છે, તેની જેમ અન્ય પણ મહાપુરુષોથી સ્પર્શાયેલી ભૂમિઓ તારવામાં પ્રબળ કારણ હોવાથી તીર્થ છે. તેથી પ્રસ્તુત સૂત્ર દ્વારા એવાં તીર્થો અને તેની પ્રતિમાઓને વંદના કરીને ચૈત્યવંદનની ક્રિયામાં જિનપ્રતિમા પ્રત્યેનો ભક્તિભાવ અતિશયિત કરાયેલ છે.

તીર્થને તીર્થરૂપે ઉપસ્થિત કરીને જેઓ વંદના કરતા હોય તેમને જ તેવા પ્રકારના ભાવનો ઉત્કર્ષ થાય છે, પરંતુ શબ્દમાત્રથી ઉચ્ચારણ કરનારાઓને તેવા ભાવનો ઉત્કર્ષ થતો નથી. તેથી "તીર્થ એ સંસારસાગરથી તરવા માટે પ્રબળ આલંબનભૂત છે અને ભગવાને જેની તીર્થરૂપે ગણના કરી છે તેવાં જ આ તીર્થો છે, તેથી તેમને વંદના કરીને મારા આત્માને હું કૃતાર્થ કરું," એવા પ્રકારની બુદ્ધિ જેને ઉલ્લસિત થઈ છે, તેવી વ્યક્તિ જ્યારે આ સૂત્ર બોલે છે ત્યારે કોઈ અગોચર ભાવને સ્પર્શે છે કે જે મહાનિર્જરાનું કારણ બને છે.

**સૂત્રનો અર્થ :-**

સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં જે કોઈ તીર્થ છે, જે કોઈ જિનબિંબો છે, તે સર્વને હું વંદન કરું છું. 'નામ' શબ્દ સૂત્રમાં વાક્યાલંકારરૂપે છે.

## ।। १४. नमोऽत्थुणं सूत्र ।।

**नमोऽत्थुणं अरिहंताणं भगवंताणं ।।१।।**
**आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं ।।२।।**
**पुरिसुत्तमाणं पुरिससीहाणं पुरिसवरपुंडरीआणं पुरिसवरगंधहत्थीणं ।।३।।**
**लोगुत्तमाणं लोगनाहाणं लोगहिआणं लोगपईवाणं लोगपज्जोअगराणं ।।४।।**
**अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं बोहिदयाणं ।।५।।**
**धम्मदयाणं धम्मदेसयाणं धम्मनायगाणं धम्मसारहीणं**
**धम्मवरचाउरंतचक्कवट्टीणं ।।६।।**
**अप्पडिहयवरनाणदंसणधराणं वियट्टछउमाणं ।।७।।**
**जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं, बुद्धाणं बोहयाणं, मुत्ताणं मोअगाणं ।।८।।**
**सव्वन्नूणं सव्वदरिसीणं, सिवमयलमरुअमणंतमक्खयमव्वाबाहमपुणरा-वित्तिसिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं, नमो जिणाणं जिअभयाणं ।।९।।**
**जेअ अईआ सिद्धा, जे अ भविस्संति णागए काले ।**
**संपइ अ वट्टमाणा सव्वे तिविहेण वंदामि ।।१०।।**

**'नमोत्थुणं' સૂત્રની ભૂમિકા :-**

આ સૂત્ર મહાગંભીર છે, સિદ્ધાંતોનો ખજાનો છે, ભવ્ય જીવોના પ્રમોદનું કારણ છે, પરમાર્ષ છે=ગણધર ભગવંતની કૃતિ હોવાથી પ્રમાણભૂત આર્ષવચન છે, અને બીજાં સૂત્રાદિ રચવામાં દૃષ્ટાંતરૂપ છે. આ સૂત્રનાં ત્રણ નામ પ્રસિદ્ધ છે.

**(૧) નમોત્થુણં સૂત્ર :-**

સૂત્રના પ્રથમ શબ્દને આશ્રયીને આ નામ પ્રસિદ્ધ છે.

અથવા આ સૂત્રને 'નમુત્થુણં સૂત્ર' પણ કહેવાય છે.

**(૨) શક્રસ્તવ સૂત્ર :-**

દરેક તીર્થંકરોના ચ્યવન કલ્યાણક સમયે શક્ર=ઈન્દ્ર, આ સૂત્રથી તીર્થંકરની સ્તવના કરે છે, તેથી આ સૂત્રને 'શક્રસ્તવ સૂત્ર' પણ કહેવાય છે. ધર્મસંગ્રહ ગ્રંથમાં આ પ્રમાણે લખેલ છે કે, જિનના જન્માદિ પ્રસંગે અને દેવવિમાનમાં જિનપ્રતિમાદિ સન્મુખ, શક્ર આ સ્તુતિથી સ્તુતિ કરતા હોવાથી તેને 'શક્રસ્તવ સૂત્ર' કહે છે.

**(૩) પ્રણિપાતદંડક સૂત્ર :-**

'ઈચ્છામિ ખમાસમણો' સૂત્રને 'પ્રણિપાત સૂત્ર' કહેવાય છે, જ્યારે આ સૂત્રને 'પ્રણિપાતદંડક સૂત્ર' કહે છે. પ્રણિપાત=નમસ્કાર કરવાની ક્રિયા, અને દંડક=સમૂહ. આથી ઘણા પ્રણિપાતને કહેનારો સમૂહ તે 'પ્રણિપાતદંડક સૂત્ર.' કેમ કે આ સૂત્રમાં નવ સંપદા છે, અને નમોત્થુણં સૂત્રમાં આદિમાં 'નમો' શબ્દ છે અને અંતિમ સંપદા સાથે પણ='નમો જિણાણં જિઅભયાણં' સાથે પણ, 'નમો' શબ્દ છે, તેથી આદિ અને અંતમાં ગ્રહણ કરાયેલા 'નમો' શબ્દની મધ્યમાં પણ અનુવૃત્તિ છે. માટે દરેક સંપદા સાથે 'નમો'નું જોડાણ હોવાથી તે દરેક સંપદા સ્વતંત્ર પ્રણિપાતરૂપ છે; અને તે નવ સંપદાના સમૂહરૂપ પ્રસ્તુત સૂત્ર છે, તેથી તેને 'પ્રણિપાતદંડક સૂત્ર' કહેવાય છે.

ચૈત્યવંદનની ક્રિયા પ્રણિપાતદંડકપૂર્વક થાય છે, તેથી નમોત્થુણં સૂત્ર ચૈત્યવંદનની ક્રિયાની પૂર્વભૂમિકાસ્વરૂપ છે. વસ્તુતઃ ચૈત્યવંદન 'અરિહંત ચેઈયાણં' આદિ સૂત્રો બોલીને જે એકેક નવકારના ત્રણ કાઉસ્સગ્ગ કરવામાં આવે છે તત્સ્વરૂપ છે. જેમાં પ્રથમ નવકારના કાયોત્સર્ગથી મુખ્ય જિનને, બીજા નવકારના કાયોત્સર્ગથી સર્વ જિનને અને ત્રીજા નવકારના કાયોત્સર્ગથી શ્રુતજ્ઞાનને વંદન કરવામાં આવે છે અને ચોથી શ્રુતદેવતાની સ્તુતિ છે.

આવા ચૈત્યવંદનની ભાવથી સમ્યગ્ નિષ્પત્તિ અત્યંત દુષ્કર છે. આથી તેની પ્રાપ્તિ અર્થે પૂર્વભૂમિકારૂપે ભગવાનના ગુણોના સ્મરણ અર્થે પ્રણિપાતદંડક સૂત્ર બોલાય છે, જેથી લોકોત્તમ પુરુષનું સ્વરૂપ બુદ્ધિમાં સમ્યગ્ ઉપસ્થિત થાય છે અને ત્યાર પછી કરાયેલું ચૈત્યવંદન ભાવથી નિષ્પન્ન થઈ શકે છે. માટે

ચૈત્યવંદનની ભાવથી નિષ્પત્તિના અનન્ય ઉપાયભૂત આ પ્રણિપાતદંડક સૂત્ર છે. આ સૂત્રના ૩૨ આલાપકો=પદો છે, અને કોઈક મતે ૩૩ આલાપકો છે, અને સંપદાઓ નવ છે. એકવાક્યતાથી બોધ કરાવે તેવા શબ્દોનો સમૂહ તે સંપદા અથવા અર્થનું વિશ્રામસ્થાન, જેનાથી સંગત રીતે અર્થ જુદો પડાય તે સંપદા.

નમોત્થુણં સૂત્રની નવ સંપદાઓ લલિતવિસ્તરા ગ્રંથ અનુસાર નીચે મુજબ છે :-

**(૧) સ્તોતવ્ય સંપદા :-**

"નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં" – આ પ્રથમ સંપદામાં બે આલાપકો=પદો, દ્વારા ભગવાનની સ્તોતવ્ય સંપદા બતાવી. જે કારણથી અરિહંત ભગવાનની સ્તુતિ કરવા માટે જ આ આખા સૂત્રની રચના છે, તે બતાવવા પ્રથમ સ્તોતવ્ય સંપદા બતાવી છે.

**(૨) સ્તોતવ્ય સંપદાની પ્રધાન સાધારણ-અસાધારણ હેતુ સંપદા :-**

"આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં" એ ત્રણ આલાપકો દ્વારા પ્રથમ સ્તોતવ્ય સંપદાની જ પ્રધાન સાધારણ-અસાધારણ હેતુ સંપદા કહી. આ સંપદામાં 'આઈગરાણં' શબ્દથી ભગવાન સ્તોતવ્ય છે તેમાં પ્રધાન સાધારણ હેતુ બતાવ્યો, અને 'તિત્થયરાણં' અને 'સયંસંબુદ્ધાણં' શબ્દોથી ભગવાન સ્તોતવ્ય છે તેમાં પ્રધાન અસાધારણ હેતુ બતાવ્યો. તે આ રીતે –

'આઈગરાણં' શબ્દનો અર્થ લલિતવિસ્તરા ગ્રંથ અને તેની પંજીકા અનુસાર આ પ્રમાણે છે –

'આઈગરાણં'=આદિમાં જન્મમરણાદિ કરવાનો સ્વભાવ છે જેને તે આદિકર=આદિને કરનારા. આ પ્રકારની વ્યુત્પત્તિ હોવાથી જેમને ચરમ ભવ પ્રાપ્ત થયો છે, તે જ આદિમાં જન્માદિને કરનારા છે. અન્ય જીવો અનાદિકાળથી જન્માદિને કરનારા હોવા છતાં વર્તમાનમાં પણ તેઓ જન્માદિ કરી રહ્યા છે, માટે તેમને આદિમાં કરનારા તેમ કહી શકાય નહીં, પણ અનાદિથી જન્માદિને કરનારા છે અને હજી પણ જન્માદિને કરનારા છે. જ્યારે ભગવાન તો આદિમાં જન્માદિ કરનારા હતા, પણ વર્તમાનમાં નથી. કેમ કે તેમનો ચરમ ભવ છે તે અપેક્ષાએ જ આદિમાં જન્માદિને કરનારા છે.

આશય એ છે કે આપણા જેવા સંસારી જીવોની જેમ અનાદિ કાળથી ભગવાન પણ તીર્થંકર થયા પૂર્વે જન્મપરંપરા, વિવિધ ગતિઓમાં પર્યટન, શરીરના સંયોગ-વિયોગ આદિને વહન કરનારા હતા, માટે સર્વજીવસાધારણ જન્માદિને કરવાનો સ્વભાવ ભગવાનનો આદિમાં હતો; પરંતુ વર્તમાનમાં ભગવાન નવા જન્માદિને કરતા નથી, માટે ભગવાન સ્તોતવ્ય છે. જ્યારે આપણામાં તો વર્તમાનમાં પણ જન્માદિકરણ સ્વભાવ વિદ્યમાન છે, આપણું સંસારનું સર્જન અટક્યું નથી, જે તેમનું અટકી ગયું છે. માટે આવા ભગવાનની સ્તુતિથી આપણે પણ એવું સત્ત્વ ફોરવીએ તો આપણામાં જ અંદર રહેલો ભગવાનના જેવો જ આદિમાં સંસારકરણ સ્વભાવ પ્રગટ કરવા સમર્થ બનીએ અર્થાત્ ચરમ ભવ પ્રાપ્ત કરીએ અને ભગવાનની જેમ સંસારનો ઉચ્છેદ કરી શકીએ.

જો ભગવાન અનાદિથી આપણા જેવા ન હોત અને અનાદિશુદ્ધ જ હોય તો તેમની સ્તુતિ કરીને આપણને કંઈ પ્રાપ્ત ન થાય; કેમ કે જે ભગવાન અનાદિશુદ્ધ અને વીતરાગ હોય તેઓ આપણી સ્તુતિથી ખુશ થઈ આપણો ઉપકાર કરવાના નથી. વળી ભગવાનના જેવો અનાદિશુદ્ધ સ્વભાવ તો આપણામાં નથી, તો તેમની સ્તુતિથી પણ તે સ્વભાવ આપણામાં પ્રગટી ન શકે, માટે અનાદિશુદ્ધ સ્વભાવ ન માની શકાય અને સાદિ શુદ્ધ સ્વભાવ આપણામાં અત્યારે પ્રગટ નથી, તો પણ જે ભવ્ય જીવો મોક્ષમાં જવાના છે, તેમનામાં શક્તિરૂપે છે અને ભગવાનની ભક્તિથી તે સ્વભાવ તેમનામાં પ્રગટી શકે તેમ છે, માટે જ્યારે 'આઈગરાણં' શબ્દ દ્વારા સાધકને થાય કે ભગવાન પણ આપણા જેવા અનાદિથી સંસારકરણ સ્વભાવવાળા હતા અને હવે નથી, માટે તેમણે સત્ત્વનો પ્રકર્ષ કરી અનાદિકરણ સ્વભાવને તિરોધાન કરી આદિકરણ સ્વભાવ પ્રગટ કર્યો; તેમ હું પણ સાધના કરીને અનાદિકરણ સ્વભાવને તિરોધાન કરું અને ફરી ભવભ્રમણ ન થાય તેવી પ્રકૃતિ પેદા કરું, જેથી આદિમાં ભવપ્રપંચ કરવાનો સ્વભાવ રહે પણ હવે પછી ન રહે. આ રીતે 'આઈગરાણં' પદથી સ્તોતવ્ય સંપદાની પ્રધાન સાધારણ હેતુસંપદા બતાવી.

'તીર્થંકર' અને 'સ્વયંસંબુદ્ધ' એ બે આલાપકો દ્વારા સ્તોતવ્ય એવા ભગવાનની પ્રધાન અસાધારણહેતુ સંપદા બતાવી છે; કેમ કે ભગવાન સ્વયં બોધને પામેલા છે અને તીર્થને કરનારા છે અને તે ગુણો ભગવાનના અસાધારણ

ગુણો છે=તીર્થંકર સિવાય અન્ય કોઈમાં નથી તેવા ગુણો છે. વળી ભગવાને સ્વયં બોધ પામીને તીર્થની સ્થાપના ન કરી હોત તો આપણા માટે ઉપકારક બનત નહીં. માટે આ બે અસાધારણ ગુણોથી ભગવાન આપણા ઉપકારકરૂપે સ્તુતિપાત્ર છે. તેથી આ બે પદથી સ્તોતવ્યની પ્રધાન અસાધારણ હેતુસંપદા બતાવી છે.

**(૩) સ્તોતવ્ય સંપદાની જ અસાધારણ હેતુસંપદા :-**

'પુરિસુત્તમાણં'થી 'પુરિસવરગંધહત્થીણં' સુધીના ચાર આલાપકોથી પ્રથમ સ્તોતવ્યસંપદાની જ અસાધારણ હેતુસંપદા કહેવાય છે.

**બીજી અને ત્રીજી સંપદા વચ્ચેનો સંબંધ :-**

બીજી સંપદા સ્તોતવ્યસંપદાની પ્રધાન સાધારણ-અસાધારણ હેતુસંપદા છે, અને આ ત્રીજી સંપદા પ્રધાન હેતુસંપદા નથી, આમ છતાં સ્તોતવ્યની જ અસાધારણ હેતુસંપદા છે; તે આ રીતે –

ભગવાન અનાદિ ભવસ્વભાવકરણ સ્વભાવનો નાશ કરીને વીતરાગ બન્યા, તેથી આદિકરણ સ્વભાવવાળા થયા; અને સ્વયં સંબોધ પામીને તીર્થની સ્થાપના કરી. તેમના તીર્થના અવલંબનથી આપણે પણ તેમની જેમ જ અનાદિ ભવપ્રપંચ કરવાના સ્વભાવનો નાશ કરીને વીતરાગ બની શકીએ છીએ, તેથી ભગવાન આપણા માટે પ્રધાનરૂપે સ્તોતવ્ય છે. માટે બીજી સંપદાને સ્તોતવ્ય સંપદાની પ્રધાન હેતુસંપદા કહી. તેમાં સાધારણ-અસાધારણ હેતુ આ રીતે –

આ ભગવાન આદિકર થયા, વીતરાગ થયા અને સ્વયં બોધ પામી તીર્થની સ્થાપના કરી. તેથી બીજી સંપદાને પ્રધાન સાધારણ-અસાધારણ હેતુસંપદા કહી; કેમ કે સર્વ જીવો ભવપ્રપંચ કરે છે, તેથી ભગવાનમાં આદિમાં રહેલ ભવપ્રપંચ કરવાનો સ્વભાવ સર્વ-જીવ-સાધારણ છે અને તીર્થંકરપણું અને સ્વયંબોધપણું એ બને ભગવાનના અસાધારણ ગુણો છે.

વળી, આ ભગવાન પુરુષોત્તમાદિ છે, માટે પણ સ્તોતવ્ય છે, તેથી આ સ્વરૂપે ભગવાનની સ્તુતિ કરી. અને આ ગુણો ભગવાનના અસાધારણ છે, જે અન્ય જીવોમાં પ્રાપ્ત થતા નથી. માટે સ્તોતવ્ય સંપદાની આ ત્રીજી સંપદા અસાધારણ હેતુસંપદા છે. આમ છતાં બીજી સંપદામાં 'तित्थयराणं' અને

'सयंसंबुद्धाणं' એ બે પદથી ભગવાનના સ્તોતવ્યપણામાં પ્રધાન અસાધારણ કારણની ઉપસ્થિતિ થાય છે, તેવા અસાધારણ ઉપકારપણાની ઉપસ્થિતિ ત્રીજી સંપદાથી થતી નથી. માટે સ્તોતવ્ય સંપદાની પ્રધાન હેતુસંપદા ત્રીજી સંપદા ન બની શકે, પરંતુ બીજી જ બની શકે.

**(૪) સ્તોતવ્ય સંપદાની સામાન્ય ઉપયોગ સંપદા :-**

'લોગુત્તમાણં'થી 'લોગપજ્જોઅગરાણં' સુધીના પાંચ આલાપકોથી સ્તોતવ્ય સંપદાની જ સામાન્ય ઉપયોગ સંપદા કહેવાય છે. સ્તોતવ્ય એવા ભગવાન આ લોકોત્તમાદિ પાંચ ભાવોને કારણે પરને ઉપકાર કરે છે, માટે સ્તોતવ્ય એવા ભગવાનનો સામાન્યથી જીવોને આ રીતે ઉપયોગ છે, તે બતાવવા માટે તે ગુણોથી ભગવાનની સ્તુતિ કરેલ છે.

**(૫) સામાન્ય ઉપયોગ સંપદાની હેતુ સંપદા :-**

'લોગુત્તમાણં' આદિ પાંચ આલાપકોથી સ્તોતવ્ય સંપદાની સામાન્ય ઉપયોગ સંપદા કહી. હવે તે સામાન્ય ઉપયોગ સંપદાની જ હેતુ સંપદાને 'અભયદયાણં'થી 'બોહિદયાણં' સુધીના પાંચ આલાપકોથી કહે છે. ભગવાન અભય, ચક્ષુ આદિને આપવા દ્વારા જગતનો ઉપકાર કરે છે, માટે જગતના જીવોને ઉપયોગી છે. આથી આ ઉપયોગ સંપદાની જ હેતુસંપદા છે.

**(૬) સ્તોતવ્ય સંપદાની જ વિશેષ ઉપયોગ સંપદા :-**

'ધમ્મદયાણં'થી 'ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં' એ પાંચ આલાપકો દ્વારા પ્રથમ સ્તોતવ્ય સંપદાની જ વિશેષ ઉપયોગ સંપદા કહેવાય છે; કેમ કે ભગવાન ધર્મને આપનારા છે આદિ ભાવો દ્વારા જ જીવોને ભગવાનનો વિશેષથી ઉપયોગ છે.

**(૭) સ્તોતવ્ય સંપદાની જ સકારણ સ્વરૂપ સંપદા :-**

'અપ્પડિહયવરનાણદંસણધરાણં' અને 'વિઅટ્ટછઉમાણં' એ બે આલાપકો દ્વારા સ્તોતવ્ય સંપદાની જ સકારણ સ્વરૂપ સંપદા કહેવાય છે. પ્રથમ સંપદામાં અરિહંત ભગવંતને સ્તોતવ્ય બતાવ્યા, તે અરિહંત ભગવંત સર્વજ્ઞ અને વીતરાગ સ્વરૂપ છે, અને તે સ્વરૂપ જ આ બે આલાપકો દ્વારા બતાવાયેલ છે;

કેમ કે 'અપ્રતિહત વરજ્ઞાનદર્શનને ધારણ કરનારા' કહેવાથી ભગવાન કેવળજ્ઞાની અને કેવળદર્શની છે તેમ બતાવ્યું, અને 'વ્યાવૃત્ત છદ્મભાવથી' ઘાતીકર્મરહિત અવસ્થા બતાવી, એટલે કે મોહ જવાથી વીતરાગભાવ બતાવ્યો. તેથી અરિહંત ભગવાનનું આ સ્વરૂપ છે અને ભગવાનનું આવું સ્વરૂપ છે માટે ભગવાન સ્તોતવ્ય છે. કેમ કે વીતરાગતા અને સર્વજ્ઞતા જ ભગવાનના સ્તોતવ્યપણામાં હેતુ છે. માટે આ બે આલાપકો દ્વારા કહેવાયેલી સંપદા સ્તોતવ્યની સકારણ સ્વરૂપ સંપદા છે.

**(૮) આત્મતુલ્ય પરફલકર્તૃત્વ સંપદા :-**

'જિણાણં જાવયાણં'થી 'મુત્તાણં મોઅગાણં' સુધીના ચાર આલાપકો દ્વારા આત્મતુલ્ય પરફલકર્તૃત્વ સંપદા કહેવાય છે; કેમ કે ભગવાન રાગાદિને જીતનારા ઈત્યાદિ છે, તેમ જિતાવનારા ઈત્યાદિ પણ છે. માટે ભગવાનના અવલંબનથી આપણે પણ ભગવાન સદૃશ થઈ શકીએ છીએ. તેથી ભગવાન પોતાના જેવું જ ફળ બીજાને આપનારા છે.

**(૯) પ્રધાન ગુણ અપરિક્ષય પ્રધાન ફળ પ્રાપ્તિ અભય સંપદા :-**

'સવ્વન્નૂણં'થી 'જિઅભયાણં' સુધીના ત્રણ આલાપકો દ્વારા 'પ્રધાન ગુણ અપરિક્ષય પ્રધાન ફળ પ્રાપ્તિ અભય સંપદા' કહેવાય છે; કેમ કે ભગવાનને સર્વજ્ઞત્વ અને સર્વદર્શીત્વરૂપ પ્રધાન ગુણની અવ્યાવૃત્તિપૂર્વક=અનાશપૂર્વક, શિવઅચલાદિ ફળની પ્રાપ્તિરૂપ પ્રધાન ફળ પ્રાપ્ત થયું. ભગવાને સાધના કરીને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું, તે તેમનો ગુણ મોક્ષમાં પણ નાશ થતો નથી અને તે ગુણ સાથે જ ભગવાન સર્વકર્મરહિત થયા, અચલ એવી સિદ્ધ અવસ્થાને પામ્યા, જેથી હવે ફરી તેમને જન્મ જ લેવાનો નથી. પ્રભુ અજન્મા બન્યા. આવું પ્રધાન ફળ ભગવાનને પ્રાપ્ત થવાને કારણે સંસારમાં વર્તતા સાતે ભયોથી ભગવાન સદાને માટે મુક્ત થયા. આ રીતે ભયોથી પર અવસ્થાને પામ્યા, તેથી અભય સંપદાવાળા બન્યા.

**સૂત્રનો અર્થ :-**

'નમોત્થુણં' માં 'ણં' વાક્યાલંકારમાં છે.

(૧) અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ.

(૨) આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધને નમસ્કાર થાઓ.

(૩) પુરુષોમાં ઉત્તમ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ કમળ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાનને નમસ્કાર થાઓ.

(૪) લોકોમાં ઉત્તમ, લોકના નાથ, લોકના હિત કરનારા, લોક પ્રત્યે પ્રદીપ જેવા, લોક પ્રત્યે પ્રદ્યોતકરને નમસ્કાર થાઓ.

(૫) અભયને દેનારા, ચક્ષુને દેનારા, માર્ગને આપનારા, શરણને આપનારા, બોધિને આપનારાને નમસ્કાર થાઓ.

(૬) ધર્મને દેનારા, ધર્મની દેશના આપનારા, ધર્મના નાયક, ધર્મના સારથિ, ચાર ગતિના અંતને કરનાર એવા ધર્મરૂપી શ્રેષ્ઠ ચક્રને પ્રવર્તાવવાના સ્વભાવવાળાને નમસ્કાર થાઓ.

(૭) અપ્રતિહત ઉત્તમ જ્ઞાન-દર્શનને ધારણ કરનારા, છદ્મરહિતને= ઘાતીકર્મોથી રહિતને, નમસ્કાર થાઓ.

(૮) જીતનારા અને જિતાવનારા, તરેલા અને તારનારા, બુદ્ધ અને બોધ પમાડનારા, મુક્ત અને મુકાવનારાને નમસ્કાર થાઓ.

(૯) સર્વજ્ઞ અને સર્વદર્શી અને શિવ, અચલ, અરુજ, અનંત, અક્ષય, અવ્યાબાધ અને અપુનરાવૃત્તિ એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત થયેલા અને જિતભય એવા જિનને નમસ્કાર કરું છું.

(૧૦) જે અરિહંતો વળી અતીતકાળમાં સિદ્ધ થયા, જેઓ ભવિષ્યકાળમાં સિદ્ધ થશે અને संपइअ=સંપ્રતિ=વર્તમાનકાળમાં, જેઓ=જે અરિહંતો, વિદ્યમાન છે, તે સર્વને હું ત્રિવિધથી=મન, વચન અને કાયા એ ત્રણ પ્રકારે, વંદન કરું છું.

**વિશેષાર્થ :-**

**नमोत्थुणं :-**

'નમઃ' શબ્દ પૂજાના અર્થમાં છે, જે દ્રવ્યસંકોચરૂપ અને ભાવસંકોચરૂપ છે. દ્રવ્યસંકોચ તે હાથ જોડવા, મસ્તક નમાવવું, 'નમસ્કાર થાઓ' - એમ વચન પ્રયોગ કરવો ઈત્યાદિ ચેષ્ટારૂપ છે; જ્યારે નમસ્કરણીય એવા અરિહંત

પરમાત્માના તાત્ત્વિક સ્વરૂપની ઉપસ્થિતિ કરીને ચિત્તમાં બાહ્ય પદાર્થો સંબંધી ઉત્સુકતા ન થાય તેવો, અને વીતરાગભાવને અભિમુખ ગમનને અનુકૂળ વીર્ય ઉત્થિત થાય તે પ્રકારનો, અંતરંગ યત્ન કરવો તે ભાવસંકોચ છે.

'નમો' પછી 'अस्तु' પદ છે, તેનો અર્થ 'થાઓ,' એ પ્રમાણે છે.

અહીં 'નમસ્કાર કરું છું,' એમ ન કહેતાં 'નમસ્કાર થાઓ' - એમ કહ્યું, તે પોતાના ભાવનમસ્કાર કરવાના અસામર્થ્યનું દ્યોતક છે. તેથી તે બોલતાં ભાવનમસ્કારની નિષ્પત્તિની વાંછા કરવામાં આવે છે.

યદ્યપિ મુનિ પણ શક્રસ્તવ બોલે છે અને તેમને તો ભાવનમસ્કાર નિષ્પન્ન થયેલો જ છે, તો પણ ઉપર ઉપરની ભૂમિકાનો જે ભાવનમસ્કાર નિષ્પન્ન નથી થયો, તેની વાંછારૂપે 'નમસ્કાર થાઓ' એ પ્રકારની ઉત્તમ અભિલાષા કરે છે.

**अरिहंताणं :-**

'અરિહંતાણં' પદ બોલતાં અર્હત્વનો ભાવ આ પ્રમાણે અનેક દૃષ્ટિથી સ્થિર કરવો જોઈએ - ભગવાન ચરમ ભવમાં ગર્ભથી માંડીને એક પણ અનુચિત પ્રવૃત્તિ કરતા નથી, જે છદ્મસ્થકાળમાં પણ તેમના મહાસત્ત્વને દ્યોતિત કરે છે. વળી પરમાત્મા સંસારની દરેક અવસ્થાઓમાં તે તે ગુણસ્થાનકની પરાભૂમિકાને સ્પર્શનારા હોય છે, તે પણ તેમનામાં રહેલી મહાસાત્ત્વિકતા જ બતાવે છે. વળી તેમનો જન્મ પણ કેવલ પરના ઉપકાર માટે જ જાણે ન થયો હોય તેવો ઉદાત્ત હોય છે. તેમનામાં ગાંભીર્ય, ઔદાર્ય, ધૈર્ય વગેરે ગુણો સર્વશ્રેષ્ઠ કોટિના વર્તતા હોય છે. વળી ભગવાન સંયમ ગ્રહણ કરે છે ત્યારથી માંડીને અપ્રમત્તભાવથી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં દૃઢ યત્ન કરે છે અને અસંગભાવમાં વર્તે છે અને મહાસત્ત્વ ફોરવીને સંપૂર્ણ મોહનો નાશ કરે છે, જેથી અંતરંગ શત્રુને નાશ કરનારા બન્યા. માટે જ તેમને અરિહંત શબ્દથી સંબોધવામાં આવે છે. તે સર્વની ઉપસ્થિતિ કરીને 'તે લોકોત્તમ પુરુષને હું અરિહંત પદથી ઉપસ્થિત કરું છું,' એવી બુદ્ધિ કરતાં તેમના પ્રત્યેની ભક્તિનો ભાવ ઉત્થિત થાય છે. તેથી તેમના જેવા સાત્ત્વિક માનસને અભિમુખ આપણા વીર્યનું પ્રસર્પણ થતાં તેવું સત્ત્વ આપણામાં પણ

અવશ્ય પેદા થાય છે.

**भगवंताणं :-**

અરિહંત પદથી નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવઅરિહંત એ ચારે અરિહંતોની પ્રાપ્તિ થાય છે. તેથી ભાવ અરિહંત સિવાયના અન્ય અરિહંતોની વ્યાવૃત્તિ કરવા માટે 'ભગવંતાણં' એ વિશેષણ આપવામાં આવેલ છે; કેમ કે ભાવ અરિહંત જ મુખ્યરૂપે ઉપકારક છે. તેથી 'ભગવંતાણં' પદ દ્વારા ભગવાન કેવળજ્ઞાન પામ્યા પછી જગતના જીવોને ઉપકાર કરે છે, તેવા ભગવાનના સ્વરૂપને ઉપસ્થિત કરીને નમસ્કાર કરવાનો અભિલાષ આ સ્તોતવ્ય સંપદાથી વ્યક્ત કરાય છે.

આમ છતાં, શક્રેન્દ્ર ભગવાનના ચ્યવન કલ્યાણક પ્રસંગે શક્રસ્તવ બોલે છે ત્યારે ભગવાન કંઈ ભાવતીર્થંકર નથી, પરંતુ દ્રવ્યતીર્થંકર છે, છતાં ત્યાં ભાવજિનનું આરોપણ કરીને શક્રસ્તવ બોલે છે. વળી આપણે સ્થાપના નિક્ષેપે રહેલી જિનપ્રતિમાની સામે ચૈત્યવંદન કરીએ છીએ, તે પણ સ્થાપનાતીર્થંકર છે, પણ ભાવતીર્થંકર નથી. છતાં સ્થાપનાજિનમાં ભાવજિનનું આરોપણ કરીને જ ચૈત્યવંદન કરવામાં આવે છે. તેથી 'ભગવંતાણં' પદ નામજિન, સ્થાપનાજિન અને દ્રવ્યજિનનો નિષેધ કરીને ભાવઅરિહંત ગ્રહણ કરવા માટે મૂક્યું છે, તેનો વિરોધ નથી.

'ભગ' ધાતુના ચૌદ અર્થો બતાવાયા છે. તેમાંથી બે અર્થ સિવાયના ૧૨ અર્થો ભગવાનમાં ઘટે છે, પણ 'લલિત વિસ્તરા' ગ્રંથમાં છ અર્થો લીધા છે. તે પ્રમાણે ભગવાનમાં સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન સર્વ કરતાં શ્રેષ્ઠ કોટીનાં વર્તે છે તેમ કહ્યું છે; કેમ કે ભગવાન આઠ પ્રાતિહાર્યાદિરૂપ ઐશ્વર્યવાળા, સર્વ દેવોના રૂપ કરતાં અતિશય રૂપવાળા, રાગ-દ્વેષ-પરિષહાદિ જીતવામાં પરાક્રમથી ઉત્પન્ન યશવાળા, કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીવાળા, રત્નત્રયીના પ્રકર્ષરૂપ ધર્મવાળા અને સર્વ કર્મોનો નાશ કરવા સમર્થ પ્રયત્નવાળા છે.

**आइगराणं :-**

અનાદિ ભવ સંસારમાં આદિમાં ભગવાન ભવ પ્રપંચને કરનારા છે.

તેથી એ પ્રાપ્ત થાય કે, ભગવાન આદિમાં=સંસારનો ઉચ્છેદ કર્યો તેના પૂર્વમાં= વીતરાગ થયા પૂર્વે, ભવપ્રપંચને કરનારા હતા; પરંતુ વર્તમાનમાં નથી, માટે ભગવાન આપણા માટે સ્તોતવ્ય છે. અથવા ભગવાન સકલ નીતિના કારણીભૂત શ્રુતધર્મની આદિને કરનારા છે, આ રીતે પણ 'आइगराणं' પદનો અર્થ ધર્મસંગ્રહ, યોગશાસ્ત્ર આદિમાં કરેલ છે.

**तित्थयराणं, सयंसंबुद्धाणं :-**

ભગવાને સ્વયં બોધ પામીને સન્માર્ગમાં દૃઢ યત્ન કર્યો અને કેવળજ્ઞાનને પામ્યા પછી તીર્થની સ્થાપના કરી તીર્થંકર બન્યા, જેથી જગતના જીવોને સન્માર્ગની પ્રાપ્તિનું પ્રબળ કારણ બન્યા, તેથી ભગવાન સ્તોતવ્ય છે.

સામાન્ય રીતે જીવો કોઈક તીર્થંકર કે ગુરુ આદિથી બોધ પામે છે. પરંતુ તીર્થંકરો પૂર્વભવથી જ વિશુદ્ધ કોટિનાં ત્રણ જ્ઞાન લઈને આવે છે, જેથી યોગમાર્ગનો તેઓને સ્વયં બોધ હોય છે. તેથી કોઈ અન્ય બોધ કરાવનારની તેમને જરૂર રહેતી નથી, પરંતુ પોતાના જ બોધના બળથી સાધના કરીને કેવળજ્ઞાનને પામે છે. માટે જ તેમના કોઈ ગુરુ નથી, પણ પોતે જ જગતના ગુરુ છે, એ સ્વયંસંબુદ્ધ શબ્દથી દ્યોતિત થાય છે.

**पुरिसुत्तमाणं :-**

ભગવાન સંસારી અન્ય ભવ્ય જીવો કરતાં ઉત્તમ છે, આથી જ ચરમ ભવમાં સર્વ જીવોના ઉપકારનું કારણ બને તેવું તેમનું તથાભવ્યત્વ છે અને તે અપેક્ષાએ ભગવાનને પુરુષોત્તમ કહેલ છે. જેમ અભવ્ય કરતાં ભવ્ય ઉત્તમ છે, તેમ સર્વ ભવ્યોમાં તીર્થંકરોના આત્માઓ ઉત્તમ છે. આથી જ ચરમ ભવમાં જગતના સર્વ જીવોના ઉપકારનું પ્રધાન કારણ બન્યા છે.

**पुरिससीहाणं :-**

ભગવાન પુરુષોમાં સિંહ જેવા છે. સિંહ જેમ પરાક્રમમાં શૂરવીર હોય છે, તેમ ભગવાન અંતરંગ શત્રુઓનો નાશ કરવા માટે સિંહ જેવા છે. આથી જ મહાપરાક્રમ ફોરવીને ભગવાને સર્વકર્મનો નાશ કર્યો. માટે ભગવાનને પુરુષોમાં સિંહ જેવા કહ્યા.

**पुरिसवरपुंडरिआणं :-**

ભગવાન પુરુષોમાં શ્રેષ્ઠ કમળ જેવા છે. જેમ કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે, જળથી વધે છે અને કાદવ અને જળથી અલિપ્ત રહે છે; તેમ ભગવાન પણ કર્મોરૂપી કાદવથી ઉત્પન્ન થયા, ભોગજળથી વૃદ્ધિ પામ્યા તો પણ તેનાથી તદ્દન નિર્લેપ રહ્યા અને સંયમ ગ્રહણ કર્યા પછી અસંગભાવમાં રહીને, સાધના કરીને, વીતરાગ બન્યા. માટે ભગવાન પુરુષોમાં શ્રેષ્ઠ કમળ જેવા છે.

**पुरिसवरगंधहत्थीणं :-**

ભગવાન પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ જેવા છે. સર્વ હાથીઓમાં ગંધહસ્તિ વિશિષ્ટ પ્રકારનો હાથી છે, જેના આગમનથી અન્ય હાથીઓનો મદ ઝરી જાય છે. તે ઉપમા દ્વારા ભગવાનની સ્તુતિ કરેલ છે, તે આ રીતે -

અચિંત્ય પુણ્યવાળા ભગવાનના પ્રભાવથી, તેમના વિહારરૂપી પવનની ગંધથી, હાથી જેવા ઉપદ્રવ કરનારા મારી, મરકી આદિ રોગો, દુકાળ આદિ ઉપદ્રવો, સવાસો યોજન સુધી શમી જાય છે. જેમ ગંધહસ્તિના આગમનથી અન્ય ગજોના મદોનો નાશ થઈ જવાથી તેઓ ઉપદ્રવશક્તિ વગરના થઈ જાય છે, તેમ ભગવાનના આગમનથી મારી, મરકી આદિ રોગો લોકમાં ઉપદ્રવ કરતા નથી.

**लोक :-**

'લોક' શબ્દ ક્યાંક સર્વવાચી હોય છે અને ક્યાંક લોકના એક દેશવાચી પણ હોય છે, અને દેશવાચી લોકનો એક દેશ પણ જુદા જુદા સ્થાને પ્રસ્તુત સૂત્રમાં જુદો જુદો ગ્રહણ કરેલ છે. તે આ પ્રમાણે -

લોક શબ્દ પંચાસ્તિકાયમય લોકનો વાચક છે, તો પણ 'લોગુત્તમાણં' આદિ પાંચ પદોમાંથી 'લોગુત્તમાણં'માં ભવ્યલોકને ગ્રહણ કરેલ છે; તેથી દેશવાચી છે અર્થાત્ આખા લોકના એક ભાગ માટે વપરાયો છે. 'લોગનાહાણં'માં ભવ્યલોકમાંથી પણ બીજાધાનાદિને યોગ્ય ભવ્યલોકને ગ્રહણ કરેલ છે, તે અપેક્ષાએ દેશવાચી છે. 'લોગહિઆણં'માં સમસ્ત જીવલોકના હિતને કરનાર

છે એ અપેક્ષાએ દેશવાચી છે, અને પંચાસ્તિકાયાત્મક લોકનું હિત કરનારા છે તે અપેક્ષાએ સર્વલોકનું ગ્રહણ છે. 'લોગપઈવાણં'માં સમ્યગ્દૃષ્ટિરૂપ જ લોકનો એક દેશ ગ્રહણ કરેલ છે અને 'લોગપજ્જોઅગરાણં'માં ઉત્કૃષ્ટમતિ એવા ગણધરોરૂપ જ લોકનો એક દેશ ગ્રહણ કરેલ છે.

**लोगुत्तमाणं :-**

લોક=ભવ્યલોક. ભગવાન ભવ્યલોકમાં ઉત્તમ છે; કેમ કે વિશિષ્ટ ભવ્યત્વ ધારણ કરનારા હોવાથી જગતના જીવો ઉપર શ્રેષ્ઠ ઉપકાર કરીને મોક્ષમાં જનારા તીર્થંકરો જ છે. તેથી ભવ્યલોકમાં ઉત્તમ છે.

**लोगनाहाणं :-**

જે જીવોના કર્મનો હ્રાસ થયો છે, જે જીવો ઉપર ઉપકાર થઈ શકે તેમ છે, તેવા ભવ્ય જીવોના ભગવાન નાથ છે; કેમ કે ભગવાનને પ્રાપ્ત કરીને તે જીવોમાં યોગમાર્ગનું બીજ પડે છે, અને જે યોગની ભૂમિકા તેઓ પામ્યા હોય તેનું રાગાદિ ઉપદ્રવથી રક્ષણ પણ ભગવાન કરે છે. તેથી ભગવાન બીજાધાનને યોગ્ય એવા અપુનર્બંધક જીવથી માંડીને વીતરાગ સુધીના જીવોનો યોગક્ષેમ કરનાર હોવાથી તેવા જીવોના નાથ છે.

**लोगहियाणं :-**

- સર્વ જગતના હિતને કરનારા ભગવાન છે; કેમ કે ભગવાને આપેલા ઉપદેશથી યોગ્ય જીવોને છકાય જીવોના પાલનનો અધ્યવસાય થાય છે અને તેઓ સંયમ ગ્રહણ કરે છે, તેથી હવે તેમના તરફથી કોઈ જીવને ઉપદ્રવ થાય તેવું તેમનું હૈયું જ નથી; અને તેવું હૈયું પેદા કરવામાં ભગવાન કારણ છે, તેથી ભગવાન લોકના હિતને કરનારા છે.

અથવા

ભગવાને જે સન્માર્ગનો ઉપદેશ આપ્યો તે ઉચિત પ્રવૃત્તિ કરાવનાર છે અને તે ઉચિત પ્રવૃત્તિ સમગ્ર પંચાસ્તિકાયમય લોક સાથે થવાથી ભગવાન પંચાસ્તિકાયમય લોકના હિત કરનારા છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈ વ્યક્તિ કોઈ જીવનું હિત કે અહિત કરી

શકે, પરંતુ જડ એવા પુદ્ગલનું કે ધર્માસ્તિકાયાદિનું હિત કે અહિત કઈ રીતે કરી શકે ? કે જેથી સદ્ઉપદેશ દ્વારા ભગવાને તેમના=જડના, અહિતનું નિવર્તન કર્યું છે, તેમ કહી શકાય ?

ત્યાં નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિથી 'લલિતવિસ્તરા' ગ્રંથમાં કહેલ છે કે, કોઈ વ્યક્તિ સામેની વ્યક્તિનું અહિત કરવા કોઈ અનુચિત પ્રવૃત્તિ કરે તો પણ તેનું=સામી વ્યક્તિનું, અહિત થાય જ તેવો નિયમ નથી, પરંતુ તે અહિત પાછું ફરીને સ્વમાં જ વિશ્રાંત થાય છે. જેમ કોઈ વ્યક્તિ પોતાના શત્રુને મારી નાંખવા ઝેર આપે, અને તે શત્રુનું પુણ્ય તપતું હોય તો તે ઝેર પણ, ઝેર દ્વારા જ નાશ થઈ શકે તેવા તેને થયેલા કોઈક રોગનું ઔષધ પણ બની જાય, એથી તેનું હિત પણ થઈ જાય; પરંતુ બીજાના પ્રત્યે અહિતના આશયથી કરાયેલ તે પ્રવૃત્તિ પરાવર્તન પામીને સ્વમાં=પ્રવૃત્તિ કરનારમાં, જ વિશ્રાંત થાય છે, અને અહિત કરનારને જ ક્લિષ્ટ કર્મબંધરૂપ અહિતની પ્રાપ્તિ થાય છે. અને કોઈ વ્યક્તિ કોઈના પ્રત્યે હિત અર્થે પ્રવૃત્તિ કરતી હોય, આમ છતાં સામેની વ્યક્તિનું હિત થાય તે પ્રકારનું કર્મ જ ન હોય, તો તેના હિત માટે કરાયેલી ઉચિત પ્રવૃત્તિ પણ તેના હિતનું કારણ બનતી નથી, પરંતુ ક્વચિત્ વિનાશનું પણ કારણ બને છે; તો પણ તેના હિત માટે કરાયેલી પ્રવૃત્તિ પાછી ફરીને તે હિત કરનાર વ્યક્તિમાં જ વિશ્રાંત થાય છે, તેથી તે હિતની પ્રવૃત્તિ કરનારને પુણ્યબંધ વગેરેની પ્રાપ્તિ થાય છે.

તે જ રીતે ભગવાનના ઉપદેશથી યોગમાર્ગમાં ચાલનારા સાધુઓ, સમસ્ત પંચાસ્તિકાયયાત્મક લોક સાથે ઉચિત પ્રવૃત્તિ કરનારા હોવાથી, તેઓની તે પ્રવૃત્તિ પાછી ફરીને સ્વહિતમાં જ વિશ્રાંત થાય છે, અને તેથી ભગવાન સન્માર્ગના દાન દ્વારા પંચાસ્તિકાયાત્મક લોકના હિતને કરનારા છે.

પંચાસ્તિકાય સાથે સાધુઓ ઉચિત પ્રવૃત્તિ કઈ રીતે કરે છે, તેનું સમાધાન એ છે કે, રાગાદિથી જ સર્વ જીવ અને પુદ્ગલ પ્રત્યે અનુચિત પ્રવૃત્તિ થાય છે અને સાધુઓ સમભાવમાં હોય છે, તેથી સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે છે.

**लोगपइवाणं :-**

ભગવાન લોકમાં પ્રદીપ સમાન છે. અહીં લોક શબ્દથી મિથ્યાત્વરૂપ

અંધકાર જેનો દૂર થયો છે તેવા સમ્યગ્દૃષ્ટિ જીવોને ગ્રહણ કરવાના છે. તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો માટે ભગવાન પ્રદીપ જેવા છે. જેમ ચક્ષુવાળાને પ્રદીપ પદાર્થો બતાવે છે, તેમ સમ્યક્ત્વરૂપી ચક્ષુ જેમને પ્રગટી છે, તેવા જીવોને યોગમાર્ગમાં ઉપયોગી એવા પદાર્થો ભગવાન બતાવે છે. તેથી ભગવાન સમ્યગ્દૃષ્ટિ જીવો માટે પ્રદીપ સમાન છે.

**लोगपज्जोअगराणं :-**

અહીં 'લોક' શબ્દથી ઉત્કૃષ્ટ મતિવાળા ભવ્યલોકને ગ્રહણ કરવાનો છે. તે ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા ગણધરો છે. ભગવાનના વચનપ્રયોગથી તેઓને સમસ્ત અભિલાપ્ય ભાવોનો બોધ થાય છે, જે ઉત્કૃષ્ટ પ્રકાશ સ્વરૂપ પ્રદ્યોત છે. તેના કરનારા ભગવાન છે, તેથી તેમની ઉત્કૃષ્ટ મતિને કારણે તેવા જીવો માટે ભગવાન પ્રદ્યોત કરનાર છે.

**अभयदयाणं :-**

ભગવાન અભયને દેનારા છે. યોગ્ય જીવોને ભગવાનના દર્શનથી કે કોઈ અન્ય રીતે, ભવનું વાસ્તવિક સ્વરૂપ કંઈક વિચારી શકે તેવી સ્વસ્થતા થાય છે, અર્થાત્ ભોગનું આકર્ષણ ઘટે છે, તેથી તત્ત્વને સમજવાને અભિમુખભાવ થાય છે. તે અર્થથી ભગવાનથી જ થાય છે; કેમ કે હવે ભગવાનને જોઈને ભગવાનના ગુણો પ્રત્યે તેને પ્રીતિ થાય છે. તેથી ભગવાનને અવલંબીને થયેલી આ સ્વસ્થતા છે. આ સ્વસ્થતાથી આત્મહિતની વિચારણામાં અંતરંગ ઉપદ્રવ કરનારા (૧) ઈહલોકભય=સજાતીય ભય=મનુષ્યને મનુષ્યથી થતો ભય, (૨) પરલોકભય=પોતાથી પર એવા બીજા=વિજાતીય, તિર્યંચ-દેવતા આદિથી થતો ભય, (૩) આદાનભય=લૂંટાવાનો ભય, (૪) અકસ્માત્ ભય=બાહ્ય નિમિત્ત વિના ઘરમાં રહેલાને પણ દિવસે કે રાત્રે ભય લાગે તે, (૫) આજીવિકા ભય, (૬) મરણ ભય, (૭) અશ્લાઘા ભય=અપકીર્તિ ભય, એ સાત પ્રકારના ભયાત્મક સંસારથી નિસ્તાર માટે સ્વસ્થતાથી વિચારી શકે તેવી ધૃતિ પ્રગટે છે. આ ધૃતિમાં ભગવાન કારણ છે, માટે ભગવાનને અભયને દેનારા કહ્યા છે. જોકે સાત ભયોથી પૂર્ણ મુક્ત તો સિદ્ધના જ આત્માઓ છે, તો પણ સંસારી જીવો આ સાત ભયોથી અત્યંત આકુળ

હોવાથી તેના નિવારણ માટે બાહ્ય પ્રવૃત્તિમાત્રમાં સતત યત્ન કરે છે, પરંતુ તે ભયોના નિવારણના વાસ્તવિક ઉપાયભૂત યોગમાર્ગને જોઈ શકે તેવી ધૃતિ તેઓમાં નથી; અને જે જીવમાં ભગવદ્દર્શનથી તેવી ધૃતિ પ્રગટે છે, તેઓને અભયની પ્રાપ્તિ થઈ. અને તે ભગવાનના બળથી જ પ્રાપ્ત થઈ છે, માટે ભગવાનને અભયને દેનારા કહ્યા છે. આ યોગની પહેલી મિત્રા નામની દૃષ્ટિ છે.

**चक्खुदयाणं :-**

ભગવાન ચક્ષુને દેનારા છે. યોગમાર્ગની પ્રથમ ભૂમિકારૂપ સ્વસ્થતાને પામ્યા પછી જીવો યોગમાર્ગનો કંઈક વિચાર કરી શકે તેવી અંતરંગ ચક્ષુને પ્રાપ્ત કરે છે; અને આ સંપૂર્ણ યોગમાર્ગ તીર્થંકરથી પ્રરૂપિત છે, તેથી કોઈ વ્યક્તિને સાક્ષાત્ તીર્થંકર દ્વારા કે કોઈ અન્ય દ્વારા પણ તેવી દૃષ્ટિનો ઉઘાડ થાય તે અર્થથી તીર્થંકરથી જ થયેલો છે; કેમ કે મૂળ માર્ગના પ્રરૂપક તો તીર્થંકરો જ છે. માટે જ ભગવાન ચક્ષુને આપનારા છે, તેમ કહેલ છે. આ યોગની બીજી તારા નામની દૃષ્ટિ છે, જેમાં તત્ત્વને જાણવાને અભિમુખ=તત્ત્વને જાણવા તરફ લઈ જતી, જિજ્ઞાસા આ જીવને પ્રગટે છે, જે તત્ત્વની પ્રાપ્તિનું પ્રબળ કારણ છે. માટે જેમ ચક્ષુથી જોનાર વ્યક્તિ માર્ગને જોઈ શકે છે, પરંતુ ચક્ષુરહિતને માર્ગ જોવો શક્ય નથી, તેમ યોગમાર્ગને જોવાને અનુકૂળ જિજ્ઞાસારૂપ અંતઃચક્ષુની પ્રાપ્તિ થવાથી જ ક્રમે કરીને જીવ માર્ગને પ્રાપ્ત કરે છે.

**मग्गदयाणं :-**

ભગવાન માર્ગને દેનારા છે. માર્ગ એટલે તત્ત્વ-અતત્ત્વના વિભાગને અનુકૂળ ચિત્તનું અવક્રગમન. જીવને ચક્ષુની પ્રાપ્તિ થવાથી તત્ત્વની જિજ્ઞાસા પ્રગટી, ત્યાર પછી ક્રમે કરીને જીવ તત્ત્વ-અતત્ત્વના વિભાગ માટે ઉચિત પ્રયત્ન શરૂ કરે છે, જેથી તત્ત્વ-અતત્ત્વના વિભાગને અનુકૂળ એવા યોગમાર્ગ ઉપર ગમન થાય છે. અહીં હજુ જીવે ભાવમાર્ગને પ્રાપ્ત કર્યો નથી, તો પણ ભાવમાર્ગની પ્રાપ્તિનું કારણ એવા દ્રવ્યમાર્ગને પામેલો છે, તેને આશ્રયીને જ ભગવાનથી તેને માર્ગ પ્રાપ્ત થયો છે તેમ કહ્યું છે; અને આ માર્ગ ઉપર ગમન કરીને જ ક્રમે કરીને જીવ તત્ત્વની પ્રાપ્તિ કરશે. આ માર્ગની પ્રાપ્તિ એ બલા નામની યોગની ત્રીજી દૃષ્ટિ છે.

**सरणदयाणं :-**

શરણ એટલે ભગવાનનું વીતરાગત્વાદિ સ્વરૂપે અનુધ્યાન=ચિંતન, જે વિવિદિષારૂપ છે અને જેનું ફળ બોધ છે. યોગમાર્ગની પ્રાપ્તિ પછી તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ એવી વિવિદિષા જીવમાં પ્રગટે છે અર્થાત્ વિશેષરૂપે તત્ત્વાતત્ત્વનો ભેદ કરવાની ઈચ્છા પ્રગટે છે, જે અવશ્ય તત્ત્વના બોધને પ્રાપ્ત કરીને વિશ્રાંત થશે. આ વિવિદિષામાં સૂક્ષ્મ તત્ત્વને પકડવાનો પ્રયાસ છે અને આ વિવિદિષા પ્રત્યે ભગવાન પ્રબળ કારણ છે, તેને સામે રાખીને જ ભગવાનને અહીં શરણને આપનારા કહ્યા છે. આ યોગની ચોથી દીપ્રા નામની દૃષ્ટિ છે, જેના બળથી જીવને તત્ત્વ-અતત્ત્વનો બોધ આગળમાં થશે.

**बोहिदयाणं :-**

બોધિ=જિનપ્રણિત ધર્મની પ્રાપ્તિ=સમ્યક્ત્વ. ભગવાન બોધિને આપનાર છે. યોગની બીજી દૃષ્ટિમાં જીવને તત્ત્વની જિજ્ઞાસા થાય છે, જેના બળથી જીવ તત્ત્વ-અતત્ત્વના વિભાગ માટે પ્રયત્ન કરે છે, જે ચિત્તના અવક્રગમનરૂપ ત્રીજી દૃષ્ટિ છે. ત્યાર પછી વિવિદિષા પ્રગટે છે, જે યોગની ચોથી દૃષ્ટિ છે. અને આ વિવિદિષાથી તત્ત્વને જાણવા માટે કરાતા યત્નથી, 'ભગવાને કહ્યું એ જ તત્ત્વ છે' 'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं' તેવો સ્થિર નિર્ણય થાય છે, જે બોધિની પ્રાપ્તિ છે. અને બોધિની પ્રાપ્તિકાળે જીવને સ્પષ્ટ નિર્ણય થાય છે કે, સર્વ કર્મોરહિત, રાગાદિ ઉપદ્રવોરહિત એવી જીવની અવસ્થા જ તત્ત્વ છે, અને રાગાદિના ઉચ્છેદનો યત્ન કરવો એ જ તે અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય છે. આ પ્રયત્ન સમ્યગ્ કરીને તીર્થંકરો તીર્થંકર થયા અને તેમણે બતાવેલો આખો યોગમાર્ગ પણ રાગાદિના ઉચ્છેદને અનુકૂળ યત્નસ્વરૂપ છે. માટે ભગવાને કહેલ યોગમાર્ગને જ મારે સમજીને, હવે એ રીતે પ્રયત્ન કરવો જોઈએ કે જેથી મારા રાગાદિનો પણ ઉચ્છેદ થાય. આવી નિર્મળ બુદ્ધિ પ્રગટ થયેલી હોવાથી શાસ્ત્રઅધ્યયનની ક્રિયા પણ સમ્યગ્દૃષ્ટિ જીવને સમ્યગ્ પરિણમન પામે છે, જેથી શાસ્ત્રવચનો પણ તેને વિશેષ બોધનું જ કારણ બને છે. આ પ્રકારની નિર્મળ દૃષ્ટિ જીવને સ્વપ્રયત્નથી પ્રગટે છે, જેમાં પ્રબળ નિમિત્ત ભગવાન છે, માટે ભગવાન જીવને બોધિને આપનારા છે તેમ કહેલ છે.

**દૃષ્ટાંત દ્વારા અભયાદિ પદોનું ભાવન :-**

કોઈ વ્યક્તિને મારવા માટે શત્રુઓ ઘેરી વળ્યા હોય, એટલું જ નહીં, ઘરના દ્વારને તોડીને પણ તેને મારવા તત્પર હોય, તેવા સમયે ભય પામેલી વ્યક્તિ પોતાના ઘરના જ જુદા જુદા સ્થાનોમાં છુપાવા માટે યત્ન કરે, અને અવિચારકતાને કારણે 'હું હવે નિર્ભય છું' એમ માને તો પણ પરમાર્થથી તે નિર્ભય નથી; કેમ કે શત્રુઓ તેના ઘરમાં પ્રવેશ કરીને ગુપ્ત સ્થાનમાંથી પણ તેને પકડીને મારી શકે તેમ છે. તે વખતે કોઈ સજ્જન પુરુષ તેની ભયભીત અવસ્થાની સાચી સમજણ આપે અને સમજાવે કે આ રીતે ઘરમાં છુપાઈને રક્ષા કરવી તે ભયનિવારણનો સાચો ઉપાય નથી, પણ તું આ ઘરને છોડીને અન્ય સુરક્ષિત સ્થાને પહોંચી જઈશ તો શત્રુઓના ભયથી મુક્ત બનીશ. તે વાત સાંભળીને પ્રથમ તો તે વ્યક્તિ સ્વસ્થ બને છે અને ત્યાર પછી તે સજ્જન પુરુષ તેને નિર્ભય સ્થાન કેવું છે ઈત્યાદિ સમજાવે છે. તેનાથી તેની ભયભીત ચક્ષુમાં હવે દિવ્ય તેજ આવે છે, તે ચકિત થાય છે. પછી સજ્જન તેને નિર્ભય સ્થાનનો માર્ગ બતાવીને તે માર્ગમાં પ્રવૃત્ત પણ કરે છે. એટલું જ નહીં પણ માર્ગમાં ચોર, લૂંટારાના ઉપદ્રવથી રહિત બનીને હેમખેમ નિર્ભય સ્થાને પહોંચી શકે તે માટે શરણ પણ આપે છે.

તે જ રીતે સંસારી જીવો (૧) ઈહલોક ભય, (૨) પરલોક ભય, (૩) આજીવિકા ભય, (૪) અકસ્માત ભય, (૫) અશ્લાઘા ભય, (૬) ચોર ભય અને (૭) મરણ ભય, એ સાત પ્રકારના ભયથી સતત ભયભીત છે, છતાં ભયને નિવારણ કરવા બાહ્ય પ્રયત્નો કરીને ક્ષણભર સ્વસ્થતાને અનુભવે છે. આથી જ સંસારી જીવો આજીવિકાનો ભય ટાળવા માટે ધનાદિમાં યત્ન કરે છે, ચોરનો ભય ટાળવા સુરક્ષાના સ્થાનોનું નિર્માણ કરે છે, રોગના ભયને નિવારવા વિવિધ ઔષધોનું સેવન કરે છે, તો પણ તે તે પ્રકારના ભયોથી સંપૂર્ણ નિર્ભય અવસ્થા પ્રાપ્ત કરી શકતા નથી; અને કદાચ આ ભવમાં અન્ય ભયથી મુક્ત બને તો પણ મરણથી તો કોઈ બચી શકતું નથી, મરણ ગમે ત્યારે ગમે તેનો વિનાશ કરે જ છે. વળી, આજીવિકાદિ ભયો પણ આ ભવમાં દૂર કર્યા હોવા છતાં સંસારમાં પરિભ્રમણ કરતાં અનેકવાર પ્રાપ્ત થાય તેમ છે. માટે આજીવિકાદિ ભયોના નિવારણનો ઉપાય ધનાર્જનાદિ નથી, પરંતુ

સાધના કરીને સંસારથી મુક્ત થવું તે જ નિર્ભય થવાનો ઉપાય છે. છતાં અવિચારક જીવ સંસારની આ સ્થિતિને સમજ્યા વગર આ સાત ભયોથી આકુળ હોય છે. પરંતુ ત્યારે કોઈક નિમિત્તને પામીને, આ ભયોથી છૂટવાનો વાસ્તવિક ઉપાય શું હોઈ શકે ? તેવો વિચાર કરી શકે તેવા પ્રકારની ચિત્તની સ્વસ્થતા પણ, દર્શનમોહનીય કર્મ મંદ પડવાને કારણે ભોગાદિનું આકર્ષણ કંઈક ઓછું થવાથી પ્રગટે છે; કેમ કે જેને ભોગાદિનું તીવ્ર આકર્ષણ છે, તેવા જીવોને તો તેના નિવારણનો ઉપાય ભોગસામગ્રી જ દેખાય છે, તેનાથી અન્ય એવા યોગમાર્ગને તેઓ સ્વસ્થતાથી વિચારી શકતા જ નથી. તેથી જે જીવોને ભોગાદિનું આકર્ષણ કંઈક ઓછું છે અને તેથી કંઈક સ્વસ્થ થયેલ છે, તેવા જીવોને આ સાતે ભયોના નિવારણના ઉપાયરૂપ યોગમાર્ગ કોઈક યોગી બતાવે ત્યારે, સ્વસ્થતાથી તે સાંભળે અને વિચારે તેવી ચિત્તની ભૂમિકા છે. આ પ્રકારનું ચિત્તસ્વાસ્થ્ય ભગવાનના અવલંબનથી પ્રાપ્ત થાય છે, તેથી ભગવાનને અભયને દેનારા કહ્યા છે.

દૃષ્ટાંતમાં, ભય પામનાર વ્યક્તિ ઘરમાં છુપાવાનું છોડી દઈને સ્વસ્થતાથી અન્ય સ્થાનમાં જવાના ઉપાયને જેમ સાંભળે છે, તેમ પ્રસ્તુતમાં જીવ આજીવિકાદિ માટે ધનાર્જનાદિનો યત્ન છોડીને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવાના વિચારને સ્વસ્થતાથી સાંભળે છે, જે સ્વસ્થતા, સાતે પ્રકારના ભયમાંથી છૂટવા માટેના સાચા ઉપાયની પ્રાપ્તિમાં પ્રબળ કારણ છે, અને તે જ ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલ અભયની પ્રાપ્તિ છે, જે 'અભયદયાણં' પદથી બતાવેલ છે.

ત્યાર પછી જેમ ઘર છોડવાના દૃષ્ટાંતમાં, પોતાના ઘરને છોડીને અન્ય સ્થાનમાં જવાનો વિચાર કર્યા પછી કયા સ્થાને હવે જવું તેને જોવાની દૃષ્ટિ કોઈ આપે; તેમ અહીં સાત ભયોને ટાળવા માટે મારે શું કરવું જોઈએ ? તેને જોવાની તત્ત્વની જિજ્ઞાસારૂપ બીજી દૃષ્ટિ પ્રગટે છે, જે તત્ત્વને જોવા માટે અંતરંગ ચક્ષુસ્વરૂપ છે; તેમાં પ્રબળ નિમિત્ત ભગવાન છે, માટે ભગવાનને ચક્ષુને આપનારા કહેલ છે, જે 'ચક્ખુદયાણં' પદથી બતાવેલ છે.

વળી દૃષ્ટાંતમાં જેમ જવાના સ્થાનને જોવા માટે ચક્ષુ મળ્યા પછી તે માર્ગે જવાનો યત્ન કરાય છે, તેમ પ્રસ્તુતમાં જીવનું ચિત્ત તત્ત્વાતત્ત્વનો

વિભાગ કરવા માટે અવક્રરૂપે ગમન કરે છે, ત્યારે યોગમાર્ગની કંઈક પ્રાપ્તિ થવા માંડે છે, જે ભયથી મુક્ત થવાના ઉપાયરૂપ છે; અને આ પ્રકારનો માર્ગ ભગવાનના બળથી પ્રાપ્ત થાય છે, માટે ભગવાન માર્ગને દેનારા છે, જે 'મગ્ગદયાણં' પદથી બતાવેલ છે.

વળી દૃષ્ટાંતમાં જેમ માર્ગમાં જતાં પણ લૂંટારાનો ભય હોય ત્યારે, કોઈ બળવાનનું શરણ હોય તો નિર્ભય થઈ જઈ શકાય છે, તેમ પ્રસ્તુતમાં તત્ત્વાતત્ત્વના વિભાગનો જીવ જ્યારે યત્ન કરે છે, ત્યારે અંતરંગ કષાયાદિ શત્રુથી લૂંટાવાનો ભય રહે છે, તે ભય પણ ભગવાનના આલંબનથી દૂર થાય છે; અને જીવમાં વિવિદિષા પ્રગટે છે, અર્થાત્ ભગવાનના આલંબનથી તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ ઊહરૂપ વિવિદિષા પ્રગટે છે. માટે ભગવાનને શરણને દેનારા કહ્યા છે, જે 'શરણદયાણં' પદથી બતાવેલ છે.

તથા દૃષ્ટાંતમાં જેમ શત્રુથી બચવા માટે ઘરને છોડીને અન્ય સ્થાનમાં જવા પ્રવૃત્ત થયેલો જીવ, હેમખેમ સુરક્ષિત સ્થાને પહોંચી જાય છે, તેમ આ સાત ભયોથી બચવા માટેના ઉપાયભૂત સુરક્ષિત સ્થાનરૂપ બોધિની પ્રાપ્તિ ભગવાનથી થાય છે, તેથી ભગવાનને બોધિને આપનારા કહ્યા છે, જે 'બોહિદયાણં' પદથી બતાવેલ છે.

આ રીતે જે જીવ ભગવાન પ્રત્યેના બહુમાનપૂર્વક ભગવાનની ભક્તિ કરે છે, તેને ક્રમસર દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી અભયાદિ પ્રગટે છે અને અંતે બોધિની પ્રાપ્તિ થાય છે, તેને સામે રાખીને ભગવાનને અભયાદિ દેનારા કહ્યા છે.

જીવને જ્યારે ભોગનો રાગ ઘટે છે ત્યારે તેને કંઈક સ્વસ્થતાથી યોગનો માર્ગ વિચારી શકે તેવું ચિત્ત પ્રગટ થાય છે, જે અભય સ્વરૂપ છે; અને આવું ચિત્ત પ્રગટ્યા પછી ઉપદેશની સામગ્રીને પામીને કે ભગવાનની મૂર્તિ આદિ જોઈને, જીવ યોગમાર્ગનો કંઈક વિચાર કરી શકે તેવી અંતરંગ ચક્ષુનો ઉઘાડ થાય ત્યારે ચક્ષુ પ્રગટ થાય છે; ત્યાર પછી તે યોગમાર્ગ ઉપર ચાલવા માટે ચિત્તના અવક્રગમનરૂપ યત્ન કરે છે ત્યારે યોગમાર્ગની કંઈક ભૂમિકાઓ તેને દેખાવા માંડે છે, જે માર્ગગમનરૂપ છે; અને ત્યાર પછી સ્પષ્ટ

તત્ત્વની પ્રાપ્તિ માટે જીવમાં વિવિદિષા પ્રગટે છે, જે તત્ત્વ-અતત્ત્વના વિભાગ માટે વિશેષ પ્રકારના ઊહસ્વરૂપ છે, જે શરણની પ્રાપ્તિ સ્વરૂપ છે. ત્યાર પછી તે વિવિદિષાના બળથી 'જીવની મોક્ષરૂપ અવસ્થા એકાંતે સારી છે,' તેવો નિર્ણય થવાથી મોક્ષ પ્રત્યે બલવાન રાગ થાય છે, અને તે મોક્ષના ઉપાયભૂત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ સંયમનો પારમાર્થિક બોધ થાય છે, જેથી સંવરભાવને પામેલા મુનિઓ કઈ રીતે વીતરાગ બને છે અને આ વીતરાગતા જ મોક્ષનું કારણ છે, તેવો સ્થિર નિર્ણય થાય છે, જે તત્ત્વની પ્રાપ્તિસ્વરૂપ બોધિની પ્રાપ્તિ છે.

**धम्मदयाणं :-**

ભગવાન દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્રધર્મને દેનારા છે. જેમ કોઈ જીવ બોધ કરે છે, તો તે સ્વપ્રયત્નથી જ કરે છે, તો પણ ઉપદેશકના બળથી તે પ્રકારનો સ્વપ્રયત્ન થતો હોય ત્યારે કહેવાય કે ઉપદેશકના વચનથી મને બોધ થયેલો છે. તેમ દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્રધર્મને ઉચિત કેવો પ્રયત્ન કરવો જોઈએ, તે ભગવાને જ બતાવેલ છે, અને તેના જ અવલંબનથી જીવમાં તે ધર્મ પ્રગટે છે. માટે તેની પ્રાપ્તિમાં પ્રબળ કારણ ભગવાન છે, તેથી ભગવાનને ધર્મને દેનારા કહ્યા છે.

**धम्मदेसयाणं :-**

ધર્મ દેશવિરતિ અને સર્વવિરતિરૂપ છે અને ભગવાને તે ધર્મનો જીવોની યોગ્યતાને અનુરૂપ ઉપદેશ આપ્યો છે. ત્યાં પ્રથમ આ સંસાર કેવો અસ્થિર છે, વિડંબનારૂપ છે, ઈત્યાદિ રૂપે બતાવીને આ સંસારના ઉચ્છેદ માટે આ દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મમાં જ યત્ન કરવો જોઈએ, તેવી ધર્મની દેશના ભગવાને આપી છે, તેથી ભગવાનને ધર્મના દેશક કહેલ છે. સંસારનું સ્વરૂપ ભવ્ય જીવોને સ્વદેશનામાં ભગવાને આ રીતે બતાવ્યું છે –

"સંસાર બળતા ઘર જેવો છે, શારીરિક-માનસિક દુઃખોનું નિવાસસ્થાન છે, માટે વિદ્વાનોએ પ્રમાદ ન કરવો જોઈએ; કેમ કે મનુષ્યભવ અતિ દુર્લભ છે અને પરલોક માટે હિત સાધવું તે જ પ્રધાન છે. વળી વિષયો પરિણામે કટુ ફળવાળા છે, સંસારમાં વિદ્યમાન વસ્તુના સંયોગનો અંતે વિયોગ જ થાય છે,

આયુષ્ય ક્યારે પૂરું થઈ જશે તે કહી શકાય તેવું નથી. આવું સંસારનું સ્વરૂપ છે, તેથી બળતા ઘર જેવા સંસારને સંપૂર્ણ ઓલવવા માટે યત્ન કરવો જોઈએ." આ પ્રકારે ભગવાન ધર્મના દેશક છે.

**धम्मनायगाणं :-**

ભગવાન ધર્મના નાયક=સ્વામી, છે; કેમ કે (૧) ભગવાને ધર્મને વશ કર્યો છે, (૨) તે ઉત્તમ ધર્મની પ્રાપ્તિ કરી છે, (૩) ધર્મના ફળનો પરિભોગ કરનારા છે અને (૪) ધર્મના ફળનો વિઘાત ન થાય તેવા ભગવાન છે. તે આ રીતે –

ધર્મ એ આત્માનો સ્વભાવ છે, પરંતુ સંસારી જીવો કર્મને વશ છે, તેથી ધર્મને સ્વવશ કરી શકતા નથી. જ્યારે ભગવાને ચારિત્રરૂપ ધર્મને સ્વવશ કર્યો છે, એટલું જ નહીં પણ તે ચારિત્રરૂપ ધર્મ પરાકોટિનો અર્થાત્ ક્ષાયિક ભાવનો પ્રાપ્ત કર્યો છે. તે ધર્મના ફળરૂપે ભગવાન ઉત્તમ આત્મિક સુખનો અનુભવ કરનાર છે, તેમજ અનેક જીવોને ધર્મનું આધાન કરી શકે તેવા પ્રાતિહાર્યની અને ૩૪ અતિશયોની ઉત્તમ પુણ્યલક્ષ્મીને પામેલા છે, માટે ભગવાન ધર્મના ફળનો પરિભોગ કરનારા છે. વળી ભગવાનને પ્રાપ્ત થયેલા ધર્મના ફળનો વિઘાત કરનાર કોઈ જ નથી. જેમ ભરત મહારાજા ચક્રવર્તી હતા તેથી ભૌતિક ક્ષેત્રમાં છ ખંડના સ્વામી કહેવાય, અને ચક્રવર્તીનું સામાન્ય રીતે સર્વ મનુષ્યો કરતાં અધિક બળ હોય, તેથી તેમના બળને વિઘાત કરનાર કોઈ હોય નહીં, છતાં બાહુબલિના બળથી તેમના બળનો વિઘાત થયો; જ્યારે ભગવાને તો ચારિત્રધર્મને પૂર્ણ કક્ષાનો પ્રાપ્ત કર્યો છે, ભૂતકાળમાં એવું અવંધ્ય પુણ્યાનુબંધીપુણ્ય પ્રાપ્ત કર્યું છે, વળી અન્ય ભવ્ય જીવોની ચારિત્રની નિષ્પત્તિનું કારણ બને તેવું પુણ્ય પણ વર્તમાનમાં વિપાકમાં આવેલું છે, તેથી ભગવાનના ચારિત્રનો અને અન્યને ચારિત્રની પ્રાપ્તિનું કારણ બને તેવા પુણ્યનો વિઘાત કરનાર કોઈ જ તત્ત્વ વિદ્યમાન નથી. ઉપરમાં કહેલ ચાર કારણોથી ભગવાન ધર્મના નાયક છે.

**धम्मसारहीणं :-**

ભગવાન સ્વપરના ધર્મરૂપ રથને ચલાવવામાં સારથિ જેવા છે; કેમ

કે જેમ સારથિ અશ્વનું સમ્યક્ પ્રવર્તન કરે છે, પાલન કરે છે અને દમન કરે છે, તેમ ભગવાન પણ સ્વપરના ચારિત્રરથને સમ્યક્ પ્રવર્તન કરે છે, પાલન કરે છે અને દમન કરે છે. તે આ રીતે –

જેમ સારથિ અશ્વને સ્વસ્થાને લઈ જવા માટે સમ્યક્ પ્રવર્તન કરતો હોય, અને અશ્વને તે રીતે પાલન કરતો હોય કે જેથી અશ્વનો નાશ પણ ન થાય, અને એ રીતે દમન કરતો હોય કે જેથી માર્ગને છોડીને ઉન્માર્ગમાં પણ ન જાય, તો તે રથ ઉચિત સ્થાનને પ્રાપ્ત કરી શકે છે. તે રીતે ભગવાને સંયમ ગ્રહણ કર્યું ત્યારથી ચારિત્રધર્મરૂપ રથને એ રીતે જ પ્રવર્તાવ્યો કે જેથી માર્ગમાં સમ્યક્ પ્રવર્તન થાય, તેમણે ચારિત્રનું એ રીતે પાલન કર્યું કે જેથી ચારિત્રની પરિણતિ વિનાશ ન થાય અને એ રીતે દમન કર્યું કે કર્મને વશ થઈને ચારિત્રની પરિણતિ ઉત્પથમાં ગમન ન કરે. તેથી ચારિત્રની ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ અને પોતાને ઉચિત એવો ક્ષાયિકભાવ પ્રાપ્ત થયો. આ રીતે ભગવાન પોતાની અપેક્ષાએ ધર્મરૂપ રથના સારથિ છે. તે જ રીતે ભગવાન અન્ય જીવોના ધર્મરૂપી રથને સમ્યક્ પ્રવર્તાવવામાં નિમિત્તભાવરૂપે સારથિ છે. આથી જ ભગવાનને આશ્રિત એવા મહામુનિઓનો ધર્મરૂપી રથ ભગવાન સમ્યક્ પ્રવર્તાવતા હતા, ચારિત્રની પરિણતિ વિનાશ ન થાય તેમ તેઓનું પાલન પણ કરતા હતા અને કર્મને વશ થઈને તેઓ ઉત્પથમાં ન જાય તે રીતે દમન પણ કરતા હતા. તેથી તે મુનિઓનો ધર્મરથ પણ ક્ષાયિકભાવને પામ્યો, તેમાં ભગવાન નિમિત્ત બન્યા.

**धम्मवरचाउरंतचक्कवट्टीणं :-**

चक्रं वर्तितुं शीलं येषां ते चक्रवर्तयः । ચક્રને પ્રવર્તાવવાના સ્વભાવવાળા તે ચક્રવર્તીઓ. ભગવાન ચાર ગતિના અંતને કરનાર એવા ધર્મરૂપી શ્રેષ્ઠ ચક્રને પ્રવર્તાવવાના સ્વભાવવાળા છે. જેમ ચક્રવર્તીનું ચક્ર સર્વ શત્રુઓનો નાશ કરે છે, તેમ ભગવાનનું ધર્મરૂપી ચક્ર રૌદ્ર એવા મિથ્યાત્વાદિ ભાવશત્રુને હણે છે, તેથી ચાર ગતિઓનો અંત કરનારું છે. વળી ચક્રવર્તીનું ચક્ર આ લોકનું જ માત્ર હિત કરનાર છે અર્થાત્ શત્રુથી પોતાનું રક્ષણ કરી શકે તે રૂપ આ લોકનું માત્ર હિત કરનાર છે, જ્યારે ધર્મચક્ર ઉભયલોકનું હિત કરનાર

છે, તેથી તેને વર=શ્રેષ્ઠ, ચક્ર કહેલ છે. ભગવાને બતાવેલ ધર્મ કષ, છેદ અને તાપશુદ્ધ હોવાને કારણે પરિપૂર્ણ કર્મનાશ માટે સમર્થ છે. માટે જ વર ચક્ર છે અને તે ચક્ર ચાર ગતિનો અંત કરે છે.

**अप्पडिहयवरनाणदंसणधराणं :-**

ભગવાનને જ્ઞાનાવરણીયકર્મ અને દર્શનાવરણીયકર્મનો સર્વથા નાશ થયેલ હોવાથી કોઈ જ પ્રકારના અવરોધ વિના અસ્ખલિત જ્ઞાન-દર્શનના ઉપયોગને ધારણ કરનારા ભગવાન છે. ભગવાનની આ રીતે સ્તુતિ કરવાથી ભગવાનના કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ સ્વરૂપની ઉપસ્થિતિ થાય છે, જે જીવના મુખ્ય ગુણ છે.

**वियट्टछउमाणं :-**

ભગવાન છદ્મસ્થભાવ વગરના છે. ઘાતીકર્મના ઉદયથી જીવમાં છદ્મસ્થભાવ વર્તે છે અને ચારે ઘાતીકર્મનો નાશ થવાથી ભગવાન છદ્મસ્થભાવ વગરના છે.

**जिणाणं जावयाणं :-**

ભગવાન મોહને જીતનારા છે અર્થાત્ ભગવાને રાગ, દ્વેષ, ઈન્દ્રિય, કષાય, પરિષહ, ઉપસર્ગ અને ઘાતીકર્મોને જીત્યાં છે, તેથી જિન છે; અને જે જીવો તેમને આશ્રિત છે, તે જીવોનો મોહ ભગવાન જિતાવનારા છે. તેથી ભગવાન જિન છે અને જાપક છે=જીતનાર છે અને જિતાવનારા છે.

**तिन्नाणं तारयाणं :-**

ભગવાન સંસારસમુદ્રથી રત્નત્રયીરૂપ નાવ દ્વારા તીર્ણ છે=તરેલા છે, અને ભગવાનને જેઓ આશ્રિત છે તેઓને ભગવાન સંસારસાગરથી રત્નત્રયીના પ્રદાન દ્વારા તારનારા છે. તેથી ભગવાન તરેલા છે અને તારનારા છે.

**बुद्धाणं बोहयाणं :-**

જગત અજ્ઞાનરૂપ નિદ્રાથી પ્રસુપ્ત (પ્રકૃષ્ટરૂપે સૂતેલું) છે, જ્યારે ભગવાન કોઈના પણ ઉપદેશ વિના તત્ત્વના બોધને પામેલા છે અને અન્ય જીવોને તત્ત્વનો બોધ કરાવનારા છે. તેથી ભગવાન બુદ્ધ છે અને બોધ

કરાવનારા છે.

**मुत्ताणं मोअगाणं :-**

ભગવાન સંસારથી છૂટેલા છે અને તેમને આશ્રિત થયેલા જીવોને સંસારથી છોડાવનારા છે. તેથી ભગવાન મુક્ત છે અને મુકાવનારા છે.

**सव्वन्नूणं सव्वदरिसीणं :-**

ભગવાન જગતના સર્વ પદાર્થોને જાણનારા છે અને સર્વ પદાર્થોને જોનારા છે. જ્ઞાનાવરણીય કર્મ અને દર્શનાવરણીય કર્મથી રહિત આત્માનો આ જ સ્વભાવ છે.

**सिवमयल ..... संपत्ताणं :-**

**सिवम् :-**

ભગવાન સર્વ ઉપદ્રવ રહિત સ્થાનને પામેલા છે.

**अयलम् :-**

ભગવાન અચલ સ્થાનને પામેલા છે અર્થાત્ સર્વથા ક્રિયા વગરના સ્થાનને પામેલા છે.

**अरुअम् :-**

- ભગવાન રોગરહિત સ્થાનને પામેલા છે; કેમ કે રોગના કારણીભૂત શરીર અને મનનો અભાવ છે.

**अणंतम् :-**

ભગવાન જે સ્થાનનો અંત ન થાય તેવા સ્થાનને પામેલા છે=શાશ્વત સ્થાનને પામેલા છે.

**अक्खयम् :-**

ભગવાન અક્ષય સ્થાનને પામેલા છે; કેમ કે સિદ્ધ અવસ્થામાં વિનાશના કારણોનો અભાવ છે.

**अव्वाबाहम् :-**

ભગવાન સંપૂર્ણ બાધા વગરના સ્થાનને પામેલા છે; કેમ કે ભગવાન અમૂર્ત અવસ્થારૂપ મુક્તિસ્થાનને પામેલા છે, તેથી બાધા કરનાર કોઈ નથી. જ્યાં મૂર્તતા હોય ત્યાં બાધા હોય.

**अपुणरावित्ति :-**

ભગવાન જ્યાંથી ફરી પાછા ફરવાનું નથી, તેવા સ્થાનને પ્રાપ્ત થયેલા છે.

**सिद्धिगइ ..... ठाणं संपत्ताणं :-**

આવા વિશેષણોવાળા સિદ્ધિગતિ નામના સ્થાનને ભગવાન-પ્રાપ્ત થયેલા છે.

**नमो जिणाणं जिअभयाणं :-**

જિનને, અને 'અભયદયાણં' પદમાં જણાવેલ સાતે પ્રકારના ભયોને જેમણે જીત્યા છે તેવા જિતભયવાળાને, હું નમસ્કાર કરું છું.

**जे अ अईया ..... वंदामि :-**

અને જે અરિહંતો અતીતકાળમાં સિદ્ધ થયા છે, ભવિષ્યકાળમાં સિદ્ધ થશે અને संपइअ=સંપ્રતિ=વર્તમાનકાળમાં જેઓ વિદ્યમાન છે, તે સર્વને હું ત્રણ પ્રકારે=મન, વચન અને કાયાથી વંદન કરું છું.

ભગવાનના આવા પ્રકારના સ્વરૂપના બોધથી જેનું હૈયું ભક્તિસભર બને છે, તેવા સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર આદિ મહાત્માઓને ઉત્તમ કોટિનો શુભ અધ્યવસાય થાય છે, કે "જગતમાં લોકોત્તમ પુરુષ એકમાત્ર અરિહંત પરમાત્માઓ જ છે અને તેમના લોકોત્તમ સ્વરૂપના વાચક શબ્દો જ પ્રસ્તુત સૂત્રમાં ગુંફિત છે, તેથી આ સૂત્ર બોલતાં હું અરિહંત ભગવંતના સ્વરૂપ પ્રત્યે અત્યંત ઉપયુક્ત થાઉં." આવો પ્રકૃષ્ટ શુભ અધ્યવસાય તેને થાય છે.

દેશવિરતિધરાદિ મહાત્માઓ જ ગુપ્તિનો પરિણામ કરી શકે તેવા છે, તેથી દેશવિરતિધર આદિ મહાત્માઓને ચૈત્યવંદનના ખરા અધિકારી

શાસ્ત્રમાં કહ્યા છે. વળી વ્યવહારનયથી ચૈત્યવંદનના અધિકારી અપુનર્બંધકાદિ પણ છે, તે સિવાયના જીવો ચૈત્યવંદનના અનધિકારી છે.

ચૈત્યવંદનનું સમ્યક્ કરણ મહાનિર્જરાનું કારણ છે. તેથી કલ્યાણના અર્થીએ પોતાનાથી બોલાતું શક્રસ્તવ કઈ રીતે સમ્યગ્ બને તેનું સમ્યગ્ રીતે સમાલોચન કરીને, દરેક પદના અર્થોનો સમ્યગ્ નિર્ણય કરીને, વારંવાર તે ભાવોને બુદ્ધિમાં સ્થિર કરવા યત્ન કરવો જોઈએ, કે જેથી શબ્દોચ્ચારણ જેટલા અતિ અલ્પકાળમાં પણ તેને અનુરૂપ અંતરંગ યત્ન અવશ્ય ઉત્થિત થાય.

## ।। १५. जावंति चेइआइं सूत्र ।।

**जावंति चेइआइं, उड्ढे अ अहे अ तिरिअलोए अ ।**
**सव्वाइँ ताइँ वंदे, इह संतो तत्थ संताइं ।।१।।**

**'जावंति चेइआइं' સૂત્રની ભૂમિકા :-**

ચૈત્યવંદનમાં અરિહંત ચેઈયાણં આદિ સૂત્ર બોલીને જે ત્રણ સ્તુતિઓ બોલાય છે, તે ચૈત્યવંદનની ક્રિયા છે. તેની પૂર્વભૂમિકારૂપે સકલકુશલવલ્લી આદિ બોલી ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિ કરવામાં આવે છે. પછી સામાન્ય રીતે પુરોવર્તી પ્રતિમાને લક્ષ્ય કરીને તેમનું પ્રસિદ્ધ ચૈત્યવંદન બોલાય છે અને પછી 'જં કિંચિ' સૂત્ર દ્વારા ત્રણે લોકનાં સર્વ તીર્થોમાં રહેલી પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે. તેથી જેમ પુરોવર્તી પ્રતિમાની ગુણગાનથી સ્તુતિ કરી, તેમ સર્વ તીર્થોને વંદનાથી જિનપ્રતિમા પ્રત્યે ભક્તિનો ભાવ વધે છે. ત્યાર પછી ભગવાનના સ્વરૂપનું જ દ્યોતક 'નમોત્થુણં સૂત્ર' બોલીને ભગવાન કેવા કેવા સ્વરૂપવાળા છે તેનું અહોભાવપૂર્વક સ્મરણ કરી નમન કરાય છે અને તે પછી તેવા સ્વરૂપવાળા અરિહંતોનાં ત્રણે લોકનાં સર્વ ચૈત્યોની પ્રતિમાઓને વંદના કરવા માટે આ 'જાવંતિ ચેઈઆઈ સૂત્ર' બોલાય છે.

'જં કિંચિ' સૂત્રથી સર્વ તીર્થોની પ્રતિમાઓને વંદન કરેલ, તો પણ તીર્થ સિવાયની ત્રણ લોકમાં રહેલી અન્ય પ્રતિમાઓના વંદનનો તેમાં સંગ્રહ ન હોવાથી તીર્થની પ્રતિમાઓ અને તીર્થ સિવાયની પ્રતિમાઓને વંદન કરવાનો

અધ્યવસાય થતાં નમોત્થુણં સૂત્ર પછી આ સૂત્ર બોલે છે ત્યારે જિનપ્રતિમાઓ પ્રત્યેની ભક્તિ અત્યંત ઉલ્લસિત થાય છે.

**સૂત્રનો અર્થ :-**

ઊર્ધ્વ, અધો અને તિર્યગ્=તિર્છા, લોકમાં જેટલાં ચૈત્યો=જિનબિંબો, હોય તે સર્વને, અહીં રહ્યો છતો હું ત્યાં રહેલાંને વંદન કરું છું.

## ।। १६. जावंत के वि साहू सूत्र ।।

**जावंत के वि साहू, भरहेरवयमहाविदेहे अ ।**
**सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंडविरयाणं ।।१।।**

**'जावंत के वि साहू सूत्र' ની ભૂમિકા :-**

ભાવચૈત્યવંદનની નિષ્પત્તિની પૂર્વભૂમિકા રૂપે પ્રણિપાતદંડક=નમોત્થુણં સૂત્ર, બોલાય છે, જેથી લોકોત્તમ પુરુષના સ્વરૂપની ઉપસ્થિતિ થાય અને તેનાથી ભગવાન પ્રત્યેનો ભક્તિભાવ અત્યંત ઉલ્લસિત થાય. ત્યાર પછી ભક્તિના અતિશય અર્થે 'જાવંતિ ચેઈઆઇં' સૂત્રથી સર્વ જિનપ્રતિમાઓને વંદન કરે છે, તેથી ભગવાન પ્રત્યેનો પૂજ્યભાવ પ્રકર્ષને પામે છે. ત્યારબાદ જે સાધુઓ ભગવાનની આજ્ઞા અનુસાર ભાવસ્તવ કરે છે, તે સર્વ સાધુઓને આ 'જાવંત કે વિ સાહૂ' સૂત્રથી વંદન કરવામાં આવે છે. ભગવાનનું ભાવસ્તવ ભગવાનની આજ્ઞાના પાલન સ્વરૂપ છે, અને આ ભાવસ્તવ અત્યંત દુષ્કર છે અને પોતાને પણ આ ચૈત્યવંદન કરીને ભાવસ્તવની પ્રાપ્તિ કરવી છે, તેથી તદર્થે શ્રાવક પણ, જેઓ પોતાના જીવનમાં ભાવસ્તવ નિષ્પન્ન કરી શક્યા છે, તેવા સાધુ ભગવંતોનું સ્મરણ કરીને ભાવસ્તવને અનુકૂળ શક્તિ સંચય કરવા અર્થે, અઢી દ્વીપમાં રહેલા સર્વ સાધુઓને વંદન કરવાના અભિલાષવાળો થાય છે, તેથી આ સૂત્ર દ્વારા સર્વ સાધુઓને વંદન કરે છે.

**સૂત્રનો અર્થ :-**

ભરત, ઐરવત અને મહાવિદેહક્ષેત્રમાં જેટલા પણ પ્રકારવાળા= જિનકલ્પી, સ્થવિરકલ્પી આદિ પ્રકારવાળા, ઉત્કૃષ્ટથી નવ હજાર ક્રોડ અને જઘન્યથી બે હજાર ક્રોડ જે કોઈપણ સાધુઓ છે, કે જેઓ ત્રણ દંડ વડે

વિરત=મનદંડ, વચનદંડ અને કાયદંડથી વિરામ પામેલા છે, એવા તે સર્વને ત્રિવિધથી=મન, વચન, કાયાથી નમેલો એવો હું છું.

* 'अ'='च' શબ્દથી સંહરણથી અકર્મભૂમિમાં રહેલા સાધુઓનો સંગ્રહ છે.

**जावंत के वि साहू :-**

આ સૂત્રમાં અઢી દ્વીપમાં રહેલા જેટલા પણ પ્રકારવાળા સાધુઓ છે, તે સર્વ સાધુઓને નમન કરાય છે. વિશિષ્ટ ગુણો તથા ભિન્ન ભિન્ન અવસ્થાઓને આશ્રયીને સાધુઓ કેવળી, ઋજુમતિ, વિપુલમતિ, પરમાવધિ, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દશપૂર્વી, સાડાનવપૂર્વી, દ્વાદશાંગધર, એકાદશાંગધર, જિનકલ્પી, સ્થવિરકલ્પી, યથાલંદિક, પરિહાર વિશુદ્ધિ, વિદ્યાચારણ, જંઘાચારણ, પદાનુસારી લબ્ધિવંત, વૈક્રિય લબ્ધિવંત, આશીવિષ લબ્ધિવંત, પુલાક, નિર્ગ્રંથ, સ્નાતક, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક આદિ અનેક પ્રકારે હોય છે.

પ્રસ્તુત સૂત્રથી ભગવાનની આજ્ઞાને પાળનારા, અઢી દ્વીપમાં રહેલા સર્વ સાધુઓને तिविहेण पणओ=ત્રિવિધથી હું નમેલો છું.

સર્વ સાધુઓ કેવા છે ? તે બતાવવા માટે 'तिदंडविरयाणं' એ 'तेसिं' નું વિશેષણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ત્રિદંડવિરત એવા તે સર્વને હું ત્રિવિધથી=મન-વચન-કાયાથી નમેલો છું.

મુનિઓ ત્રણ દંડથી વિરામ પામેલા છે, તે કથનનો પરમાર્થ એ છે કે, મુનિઓ સંસારનું નિર્ગુણ સ્વરૂપ સમ્યગ્ જાણે છે અને તેઓ એ પણ જાણે છે કે, મન, વચન, કાયાને જેમ તેમ પ્રવર્તાવવાથી જ જીવ કર્મથી દંડાય છે. અનાદિકાળથી આત્મામાં પડેલા કુસંસ્કારોથી અને બંધાયેલા મોહનીયકર્મના ઉદયથી અને તેને અનુરૂપ બાહ્ય સામગ્રીનું નિમિત્ત પ્રાપ્ત થવાથી, જીવના મન, વચન, કાયાના યોગો, ભગવાનના વચનથી નિરપેક્ષ પ્રવર્તે છે, અને તે આત્મા માટે કર્મબંધનું કારણ બને છે, અને તેને કારણે જ જીવનું સંસારનું પરિભ્રમણ અટકતું નથી. વળી મુક્ત અવસ્થા જ સારભૂત છે અને મુક્ત અવસ્થાની (મોક્ષની) પ્રાપ્તિનો ઉપાય એક જ છે કે, ભગવાનના વચનાનુસાર મન, વચન, કાયાને પ્રવર્તાવવા. મુનિઓ આ જાણે છે, આથી સંયમ ગ્રહણ

કર્યા પછી મુનિઓ મન, વચન અને કાયાને ભગવાનના વચનાનુસાર સમિતિ-ગુપ્તિમાં પ્રવર્તાવે છે, જેથી પ્રતિક્ષણ સમભાવની વૃદ્ધિ થાય છે અને મન, વચન, કાયાથી થતો કર્મબંધ અટકી જાય છે. તેથી જ મુનિઓ મન, વચન, કાયાથી સાવદ્ય પ્રવૃત્તિ કરવારૂપ ત્રણ દંડથી વિરત છે=વિરામ પામેલા છે.

આવા સર્વવિરત સાધુઓને "મનથી, વચનથી અને કાયાથી હું નમેલો છું," એમ કહીને વંદન કરનાર સાધક તેમના નિષ્પાપ જીવન પ્રત્યે અત્યંત અભિમુખ ભાવવાળો થાય છે, તેની કાયા નમનને અનુકૂળ પરિણામવાળી થાય છે, વચનપ્રયોગથી 'હું નમેલો છું' એ પ્રકારના ઉચ્ચારણનો પરિણામ હોય છે, અને મનોયોગ તેવા મુનિઓ પ્રત્યેની પૂજ્યતાના અતિશય ભાવવાળો બનેલો હોય છે; જેથી ઉપયોગપૂર્વક સૂત્ર બોલનાર સાધકના મુનિભાવનાં પ્રતિબંધક કર્મો અવશ્ય શિથિલ થાય છે, અને પોતાનું પણ સત્ત્વ તેવા પ્રકારના ઉત્તમ મુનિભાવને પ્રાદુર્ભાવ કરવા અર્થે અભિમુખ બને છે અને તેના કારણે આગળમાં કરાતું ચૈત્યવંદન ભાવથી નિષ્પન્ન થાય છે.

હવે જેઓમાં એવું સત્ત્વ પ્રગટેલું છે તેવા મુનિ ભગવંતો પણ જ્યારે આ સૂત્રનું અત્યંત ભાવપૂર્વક ઉચ્ચારણ કરે છે, ત્યારે તેઓમાં વર્તતું મોક્ષને અનુકૂળ સત્ત્વ વિશેષ પ્રકર્ષભાવને પામે છે અને તેમનું મોક્ષમાર્ગનું ગમન વેગવાળું બને છે.

## ।। १७. नमोऽर्हत् सूत्र ।।

**नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ।।१।।**

**'नमोऽर्हत्' સૂત્રની ભૂમિકા :-**

પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિજીની આ કૃતિ છે. તેમણે આ સૂત્રની રચના નવકારના જ સંસ્કૃતમાં રૂપાંતરરૂપે કરી છે.

**સૂત્રનો અર્થ :-**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર કરું છું.

**વિશેષાર્થ :-**

પ્રસ્તુત સૂત્રમાં પંચપરમેષ્ઠીના નામોલ્લેખપૂર્વક નમસ્કાર કરવામાં આવેલ છે. તેથી પંચપરમેષ્ઠિને હું નમસ્કાર કરું છું, એ પ્રકારના ઉપયોગપૂર્વક, તે તે ગુણવાન પુરુષોના વાચક અરિહંતાદિ પદોને ઉપસ્થિત કરીને નમસ્કાર માટે ત્રણે યોગથી યત્ન કરવામાં આવે, તો અવશ્ય ઘણી નિર્જરા થાય છે.

## ।। १८. उवसग्गहरं सूत्र ।।

**उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।**
**विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ।।१।।**
**विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।**
**तस्स गहरोगमारीदुट्ठजरा जंति उवसामं ।।२।।**
**चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।**
**नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं ।।३।।**
**तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।**
**पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ।।४।।**
**इअ संथुओ महायस ! भत्तिब्भरनिब्भरेण हियएण ।**
**ता देव ! दिज्ज बोहिं, भवे भवे पास ! जिणचंद ! ।।५।।**

**'उवसग्गहरं' સૂત્રની ભૂમિકા :-**

આ સૂત્રના રચયિતા પ્રભુ વીરની છટ્ઠી પાટે થયેલા ૧૪ પૂર્વધર, શ્રુતકેવળી પૂ. શ્રી ભદ્રબાહુસ્વામીજી છે. આ સૂત્ર શ્રી પાર્શ્વનાથ ભગવંતની સ્તવના દ્વારા ભક્તિને અભિવ્યક્ત કરતું આધ્યાત્મિક સ્તોત્ર હોવા સાથે મંત્રોથી યુક્ત સ્તવનારૂપ છે.

**સૂત્રનો અર્થ :-**

(૧) ઉપસર્ગને હરણ કરનાર પાર્શ્વ નામના યક્ષવાળા, ઘન કર્મોથી મુકાયેલા, વિષધરના=સર્પના, વિષનું નિર્નાશન કરનારા, મંગલ અને કલ્યાણના આવાસ, પાર્શ્વનાથ ભગવાનને હું વંદન કરું છું.

* 'उवसग्गहरं पासं' અહીં 'ઉવસગ્ગહરં' શબ્દમાં 'म्' અલાક્ષણિક છે અને 'પાસં' શબ્દ સાથે તેનો મત્વર્થીય બહુવ્રીહિ સમાસ હોવાથી ઉપસર્ગને હરણ કરનારા પાર્શ્વયક્ષવાળા એમ અર્થ થાય છે.

ભગવાનની સાથે જ સંવલિત મંત્રના માહાત્મ્યને બતાવવા દ્વારા પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ બીજી ગાથામાં કરે છે –

(૨) જે મનુષ્ય સદા વિષધર ફુલિંગ મંત્રને કંઠમાં ધારણ કરે છે, તેના ગ્રહ, રોગ, મારી-મરકી, દુષ્ટ જ્વરો=તાવ, ઉપશમને પામે છે.

(૩) વળી તે મંત્ર તો દૂર રહો, તમને કરાતો પ્રણામ પણ બહુ ફળવાળો છે.

ભગવાનને કરાયેલા પ્રણામનું ફળ બતાવે છે –

મનુષ્ય અને તિર્યંચમાં પણ જીવો દુઃખ અને દૌર્ગત્યને પામતા નથી.

(૪) ચિંતામણિ અને કલ્પવૃક્ષથી અધિક એવું તમારું સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે જીવો નિર્વિઘ્નપણે અજરામર સ્થાનને પામે છે.

(૫) હે મહાયશ !=હે મહાયશવાળા ! ભક્તિના સમૂહથી નિર્ભર બનેલા હૈયાવાળા મેં આ પ્રમાણે તમને સ્તવ્યા, તે કારણથી હે દેવ ! હે પાર્શ્વ પ્રભુ ! હે જિનચંદ્ર !=અવધિ આદિ જિનોમાં ચંદ્ર જેવા, ભવોભવને વિષે મને બોધિને આપો.

## – : વિશેષાર્થ :-

**उवसग्गहरं ..... आवासं ।।१।। :-** આ ગાથામાં ભગવાનનું અપૂર્વ માહાત્મ્ય બતાવ્યું છે.

**उवसग्गहरं पासं :-**

પ્રભુ ઉપસર્ગને હરણ કરવામાં સમર્થ એવા પાર્શ્વયક્ષના સાંનિધ્યવાળા છે. તેથી ભગવાન પ્રત્યે ભક્તિવાળો યક્ષ, ભક્તના ઉપસર્ગોને પણ હરવામાં કારણ બને તેવી ઉપસ્થિતિ થવાથી પણ ભગવાન પ્રત્યે ભક્તની ભક્તિ અતિશયવાળી બને છે; કેમ કે કલ્યાણનો અર્થી જાણે છે કે, જ્યાં સુધી મારું તેવા પ્રકારનું સત્ત્વ પ્રગટ થયું નથી, ત્યાં સુધી ઉપસર્ગો અને પરિષહો ધર્મમાં

પ્રવર્તતા મારા સત્ત્વને વ્યાઘાત પણ કરી શકે તેવું બને; માટે ધર્મમાં પ્રવર્તતા વીર્યની હાનિને અટકાવવા અર્થે પણ મારે ભગવાન પ્રત્યે ભક્તિના અતિશયથી જ યત્ન કરવો જોઈએ, જેથી પ્રભુ પ્રત્યે ભક્તિવાળો એવો પાર્શ્વયક્ષ મારા ઉપસર્ગોનું નિવારણ કરવામાં સહાયક બને અને મારી ભગવાન પ્રત્યેની ભક્તિ નિર્વિઘ્ને થાય.

**कम्मघणमुक्कं** :- ઘનકર્મો ઘાતી કર્મો છે. તેનાથી ભગવાન મુકાયેલા છે અર્થાત્ ભગવાને સત્ત્વથી ઘાતી કર્મોને તોડ્યાં છે. હવે જે અઘાતી ચાર કર્મો છે, તે પણ દગ્ધરજ્જુ જેવાં છે=બળી ગયેલી દોરડી જેવાં છે. તે કર્મો ભવના અંતમાં અવશ્ય ક્ષય થનારાં છે. આ શબ્દ ભાવપૂર્વક બોલતાં આત્માનું કર્મરહિત લોકોત્તમ સ્વરૂપ ભગવાને પ્રાપ્ત કર્યું છે તેવી ઉપસ્થિતિ થાય છે, અને તેથી તેમના પ્રત્યે વધતી જતી પૂજ્યબુદ્ધિથી સાધક કર્મના નાશને અનુકૂલ સ્વ-સત્ત્વને ઉલ્લસિત કરે છે.

**विसहरविसनिन्नासं** :- ભગવાન વિષધરના વિષનો નાશ કરવા સમર્થ છે, એમ કહેવાથી અર્થથી સંસારવર્તી સર્વ અનર્થોના નિવારણમાં ભગવાન નિમિત્તભૂત બને તેવા છે તેવી બુદ્ધિ થાય છે, તેથી ભગવાન પ્રત્યેની ભક્તિ પ્રકર્ષવાળી બને છે.

**मंगलकल्लाणआवासं** :- ભગવાન મંગલ અને કલ્યાણના આવાસભૂત છે અર્થાત્ આત્માનું હિત કરવામાં વિઘ્નભૂત થાય તેવા ભાવોને દૂર કરવા માટે ભગવાન નિમિત્તભૂત છે અને જીવોનું કલ્યાણ કરવામાં પણ ભગવાન નિમિત્તભૂત છે.

આ રીતે ભગવાનને ઉપસ્થિત કરતાં તેમનું માહાત્મ્ય બુદ્ધિમાં અનેક રીતે અંકિત થાય છે.

**विसहर ..... उवसामं ।।२।।** :- જે મનુષ્યો સદા વિષધરફુલિંગ મંત્રનો જાપ કરે છે, તેના ગ્રહ-રોગ-મરકી, દુષ્ટજ્વરો જેવા કે દાહજ્વર, વાતજ્વર, પિત્તજ્વર, નિત્યજ્વર કે એકાંતરો તાવ વગેરે બાહ્ય ઉપદ્રવો શમન થતાં તે રક્ષિત થાય છે. આ મંત્ર ભગવાનની સાથે સંવલિત હોવાથી તે રૂપે જ ભગવાનનું માહાત્મ્યગાન કરવાથી પ્રભુ પ્રત્યે પૂજ્યભાવ વધે છે, જે

નિર્જરાવિશેષનું કારણ છે.

**चिट्ठउ ..... दोगच्चं ।।३।।** :- ભગવાનના નામથી સંવલિત મંત્ર તો અપૂર્વ માહાત્મ્યવાળો છે જ, તે વાત તો દૂર રહો, પણ ભક્તિથી તમોને કરાયેલ પ્રણામ પણ ઘણા ફળવાળો બને છે. તે ફળ બતાવતાં કહે છે કે, ભગવાનને પ્રણામ કરવાના કારણે મનુષ્ય અને તિર્યંચ યોનિમાં પણ જીવો દુઃખ અને દૌર્ગત્યને પામતા નથી. જોકે ભગવાનને પ્રણામ કરનાર તિર્યંચમાં જાય નહીં, પણ પૂર્વમાં બાંધેલ કર્મના કારણે તિર્યંચમાં જવાનું થાય તો ત્યાં પણ અહીં ભગવાનને ભાવથી કરેલા પ્રણામથી દુઃખ કે દૌર્ગત્યને પ્રાપ્ત ન કરે. આ રીતે ભગવાનને કરાતા પ્રણામનું અદ્ભુત માહાત્મ્ય છે, તેથી ઉપયોગપૂર્વક બોલનારને સમ્યગ્ પ્રણામ કરવાનો પરિણામ થાય છે; અને તે સમ્યગ્ પ્રણામ ત્યારે જ બને કે જ્યારે ભગવાનના ગુણોથી ચિત્ત રંજિત હોય અને તે ભાવો પ્રત્યે આત્માનું પ્રકૃષ્ટ નમન થાય. આવું નમન થવાથી પુણ્યાનુબંધીપુણ્યનો સંચય અને મહાનિર્જરા થાય, જે જન્માંતરમાં તો ઘણા ફળોની પરંપરાનું સર્જન કરે જ છે, પરંતુ વર્તમાનમાં પણ દુઃખ અને દૌર્ગત્ય પ્રાપ્ત કરાવનાર કર્મ વિપાકની અભિમુખ હોય તો તેને પણ અફળ કરવા સમર્થ બને છે.

**तुह सम्मत्ते ..... ठाणं ।।४।।** :- ભગવાનને પ્રકૃષ્ટ ભાવથી કરાતો નમસ્કાર સર્વકર્મનો નાશ કરવા સમર્થ બને છે, પરંતુ મધ્યમ પરિણામથી નમસ્કાર કરાય છે ત્યારે પણ, જો ભગવાનના ગુણોથી ઉપરંજિત થયેલી બુદ્ધિ હોય, ભગવાન પ્રત્યે પૂજ્યભાવ વર્તતો હોય અને તેના કાર્યરૂપે પ્રણામની ક્રિયા થાય અને ઉપયોગપૂર્વકનો યત્ન વર્તે તો જીવ અવશ્ય સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે, કે જે સમ્યક્ત્વ ચિંતામણિ અને કલ્પવૃક્ષથી પણ અધિક છે; કેમ કે ચિંતામણિ અને કલ્પવૃક્ષ બહુ બહુ તો આ લોકનાં તુચ્છ-પૌદ્ગલિક સુખોને આપી શકે, જ્યારે સમ્યક્ત્વ તો પુણ્યાનુબંધીપુણ્યના સંચય દ્વારા અનેક ભવો સુધી ઉત્તમ ભોગસામગ્રીની વચ્ચે પણ ઉત્તમ ચિત્તની વૃદ્ધિ કરાવી, અંતે વીતરાગતામાં વિશ્રાંત કરાવી, સર્વકર્મના ક્ષયનું કારણ બને છે અને જીવને નિર્વિઘ્ને અજરામર સ્થાનની પ્રાપ્તિ કરાવે છે અર્થાત્ મિથ્યાત્વનો ઉદય જ જીવને મોક્ષમાર્ગમાં યત્ન

કરવામાં વિઘ્નભૂત છે, તે મિથ્યાત્વ હવે ગયું, અને આથી પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વનું જે જીવ જતન કરે છે, જેનું ચિત્ત સદા મોક્ષને અનુકૂળ વર્તે છે, તે જીવ થોડા જ ભવોમાં સંસારસાગરથી પાર પામનારો થાય છે.

જોકે સમ્યક્ત્વ આવ્યા પછી પણ જો સમ્યક્ત્વનું રક્ષણ ન થાય તો સન્માર્ગમાંથી પતન થઈ શકે છે, યાવત્ ચૌદપૂર્વી પણ નિગોદમાં જઈ શકે છે. તેથી નિર્વિઘ્ને સમ્યક્ત્વ મોક્ષનું કારણ છે તેમ કહેવું અસંગત લાગે, પરંતુ જે જીવો સમ્યક્ત્વનું પૂરેપૂરું રક્ષણ કરી શકે છે, તેઓ નિર્વિઘ્ને મોક્ષને અવશ્ય પામે છે.

આ રીતે ભગવાનના પ્રણામથી પ્રાપ્ત થયેલું ભગવાનના વચન પ્રત્યે તીવ્ર રુચિવાળું સમ્યક્ત્વ મોક્ષનું કારણ છે. આ પ્રમાણે અહીં બતાવવા દ્વારા એ કહેવું છે કે, જે જીવને ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય થાય, તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ બને છે. તેથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે પણ પ્રસ્તુતરૂપે ભગવાનનું કીર્તન ઉપયોગી છે.

**इअ संथुओ ... जिणचंद ।।५।।** :- 'હે મહાયશ !' ભગવાનને કરાયેલા આ સંબોધનથી ભગવાનને મહાયશવાળા કહ્યા છે. જગતમાં તીર્થંકરોનો યશ ત્રણેય લોકમાં ગવાય છે; કેમ કે તેઓ જ સત્ત્વના પ્રકર્ષવાળા લોકોત્તમ પુરુષ છે. સત્ત્વના પ્રકર્ષથી તેઓ સ્વયં સંસારસાગરને તર્યા છે અને જગતને તારવામાં પ્રબળ નિમિત્તભૂત બન્યા છે, માટે મહાયશવાળા છે; અને આવા ભગવાન, પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ભક્તિથી ભરાયેલા હૃદયથી મારા વડે સ્તવના કરાયા. વળી પૂર્વ ગાથામાં કહ્યું કે, "તમારું સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે જીવ નિર્વિઘ્ને અજરામર સ્થાનને પામે છે." તેથી હવે સ્તવનાના ફળરૂપે પોતાને પણ તે જ બોધિ=સમ્યક્ત્વ, જોઈએ છે. તેથી પ્રાર્થના કરે છે, "હે દેવ ! હે પાર્શ્વનાથ ભગવાન ! હે જિનચંદ્ર ! મને ભવોભવને વિષે તમે બોધિ આપો." આ બોધિ તે મોક્ષનું અવિસંવાદી કારણ છે, એવો નિર્ણય જેના હૈયામાં સ્થિર છે, તેવો સાધક ભગવાન પાસે તેની યાચના કર્યા વિના રહી શકતો નથી. વળી, લોકોત્તમ પુરુષ પાસે કરાયેલ પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જાય નહીં. તેથી જ તે જાણે છે કે, તેમના ગુણકીર્તનપૂર્વક ભક્તિના અતિશયથી યાચના કરાયેલ બોધિની પ્રાપ્તિ તેને અવશ્ય થશે. તેથી ભગવાનનું અનેક

ગુણોરૂપે સ્મરણ કરવા માટે તે તે ગુણોના વાચક શબ્દોથી સંબોધન કરે છે અને બોધિલાભની યાચના કરે છે.

અહીં વિશેષ એ છે કે, જે જીવ બોધિનું મહત્ત્વ જાણતો નથી અને પ્રાપ્ત થયેલ દેવ-ગુરુ-ધર્મની સામગ્રીવાળા મનુષ્યભવને પ્રાપ્ત કરીને પણ ધર્મમાં ઉદ્યમ કરતો નથી, તેવા જીવ વડે શબ્દરૂપે કરાયેલી આ બોધિની યાચના માત્ર શબ્દરૂપ બને છે, અને અંતરંગ બોધિ પ્રત્યે અનાદર વર્તતો હોય તો જન્માંતરમાં બોધિની અપ્રાપ્તિનું કારણ પણ બને છે. તેથી જેને જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિનું મહત્ત્વ હોય તેવો જીવ, પ્રાપ્ત થયેલા જિનધર્મને અવશ્ય સ્વ-શક્તિ અને સામર્થ્યને ગોપવ્યા વિના, પૂર્ણ રીતે વીર્ય ફોરવીને જાણવા અને સેવવા માટે યત્ન કરે, અને તેવા જીવની જ ભગવાન પાસે કરાયેલી બોધિલાભની પ્રાર્થના જન્મ-જન્માંતરમાં બોધિની પ્રાપ્તિનું કારણ બને છે.

## ।। १९. जयवीयराय सूत्र ।।

**जय वीयराय ! जगगुरु !, होउ ममं तुह पभावओ भयवं ! ।**
**भवनिव्वेओ मग्गाणुसारिआ इट्ठफलसिद्धी ।।१।।**
**लोगविरुद्धच्चाओ गुरुजणपूआ परत्थकरणं च ।**
**सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा ।।२।।**
**वारिज्जइ जइ वि नियाणबंधणं वीयराय ! तुह समये ।**
**तह वि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं ।।३।।**
**दुक्खखओ कम्मखओ, समाहिमरणं च बोहिलाभो अ ।**
**संपज्जउ मह एअं, तुह नाह ! पणामकरणेणं ।।४।।**
**सर्वमङ्गलमाङ्गल्यं, सर्वकल्याणकारणम् ।**
**प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ।।५।।**

### 'जय वीयराय' સૂત્રની ભૂમિકા :-

શ્રાવક, ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિવાળો હોય છે. તેથી શક્તિના પ્રકર્ષથી ભગવાનની ભક્તિ કરીને સંયમને અનુકૂળ વીર્યનો સંચય કરે છે અને ભગવાનની ભક્તિ કર્યા પછી ભાવસ્તવનો પ્રારંભ કરે છે, કે જેના

બળથી સંયમને અનુકૂળ શક્તિનો અધિક સંચય થાય છે; અને શક્તિના પ્રકર્ષથી ઉપયુક્ત થઈને ભાવસ્તવ કર્યા પછી પ્રાંતે આ પ્રણિધાન સૂત્ર બોલે છે, જેમાં સર્વ પ્રકારની ઉચિત માંગણીઓ કરવામાં આવેલ છે, જે ઉચિત પ્રવૃત્તિઓને સેવીને શ્રાવક આ સંસારથી પારને પામી શકે છે.

આ સૂત્રનાં ત્રણ નામ પ્રસિદ્ધ છે. તે આ રીતે –

**(૧) જયવીયરાય સૂત્ર :-**

સૂત્રના પ્રથમ શબ્દને આશ્રયીને આ નામ પ્રસિદ્ધ છે.

**(૨) પ્રાર્થના સૂત્ર :-**

ભગવાનની ભક્તિથી સભર થયેલા ચિત્તથી શ્રાવક, પોતાને જે ઈષ્ટ છે તેની ભગવાન પાસે યાચના કરે છે, તેથી આને પ્રાર્થના સૂત્ર પણ કહેવાય છે.

**(૩) પ્રણિધાન સૂત્ર :-**

આ સંસારસાગરથી તરવા માટે જે વસ્તુ આવશ્યક છે, તે વસ્તુને પોતાનામાં નિષ્પન્ન કરવા અર્થે ભગવાનની પાસે યાચના કરીને, પ્રસ્તુત સૂત્રથી તેમાં યત્ન કરવાનું પ્રણિધાન કરવામાં આવે છે, તેથી આ પ્રણિધાન સૂત્ર છે.

આ સૂત્રની પ્રથમ બે ગાથા ગણધર દ્વારા રચાયેલી છે અને પછીની ત્રણ ગાથા પૂર્વાચાર્ય દ્વારા રચાયેલી છે.

**સૂત્રનો અર્થ :-**

(૧)+(૨)હે વીતરાગ ! તમે જય પામો. હે જગતના ગુરુ ! તમે જય પામો. હે ભગવાન ! તમારા પ્રભાવથી મને ભવનો નિર્વેદ, માર્ગાનુસારિતા, ઈષ્ટફળની સિદ્ધિ, લોકવિરુદ્ધ કૃત્યનો ત્યાગ, ગુરુજનોની પૂજા અને પરાર્થકરણ= પરોપકાર કરવાપણું, શુભ ગુરુનો યોગ અને તેમના વચનની સેવા, જ્યાં સુધી આ ભવ=સંસાર છે ત્યાં સુધી અખંડપણે પ્રાપ્ત થાઓ.

(૩) હે વીતરાગ !જોકે તમારા સિદ્ધાંતમાં નિયાણું બાંધવાનું નિવારણ કર્યું છે, તો પણ મને ભવોભવને વિષે તમારા ચરણોની સેવા પ્રાપ્ત થાઓ.

(૪) હે નાથ ! તમને પ્રણામ કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય,

સમાધિમરણ અને બોધિલાભ, એ પ્રાપ્ત થાઓ.

(૫) સર્વ મંગલોમાં માંગલ્યરૂપ=ઉત્તમ મંગલ સ્વરૂપ, સર્વ કલ્યાણોના કારણરૂપ, સર્વ ધર્મોમાં પ્રધાન=શ્રેષ્ઠ, એવું જૈનશાસન જય પામે છે.

**– : વિશેષાર્થ :–**

**जय वीयराय ! ..... भयवं :-**

**जय वीयराय :-**

કોઈ વ્યક્તિ રાજા પાસે જાય છે, ત્યારે "હે રાજન ! તમે જય પામો !" તેમ કહે છે. આ કથનમાં રાજાને 'હે રાજન્ !' થી સંબોધન કરે છે, તેથી રાજાની તેને રાજારૂપે ઉપસ્થિતિ થાય છે, અને 'તમે જય પામો' તેમ કહેવાથી તે રાજાના રાજ્યની વૃદ્ધિ થાઓ તેવો અભિલાષ વ્યક્ત કરવામાં આવે છે. આ પ્રકારના કથનથી કંઈ રાજાના રાજ્યની વૃદ્ધિ થાય તેવો નિયમ નથી, આમ છતાં તે પ્રકારના કથનથી જ રાજા પ્રત્યેનો આદર અભિવ્યક્ત થાય છે, અને તે વચનથી રાજાને પણ સંતોષ થાય છે, તેથી તે પ્રકારનો વચનપ્રયોગ કરવાનો વ્યવહાર છે. તેમ પ્રસ્તુતમાં વીતરાગને સંબોધીને કહે છે, "હે વીતરાગ ! તમે જય પામો."

**जगगुरु :-**

"હે જગતગુરુ ! તમે જય પામો." આમ કહેવાથી વીતરાગની જગતગુરુરૂપે ઉપસ્થિતિ થાય છે. વળી વીતરાગ જેમ વીતરાગ છે, તેમ જગતને વીતરાગ થવાનો સન્માર્ગ આપીને મહાન ઉપકાર કરે છે, તેથી જગતગુરુ પણ છે, અને એ રીતે ઉપસ્થિત કરીને તેઓ જય પામો, તેવો અભિલાષ કરવાથી શુભભાવની વૃદ્ધિ થાય છે.

જય વીયરાય ! અને જગગુરુ ! આ બે વચનો દ્વારા સંબોધન કરીને તેમના જયનો અભિલાષ બે વાર વ્યક્ત કર્યો, જેથી પોતાને ભગવાનના શાસનની વૃદ્ધિનો અભિલાષ અત્યંત છે, તે અભિવ્યક્ત થાય છે. વળી ભગવાનની વીતરાગરૂપે અને જગત્ગુરુરૂપે ઉપસ્થિતિ કરવાથી તે રૂપે જ તેમના પ્રત્યે આદર થાય છે; અને તેમનું શાસન વૃદ્ધિ પામો, તેવો અભિલાષ

કરવાથી શુભ ભાવ થાય છે; કેમ કે ભગવાનનું શાસન વધે તો ઘણા જીવોને સન્માર્ગની પ્રાપ્તિ થાય, અને તે સર્વના હિતની કામના એ અભિલાષમાં રહેલી છે, તેથી બોલનારને ઉત્તમ ભાવની પ્રાપ્તિ થાય છે. માટે ભગવાનને તે રીતે સંબોધન કરવાનો વ્યવહાર છે.

આટલું બોલ્યા પછી ફરી 'भयवं' શબ્દથી ભગવાનને ભગવાનરૂપે ફરી સંબોધન કરીને કહે છે કે, તમારા પ્રભાવથી મને ભવનિર્વેદાદિ પ્રાપ્ત થાઓ.

અહીં ફરી 'ભગવાન !' શબ્દથી સંબોધન કરવાથી નમોત્થુણં સૂત્રમાં કહેલ ભગવંત શબ્દના અર્થની ઉપસ્થિતિ થાય છે, અને તેવા ગુણોવાળા ભગવાનને ભગવાનરૂપે ઉપસ્થિત કરીને તેમના પ્રભાવથી પોતાને આત્મકલ્યાણના કારણીભૂત ભવનિર્વેદાદિ ભાવો પ્રાપ્ત થાઓ, તેવો અભિલાષ કરવાથી, ભગવાનને અવલંબીને તે ભાવોમાં યત્ન પ્રગટે છે; અને આ અભિલાષ, તે ભાવોને આવિર્ભાવ કરવાના પ્રણિધાનરૂપ છે, અને દૃઢ ઉપયોગપૂર્વક કરાયેલ પ્રણિધાન ક્રમે કરીને પ્રવૃત્તિ આદિ કરાવીને તે ભાવો આત્મામાં નિષ્પન્ન કરે છે અને સમ્યક્ રીતે નિષ્પન્ન થયેલા આ ભાવો કલ્યાણનું કારણ બને છે અને અંતે મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે.

**ભગવાન પાસે પ્રાર્થના કરાયેલા ભવનિર્વેદાદિનું સ્વરૂપ :-**

**भवनिव्वेओ=ભવનો નિવેદ :-**

ભવ=ચતુર્ગત્યાત્મક સંસાર. તેનો નિર્વેદ=તેમાંથી છૂટવાનો અભિલાષ, તે ભવનિર્વેદ. તે આ રીતે થાય –

અનાદિકાળથી જીવ કર્મસંયુક્ત છે, તેથી જીવને દેહ અને ઈન્દ્રિયનો સંબંધ પણ અનાદિનો છે અર્થાત્ જીવે જે જે ભવો ધારણ કર્યા, તે તે ભવોમાં શરીર અને કોઈ ને કોઈ ઈન્દ્રિયનો સંબંધ થયો છે. તેથી સંસારમાં જીવનો ઈન્દ્રિય અને શરીર સાથે કથંચિત્ અભેદ છે, તો પણ પરમાર્થથી જીવનો ઈન્દ્રિય અને દેહ સાથે ભેદ પણ છે. પણ આ ભેદનું જ્ઞાન જીવને નથી, તેથી સ્વને ભૂલીને માત્ર શરીર અને ઈન્દ્રિય સાથે અભેદબુદ્ધિ કરીને, તેને અનુકૂળ પદાર્થોમાં ઈષ્ટબુદ્ધિ અને પ્રતિકૂળ પદાર્થોમાં અનિષ્ટબુદ્ધિ કરીને પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરે છે. વસ્તુતઃ અનેક દુઃખોથી વીંટળાયેલું સંસારનું સુખ ઐહિક,

તુચ્છ અને નિઃસાર હોવા છતાં, 'આ જ સુખ પારમાર્થિક સુખ છે અને આ જ જીવની સારી અવસ્થા છે' તેવો જીવને ભ્રમ થઈ ગયો છે. તેથી ઈન્દ્રિયો અને શરીરને અનુકૂળ પદાર્થો મેળવવા માટે તનતોડ મહેનત કરે છે, આરંભ-સમારંભ કરી સર્વ પાપો કરે છે અને કર્મબંધ અને દુર્ગતિની પરંપરા પ્રાપ્ત કરે છે; અને સંસારની આવી વિડંબનાના મૂળ કારણનો બોધ ન હોવાથી જીવનું સંસારનું પરિભ્રમણ થયા જ કરે છે.

જ્યારે આ રીતે અથડાતા-કુટાતા જીવની સહજ રીતે કર્મોની સ્થિતિ ઘટે છે, ત્યારે તેના જીવનમાં કંઈક નિર્મળતા પ્રગટ થાય છે, અને ત્યારે સદ્ગુરુ દ્વારા કે શાસ્ત્રઅધ્યયન દ્વારા, કે કોઈક ઉપદેશાદિની સામગ્રી પામીને કે કોઈ પણ બાહ્ય નિમિત્તને પામીને જ્યારે તેને સંસારના વાસ્તવિક સ્વરૂપનો બોધ થાય છે, ત્યારે અંતરંગ ચક્ષુ ખુલે છે અને તેને ભવ પ્રત્યે વૈરાગ્ય પેદા થાય છે. ભવવૈરાગ્ય પેદા થતાં તેને સર્વ સંયોગથી રહિત એવી આત્માની પારમાર્થિક સુખરૂપ અવસ્થાને જોવાની સૂક્ષ્મ પ્રજ્ઞા પેદા થાય છે, જેથી ઘણા ઐહિક સુખોથી ભરપૂર એવો પણ ભવ તેને નિઃસાર લાગે છે અને સંસારના સર્વ સંયોગો દુઃખરૂપ દેખાય છે. ત્યારે તે આ રીતે વિચારે છે -

"આ સંસારમાં સંયોગો જ સર્વ દુઃખનું કારણ છે. અનાદિ કર્મના કારણે જીવને દેહ, ઈન્દ્રિયો અને મનનો અનાદિ સંયોગ થયો અને તેથી જીવને તેને પરવશ થઈને જીવવાનું આવ્યું. આત્માને ખાવાની-પીવાની, સૂવાની-ન્હાવાની, આરામની કોઈ જ જરૂર નથી, પણ શરીર સાથે વળગ્યો છે માટે તેને દેહને ખવડાવવાની, પિવડાવવાની, સૂવડાવવાની, ન્હવડાવવાની બધી ઉપાધિ વળગી. જો આ સંયોગ જ ન હોત તો બાહ્ય પદાર્થોની અપેક્ષા અને સુખ મેળવવાની ઈચ્છા જ ન થાત, અને તેના કારણે આરંભ-સમારંભ અને પાપબંધ પણ ન થાત, અને આ પાપબંધ ન થાત તો દુર્ગતિની પરંપરા પણ ન સર્જાત. માટે સર્વ અનર્થોનું મૂળ સંયોગ છે. 'संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा'=સંયોગના કારણે જ જીવને દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે. તેથી વિયોગ અંતવાળાં એવાં સાંયોગિક સુખ મેળવવા કરતાં, સુખની પરાકાષ્ઠાવાળું અસાંયોગિક સુખ મેળવવા યોગ્ય છે, જે શાશ્વત છે અને દુઃખના સ્પર્શ વિનાનું છે." વળી તે આગળ વિચારે છે –

આ સંસારમાં પુણ્યનો સહકાર હોય તો જ ઈન્દ્રિયોને અનુકૂળ પદાર્થોની પ્રાપ્તિ થાય છે. તેમ છતાં તે પદાર્થોની પ્રાપ્તિ માટેનો, પ્રાપ્ત થયેલ પદાર્થોના રક્ષણ માટેનો અને તેના ઉપભોગ માટેનો જીવને જે પ્રયત્ન કરવો પડે છે, તેમાં પણ શ્રમ છે, તેથી તે પણ દુઃખરૂપ છે. વળી તે પદાર્થની પ્રાપ્તિકૃત કે ભોગકૃત લેશ માનસિક રતિ કે શારીરિક શાતા વર્તે, તો પણ તે અનેક કદર્થનાઓથી વીંટળાયેલી હોય છે. જેમ વ્યાપારીને ધનને પ્રાપ્ત કરવાનો શ્રમ કરવો પડે છે તે સુખરૂપ નથી, અરે, પ્રાપ્તિ પછી રક્ષણનો ભય, સતત નાશનો ભય રહે છે, અને મેળવ્યા પછી પણ જીવ ભોગવે છે કેટલું ? માત્ર તેને જોઈ જોઈ મલકાયા કરે, મમત્વ કરીને સંક્લેશ કરે અને તેનાથી અનર્થની પરંપરા થાય છે. તેથી આવા ક્ષણિક સુખથી સર્યું."

આ રીતે વારંવાર વિચાર કરનાર જીવને ભવવૈરાગ્ય પ્રગટે છે, છતાં નિમિત્ત મળતાં અનાદિ કુસંસ્કારોને કારણે ફરી ભોગાદિની મનોવૃત્તિ ઊઠે છે, તેથી સાંયોગિક ભાવોનું અસ્તિત્વ ચિત્ત પરથી દૂર કરી શકતો નથી અને વિષયોને છોડી સંસારના ઉચ્છેદને અનુકૂળ યત્ન કરવા સમર્થ બનતો નથી. તેથી સતત સંસારના સ્વરૂપનું અવલોકન ન કરવામાં આવે તો પ્રગટ થયેલો વૈરાગ્ય પણ ઉત્તરોત્તર ક્ષીણ ક્ષીણતર થતો જાય છે. વળી જીવ કર્મને પરતંત્ર છે, તેથી તેનો ઉપયોગ, તેની ચેતના કર્મને આધીન પ્રવર્તે છે. એથી કર્મ જે રીતે નચાવે તે રીતે જીવ સંસારમાં નાટકના ખેલ કર્યા કરે છે. તેથી અત્યંત સાવધાન થઈને શાસ્ત્રાનુસારે યોગમાર્ગનું અવલોકન કરે, યોગમાર્ગ સમજે, કર્મની અસરથી મુક્ત થવા યત્ન કરે, તો જ પ્રગટ થયેલો ભવવૈરાગ્ય અતિશયિત બને.

સાધક આત્માને પણ, ભવનો વિરક્તભાવ હિતકારી દેખાવા છતાં સ્થિર કરવો અતિ દુષ્કર જણાય છે. તેથી જ તેને અતિશયિત કરવાના અભિલાષથી ભગવાનને પ્રાર્થના કરે છે કે, "આપના પ્રભાવથી મને ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ, જેના બળથી ભવથી અત્યંત ભીત એવા મહામુનિઓની જેમ સંસારના ઉચ્છેદ માટેનું મહાવીર્ય મારામાં પણ પ્રગટે."

આ ભવવિરક્તભાવ પણ તરતમતાથી અનેક ભૂમિકાવાળો છે. તેથી

જ્યાં સુધી અસંગ ભાવનો ભવવિરક્તભાવ ન પ્રગટે ત્યાં સુધી અધિક અધિક ભવવિરક્તભાવની સાધકને અભિલાષા હોય છે. તેથી જ ભવવિરક્ત એવા મુનિઓ પણ જયવીયરાય સૂત્ર દ્વારા ભગવાન પાસે વિશેષતર ભવવિરક્તભાવની માંગણી કરે છે.

'લલિત વિસ્તરા' ગ્રંથમાં કહ્યું કે, *'भवनिर्वेदः न ह्यतोऽनिर्विण्णो मोक्षाय* यतते अनिर्विण्णस्य तत्प्रतिबन्धात्, तत्प्रतिबद्धयत्नस्य च तत्त्वतोऽयत्नत्वात् । निर्जीव (प्रतांतरे निर्बीज) क्रियातुल्य एषः ।'

ભવનિર્વેદ=સંસારથી નિર્વેદ, નહીં પામેલો જીવ મોક્ષ માટે યત્ન કરતો નથી; કેમ કે ભવથી અનિર્વેદવાળા જીવને ભવ પ્રત્યે પ્રતિબંધ છે અને મોક્ષ સાથે જોડાયેલી એવી ધર્મક્રિયામાં કરાતો યત્ન પણ તત્ત્વથી ભવપ્રતિબંધવાળા જીવ માટે અયત્ન સ્વરૂપ છે; કેમ કે તેની ધર્મની ક્રિયા નિર્જીવ ક્રિયા તુલ્ય છે અર્થાત્ મોક્ષના અભિલાષરૂપ પ્રાણ વગરની છે અથવા તેની ક્રિયા મોક્ષના કારણરૂપ બીજ વગરની છે. તેથી તે ક્રિયા સંસારના ઉચ્છેદનું કારણ બનતી નથી.

**मग्गाणुसारिआ=માર્ગાનુસારિતા :-**

અહીં માર્ગ શબ્દથી મોક્ષમાર્ગ ગ્રહણ કરવાનો છે અને તે માર્ગને અનુસરણ કરવાની અંતરંગ પરિણતિ તે માર્ગાનુસારિતા છે. 'લલિત વિસ્તરા' ગ્રંથમાં તેનો અર્થ કરતાં કહ્યું કે, असद्ग्रहविजयेन तत्त्वानुसारिता । તે માર્ગાનુસારિતાનો ભાવ આ પ્રમાણે છે –

જીવને અનાદિકાળથી અસદ્ગ્રહ વર્તતો હોવાથી તત્ત્વનું અનુસરણ કરી શકતો નથી. મોટે ભાગે જીવો સંસાર સંબંધી પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે, ભૌતિક સુખોની પ્રાપ્તિ કરે અને તેનો ભોગવટો કરે અને તેમાં જ જીવનનું સાફલ્ય જુએ. આવા જીવોનું ચિત્ત મોક્ષમાર્ગથી તદ્દન વિમુખ છે. પરંતુ જે જીવો આલોકના સુખને ગૌણ કરી પરલોકપ્રધાન બનેલા છે, તેથી ભોગાદિ છોડી તપ-ત્યાગાદિમાં યત્ન કરે છે, તો પણ જો તત્ત્વાનુસારિતા ન પ્રગટ થઈ હોય, આત્માની હિતરૂપ અવસ્થાની જિજ્ઞાસા ન થઈ હોય, અગર કોઈક માન્યતાનો બદ્ધ આગ્રહ હોય, તો તપ-સંયમાદિથી યત્કિંચિત્ પુણ્ય બાંધે,

પરંતુ માર્ગાનુસારિતા પ્રગટી નથી.

પરંતુ જ્યારે જીવમાં કાંઈક કર્મમળ ઓછો થાય છે, ત્યારે તેનામાં વિચારકતા પ્રગટે છે. તેથી સંસારનું સ્વરૂપ જેવું વિષમ છે, તેવું કંઈક વિષમ તે પણ જોઈ શકે છે. ત્યારે તેને સંસારના પરિભ્રમણ સાથે સંકળાયેલી સંસારની સુંદર કે અસુંદર અવસ્થાઓ કદર્થનામાત્રરૂપ લાગે છે, અને જ્યારે તેનાથી છૂટકારો મેળવવાના ઉપાયોને યથાર્થ જાણી તેમાં યત્ન કરવાની બુદ્ધિ તેને પ્રગટે, ત્યારે તેનામાં વર્તતો અસદ્ગ્રહ કંઈક મ્લાનિ પામે છે. આથી યોગની પ્રથમ દૃષ્ટિમાં આવેલો જીવ કંઈક સ્વસ્થતાપૂર્વક સંસારનું સ્વરૂપ જોઈ શકે છે. કંઈક ચેતના ખુલે ત્યારે તેને થાય છે કે, અતીન્દ્રિય પદાર્થોને કહેનારો આત્મકલ્યાણનો માર્ગ યોગીઓ જોઈ શકે છે, માટે તેનો ઉપાય જાણવા માટે શિષ્ટ પુરુષો પ્રમાણભૂત છે. ત્યાર પછી તેનામાં શિષ્ટના વચનને સમજવા માટેની યોગ્યતા પ્રગટે છે. તેથી ક્યાંય અસદ્ગ્રહ રાખ્યા વિના કોનું વચન પ્રમાણભૂત છે, તેને સમજવા માટે તે યત્ન કરે છે. ત્યારે તેનું ચિત્ત તત્ત્વ-અતત્ત્વના વિભાગમાં અવક્રગમનરૂપે યત્ન કરે છે, જે દ્રવ્યમાર્ગાનુસારિતા છે. પછી જ્યારે જીવને નિર્ણય થાય કે, અતીન્દ્રિય પદાર્થો કહેવામાં સર્વજ્ઞ કે વીતરાગ એકાંતે આપ્ત છે, માટે તેમનું વચન પણ જાણવું જોઈએ. આથી ભગવદ્ વચનની પણ મધ્યસ્થ બુદ્ધિથી પરીક્ષા કરે, અને નિર્ણય કરે કે આ દર્શન સર્વજ્ઞના વચનરૂપ છે, અન્ય કોઈ નહીં; ત્યારે સર્વજ્ઞના વચન પ્રત્યે તેને સ્થિર રુચિ પ્રગટે છે, જે માર્ગાનુસારી ભાવરૂપ છે, અને તે માર્ગાનુસારિતા પ્રાપ્ત થયા પછી જીવ સંસારનો ઉચ્છેદ કરી શકે છે. તેથી અહીં ભગવાન પાસે માર્ગાનુસારિતાની પ્રાર્થના કરેલ છે.

મુનિઓને અસદ્ગ્રહ હોતો નથી, તેથી તેમને માર્ગાનુસારિતા પ્રાપ્ત થયેલી છે. તો પણ સ્થિર ન થઈ હોય તો ત્યાં સુધી પતનનો ભય વર્તે છે, તેથી મુનિઓ પણ ભગવાન પાસે આવી સ્થિર માર્ગાનુસારિતાની પ્રાર્થના કરે છે, અને આ માર્ગાનુસારિતા ક્રમે કરીને સંયમમાં યત્ન કરાવીને કર્મનાશનું પ્રબળ કારણ બને છે. માટે ભગવાન પાસે તેની માંગણી કરવાથી, ભગવાનને અવલંબીને તે માર્ગાનુસારિતા પોતાનામાં પ્રગટ થાય છે, અને પ્રગટ થયેલી તે માર્ગાનુસારિતા સંસારમાં અવસ્થાન પર્યંત સદાને માટે ટકી રહે છે, જેના

બળથી પોતાનામાં સત્ત્વનો પ્રકર્ષ એ રીતે થાય છે કે જેથી મોક્ષમાર્ગમાં સદા વિશેષ વિશેષ યત્ન ઉત્થિત થાય છે. તેથી માર્ગાનુસારિતાની પ્રાપ્તિનો અભિલાષ પ્રસ્તુત સૂત્રમાં કરવામાં આવેલ છે.

અહીં વિશેષ એ છે કે મિથ્યાત્વની ભૂમિકામાં અસદ્ગ્રહ અવશ્ય હોય છે. તેથી અપુનર્બંધકદશાવાળા જીવને પણ સર્વથા અસદ્ગ્રહનો અભાવ નથી, પરંતુ યોગની પ્રથમ ચાર દૃષ્ટિ સુધીના જીવોમાં વર્તતો અસદ્ગ્રહ, યોગ્ય સામગ્રી મળતાં ધીમે ધીમે જેમ જેમ તે જીવોને બોધ થતો જાય તેમ તેમ નિવર્તન પામતો હોય છે. તેઓ પ્રજ્ઞાપનીય ભૂમિકાવાળા હોય છે, તેથી ચાર દૃષ્ટિવર્તી અપુનર્બંધક જીવોને આંશિક અસદ્ગ્રહના ત્યાગથી માર્ગાનુસારિતા વર્તે છે. ત્રીજી દૃષ્ટિમાં ચિત્તના અવક્રગમનરૂપ માર્ગાનુસારિતા છે અને સમ્યગ્દૃષ્ટિ જીવોને સંપૂર્ણ અસદ્ગ્રહના ત્યાગથી તત્ત્વની તીવ્ર રુચિસ્વરૂપ માર્ગાનુસારી ભાવ વર્તે છે, આમ છતાં તત્ત્વમાર્ગમાં પ્રવૃત્તિસ્વરૂપ માર્ગાનુસારી ભાવ પ્રગટેલો નથી. દેશવિરતિધરને તત્ત્વમાં પ્રવૃત્તિરૂપ માર્ગાનુસારિતા અંશથી હોય છે, સર્વવિરતિધરને પૂર્ણરૂપે હોય છે, સાતિચાર ચારિત્રની ભૂમિકામાં ઈષદ્ માલિન્યવાળી માર્ગાનુસારિતા હોય છે, જ્યારે નિરતિચાર ચારિત્રની ભૂમિકામાં સર્વથા માલિન્યરહિત હોય છે, અને તેનાથી ઉપરની ભૂમિકાઓમાં તે માર્ગાનુસારી ભાવ વિશુદ્ધ-વિશુદ્ધતર થતો જાય છે.

### (3) इट्ठफलसिद्धि ।।१।।=ઈષ્ટફલસિદ્ધિ :-

'લલિત વિસ્તરા' ગ્રંથમાં ઈષ્ટફલસિદ્ધિનો અર્થ 'અવિરોધી ફળની નિષ્પત્તિ' કર્યો છે અર્થાત્ ધર્મની વૃદ્ધિમાં અવિરોધી એવા સાંસારિક ફળની નિષ્પત્તિ તે ઈષ્ટફલસિદ્ધિ છે, અને ઈચ્છાથી થતો યોગમાર્ગની પ્રવૃત્તિનો વિઘાત ઈષ્ટની પ્રાપ્તિથી દૂર થાય છે, તેથી ઉપાદેય એવા ધર્મમાં પ્રવૃત્તિ થાય છે.

શ્રાવકને, સમ્યગ્દૃષ્ટિને કે સંયમી મુનિઓને પોતાની ધર્મઆરાધનામાં અનુકૂળ ચિત્તની અપેક્ષા હોય છે. તેથી કોઈક તેની વ્યાઘાતક સામગ્રી આવી જાય તો તેના નિવર્તનની ઈચ્છા અહીં ઈષ્ટફલરૂપે ગ્રહણ કરી છે.

જેમ કોઈ ધર્માત્મા શ્રાવક ધર્મપ્રધાન જીવન જીવતો હોય, છતાં પણ તથાવિધ સંયોગોને કારણે કોઈક સાંસારિક પદાર્થોની ઈચ્છા થઈ જાય અને

તેની અપ્રાપ્તિ સુધી ચિત્ત વ્યાકુળ રહે, તેથી ધર્મ આરાધનામાં સમ્યગ્ યત્ન ઉત્થિત ન થઈ શકે, ત્યારે તે ઈચ્છે કે 'ભગવાનના પ્રસાદથી મારી આ ઈચ્છાની પૂર્તિ થાય તો હું ધર્મમાં સારી રીતે યત્ન કરી શકું.' આથી ભગવાન પાસે ઈષ્ટફલસિદ્ધિની વાંછા કરે છે, જેથી તથાવિધ પુણ્યપ્રકૃતિ વિપાકમાં આવે અને ઈચ્છાની પૂર્તિ થઈ જાય, ચિત્ત સ્વસ્થતા પામે અને તેના કારણે ઉપાદેય એવા ધર્મમાં સમ્યગ્ પ્રવૃત્તિ થઈ શકે.

અહીં વિશેષ એ છે કે, જે સાધકને ભવનિર્વેદાદિ ભાવોની રુચિ થઈ છે, તેથી ભવનિર્વેદાદિ ભાવોની પ્રાપ્તિની ઈચ્છા છે, માટે ધર્મનું મહત્ત્વ સાંસારિક પદાર્થો કરતાં અધિક સ્થિર થયેલું છે, છતાં ચિત્તની એવી ભૂમિકા નથી કે સર્વથા સંસારને છોડી સંયમમાં યત્ન કરી શકે, તેથી તેને "સંસારમાં રહી મારે સુંદર ધર્મ આરાધના કરતાં કરતાં સંયમનું વીર્ય સંચિત કરવું છે," તેવી બલવાન ઈચ્છા વર્તે છે. તેવા સંયોગોમાં સંસાર સંબંધી કોઈક સામગ્રીની ત્રુટિ લાગતાં તેની પ્રાપ્તિની ઈચ્છા થાય છે, અને જ્યાં સુધી અપ્રાપ્તિ હોય ત્યાં સુધી ધર્મમાં સમ્યગ્ યત્ન પણ ન કરી શકતો હોય, ત્યારે તેને ઈચ્છા થાય કે, 'ભગવાનના પ્રસાદથી મારી ઈચ્છા પૂર્ણ થાય તો હું ધર્મમાં સમ્યગ્ યત્ન કરી શકું.' તેથી તે સાધક ઈષ્ટફલસિદ્ધિની પ્રાર્થના કરે છે અને ભગવાનની ભક્તિના ફળરૂપે કરાતી માંગણીના પ્રભાવે ઈચ્છાપૂર્તિને અનુકૂળ પુણ્યપ્રકૃતિ જાગૃત થાય છે અને ઈચ્છાપૂર્તિ થાય છે; કેમ કે ભગવાન પ્રત્યે ભક્તિથી કરાયેલી માંગણીથી વિશિષ્ટ પ્રતિબંધક કર્મ ન હોય તો અવશ્ય ઈષ્ટફળની પ્રાપ્તિ થાય છે. તેથી આ માંગણી એ માત્ર માંગણીરૂપ નથી, પરંતુ ભક્તિસભર ચિત્તથી ભક્તિ કરનાર શ્રાવકને ઈષ્ટફળની પ્રાપ્તિમાં પ્રબળ કારણ પણ છે.

પરંતુ જે જીવોને સંસારના પદાર્થોનું અતિ મહત્ત્વ છે અને તેની પ્રાપ્તિ માટે ધર્મ કરતા હોય, તેઓને ઈષ્ટફલસિદ્ધિ દ્વારા સાંસારિક ફળની પ્રાપ્તિ થાય તેવી આકાંક્ષા પ્રસ્તુત સૂત્રમાં કહેલ નથી.

યદ્યપિ ધર્મમાં વ્યાઘાતક પ્રતિકૂળ સંયોગો પણ ક્યારેક ઉત્પન્ન થાય અને ત્યારે તેના નિવર્તનની બલવાન ઈચ્છા થાય છે; પરંતુ જે શ્રાવકાદિને તેવા ધર્મના વ્યાઘાતક સંયોગો નથી, તેઓ પણ સ્વજીવનમાં એવા કોઈ ધર્મના

વ્યાઘાતક સંયોગો પ્રાપ્ત ન થાય અને ધર્મ સદા વૃદ્ધિવાળો થતો રહે, એવી ઈચ્છાથી ઈષ્ટફલસિદ્ધિ દ્વારા તેવા અનુકૂળ સંયોગની સદા આકાંક્ષા રાખે છે.

કલ્યાણના કારણરૂપે સૌ પ્રથમ ભવનિર્વેદની માંગણી કરી, જેથી ભવ પ્રત્યે નિર્વેદ થવાથી તેના ઉચ્છેદના ઉપાયરૂપ ધર્મમાં પ્રવૃત્તિ કરી શકે; પરંતુ ભવનિર્વેદ થયા પછી ભવના ઉચ્છેદ માટે ધર્મમાં પ્રવૃત્તિ કરવા છતાં, ચિત્ત માર્ગાનુસારી ન હોય તો ભવનો ઉચ્છેદ કરે તેવી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ ન થાય, તેથી ભવનિર્વેદ પછી માર્ગાનુસારિતાની પ્રાર્થના કરી. માર્ગાનુસારિતા પ્રગટ થઈ હોય તો મોક્ષમાર્ગની પ્રવૃત્તિ સમ્યક્ થાય, આમ છતાં પોતાને કોઈક શારીરિક કે ભૌતિક પદાર્થ ઈષ્ટ હોય અને તેની પ્રાપ્તિ ન થઈ હોય, તો ચિત્ત હંમેશાં યોગમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ કરી શકતું નથી. તેથી સન્માર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નભૂત એવી તે ઈચ્છાની નિવૃત્તિ અર્થે ભગવાન પાસે ઈષ્ટફળની માંગણી કરાય છે, જેથી અનુકૂળ સંયોગને કારણે યોગમાર્ગમાં ઉત્તરોત્તર સુદૃઢ યત્ન થઈ શકે.

છતાં અનાદિના સ્વભાવને કારણે જો સાધક લોકવિરુદ્ધ કૃત્ય કરે તો તો લોકમાં ધર્મનું લાઘવ થાય અને પોતાને પણ દુર્લભબોધિત્વ આદિ દોષોની પ્રાપ્તિ થાય, સેવાતો ધર્મ પણ વિશિષ્ટ ભાવ પેદા ન કરી શકે. તેથી ધર્મમાં પ્રવૃત્ત જીવે લોકવિરુદ્ધનો ત્યાગ પણ કરવો જરૂરી છે. તેથી અહીં ઈષ્ટફલસિદ્ધિ પછી તેની માંગણી કરવામાં આવી છે.

**(૪) लोगविरुद्धच्चाओ=લોકવિરુદ્ધનો ત્યાગ :-**

પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ દ્વારા રચાયેલા 'પંચાશક' ગ્રંથમાં બીજા 'દીક્ષા પંચાશક' ગાથા-૮, ૯, ૧૦માં આ લોકવિરુદ્ધ કૃત્યો નીચે મુજબ બતાવ્યાં છે –

**(૧) સર્વ જનની નિંદા, વિશેષથી ગુણયુક્ત જનની નિંદા :-**

નિંદા શબ્દ સર્વને અપ્રિય છે, તેથી ધર્મી જીવ પણ એમ જ માને છે કે કોઈની નિંદા ન કરવી જોઈએ. આમ છતાં કોઈક રીતે નિમિત્તને પામીને ધર્મી જીવમાં પણ એવી પ્રકૃતિ પેદા થયેલ હોય તો 'હું નિંદા કરું છું' - એવું ભાસે નહીં. તેથી પોતે જે કાંઈ બોલે છે, તે નિંદાના સ્વભાવથી બોલે છે કે

કોઈ પ્રયોજનથી બોલે છે, તેનો સૂક્ષ્મ પ્રજ્ઞાથી નિર્ણય કરીને નિંદાના પરિહાર માટે યત્ન કરવો જોઈએ. વળી ગુણવાન જીવોની નિંદા તો વિશેષ પ્રકારે લોકવિરુદ્ધ કાર્ય છે. તેથી ધર્મની વૃત્તિવાળો જીવ પણ વિચાર્યા વગર, પોતાની માન્યતાથી વિરુદ્ધ માન્યતા ધરાવનાર એવા ગુણવાન જીવ વિષે પણ, કંઈક ભળતો જ અભિપ્રાય બાંધીને નિંદા કરે તો ધર્મના લાઘવનું કારણ પણ બની શકે છે. તેથી સૂક્ષ્મ પ્રજ્ઞાથી સ્વપ્રકૃતિનું અવલોકન કરીને નિંદાના પરિહાર માટે યત્ન કરવો જોઈએ.

**(૨) ઋજુધર્મકરણહસન :-**

જે જીવો શાસ્ત્રાનુસારે સમ્યગ્ રીતે ધર્મને ન કરતા હોય પણ સામાન્ય રીતે ધર્માનુષ્ઠાન કરતા હોય, તેવા ધર્મને કરનારા ઋજુ જીવોનો= અવ્યુત્પન્નમતિવાળા જીવોનો, ઉપહાસ કરવો તે પણ લોકવિરુદ્ધ છે; કેમ કે શિષ્ટ લોકો કહે છે કે, "કોઈપણ જીવ ધર્મમાં પ્રવૃત્ત થયો હોય, પણ અજ્ઞાનને કારણે કે અવિચારકતાના કારણે સમ્યગ્ ધર્મ ન કરી શકતો હોય, તો પણ જો પોતાની તેવી શક્તિ હોય તો તેના પ્રતિ વાત્સલ્યાદિ ધારણ કરી સન્માર્ગમાં લાવવા યત્ન કરવો, અને તેવો સમ્યગ્ યત્ન કરવા છતાં સામેનો જીવ સમ્યગ્ ધર્માનુષ્ઠાન ન કરે, તો કર્મની સ્થિતિ વિચારી ઉપહાસ ન કરતાં માધ્યસ્થ ભાવ ધારણ કરવો; અને તેને સન્માર્ગે લાવવાની પોતાની શક્તિ ન હોય તો ઉપેક્ષાભાવ ધારણ કરવો, પણ ક્યારેય તે રીતે ધર્મ કરનારાઓનો ઉપહાસ તો ન જ કરવો." આથી ઋજુ જીવોના ધર્મનો ઉપહાસ કરવો જોઈએ નહીં.

**(૩) લોકપૂજિતની અવજ્ઞા :-**

લોકને પૂજનીય એવા રાજા, મંત્રી, શ્રેષ્ઠી અને સદ્ગુરુ વગેરેની હીલના કરવી તે લોકવિરુદ્ધ છે. વળી જેમ રાજા આદિની નિંદા લોકવિરુદ્ધ છે, તેમ તેમના ગુરુની નિંદા પણ લોકવિરુદ્ધ છે; કેમ કે તેઓ લોકોથી પૂજાય છે, તેથી તેમની નિંદા સાંભળીને લોકોને ધર્મ પ્રત્યે દ્વેષ થાય.

સામાન્ય રીતે સર્વ દર્શનોમાં રહેલા ત્યાગી-તપસ્વીઓ અન્ય જનોથી પૂજિત હોય છે, તેથી જનપૂજિતોની અવજ્ઞા કરવી જોઈએ નહીં. યદ્યપિ સમ્યક્ત્વને ધારણ કરનાર શ્રાવક તેવાને સુસાધુ તરીકે માને નહીં, તેમ જ

તેમનો આદર પણ ન કરે, પરંતુ અવિચારકપણે સ્વદર્શનનો પક્ષપાત વર્તતો હોય તો તેમના પ્રત્યે અવજ્ઞાનો ભાવ થઈ જાય, તો તે લોકવિરુદ્ધ છે; પરંતુ તેમની નિંદા આદિ ન કરે તો તે લોકવિરુદ્ધ બને નહીં.

**(૪) બહુજન વિરુદ્ધ સંગ :-**

જે જીવો સંસારમાં અનુચિત પ્રવૃત્તિ કરનારા છે, તેવા જીવો સાથે સંગ કરવો એ ધર્મી વ્યક્તિ માટે ઉચિત નથી. યદ્યપિ 'समानशीलवयेषु सौख्यम्' સમાન પ્રકૃતિ અને સમાન ઉંમરના જીવો સાથે મૈત્રી થાય છે, તેથી ધર્મી વ્યક્તિ તે પ્રકારે અનુચિત વર્તન કરનારા એવા દુર્જનનો સંગ કરે તે પ્રાયઃ સંભવી શકે નહીં. છતાં તેનાથી કંઈ લાભ થતો હોય અને સમાન વય હોય તો તેનો સંગ કરવાની વૃત્તિ પેદા થઈ પણ જાય, ત્યારે ધર્મી જીવ, આ લોકવિરુદ્ધ છે એમ વિચારી તેનો સંગ ત્યાગ કરે. વળી તેવાનો સંગ સ્વધર્મનું લાઘવ કરનારો બને અને ઘણી વખત ધર્મસંકટની પ્રાપ્તિનું પણ કારણ બને, માટે વિવેકીએ તેના પરિહાર માટે યત્ન કરવો જોઈએ.

**(૫) દેશાદિ આચારલંઘન :-**

જે દેશ, નગર વગેરેમાં પોતે રહેતો હોય તે દેશાદિના આચારોનું ઉલ્લંઘન કરીને પ્રવૃત્તિ કરે, તો તે દેશાદિના લોકો તેના ધર્મ પ્રત્યે દુર્ભાવવાળા થાય. તેથી તેવી પ્રવૃત્તિનો સમ્યગ્ પરિહાર કરવો જોઈએ.

**(૬) ઉલ્બણભોગ :-**

રસનાને અતિ આધીન બની કે કામાતુર થઈને ભોગ્ય પદાર્થોને, શરીરને પણ હાનિ થાય તે રીતે અતિશયપણાથી સેવન કરે, તે ઉલ્બણભોગ છે. વળી દેશ, કાળ, વૈભવ, વય, અવસ્થાને અનુચિત એવા વસ્ત્ર-પુષ્પાદિ વડે દેહસત્કાર કરવો તે પણ ઉલ્બણભોગ છે.

પંચાશક બીજાની ગાથા-૯ની ટીકામાં આ પ્રમાણે કહ્યું છે –

"तथा दानाद्यपि वित्तवितरणतपःप्रभृतिकमपि । न केवलमुल्बणभोग एवेत्यपि शब्दार्थः । किं भूतं दानादीत्याह - प्रकटगंभीरतया लोकप्रकाशम् । अन्ये त्वपरे पुनराचार्याः । लोकविरुद्धमाहुरिति गम्यं तथाविधदानादिविधायकस्य हि लोक उपहासकारी स्यादिति लोकविरुद्धत्ते ति ।।९।।"

તેનો અર્થ આ પ્રમાણે છે --

કેવળ ઉલ્બણભોગ જ લોકવિરુદ્ધ છે તેમ નહીં, પરંતુ તેવા પ્રકારના દાનાદિ પણ લોકવિરુદ્ધ છે. જેમ કોઈ જીવે દાન કરેલું હોય, પછી તે દાન અગંભીરપણે લોક પાસે પ્રકાશન કર્યા જ કરે, તો શિષ્ટ લોકોને તે પ્રવૃત્તિ અનુચિત જણાય છે, તેથી તે પણ લોકવિરુદ્ધ છે. તે જ રીતે તપ પણ કર્યા પછી અગંભીરપણાથી લોક પાસે પ્રકાશન કરવો, તે પણ લોકવિરુદ્ધ બને છે, અને તેવું કૃત્ય ધર્મી કરે તો ધર્મના લાઘવને કરનારું થાય. તેથી આને અન્ય આચાર્યો લોકવિરુદ્ધ કહે છે.

**(૭) સાધુ વ્યસને તોષ :-**

દુષ્ટ લોકો આદિ વડે ઉત્પન્ન થયેલ શિષ્ટજનના વ્યસનમાં=આપત્તિમાં, તોષ=પ્રમોદ થવો, તે લોકવિરુદ્ધ છે. એટલું જ નહીં પણ સામર્થ્ય હોવા છતાં સજ્જન પુરુષોને આવેલી આપત્તિને દૂર કરવા પ્રયત્ન ન કરવો તે પણ લોકવિરુદ્ધ જાણવું.

સામાન્ય રીતે ધર્માત્માને કદી કોઈની આપત્તિમાં પ્રમોદ ન જ થાય, પણ કોઈક પ્રસંગે તેવી સજ્જન વ્યક્તિથી પોતાને મનદુઃખ થયું હોય અથવા પોતાની ધારણા પ્રમાણે પોતે પ્રવૃત્તિ ન કરી શકતો હોય ત્યારે, કોઈક સજ્જન પુરુષ પ્રત્યે ઈષદ્ દ્વેષ વ્યક્ત કે અવ્યક્ત રૂપે થયો હોય, અને જો તે દ્વેષના નિવારણનો સમ્યગ્ અંતરંગ યત્ન ન કરવામાં આવે, તો તેવા સજ્જન પુરુષો કોઈ આપત્તિમાં આવે ત્યારે, એવો તોષનો ભાવ થવો ધર્માત્માને પણ સંભવિત છે. તેથી તેવા અવસરે તોષનો પરિણામ થવો તે લોકવિરુદ્ધ છે. આવો સજ્જનના સંકટમાં આનંદનો પરિણામ ન પણ થાય, તો પણ તેમની આપત્તિનું નિવારણ કરી શકાય તેવું હોવા છતાં, તેમના સંકટ પ્રત્યેનો અપ્રતિકારનો પરિણામ પણ લોકવિરુદ્ધ છે. અહીં લોકવિરુદ્ધ કૃત્યો પૂર્ણ થાય છે.

**(૫) गुरुजणपूआ=ગુરુજનપૂજા :-**

ભવનિર્વેદ થયા પછી માર્ગમાં પ્રવૃત્તિ ચાલતી હોય ત્યારે, જેમ લોકવિરુદ્ધ કાર્યો માર્ગમાં વિઘ્નભૂત બને છે તેથી તેનો ત્યાગ આવશ્યક છે, તેમ માર્ગની

પ્રવૃત્તિમાં ગુરુજનપૂજા ઉપષ્ટંભક છે, તેથી એવી ગુરુજનપૂજા કરવી પણ આવશ્યક છે, જેનાથી માર્ગાનુસારી ભાવ શુદ્ધ બને છે.

અહીં ગુરુજનથી માતા, પિતા, કલાચાર્ય, તેઓના જ્ઞાતિજનો=ભાઈ-બેન વગેરે, અને ધર્મગુરુને ગ્રહણ કરવાના છે. આ બધા સાથે ધર્મી જીવ બહુમાનપૂર્વક ઉચિત વર્તન કરે તો જ પોતાનો કરાયેલો ધર્મ ગૌરવને પામે, અને તેમની ઉચિત પ્રતિપત્તિ કરવા દ્વારા પોતાની કાષાયિક પરિણતિઓ મંદભાવને પામે.

'યોગબિંદુ' ગ્રંથ પ્રમાણે ગુરુજનપૂજા માટે આ પ્રમાણે કહ્યું છે –

(૧) માત-પિતાદિ ગુરુવર્ગને ત્રિસંધ્યા નમન કરવું. કદાચ કોઈ સંયોગોમાં તેમની હાજરી ન હોય તો ચિત્તથી પણ પ્રત્યક્ષની જેમ તેમને ઉપસ્થિત કરીને નમનક્રિયા કરવી.

(૨) તેઓ આવે ત્યારે ઊભા થઈ જવું, તેમને બેસવા માટે આસન આપવું.

(૩) તેમની સન્મુખ અતિ નમ્ર ભાવે બેસવું.

(૪) મળ-મૂત્રાદિ વ્યુત્સર્જન જેવા અસ્થાને તેમનું નામ પણ ન લેવું.

(૫) બીજાની સાથે બેઠા હોઈએ ત્યારે તેમના વાસ્તવિક કે અવાસ્તવિક દોષોનું ઉદ્ભાવન બીજા દ્વારા થતું હોય તો સાંભળવું નહીં અર્થાત્ તેમનો અવર્ણવાદ સાંભળવો નહીં.

(૬) સારભૂત અન્ન-વસ્ત્રાદિ પ્રથમ તેઓને આપવાં.

(૭) પરલોકાદિની ક્રિયાઓ તેમની પાસે કરાવવી.

(૮) ધર્મપુરુષાર્થને બાધા પહોંચતી હોય તેવા સ્થાનને છોડીને માતા-પિતાદિને જે અનિષ્ટ હોય તેવી પ્રવૃત્તિ ન કરે, અને ઈષ્ટ હોય તેવી પ્રવૃત્તિ કરે.

(૯) ગુરુવર્ગના આસન, પથારી, ભોજન, પાત્ર વગેરેને સ્વયં ભોગવે નહીં.

(૧૦) અલંકારાદિ ગુરુદ્રવ્યનું કે સંપત્તિનું તીર્થોમાં યોજન કરે. જો તેમણે સ્વયં પુત્રાદિને પોતાની સંપત્તિ ન આપી હોય તો, મૃત્યુ બાદ જો પુત્રાદિ તેમની સંપત્તિના વારસાને ગ્રહણ કરે, તો તેને મરણની

અનુમતિનો પ્રસંગ આવે; કેમ કે તે પ્રાપ્ત થતી સંપત્તિનો હર્ષ વ્યક્ત કે અવ્યક્તરૂપે જીવને થાય છે, અને તેમનું મૃત્યુ થવાથી તે સંપત્તિની પ્રાપ્તિ થતી હોવાથી, તેમના મૃત્યુની અનુમતિનો પ્રસંગ આવે છે.

(૧૧) તેમના પ્રતિબિંબની સ્થાપના કરે અને ધૂપ-પુષ્પાદિથી પૂજા કરે.

આ રીતે ગુરુજનની પૂજા કરવાથી કૃતજ્ઞતા ગુણની વૃદ્ધિ થાય છે. ઘણા કષાયો મંદ થયા હોય ત્યારે જીવ દ્રવ્યથી પણ ઉપકારી માતા-પિતાદિના ઉપકારના સ્મરણપૂર્વક ઉચિત પ્રવૃત્તિઓ કરી શકે છે અને તેવા સાધકો સન્માર્ગમાં વિશેષરૂપે પ્રવૃત્ત થઈ શકે છે.

સામાન્ય રીતે જીવ, જેનાથી કંઈક લાભ થતો હોય તેના પ્રત્યે વિશેષ પ્રીતિને ધારણ કરે છે, અને જ્યારે તેનાથી કોઈ લાભની પ્રાપ્તિ ન થતી હોય ત્યારે તેને પ્રીતિ રહેતી નથી. પરંતુ ઉત્તમ પુરુષોની પ્રકૃતિ હોય છે કે, કોઈનાથી નાનો પણ ઉપકાર થયો હોય તો તે ઉપકાર સ્મૃતિમાં રાખીને તેના પ્રત્યે આદરભાવ ધારણ કરે. તેથી માતાપિતા આદિના ઉપકારને ખ્યાલમાં રાખીને તેમના પ્રત્યે આદર જળવાય અને કૃતજ્ઞતા ગુણ વૃદ્ધિ પામે, તદર્થે ગુરુજનપૂજાને લૌકિક સૌંદર્યમાં ગ્રહણ કરેલ છે, અને તે પ્રકૃતિને વિકસાવવા અર્થે ભગવાન પાસે જયવીયરાય સૂત્રમાં માંગણી કરેલ છે.

**(૬) परत्थकरणं=પરાર્થકરણ=પરોપકાર કરવાની મનોવૃત્તિ :-**

'લલિત વિસ્તરા' ગ્રંથ અનુસાર આ પરાર્થકરણ તે જીવલોકમાં સારભૂત એવા પુરુષચિહ્નરૂપ છે અર્થાત્ તે સમ્યગ્ પુરુષકારરૂપ પુરુષનું ચિહ્ન છે અને તે જીવલોકમાં એક સારભૂત પરિણતિ છે, તે રૂપ પરાર્થકરણ છે.

આશય એ છે કે, જીવમાં જ્યારે ભાવમલ અલ્પ થાય છે, ત્યારે સહજ ઉચિત પ્રવૃત્તિ કરવાનો મનોરથ થાય છે; અને જેમ ભવવૈરાગ્યાદિ જીવના ઉચિત ભાવો છે, તેમ શક્તિને અનુરૂપ પરનું હિત કરવું એવી ઉત્તમ પ્રવૃતિ એ પણ ઉચિત પ્રવૃત્તિરૂપ છે. તેથી જ્યારે જીવમાં પરોપકારવૃત્તિ આવે છે ત્યારે તેનો કરાયેલો ધર્મ પણ વિશેષ પ્રકારના ફળવાળો થાય છે. માટે યોગમાર્ગમાં પ્રવૃત્ત જીવે પરોપકારવૃત્તિ કેળવવી જોઈએ અને તેથી પ્રસ્તુતમાં

તેની ભગવાન પાસે પ્રાર્થના કરેલ છે.

**(૭) सुहगुरुजोगो=શુભ ગુરુનો યોગ :-**

પૂર્વમાં કહેવાયેલા ભવનિર્વેદાદિ છ પ્રકારના લૌકિક સૌંદર્યની પ્રાપ્તિ થયે છતે જીવ લોકોત્તર ધર્મનો અધિકારી બને છે. તેથી આટલી ગુણસંપત્તિ બતાવ્યા પછી અહીં લોકોત્તર ધર્મની સંપ્રાપ્તિ અર્થે "શુભ ગુરુનો યોગ મને થાઓ," તેવી પ્રાર્થના કરે છે.

તાત્પર્ય એ છે કે, ભવનિર્વેદાદિ છ ભાવો સંસારથી અતીત તત્ત્વની ઉપાસના કરનાર સર્વદર્શનોમાં રહેલા ધર્મી આત્માઓમાં હોવા જોઈએ, એવું લોકમાં પણ માન્ય છે, અને લોકોત્તર ધર્મને સેવનારામાં પણ આ છ-ભાવો હોય તો તેનું ધર્મસેવન દીપે છે.

અહીં શુભ ગુરુનો યોગ એટલે વિશિષ્ટ ચારિત્રયુક્ત, ગીતાર્થ, સમ્યગ્ શાસ્ત્રાનુસારી ચારિત્ર પાળવામાં ઉદ્યમશીલ એવા આચાર્યાદિનો સંબંધ. યદ્યપિ જીવે સંસારમાં પરિભ્રમણ કરતાં અનંતીવાર યાવત્ તીર્થંકરનો પણ સંબંધ પ્રાપ્ત કર્યો છે, પરંતુ લૌકિક સૌંદર્યરૂપ ભવનિર્વેદાદિ છ ગુણોની ત્યારે અપ્રાપ્તિ હોવાથી તે સર્વ સંબંધો વ્યર્થ ગયા અર્થાત્ તે યોગ પણ અયોગરૂપ જ બન્યો. આથી જ લલિત વિસ્તરા ગ્રંથમાં કહ્યું છે કે –

"અનંતીવાર પ્રાપ્ત થયેલ સદ્ગુરુનો યોગ અપાંતરાલમાં સદોષ રોગીને પથ્યના લાભ તુલ્ય છે, તેથી કરીને અયોગ છે."

તાત્પર્ય એ છે કે, જ્યારે કોઈ દર્દીને તાવ આવે કે કોઈક રોગીને કોઈ પણ રોગનો ઉદ્રેક હોય, ત્યારે પ્રારંભમાં આયુર્વેદ શાસ્ત્રમાં લાંઘણ કરવાનું કહેલ છે. પથ્ય ગુણકારી બને તેવી કંઈક રોગની માત્રા મંદ પડે=રોગનું બળ ઘટે, ત્યારે જો પથ્યનું સેવન કરે તો તેના માટે હિતકારી બને છે. અપાંતરાલમાં= રોગનો ઉદ્ભવ અને પથ્ય સેવનને અનુકૂળ રોગની માત્રાની મંદતા તે બે વચ્ચેનો વચલો ગાળો તે અપાંતરાલ, તેમાં પથ્યનું સેવન હિતકારી બનતું નથી. તેમ અનાદિકાળથી ભારેકર્મી જીવોને ભાવરોગ પણ અતિશય છે. તેની ભારેકર્મિતારૂપ ભાવરોગ ક્રમસર અલ્પ-અલ્પતર થતો જાય અર્થાત્ અમુક ભૂમિકાની મંદતા થાય, ત્યાર પછી જ સદ્ગુરુનો યોગ ઉપકારક થાય છે.

તેટલી માત્રામાં ભવરોગની અલ્પતાની પૂર્વનો બધો કાળ અપાંતરાલ કાલ છે, જેમાં સદ્ગુરુનો યોગ અયોગરૂપ જ છે અર્થાત્ બાહ્ય રીતે થયેલો યોગ પરમાર્થથી અયોગરૂપ જ થયો; કેમ કે ત્યારે થયેલા સદ્ગુરુના યોગથી પોતાનું કંઈ હિત થતું નથી. પૂર્વમાં બતાવેલ લૌકિક સૌંદર્ય પ્રગટે, ત્યાર પછી જ ભવનિસ્તારના કારણીભૂત પરમાર્થને કહેનારા સદ્ગુરુનો યોગ અત્યંત ઉપકારક બનતો હોવાથી, ભવનિર્વેદાદિની માંગણી કર્યા પછી તેવા ઉત્તમ ગુરુના યોગની માંગણી અહીં કરી છે, જેથી પોતાને પણ તેવા ઉત્તમ ગુરુનો યોગ થાય અને તેમની પાસેથી લોકોત્તર ધર્મની પ્રાપ્તિ થાય.

**(૮) તવ્વયણસેવણા=તેમના વચનની સેવા :-**

ઉપર્યુક્ત સદ્ગુરુનો યોગ થવા છતાં અને પરમ હિતકારી તરીકેની બુદ્ધિ તેમના પ્રતિ થવા છતાં, સત્ત્વનો અપકર્ષ હોય તો સમ્યક્ રીતે તેમનું વચન પાળવા સમર્થ ન બને. તેથી સદ્ગુરુના યોગ પછી તેમના વચનની સેવાની આકાંક્ષા સાધક કરે છે, જે તેઓના વચનાનુસાર ચારિત્રાચારના પાલનના અભિલાષ સ્વરૂપ છે; અને જે સાધકને સદ્ગુરુનો યોગ થાય અને તેના વચનાનુસાર સમ્યક્ પ્રવૃત્તિ કરે, તે નિયતકાળમાં નિયમા આ સંસારથી પારને પામે છે. તેથી સંસારના પારને પામવાનો અર્થી જીવ જયવીયરાય સૂત્રથી માંગણી કરે છે કે, "સદ્ગુરુનો યોગ મને મળે અને તેમના વચનને સેવીને હું સંસારસાગરના પારને પામું." અને આ પ્રકારે કરાયેલી પ્રાર્થનાથી બંધાયેલું પુણ્ય સદ્ગુરુના યોગની પ્રાપ્તિનું કારણ બને છે, અને તેમના વચન પ્રમાણે ચાલવાના કરાયેલા અભિલાષથી સદ્ગુરુના યોગકાળમાં તેમના વચન પ્રમાણે ચાલવાની શક્તિ પ્રગટે છે. તેથી ઉપયોગપૂર્વક બોલાયેલી આ પ્રાર્થના અવશ્ય સંસારના નિસ્તારનું કારણ બને છે.

**આભવમખંડા ।।૨।।=ભવના અંત સુધી અખંડિતપણે :-**

આ રીતે મોક્ષને માટે ઉપકારક એવી માંગણીઓ કર્યા પછી, આ પ્રાર્થિત ભાવો, જ્યાં સુધી પોતાનો આ સંસાર છે ત્યાં સુધી પોતાને સતત મળ્યા કરે, તેવો અભિલાષ કરવા માટે કહે છે - "જ્યાં સુધી મને ભવની પ્રાપ્તિ છે ત્યાં સુધી આ પ્રાર્થના કરાયેલ વસ્તુઓ મને ભગવાનના પ્રસાદથી

અખંડપણે પ્રાપ્ત થાઓ."

આ પ્રકારની માંગણી કરવાથી થયેલા ઉત્તમ ભાવને કારણે બંધાયેલું પુણ્ય સાધકને અનુકૂળ સામગ્રી આપે છે, અને તે પ્રકારના અભિલાષથી આત્મા ઉપર પડેલા સંસ્કારો નિમિત્ત પામીને ફરી જાગૃત થાય છે; અને 'જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી મને આ ભાવો મળ્યા કરે' તેવો પરિણામ બળવાન હોય તો, અખંડરૂપે આ ભાવોની પ્રાપ્તિ થયા કરે અને તેથી થોડા જ ભવોમાં જીવ આ સંસારથી પારને પામે. માટે તેવા પ્રકારના શક્તિ-સંચય અર્થે પ્રસ્તુત સૂત્રમાં, જ્યાં સુધી સંસારનું પરિભ્રમણ છે ત્યાં સુધી અખંડરૂપે ભવવૈરાગ્યાદિ ભાવો મળે તેવી પ્રાર્થના કરવામાં આવી છે.

**वारिज्जइ ..... तुह नाह पणाम करणेणं :-**

પૂર્વની બે ગાથા ગણધરકૃત છે. તેમાં સંસાર નિસ્તરણમાં અતિ ઉપયોગી આઠ માંગણી કર્યા પછી, ગીતાર્થ પૂર્વાચાર્યો, તેમાં જ અંતર્નિહિત છતાં ભાવ વૃદ્ધિ અર્થે સ્વરચિત આ ગાથાઓમાં કંઈક વિશેષ માંગણી કરે છે -

ભગવાનની ભક્તિ કરીને ફળની ઈચ્છા કરવી તે નિદાન છે, એમ નિશ્ચયનય માને છે, અને વ્યવહારનય ઈહલૌકીક કે પારલૌકીક ફળની માંગણી કરવી તે નિદાન છે, તેમ માને છે. તેથી નિશ્ચયનયથી ભગવાન પાસે કોઈપણ માંગણી કરવી તે નિદાનરૂપ હોવા છતાં આત્મકલ્યાણને કરનારી વસ્તુની માંગણી કરવી તે વ્યવહારનયથી નિદાનરૂપ નથી. આ દૃષ્ટિને સામે રાખીને કહે છે કે, "હે ભગવંત ! જોકે તમારા શાસનમાં નિદાન કરવાનો નિષેધ કર્યો છે, તો પણ તમારા ચરણોની સેવા મને ભવોભવને વિષે પ્રાપ્ત થાઓ," એ પ્રકારે માંગણી કરે છે. તેનાથી એ કહેવું છે કે, ભગવાને નિદાનનો નિષેધ કર્યો છે, તો પણ વ્યવહારનયથી આવી માંગણી નિદાનરૂપ નથી, તેથી હું આ માંગણી કરું છું.

આ માંગણીઓ પાછળનો આશય એક જ છે કે, ભગવાનની આજ્ઞાનું પાલન કરીને પોતે આ સંસારસાગરથી તરી જાય; કેમ કે પ્રાર્થના કરનારને એક જ અભિલાષ છે કે, "ભગવાન પ્રત્યે મને દરેક ભવમાં ભક્તિ જીવંત રહો, જેથી તેમની આજ્ઞાનું પાલન કરું અને આ સંસારથી તરું."

વળી ભવોભવ ભગવાનનાં ચરણની સેવાની માંગણી કર્યા પછી અન્ય પણ માંગણીઓ કરતાં કહે છે કે, "દુઃખનો ક્ષય થાઓ, કર્મનો ક્ષય થાઓ, સમાધિમરણની પ્રાપ્તિ થાઓ અને બોધિલાભ પ્રાપ્ત થાઓ." જેમ ભગવાન પાસે ભગવાનના ચરણોની સેવા મોક્ષપ્રાપ્તિ અર્થે માગે છે, તેમ મોક્ષપ્રાપ્તિમાં વિઘ્નભૂત એવાં દુઃખો નાશ પામે અને કર્મો નાશ પામે તેવી પણ અભિલાષા રાખે છે. વળી ભવોભવમાં ભગવાનના શાસનની પ્રાપ્તિમાં પ્રબળ કારણ સમાધિમરણ છે; કેમ કે અસમાધિથી મૃત્યુ પામ્યા પછી દુર્ગતિઓની પ્રાપ્તિ થાય છે, જ્યાં ભગવાનના શાસનની પ્રાપ્તિ પ્રાયઃ અસંભવિત છે. તેથી ભગવાન પાસે એ પણ માંગણી કરે છે કે, "મને સમાધિમરણ પ્રાપ્ત થાઓ." અને ઉપયોગપૂર્વક દરરોજ આવો અભિલાષ કરવાથી જીવનમાં જાગૃતિ આવે છે, જેથી ભગવાનનું અવલંબન લઈને સદા સમાધિમરણને અનુકૂળ એવા ઉત્તમ ચિત્તમાં યત્ન ઉલ્લસિત થાય છે અને તેથી સમાધિમરણ સાધક માટે શક્ય બને છે.

**સમાધિમરણ=મૃત્યુકાળમાં પણ ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધાથી સંવલિત રાગાદિથી અનાકુળતાવાળું એવું ચિત્તસ્વાસ્થ્ય.** વળી પોતે જીવનમાં જે વ્રતો ગ્રહણ કર્યાં હોય તેમાં કોઈ સ્ખલના થઈ હોય તો શાસ્ત્રમર્યાદા પ્રમાણે શુદ્ધિ કરી લીધી હોય તો ગ્રહણ કરાયેલ પ્રતિજ્ઞાનું સમ્યક્ પાલન થયું કહેવાય, અને તેવા વ્રતપાલનનો પ્રબળ અધ્યવસાય સમાધિમરણનું અંગ છે.

આ પ્રકારના સમાધિમરણના સ્વરૂપને યાદ કરીને, ભગવાન પાસે પ્રતિદિન તે પ્રકારની માંગણી કરવાથી પ્રગટ થયેલી પુણ્યપ્રકૃતિ અને સમાધિમરણ પ્રત્યેનો પક્ષપાત, સમાધિમરણની પ્રાપ્તિમાં અવશ્ય કારણ બને.

વળી જેમ આ સંસારથી તરવા માટે દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય અને સમાધિમરણ આવશ્યક છે, તેમ બોધિલાભ પણ અતિ આવશ્યક છે. જોકે ભગવાનનાં ચરણોની સેવાની માંગણીમાં દુઃખક્ષય આદિ અને બોધિલાભ આદિ પણ આવી જ જાય છે; તો પણ તે ભાવો પ્રત્યે વિશેષ આકર્ષણ હોવાથી સ્વતંત્ર માંગણી કરેલ છે, જેથી આત્મકલ્યાણમાં દુઃખક્ષય આદિ પ્રબળ કારણ છે તેવી ઉપસ્થિતિ રહે, અને તેને આશ્રયીને શક્ય એટલો યત્ન થાય.

બોધિલાભ દ્વારા એ અભિલાષ કરવામાં આવે છે કે, "દરેક ભવમાં ભગવાનનું શાસન મને પ્રાપ્ત થાઓ," જેથી ભગવાનના શાસનને પામીને ભગવાનના વચનાનુસાર ઉચિત યત્ન કરીને હું આ સંસારસાગરથી તરું; કેમ કે જગતમાં લોકોત્તમ પુરુષને કરાયેલ પ્રણામ શ્રેષ્ઠ કોટીનો અધ્યવસાય છે, જે સર્વ વાંછિત વસ્તુને આપનાર છે. અને લોકોત્તમ પુરુષને પ્રાર્થના કરીને તેમની પાસેથી અન્ય કોઈ વસ્તુની માંગણી ન કરતાં કેવળ આ સંસારસાગરથી તરવામાં અત્યંત ઉપકારક એવો દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિમરણ અને બોધિલાભની માંગણી કરે છે, જેથી સંસારથી તરવા માટેનો અભિલાષ અને તેના ઉપાયો પ્રત્યેનો અભિલાષ સંસ્કારરૂપે આત્મામાં સ્થિર થાય, જેથી ક્રમે કરીને દુઃખે તરી શકાય તેવો સંસાર તરવો સરળ બને છે, એ પ્રકારનો ધ્વનિ પ્રસ્તુત સૂત્રનો છે.

**सर्वमंगलमांगल्यं ..... शासनम् :-**

ઉપર્યુક્ત રીતે ભગવાન પાસે અનેક રીતે યાચનાઓ કર્યા પછી, ભગવાનના લોકોત્તમ શાસનને જોવાથી, તે શાસનપ્રાપ્તિ જ જગતના જીવોને તરવાનો એકમાત્ર ઉપાય છે તેવી બુદ્ધિ જેને થઈ છે તેવો સાધક, ભક્તિના અતિશયથી ભગવાનના શાસનના માહાત્મ્યના સ્મરણપૂર્વક, શાસન જગતમાં જયવંતુ થાય અર્થાત્ અનેક જીવોને આ શાસનની પ્રાપ્તિ થાય, તેવો અભિલાષ કરે છે.

**सर्वमंगलमांगल्यं :-**

જૈનશાસન જગતમાં સૌથી શ્રેષ્ઠ મંગલ છે=સર્વ મંગલોમાં ઉત્તમ મંગલરૂપ છે; કેમ કે જગતમાં જેટલાં મંગલો છે, તેમાં કોઈક ચોક્કસ પ્રકારનું મંગલપણું રહેલું હોય છે, જ્યારે આ શાસનમાં પરિપૂર્ણ મંગલપણું રહેલું છે, તેથી સર્વ પ્રકારનાં વિઘ્નો ટાળવા માટે સમર્થ છે. મંગલરૂપે જિનશાસનને ઉપસ્થિત કરવાથી સર્વ પાપોનો નાશ છે અને પુણ્યપ્રકૃતિ જાગૃત થાય છે, જેથી વિઘ્નો દૂર થાય છે.

**सर्वकल्याणकारणं :-**

જૈનશાસન સર્વ કલ્યાણોનું કારણ છે અર્થાત્ જીવનાં જેટલાં કલ્યાણો

છે અર્થાત્ સુદેવત્વ-સુમનુષ્યત્વની પ્રાપ્તિરૂપ કલ્યાણ, અને યાવત્ સર્વ કર્મોના ક્ષયથી પ્રાપ્ત થનાર મોક્ષરૂપ કલ્યાણ, તે બધાનું કારણ જૈનશાસન છે.

**प्रधानं सर्वधर्माणां :-**

સર્વ ધર્મોમાં પ્રધાન એવું જૈનશાસન છે અર્થાત્ સર્વ દર્શનો સંસારથી અતીત અવસ્થાની પ્રાપ્તિના ઉપાયો બતાવે છે, તો પણ સંસારાતીત અવસ્થાની પ્રાપ્તિમાં અત્યંત સૂક્ષ્મ અને પરિપૂર્ણ માર્ગને બતાવનાર જૈનશાસન જ છે. તેથી તે સર્વ ધર્મોમાં પ્રધાન છે.

**जैनं जयति शासनम् :-**

આવું જૈનશાસન જગતમાં જય પામો અર્થાત્ ઘણા જીવોને આ શાસનની પ્રાપ્તિ થાય તો જ આ શાસન જય પામ્યું કહેવાય. તેથી ઘણા જીવોને જૈનશાસન મળવાની ઈચ્છા કરીને પ્રસ્તુત ગાથામાં શાસન પ્રત્યેની ભક્તિનો અવિહડ ભાવ અભિવ્યક્ત કરાયેલો છે.

## ।। २०. अरिहंत चेइयाणं सूत्र ।।

**अरिहंतचेइयाणं करेमि काउस्सग्गं ।**
**वंदणवत्तियाए पूअणवत्तियाए सक्कारवत्तियाए सम्माणवत्तियाए**
**बोहिलाभवत्तियाए निरुवसग्गवत्तियाए, सद्धाए मेहाए धिईए**
**धारणाए अणुप्पेहाए वड्ढमाणीए, ठामि काउस्सग्गं ।।**

**'अरिहंत चेइयाणं' સૂત્રની ભૂમિકા :-**

આ સૂત્રનાં બે નામ પ્રસિદ્ધ છે.

**(૧) અરિહંતચેઈયાણં સૂત્ર :-** સૂત્રના પ્રથમ શબ્દને આશ્રયીને આ સૂત્રનું નામ અરિહંતચેઈયાણં સૂત્ર છે.

**(૨) ચેઈયસ્તવ સૂત્ર :-** મોટું ચૈત્યવંદન ચાર સ્તુત્યાત્મક છે. તેમાં પ્રથમ સ્તુતિ માટેનું પ્રણિધાન આ સૂત્રથી કરવામાં આવે છે, તેથી તેનું બીજું નામ ચેઈયસ્તવ સૂત્ર છે=ચૈત્યવંદનરૂપ સ્તવન કરવા માટેની ભૂમિકાને કરનારું આ સૂત્ર છે.

ચૈત્યવંદન કરવાને અનુકૂળ પ્રતિજ્ઞા અરિહંત ચેઈયાણં સૂત્રથી કરવામાં આવે છે, અને તે પ્રતિજ્ઞાને ઉચિત માનસ પેદા કરવા અર્થે સકલકુશલવલ્લી નમોડત્થુણં વગેરે સ્તોત્રો બોલાય છે, જેથી સાધકને ભગવાનના સ્વરૂપની ઉપસ્થિતિ થાય છે. ત્યાર પછી પ્રતિજ્ઞાને ઉચિત માનસવાળો થયેલો સાધક, ચૈત્યવંદનની ઉચિત ભૂમિકા સંપાદન કરવા માટે અરિહંત ચેઈયાણં સૂત્ર બોલે છે.

આ સૂત્રની ત્રણ સંપદા આ પ્રમાણે છે -

(૧) **અભ્યુપગમ સંપદા :-** "करेमि काउस्सग्गं" એ અભ્યુપગમ સંપદા છે; કેમ કે એ પદો વડે કાઉસ્સગ્ગ કરવાનું અંગીકાર કરેલ છે.

(૨) **નિમિત્ત સંપદા :-** "अरिहंतचेइयाणं वंदणवत्तियाए ..... निरुवसग्गवत्तियाए" સુધીનાં છ પદો કાયોત્સર્ગનું નિમિત્ત=પ્રયોજન, સૂચવનાર હોવાથી નિમિત્ત સંપદા છે.

(૩) **હેતુ સંપદા :-** "सद्धाए ..... ठामि काउस्सग्गं" સુધીનાં સાત પદોમાં કાયોત્સર્ગ સમ્યગ્ નિષ્પન્ન કરવાનો હેતુ=ઉપાય, બતાવેલ હોવાથી હેતુ સંપદા છે.

**સૂત્રનો અર્થ :-**

અરિહંતની પ્રતિમાઓના વંદન નિમિત્તે, પૂજન નિમિત્તે, સત્કાર નિમિત્તે અને સન્માન નિમિત્તે કાયોત્સર્ગ કરું છું, એમ અન્વય છે.

આ વંદન-પૂજન-સત્કાર અને સન્માન શા માટે કરવાનાં ? તેથી કહે છે -

બોધિલાભ નિમિત્તે.

બોધિલાભ નિમિત્તે કાયોત્સર્ગ શા માટે ? તેથી કહે છે –

નિરુપસર્ગ=ઉપદ્રવરહિત કે ઉપસર્ગરહિત અવસ્થારૂપ મોક્ષ માટે કાયોત્સર્ગ કરું છું. એમ અન્વય છે.

કઈ રીતે કાયોત્સર્ગ કરું છું ? તેથી કહે છે –

વધતી જતી શ્રદ્ધા વડે, વધતી જતી મેધા વડે, વધતી જતી ધૃતિ વડે, વધતી જતી ધારણા વડે અને વધતી જતી અનુપ્રેક્ષા વડે હું કાયોત્સર્ગ કરું છું.

આ રીતે કાયોત્સર્ગ કરવાનો સ્વીકાર કર્યા પછી કાયોત્સર્ગની ક્રિયાનો

પ્રારંભ કરવા અર્થે કહે છે - 'ठामि काउस्सग्गं'=હું કાયોત્સર્ગમાં રહું છું.

કઈ રીતે કાયોત્સર્ગમાં રહેવાનું છે ? તેથી કહે છે –

અન્નત્થ સૂત્રમાં બતાવેલા આગારોને છોડીને કાયાને વોસિરાવીને કાયોત્સર્ગમાં રહેવાનું છે.

**– : વિશેષાર્થ :–**

ચાર અતિશયવાળા લોકોત્તમ પુરુષને વંદન કરવા અર્થે ચૈત્યવંદન કરાય છે. તેથી લોકોત્તમ પુરુષના સ્વરૂપની ઉપસ્થિતિ માટે ભગવાનના ચાર અતિશયો ભાવવાના છે.

**ભગવાનના ચાર અતિશય :–**

(૧) અરિહંતો અપાયાપગમાતિશય આદિ ચાર અતિશયવાળા છે. તે સ્વરૂપથી અરિહંતને ઉપસ્થિત કરવાથી સાધક જીવને એ ઉપસ્થિત થાય છે કે, ખરેખર આત્માને માટે અપાયરૂપ=ઉપદ્રવરૂપ, આ રાગાદિ આંતરશત્રુઓ જ છે, રાગાદિ જ આ સંસારના પરિભ્રમણનું પ્રબળ કારણ છે, અને તેને જીતવા મહાવીર્ય-મહાસત્ત્વ જોઈએ, અને તે ફોરવીને ભાવશત્રુઓનો જેમણે જય કર્યો છે તેવા ભગવાન છે. તેથી અપાયભૂત એવા રાગાદિનો ભગવાનમાં અપગમ થયો છે=રાગાદિ દોષો તેમના દૂર થયા છે, તેથી ભગવાન **અપાયાપગમાતિશયવાળા** છે.

(૨) વળી ઘાતી કર્મોનો નાશ થવાથી ભગવાન કેવળજ્ઞાનને પામેલા છે, તેથી તેમનામાં **જ્ઞાનાતિશય** છે.

(૩) જગતના જીવો ઉપર ઉપકાર કરી શકે તેવો ભગવાનનો **વચનાતિશય** છે, જેથી તેમણે પ્રરૂપેલા વચનના બળથી જીવો આ સંસારસાગરથી તરી શકે છે, અને

(૪) **પૂજાતિશય** હોવાથી ભગવાન દેવેન્દ્રો આદિથી પૂજાયા છે.

તેથી આવા ચાર અતિશયવાળા ભગવાનનાં વંદન-પૂજન-સત્કાર અને સન્માન કરવાની સાધકને આકાંક્ષા થાય છે. તે કરવાથી તેને બોધિલાભની પ્રાપ્તિ થાય છે અને બોધિલાભથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તે આ રીતે –

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ચાર અતિશયવાળા ભગવાનને ઉપસ્થિત કરીને તેમના ગુણોથી જેને પૂજ્યભાવ થયો છે, તે જીવ, તેમને વંદન-પૂજન કરીને તેમના પ્રત્યેના પોતાના હૈયામાં વર્તતા અહોભાવને અતિશયિત કરે છે, પછી સત્કાર-સન્માન કરીને તે જ ભાવનો પ્રકર્ષ કરે છે અને આ પ્રકારે ભગવાન પ્રત્યે થયેલો બહુમાનભાવ, તેને દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ કરાવીને વીતરાગતાનો બોધ કરાવે છે, જેથી ભગવાનના વચન પ્રત્યે તેને ક્ષાયોપશમિકભાવની સ્થિર શ્રદ્ધા પેદા થાય છે. જેમને તે સ્થિર શ્રદ્ધા પ્રગટ થઈ ચૂકેલી છે તેવા સાધકો પણ તે વંદન-પૂજન-સત્કાર-સન્માન દ્વારા ક્ષાયિકભાવની શ્રદ્ધા પેદા કરે છે, અને ક્ષાયિકભાવની શ્રદ્ધા પ્રાપ્ત કરેલા સાધકો પણ વંદન-પૂજનાદિ દ્વારા અપ્રમત્ત સંયમને પ્રાપ્ત કરવાનો અભિલાષ કરે છે, જે 'बोहिलाभवत्तियाए' થી અપેક્ષિત છે.

ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે, આવા બોધિલાભનું શું પ્રયોજન છે ? તેથી કહ્યું કે, બોધિલાભ મોક્ષને માટે જોઈએ છે.

મોક્ષ એ સંપૂર્ણ ઉપદ્રવ વગરની કે ઉપસર્ગ વિનાની અવસ્થા છે, તે બતાવવા માટે મોક્ષ શબ્દનો વાચક 'निरुवसग्गवत्तियाए' શબ્દ કહ્યો છે. મોક્ષ એ જીવની સર્વશ્રેષ્ઠ અવસ્થા છે; કેમ કે ત્યાં શરીરાદિકૃત કે કર્મકૃત કોઈ જ ઉપદ્રવ નથી, જ્યારે સંસારમાં જીવ સદા માટે કર્મને પરતંત્ર છે. તેથી સંસારથી ભય પામેલો અને પૂર્ણ સુખની અભિલાષાવાળો સાધક ભગવાનની ભક્તિ કરીને મોક્ષની પ્રાપ્તિની અભિલાષા કરે છે.

ભગવાનનાં વંદન-પૂજનાદિ કરવા દ્વારા જે ફળ મળે છે, તે ફળની અપેક્ષા શ્રાવક કે સાધુ પ્રસ્તુત કાયોત્સર્ગ કરવા દ્વારા રાખે છે અને તદર્થે ભૂમિકારૂપે આ સૂત્ર બોલીને અભિલાષા કરે છે કે, આવા લોકોત્તમ પુરુષનાં વંદન-પૂજનથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ મને આ કાયોત્સર્ગથી પ્રાપ્ત થાઓ.

આ ફળ કાયોત્સર્ગથી કઈ રીતે મળી શકે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે -

કાઉસ્સગ્ગમાં વધતી જતી શ્રદ્ધા વડે, વધતી જતી મેધા વડે, વધતી જતી ધૃતિ વડે, વધતી જતી ધારણા વડે અને વધતી જતી અનુપ્રેક્ષા વડે આ ફળ પ્રાપ્ત થાય છે. તેથી શબ્દો દ્વારા તે તે અર્થમાં ઉપયુક્ત થઈને કાયોત્સર્ગમાં

યત્ન થાય તો પોતાનામાં વિદ્યમાન શ્રદ્ધાદિ ભાવો અવશ્ય અતિશયિત થાય છે જેથી કાયોત્સર્ગથી તે ફળ પ્રાપ્ત થાય છે.

વધતી જતી શ્રદ્ધા આદિથી કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા કરીને કાયોત્સર્ગનો પ્રારંભ કરવા અર્થે સાધક કહે છે કે, "હું કાયોત્સર્ગમાં રહું છું." જોકે આ વર્તમાનકાળનો પ્રયોગ છે અને કાયોત્સર્ગમાં રહેવાની ક્રિયા તો ભવિષ્યમાં થવાની છે, તો પણ નજીકના ભવિષ્યમાં વર્તમાનનો ઉપચાર કરીને "હું કાયોત્સર્ગમાં રહું છું," તેમ કહેલ છે. અહીં કાયોત્સર્ગમાં રહેવું, એટલે કાયાને વોસિરાવીને, સમભાવના પરિણામમાં ઉપયુક્ત થઈને, તેની વૃદ્ધિ થાય તે રીતે શુભ ચિંતવનમાં રહેવું. કાયાને વોસિરાવવાની પ્રતિજ્ઞાનું અણીશુદ્ધ પાલન થાય તદર્થે, અન્નત્થ સૂત્ર દ્વારા આગારોને રાખીને કાયોત્સર્ગ કરવામાં આવે છે, અને કાયોત્સર્ગ દરમ્યાન શુભ ચિંતવનરૂપે નવકારનું સ્મરણ કરવામાં આવે છે ત્યારે, ઉપયોગ નવકારમાં હોવા છતાં, ભગવાનનાં વંદન-પૂજનાદિ ફળ માટે જ હું કાયોત્સર્ગ કરું છું, તે પ્રકારનું અનુસંધાન હોવાથી, તે નવકારના ચિંતવન દ્વારા અરિહંતની ભક્તિવિશેષ થાય છે, જે નિર્જરા કરાવીને બોધિલાભ અને ક્રમસર મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે.

**अरिहंतचेइयाणं :-**

અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ પૂજાને જે યોગ્ય, તે અરિહંત=તીર્થંકર. તેમનાં ચૈત્ય તે પ્રતિમા. ચૈત્ય શબ્દ કેવી રીતે બન્યો, તેની લલિત વિસ્તરા ગ્રંથમાં વ્યુત્પત્તિ આ રીતે કરી છે –

ચિત્ત=અંતઃકરણ. તેનો ભાવ તે ચૈત્ય, અથવા ચિત્તની=અંતઃકરણની ક્રિયા તે ચૈત્ય. અરિહંતની પ્રતિમા પ્રશસ્ત સમાધિવાળા ચિત્તની ઉત્પત્તિ કરે છે, તેથી અરિહંતની પ્રતિમાને ચૈત્ય કહેવાય છે.

આશય એ છે કે, અરિહંતની પ્રતિમા જોઈને ભાવ અરિહંતમાં વર્તતા વીતરાગાદિ ગુણોનું જીવને સ્મરણ થાય છે, અને પ્રતિમાના આલંબનથી તેમની આ પ્રતિમા છે એવી બુદ્ધિ થવાથી સાધકનું ચિત્ત રાગાદિની આકુળતા વિનાનું થાય છે; કેમ કે રાગાદિ રહિત એવા વીતરાગની મુદ્રા જોઈને વીતરાગાદિ ભાવોનું સ્મરણ થાય છે અને તે ભાવોથી ચિત્ત ઉપરંજિત થાય

છે, જે પ્રશસ્ત સમાધિવાળું ચિત્ત છે. આવું ચિત્ત પેદા કરવામાં પ્રતિમા કારણ બને છે, તે બતાવવા માટે, ચિત્ત શબ્દનો ભાવ તે ચૈત્ય, એ વ્યુત્પત્તિથી ચૈત્ય શબ્દનો અર્થ જિનપ્રતિમા કરેલ છે અથવા જિનપ્રતિમાને જોઈને અરિહંતની વીતરાગતા આદિ સ્વરૂપની ચિંતનાત્મક જે ક્રિયા થાય છે, તેને આશ્રયીને અરિહંતની પ્રતિમાને ચૈત્ય કહેલ છે.

**वंदणवत्तियाए :-**

વંદન=અભિવાદન=પ્રશસ્ત કાયા, વચન અને મનની પ્રવૃત્તિ, તે વંદન. વંદનના નિમિત્તે હું કાયોત્સર્ગ કરું છું, એમ અન્વય છે.

તે વંદનની ક્રિયાથી જે ફળ પ્રાપ્ત થાય તે આ કાયોત્સર્ગથી મને થાઓ, તે અભિલાષ 'वंदणवत्तियाए' થી કરવામાં આવે છે.

આશય એ છે કે, ભગવાનની પ્રતિમાને જોઈને કાયાને, વચનને અને મનને, તેમના પ્રત્યે પૂજ્યભાવની વૃદ્ધિનું કારણ બને તે રીતે પ્રવર્તાવવાં તે વંદનક્રિયા છે.

**કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ :-** અરિહંતની પ્રતિમાને જોઈને બે હાથ જોડી, મસ્તક નમાવી, પંચાંગ પ્રણિપાત કરવામાં આવે ત્યારે વંદનને અભિમુખ કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ છે.

**વચનની પ્રશસ્ત પ્રવૃત્તિ :-** તે જ વખતે ભગવાનના ગુણો તરફ પોતાનું ચિત્તગમન થાય તેવા પ્રકારના વચનપ્રયોગ કરવામાં આવે તે વચનની પ્રશસ્ત પ્રવૃત્તિ છે.

**મનની પ્રશસ્ત પ્રવૃત્તિ :-** તે જ વખતે ભગવાનના અપાયાપગમાતિશયાદિ ભાવોની સ્મૃતિપૂર્વક મનોયોગને પ્રવર્તાવવામાં આવે, તેથી ચિત્ત તે ગુણોથી ઉપરંજિત બને તેવી ચિત્તની પ્રવૃત્તિ તે મનની પ્રશસ્ત પ્રવૃત્તિ છે. આ પ્રકારના વંદનથી જે ફળ મળે તે મને આ કાયોત્સર્ગથી થાઓ એ આશય છે.

**पूअणवत्तियाए :-**

પૂજન=ગંધમાલ્યાદિથી ભગવાનનું પૂજન=કેસર-સુખડ આદિ સુગંધી દ્રવ્યોથી અને પુષ્પાદિથી ભગવાનનું પૂજન.

ભગવાનને વંદન કર્યા પછી ભગવાનનું પૂજન કરવાનો અભિલાષ થાય છે. તે પૂજનની ક્રિયાથી જે ફળ થાય, તે ફળ મને આ કાયોત્સર્ગથી થાઓ, એ અભિલાષ 'पूअणवत्तियाए' થી કરવામાં આવે છે.

**सक्कारवत्तियाए :-**

સત્કાર=શ્રેષ્ઠ વસ્ત્ર અલંકારાદિથી સત્કાર. ભગવાનને શ્રેષ્ઠ વસ્ત્ર-અલંકારાદિ દ્વારા સત્કાર કરવાથી જે ફળ પ્રાપ્ત થાય, તે ફળ પ્રસ્તુત કાયોત્સર્ગથી મને થાઓ, તેવો અભિલાષ 'सक्कारवत्तियाए' થી કરવામાં આવે છે.

**सम्माणवत्तियाए :-**

સન્માન=ભગવાનની સ્તુતિ આદિ દ્વારા તેમના ગુણોની ઉન્નતિનું કરવું=જગતમાં ભગવાનના ગુણોની અતિશયતા ખ્યાપન કરવી તે સન્માન અથવા સન્માન= ભગવાન પ્રત્યેની માનસ-પ્રીતિ-વિશેષ. ભગવાનનું સન્માન કરવાથી જે ફળ મળે છે, તે ફળ મને પ્રસ્તુત કાયોત્સર્ગથી પ્રાપ્ત થાઓ, તેવો અભિલાષ 'सम्माणवत्तियाए' થી કરવામાં આવે છે.

ભગવાનના વંદન-પૂજનાદિથી પોતાને શું પ્રાપ્ત કરવું છે, તે બતાવવા માટે કહે છે –

**बोहिलाभवत्तियाए :-**

ભગવાનને વંદન-પૂજન-સત્કાર-સન્માન કરવાથી જીવને બોધિલાભની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રસ્તુત કાયોત્સર્ગથી કરેલ વંદન, પૂજન, સત્કાર અને સન્માનના ફળરૂપે મને બોધિલાભની પ્રાપ્તિ થાઓ, તેવો અભિલાષ 'बोहिलाभवत्तियाए' થી કરવામાં આવે છે.

**અહીં બોધિની પ્રાપ્તિ એટલે ભગવાનના શાસનની પ્રાપ્તિ. ભગવાનના શાસનની પ્રાપ્તિ એટલે ભગવાનના વચનનો યથાર્થ બોધ અને તે બોધ અનુસાર સંયમમાં સુદૃઢ યત્ન,** એટલો બોધિ શબ્દનો અર્થ છે. તેથી 'बोहिलाभवत्तियाए' બોલતી વખતે તે જ ભાવ હોય કે, પ્રસ્તુત કાયોત્સર્ગથી મને ભગવાનનું શાસન પ્રાપ્ત થાઓ અને તેમના શાસનને પ્રાપ્ત કરીને અપ્રમાદભાવથી હું સંયમમાં યત્ન કરું તેવી શક્તિ મને પ્રાપ્ત થાઓ.

અહીં પ્રશ્ન થાય કે, આવો બોધિલાભ શા માટે જોઈએ છે ? તે બતાવવા માટે કહે છે –

**निरुवसग्गवत्तियाए :-**

નિરુપસર્ગ એટલે મોક્ષ. સાધકને ભગવાનનાં વંદન-પૂજનાદિથી બોધિલાભ મેળવીને અંતે મોક્ષને મેળવવાનો અભિલાષ છે, અને તે મોક્ષરૂપ ફળ જેમ વંદન-પૂજન આદિથી બોધિલાભ દ્વારા જીવને પ્રાપ્ત થાય છે, તેમ પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા મોક્ષરૂપ ફળ મને પ્રાપ્ત થાઓ, એ પ્રકારનો અભિલાષ 'निरुवसग्गवत्तियाए' થી કરવામાં આવે છે.

મોક્ષ માટે બોધિલાભ અને બોધિલાભ માટે વંદન-પૂજન-સત્કાર-સન્માન અને તે પણ કાયોત્સર્ગ દ્વારા અને તે પણ વધતી જતી શ્રદ્ધા આદિથી. આ છે સાંકળ.

અહીં પ્રશ્ન થાય કે, કઈ રીતે કાયોત્સર્ગ કરવામાં આવે તો પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા ભગવાનનાં વંદન-પૂજનાદિનું ફળ પ્રાપ્ત થાય ? તેથી કહે છે -

"વધતી જતી શ્રદ્ધા આદિ ભાવોથી આ કાયોત્સર્ગ કરું છું," જેથી પૂર્વમાં બતાવેલા ફળની પ્રાપ્તિ થાય.

**सद्धाए=શ્રદ્ધાપૂર્વક :-**

શ્રદ્ધા અર્થાત્ નિજ અભિલાષ અર્થાત્ મિથ્યાત્વમોહનીય કર્મના ક્ષયોપશમ આદિથી જન્ય એવો ચિત્તનો પ્રસાદ અર્થાત્ 'હું ચૈત્યવંદન કરું' - એવી ઈચ્છા માત્ર નહીં, પરંતુ મિથ્યાત્વમોહનીયના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી આત્માને પરમાત્માના સ્વરૂપનો કંઈક બોધ થવાના કારણે ચિત્તમાં પ્રસન્નતા થવાથી ભગવાન પ્રત્યે વધતા જતા બહુમાનભાવથી ચૈત્યવંદન કરવાનો જે અભિલાષ થાય છે, તે શ્રદ્ધા છે. તે વધતી જતી શ્રદ્ધાથી કાયોત્સર્ગ કરવાનો છે, પણ કોઈના બલાત્કારથી નહીં.

આ શ્રદ્ધાનું=નિજઅભિલાષનું, સ્વરૂપ કેવું છે ? તે ચાર લક્ષણથી જણાવે છે –

**(૧) શ્રદ્ધા=નિજઅભિલાષ, જીવાદિ તત્ત્વોને અનુસરનાર છે :-**

ચૈત્યવંદનનો અભિલાષ માત્ર ક્રિયામાં જ વિશ્રાંત નથી પામતો, પરંતુ સાધકને થયેલ જીવાદિ તત્ત્વોનો બોધ જેમ આશ્રવભાવથી નિવૃત્તિ કરાવી સંવરભાવ પ્રત્યે પ્રવૃત્તિ કરવામાં ઈચ્છા પેદા કરે, તેમ અહીં નિજ અભિલાષ, ચૈત્યવંદનકાળ દરમ્યાન આશ્રવના નિરોધ માટે અને સંવરભાવને ઉલ્લસિત કરવા પ્રત્યે વલણવાળો હોવાથી જીવાદિ તત્ત્વોને અનુસરનાર કહેલ છે.

**(૨) શ્રદ્ધા=નિજઅભિલાષ, સમારોપના વિઘાતને કરનાર છે :-** સંસારી જીવો, સંસારના ઈષ્ટ વિષયોમાં 'આ મારા સુખનું સાધન છે' અને અનિષ્ટ વિષયોમાં 'આ મારા દુઃખનું સાધન છે' એવો સમારોપ કરતા હોય છે, અને એવો સમારોપ કરીને સંસારમાં પરિભ્રમણ કરતા હોય છે; પરંતુ જ્યારે વીતરાગની મૂર્તિ જોઈને વીતરાગ પ્રત્યે બહુમાનભાવ થાય છે, ત્યારે ભક્તિથી ચૈત્યવંદન કરવાનો નિજઅભિલાષ થાય છે, અને તે અભિલાષ વીતરાગભાવને અભિમુખ પરિણામવાળો હોવાથી, જેમ વીતરાગ, બાહ્ય પદાર્થોમાં 'આ સુખનાં સાધન છે અને આ દુઃખનાં સાધન છે,' તેવો સમારોપ કરતા નથી; તેમ વીતરાગની ભક્તિ કરનાર સાધક પણ, "સમતાનો પરિણામ જ મારે માટે ઈષ્ટ છે અને અસમતાનો પરિણામ અનિષ્ટ છે," તેવી બુદ્ધિને ધારણ કરીને ચૈત્યવંદનનો અભિલાષ કરે છે, અને આ ચૈત્યવંદનનો અભિલાષ વીતરાગભાવ પ્રત્યે જવાના યત્ન સ્વરૂપ હોવાથી વિષયોમાં ઈષ્ટત્વ અને અનિષ્ટત્વના સમારોપનો વિઘાત કરનાર છે.

**(૩) શ્રદ્ધા=નિજઅભિલાષ, કર્મ અને ફળના સંબંધના અસ્તિત્વાદિ સંપ્રત્યય આકારવાળો છે :-** ચૈત્યવંદન કરવાનો નિજઅભિલાષ શુભાશુભ કર્મ અને તેના કાર્યરૂપ શુભાશુભ ફળ, એ બેની વચ્ચે વાસ્તવિક કાર્યકારણભાવરૂપે સંબંધ છે, એ પ્રકારની પ્રતીતિ કરાવનાર છે. વળી તે નિજઅભિલાષ કર્મના અસ્તિત્વની પ્રતીતિ કરાવનાર છે, અને 'આદિ' શબ્દથી આત્મા છે અને તે પરિણામી છે ઈત્યાદિ સમ્યક્ પ્રતીતિ કરાવનાર છે.

ભગવાનના વીતરાગતા આદિ ભાવોને જોઈને ભગવાન પ્રત્યે પૂજ્યબુદ્ધિ થવાથી જ્યારે ચૈત્યવંદનની પ્રવૃત્તિ થાય છે, ત્યારે સાધકને "આ ભગવાન વીતરાગ છે અને હું તેવો નથી", તેવી સ્પષ્ટ બુદ્ધિ થવા માંડે છે, અને તેથી

તેને પ્રતીતિ થાય છે કે, "કર્મનું અસ્તિત્વ મારા ઉપર છે, તેથી હું તેના શુભાશુભ ફળને ભોગવનારો છું, જ્યારે આ ભગવાન તો સર્વ કર્મથી મુક્ત થયા છે, માટે વીતરાગ છે. વળી મારામાં વીતરાગભાવથી વિરુદ્ધ જે આવા ભાવો વર્તે છે, તે કર્મના ફળરૂપ છે, જે બતાવે છે કે જગતમાં કર્મનું અસ્તિત્વ છે અને કર્મના ફળનો સંબંધ છે. માટે હું વીતરાગની ઉપાસના કરીને આ મારા કર્મનો ઉચ્છેદ કરું," એવી સ્થિર રુચિ સાધકને ચૈત્યવંદનકાળમાં ઉલ્લસિત થાય છે. કર્મ અને કર્મફળ આદિ વિષયક પોતાની સમ્યક્ પ્રતીતિના આકારવાળી= સ્વરૂપવાળી, આ શ્રદ્ધા છે, અને વધતી જતી શ્રદ્ધાથી ચૈત્યવંદન કરવાથી આ પ્રતીતિ અતિશયિત થાય છે.

આશય એ છે કે, વીતરાગને જોઈને સાધકને ચૈત્યવંદન કરવાનો અભિલાષ થાય છે, તે અર્થથી સાધકનો એ ભાવ બતાવે છે કે, "પોતે વીતરાગ નથી, કર્મથી પરતંત્ર છે અને કર્મ છે તેથી સંસાર છે અને કર્મના ઉચ્છેદથી મોક્ષ છે; જ્યારે ભગવાન તો કર્મથી મુક્ત છે અને કર્મનો ઉચ્છેદ કરીને મોક્ષમાં પહોંચ્યા છે." આ રીતે કર્મનું અસ્તિત્વ અને કર્મનો ફળની સાથે સંબંધ ઈત્યાદિ પ્રતીતિરૂપ આકાર, ચૈત્યવંદનની ઈચ્છામાં રહેલો છે. તેથી "હું પણ હવે આવા વીતરાગની ભક્તિ કરી મોક્ષમાં પહોંચું, જેથી સર્વ ઉપદ્રવરહિત મોક્ષની પ્રાપ્તિ મને થાય," તેવો પરિણામ વિચારકને ચૈત્યવંદન કરવાના અભિલાષમાં વર્તે છે.

આવી પ્રતીતિ જેઓને બીજરૂપે અંશથી પણ નથી, તેઓમાં પરમાર્થથી શ્રદ્ધા નથી અને તેઓનો ચૈત્યવંદન કરવાનો અભિલાષ એ શબ્દમાત્ર રૂપ છે, પરમાર્થથી ચૈત્યવંદન કરવાના અભિલાષરૂપ જ નથી.

**(૪) શ્રદ્ધા=નિજઅભિલાષ, ચિત્તકાલુષ્યઅપનાયી ધર્મ :-** વીતરાગને વીતરાગરૂપે જોઈને વીતરાગ પ્રત્યે ઊઠેલી ભક્તિ ચૈત્યવંદન કરવાનો અભિલાષ પેદા કરે છે, અને આવો ચૈત્યવંદન કરવાનો અભિલાષ જેમ જેમ ઉપયોગરૂપે વધતો હોય છે, તેમ તેમ ચિત્તમાં ભોગાદિ પદાર્થોનો ક્લેશ ઘટતો જાય છે; અને જેમ નિર્લેપ મુનિઓ ક્લેશ વગરના સ્વાભાવિક સુખને અનુભવે છે, તેમ ચૈત્યવંદન કરવાના ઉલ્લાસવાળો સાધક પણ તે જ દિશા પ્રત્યે જનારો હોવાથી

તેનું ચિત્ત પણ સંસારના ભાવોથી પર થતું જાય છે, જેથી ચિત્તમાં ક્રમસર ક્લેશ ઘટે છે અને ભાવ આરોગ્યની વૃદ્ધિ થાય છે.

**मेहाए=મેધાથી** :-

વધતી જતી મેધાથી કાયોત્સર્ગ કરવાનો છે, પણ જડપણાથી નહીં. તેથી એ પ્રાપ્ત થાય કે, જેમ કાયોત્સર્ગ કરતી વખતે નિજઅભિલાષ=શ્રદ્ધા આવશ્યક છે, તેમ સૂક્ષ્મ ઊહ પણ આવશ્યક છે અર્થાત્ કોઈ જીવ સુસ્તીવાળો હોય કે માનસયત્ન વિનાનો હોય, તેનો તો કાયોત્સર્ગ જડત્વથી જ થાય છે, પરંતુ સૂત્રમાં માનસઉપયોગ હોવા છતાં સૂક્ષ્મ ઊહ ન પ્રવર્તે તેવો કાયોત્સર્ગ પણ જડપણાથી જ થયેલો ગણાય છે. તેથી બોલાતા સૂત્રના વાચ્ય ભાવોના સૂક્ષ્મભાવને સ્પર્શવા માટે ઊહ પ્રવર્તતો હોય તો જ મેધા પ્રવર્તે છે. જેમ કે લોગસ્સ સૂત્ર કે નમોત્થુણં સૂત્ર બોલાતું હોય અને મેધા વર્તતી હોય તો સૂત્રથી વાચ્ય સૂક્ષ્મભાવોરૂપે તીર્થંકરના સ્વરૂપનો બોધ થાય.

ચાર લક્ષણથી મેધાનું સ્વરૂપ બતાવતાં કહે છે –

**(૧) મેધા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ ચિત્તધર્મરૂપ ગ્રંથ-ગ્રહણ-પટુ પરિણામ છે** :- ચૈત્યવંદનકાળમાં પ્રવર્તતી મેધા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પેદા થયેલ ચિત્તધર્મ છે. જે વ્યક્તિને જેનું મહત્ત્વ હોય ત્યાં જ તેનો અભિલાષ વર્તે છે. જેને મોક્ષનું અતિ મહત્ત્વ હોય તેને મોક્ષનો= સંસારસાગરથી તરવાનો, અભિલાષ હોય, અને તેથી તેને જેમ તેના ઉપાયભૂત સદ્‌ગ્રંથોમાં રુચિ હોય, તેમ સદ્‌ગ્રંથના જ અવયવભૂત પ્રસ્તુત ચૈત્યવંદનમાં પણ રુચિ હોય; અને જ્યાં તાત્ત્વિક રુચિ હોય ત્યાં અવશ્ય તેની મેધા વ્યાપૃત થાય છે. તેથી સદ્‌ગ્રંથના અધ્યયન વખતે તાત્પર્યને ગ્રહણ કરવામાં જેમ તેની મેધા પ્રવર્તે છે, તેમ પ્રસ્તુત કાયોત્સર્ગ કરતી વખતે તેના પરમાર્થમાં પણ તેની મેધા પ્રવર્તે છે.

વળી આ મેધા માત્ર બોલાતા સૂત્રમાં ઉપયોગરૂપ નથી હોતી, પરંતુ તેના તાત્પર્યને સ્પર્શવા માટેના પણ યત્નસ્વરૂપ હોય છે. તેથી મેધાપૂર્વક કરાતા કાયોત્સર્ગમાં જે શુભધ્યાન કરવામાં આવે છે, તેમાં ચિંતવન કરાતા પદાર્થોનો કંઈક વિશેષ વિશેષ બોધ તે મેધાથી થાય છે. આથી જ કાયોત્સર્ગમાં

ચિંતવન કરાતા નવકારસૂત્રનો પૂર્વમાં જે બોધ હોય છે, તે મેધાથી કરાતા કાયોત્સર્ગને કારણે કંઈક વિશેષ પરમાર્થને સ્પર્શનારો બને છે, અને અત્યંત ઉપયોગપૂર્વક જે સાધકો કાયોત્સર્ગ કરે છે, તેઓની આવી મેધા કાયોત્સર્ગકાળમાં પ્રવર્તે છે.

પરંતુ યોગની આદ્ય ભૂમિકાવાળા જીવો જ્યારે સૂત્રોના અર્થો આદિ યોગી પાસે સાંભળે છે ત્યારે શ્રદ્ધા-મેધાદિ ભાવો કંઈક કરતા હોય છે અને તે જ ભાવો ચૈત્યવંદનની પ્રવૃત્તિમાં કારણ હોય છે. તેથી મંદ મંદ મેધા ત્યાં હોવા છતાં તેઓ વ્યક્ત શ્રદ્ધા-મેધાદિ ભાવો કરી શકતા નથી.

**(૨) મેધા પાપશ્રુત-અવજ્ઞાકારી છે :-**

મેધારૂપ ચિત્તધર્મ પાપશ્રુતનો અવજ્ઞાકારી છે અર્થાત્ મિથ્યા શાસ્ત્રો તે પાપશ્રુતરૂપ છે, અને મિથ્યાશાસ્ત્રોને ભણવાનો, સમજવાનો, જાણવાનો, અભિલાષ ન થાય તેવો અવજ્ઞાનો પરિણામ કાયોત્સર્ગકાળમાં પ્રવર્તતી મેધાથી થાય છે; કેમ કે કાયોત્સર્ગકાળમાં પ્રવર્તેલ મેધાથી જે ભગવાનના ગુણોનો પરમાર્થ અનુભવાયો, તેથી તુચ્છ એવા પાપશ્રુત પ્રત્યે અવજ્ઞા પેદા થાય છે. તેથી હંમેશાં સત્શાસ્ત્રોના પરમાર્થને પકડવા જ બુદ્ધિ વ્યાપૃત થાય છે, પરંતુ કષાયોની વૃદ્ધિ કરે, ઈન્દ્રિયોની વૃત્તિઓને પુષ્ટ કરે કે ઉન્માદ જગાડે ઈત્યાદિ સંસારભાવોનાં પોષક એવાં શાસ્ત્રો પ્રત્યે તેની રુચિ રહેતી નથી.

**(૩) મેધા ગુરુવિનયાદિ વિધિવાળાથી લભ્ય છે :-**

મેધારૂપ ચિત્તધર્મ ગુરુવિનયાદિરૂપ વિધિવાળી વ્યક્તિને લભ્ય છે= પ્રાપ્ત થાય છે. સંસારનિસ્તરણના ઉપાયભૂત સદ્ગ્રંથોના પરમાર્થને પકડવાની તીવ્ર લાલસાવાળા સાધકને, સદ્ગુરુ જ તેની પ્રાપ્તિના ઉપાયરૂપ લાગે છે. તેથી તે તેમની પાસે વિનયાદિ બહુમાનપૂર્વક સદ્ગ્રંથોને ભણવાની મહેનત કરતાં સદ્ગ્રંથોના પરમાર્થને સ્પર્શી શકે તેવી મેધા પ્રાપ્ત કરે છે. પરંતુ જેઓ સદ્ગુરુઓ પ્રતિ વિનયાદિવાળા નથી, પણ શાસ્ત્રનો અભ્યાસ કરે છે, તેઓ પટુ પ્રજ્ઞા હોય તો શાબ્દબોધ સ્વરૂપે સદ્ગ્રંથો પ્રાપ્ત કરી લે, પણ પરમાર્થને સ્પર્શનારી મેધા તેમને પ્રાપ્ત થતી નથી. જ્યારે ક્વચિત્ અલ્પ પ્રજ્ઞાવાળા પણ, શાસ્ત્રના દેશક ગુરુ પ્રત્યે અને સત્શાસ્ત્રો પ્રત્યે અતિ બહુમાનભાવવાળા

હોય, તો અપૂર્વ પદાર્થને જોઈ શકે તેવી કોઈ નિર્મળ મેધા તેમનામાં પ્રગટી જાય છે; અને કેવળ પટુ બુદ્ધિના અભાવે શાબ્દબોધની મર્યાદામાં ક્વચિત્ સ્ખલના પામવા છતાં પણ જે કંઈ સદ્ગ્રંથોના પદાર્થો જાણ્યા છે, તેના પરમાર્થને સ્પર્શે તેવી મેધાવાળા ક્રમસર બની શકે છે અને ગુરુવિનયાદિ વિધિમાં યત્ન કરનારને જ ચૈત્યવંદનમાં પણ મેધા પ્રાપ્ત થાય છે.

**(૪) મેધા સદ્ગ્રંથોનો મહાન ઉપાદેય પરિણામ છે :-**

મેધા એ સત્શાસ્ત્રોનો મહાન ઉપાદેય પરિણામ છે. જેમ રોગીને સમ્યગ્ ઔષધની પ્રાપ્તિ થતાં તેના સેવનમાં 'આ ઔષધ જ હવે મારે વિધિપૂર્વક સેવવું છે,' એવી તીવ્ર લાલસાવાળો મહાન ઉપાદેયનો પરિણામ હોય છે અને ગ્રહણ કરતી વખતે આદરભાવ હોય છે; તેમ સંસારવર્તી ભાવરોગવાળા જીવોને ભાવરોગના નાશના ઉપાયભૂત સત્શાસ્ત્રોને સમ્યગ્ વિધિપૂર્વક જાણવા માટે મહાન ઉપાદેયતાનો પરિણામ હોય છે અને ગ્રહણ કરતી વખતે આદરભાવ હોય છે અને આવા સત્શાસ્ત્રો પ્રત્યે આદરવાળા સાધક 'અરિહંત ચેઈયાણં' આદિ સૂત્રરૂપ સત્શાસ્ત્રો પ્રત્યે કાયોત્સર્ગકાળમાં સમ્યગ્ મેધા પ્રવર્તાવી શકે છે. પરંતુ જેઓને હજુ તેટલી ભૂમિકા સંપન્ન નથી, તો પણ ચૈત્યવંદન કરવાની વિધિનું શ્રવણ ગુરુમુખે કરે તે વખતે, 'આવી ઉત્તમ મેધાથી કાયોત્સર્ગ કરવાનો કહ્યો છે, તો હું પણ તેવી મેધાથી યત્ન કરું,' એવા અભિલાષવાળા થાય છે, છતાં ક્રિયાકાળમાં તેવી મેધા પ્રવર્તાવી શકતા નથી, તેઓમાં પણ બીજમાત્રરૂપે મેધા છે, તેથી તેઓનો કાયોત્સર્ગ સર્વથા નિષ્ફળ નથી.

**धिईए=ધૃતિથી :-**

વધતી જતી ધૃતિથી કાયોત્સર્ગ કરવાનો છે, પરંતુ રાગાદિ આકુળતાથી નહીં અર્થાત્ કાયોત્સર્ગકાળમાં, મારે કાયોત્સર્ગને સમ્યક્ કરવો છે તે પ્રકારના કાયોત્સર્ગના રાગથી, અને કાયોત્સર્ગની સ્ખલના પ્રત્યેના દ્વેષથી યત્ન કરવાનો છે; પરંતુ કાયોત્સર્ગમાં સુદૃઢ યત્નમાં પ્રમાદઆપાદક રાગાદિ ભાવોથી આકુળ થઈને કાયોત્સર્ગ કરવાનો નથી. વળી આ ધૃતિ તે ચિત્તના પ્રણિધાનરૂપ છે. પ્રણિધાન=કાયોત્સર્ગના પ્રારંભથી નિષ્ઠાપર્યંત અર્થાત્ સમાપ્તિ પર્યંત,

કાયોત્સર્ગકાળમાં કરાતા ચિંતવન દ્વારા સમભાવમાં સુદૃઢ યત્ન થાય અને સંવેગની વૃદ્ધિ થાય, તે રીતે જ મનોયોગને પ્રવર્તાવવાનો નિશ્ચય, તે પ્રણિધાન. આ પ્રકારનું ચિત્તનું પ્રણિધાન રાગાદિ અનાકૂળપણાથી કાયોત્સર્ગ નિષ્પન્ન કરી શકે છે.

ધૃતિનું સ્વરૂપ બતાવતાં કહે છે :-

ધૃતિ મોહનીયકર્મના ક્ષયોપશમથી થનારી છે :- મોહનીયકર્મના ક્ષયોપશમથી=ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી, થનારી આ ધૃતિ છે. કાયોત્સર્ગકાળમાં ક્રિયાની સમ્યગ્ નિષ્પત્તિ કરાવી શકે તેવા પ્રકારના ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી પેદા થયેલ આ ધૃતિ હોવાથી, કાયોત્સર્ગની ક્રિયા, ઉચિત પરિણામો કરીને સંવેગની વૃદ્ધિ કરવા સમર્થ બની શકે છે.

**ધૃતિનાં બે લક્ષણ બતાવે છે :-**

**(૧) ધૃતિ દૈન્ય અને ઔત્સુક્યરહિત છે :-** આ ધૃતિ દૈન્ય=દીનતા, અને ઔત્સુક્ય=ઉત્સુકતાથી, રહિત છે. કાયોત્સર્ગમાં સુદૃઢ યત્ન અતિ દુષ્કર જોઈને પોતાનામાં તેવું સામર્થ્ય નહીં જોવાથી સાધકને દીનતાનો ભાવ થાય, અને પોતાની શક્તિનું સમાલોચન કર્યા વગર શીઘ્ર હું ફળ પ્રાપ્ત કરી લઉં, તેવો ઉત્સુકતાનો પરિણામ થાય. આ બંને પરિણામો સમ્યક્ ક્રિયામાં દોષરૂપ છે. જ્યારે વિવેકસંપન્ન જીવ તો દુષ્કર કાર્યને જોઈને દીનતાને ધારણ ન કરતાં શક્તિના પ્રકર્ષથી તેમાં યત્ન કરે છે; કેમ કે વિવેકી સાધક જાણે જ છે કે, પ્રયત્નસાધ્ય ભાવો ક્રમથી જ નિષ્પન્ન થાય છે, તેથી મારામાં જે શક્તિ છે, તે શક્તિ પણ જો હું પૂર્ણ શક્તિથી વ્યાપૃત કરું તો દુષ્કર પણ કાયોત્સર્ગની ક્રિયા ક્રમસર મને સમ્યક્ નિષ્પન્ન થશે. તેથી તે અલ્પ સામર્થ્યકૃત દીનતાને, અને પોતે પ્રયત્ન કરે છે તેના કરતાં અધિક ફળની વાંછારૂપ ઉત્સુકતાને, ધારણ કરતો નથી, પરંતુ અપ્રમાદપણે ધૃતિના બળથી ઉત્તર ઉત્તરની શક્તિનો સંચય કરીને કાયોત્સર્ગ સમ્યક્ નિષ્પન્ન કરવા યત્ન કરે છે.

**(૨) ધૃતિ ધીર-ગંભીર આશયરૂપ છે :-** આ ધૃતિનો પરિણામ દુષ્કર પણ કાર્યમાં ધૈર્યપૂર્વક અને ગંભીરતાપૂર્વક ઉચિત દિશા પકડીને સુદૃઢ યત્ન કરાવે તેવા વિવેકથી યુક્ત છે.

જેમ કોઈ જીવને ચિંતામણિ રત્નની પ્રાપ્તિ થઈ હોય તો, હવે મારી દરિદ્રતા અવશ્ય નાશ થશે તેવો વિશ્વાસ હોવાથી, અત્યંત ધૈર્યપૂર્વક ચિંતામણિની વિધિમાં યત્ન કરે છે; તેમ ચિંતામણિ તુલ્ય જૈનધર્મને પામીને, વિવેકી સાધક, હવે અવશ્ય મારા સંસારનો ઉચ્છેદ થશે, તેવા અત્યંત વિશ્વાસપૂર્વક, રાગાદિથી આકુળ થયા વગર, અપ્રમાદભાવથી જૈનશાસનનાં અનુષ્ઠાનોને સેવે, તેમ કાયોત્સર્ગ પણ અપ્રમાદભાવથી સેવે, તેવી આ ધૃતિ છે.

**धारणाए=ધારણાથી :-**

વધતી જતી ધારણાથી કાયોત્સર્ગ કરવાનો છે, પરંતુ ચિત્તશૂન્યપણા વડે કરવાનો નથી. ચિત્તશૂન્યતાથી અહીં માત્ર અન્યમનસ્કતા જ ગ્રહણ કરવાની નથી, પરંતુ બોલાતા સૂત્રના પૂર્વ પૂર્વના અનુસંધાનપૂર્વક ઉત્તરોત્તર સૂત્રમાં યત્ન ન હોય, તો તે ક્રિયા પણ ચિત્તશૂન્યતાથી જ થઈ કહેવાય. તેવી ચિત્તશૂન્યતાથી કાયોત્સર્ગ કરવાનો નથી, પરંતુ અધિકૃત વસ્તુની અવિસ્મૃતિથી કાયોત્સર્ગ કરવાનો છે=જે ચૈત્યવંદનાદિ ક્રિયા ચાલતી હોય તે રૂપ અધિકૃત વસ્તુમાં બોલાતા ભગવાનના ગુણોમાં અવિસ્મૃતિ રાખીને કાયોત્સર્ગ કરવાનો છે.

હવે ધારણાનું સ્વરૂપ બતાવે છે.

**(૧) ધારણા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઊઠેલી અવિચ્યુતિ આદિ ભેદવાળી છે :-** આ ધારણા ચૈત્યવંદન વખતે ચૈત્યવંદનનાં સૂત્રોમાં કરાતા યત્નથી જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને કારણે પ્રગટ થયેલી અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિરૂપ ત્રણ ભેદવાળી છે.

**અવિચ્યુતિ** = બોલતી વખતે સૂત્રના અર્થમાં ઉપયોગ રાખવો તે અવિચ્યુતિરૂપ ધારણા.

**વાસના** = બોલતી વખતે સૂત્રના અર્થમાં ઉપયોગ રાખતાં આત્મામાં વાસનારૂપે દઢ સંસ્કારો પડે છે તે વાસનારૂપ ધારણા

**સ્મૃતિ** = ઉત્તર-ઉત્તરના સૂત્રોની સાથે પૂર્વ-પૂર્વનાં અનુસંધાનનું અવિસ્મરણ હોય તે સ્મૃતિરૂપ ધારણા છે.

આશય એ છે કે, જેમ કોઈ વ્યક્તિને ઘડો જોઈતો હોય તો કહે કે,

'घटम् आनय'='ઘડાને લાવ.' આ પ્રયોગ સાંભળનારનો ઉપયોગ પ્રથમ 'घटम्' શબ્દને સાંભળવા તરફ અને પછી 'आनय' શબ્દને સાંભળવા તરફ જાય છે, અને ત્યારે પૂર્વે સાંભળેલા घटम् શબ્દમાં શ્રવણકાળમાં જે ઉપયોગ હતો, તે ઉપયોગ 'आनय' શબ્દના શ્રવણકાળમાં હોતો નથી, તો પણ 'घटम् શબ્દના સંસ્કારો પડેલા હોય છે અને સાંભળનાર વ્યક્તિને તે સંસ્કારોનું અવિસ્મરણ હોવાના કારણે 'आनय' શબ્દ સાથે 'घटम्' નું અનુસંધાન તેને થાય છે, તેથી આ વ્યક્તિ મને ઘટ લાવવાનું કહે છે, તેવો શાબ્દબોધ તેને થાય છે. આ સ્મૃતિરૂપ ધારણા છે. તે જ રીતે નમોત્થુણં સૂત્રમાં અને ચૈત્યવંદન આદિ કરતાં દરેક સૂત્રમાં, પરસ્પર એકવાક્યતા જોડીને આખા સૂત્રથી અખંડ શાબ્દબોધ થાય તે રીતે બોધ કરવા માટે સૂત્ર અને અર્થનો ઉપયોગ રાખવો, તે અવિચ્યુતિરૂપ ધારણા; બોલાતા સૂત્રના ચિત્તમાં પડતા સંસ્કારો ઉત્તરનું સૂત્ર બોલતી વખતે સંસ્કારરૂપે અવસ્થિત રહે, તે વાસનારૂપ ધારણા; અને ઉત્તરોત્તર બોલતી વખતે પૂર્વ પૂર્વના સૂત્રોનું અનુસંધાન કરીને એકવાક્યતાથી ઉપસ્થિત થાય તે રીતે ઉપયોગ પ્રવર્તે, તે સ્મૃતિરૂપ ધારણા છે. આ રીતે નમોત્થુણં સૂત્રમાં દરેક સંપદાઓનો એકવાક્યતાથી શાબ્દબોધ થાય તે રીતે ઉપયોગ પ્રવર્તતો હોય તો ધારણાથી સૂત્રમાં ઉપયોગ વર્તે છે. તેથી સાધક જ્યારે સૂત્ર બોલે છે ત્યારે સૂત્ર અને અર્થમાં ઉપયોગ હોય, તે અવિચ્યુતિરૂપ ધારણા છે; સૂત્રના ઉત્તરોત્તર આલાવા બોલવાના સમયે પૂર્વ પૂર્વના આલાવાના સંસ્કારો આત્મા ઉપર અવસ્થિત હોય, તે વાસનારૂપ ધારણા છે; અને આખા સૂત્રની એકવાક્યતાથી ઉપસ્થિતિ હોય, તેમાં પૂર્વમાં બોલાયેલી સંપદાઓની અવિસ્મૃતિ હોય, તે સ્મૃતિરૂપ ધારણા છે.

આ રીતે જેમ એક સૂત્રનું અનુસંધાન છે, તેમ ચૈત્યવંદનની ક્રિયામાં બોલાતાં સર્વ સૂત્રોનું એકવાક્યતાથી અનુસંધાન કરીને આખું ચૈત્યવંદન બોલવામાં આવે તો ધારણાથી યુક્ત તે ચૈત્યવંદનની ક્રિયા બને છે; અને જો બોલતી વખતે સૂત્રમાં કે અર્થમાં ક્યાંય ઉપયોગ ન હોય તો અવિચ્યુતિ રૂપ ધારણા નથી, અને કદાચ અવિચ્યુતિરૂપ ધારણા હોય આમ છતાં ઉપયોગના દૃઢ સંસ્કાર ન પડ્યા હોય તો વાસનારૂપ ધારણા નથી. કદાચ અવિચ્યુતિ અને વાસનારૂપ ધારણા હોવા છતાં તે પ્રકારનો પૂર્વના બોલાયેલા સૂત્ર અને અર્થ

સાથે પ્રતિસંધાનનો ઉપયોગ ન હોય તો ઉત્તરનો ભાગ બોલતી વખતે પૂર્વના ભાગનું એકવાક્યતાથી અનુસંધાન થાય તેવી સ્મૃતિરૂપ ધારણા નથી. આ ત્રણ પ્રકારની ધારણા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પેદા થયેલી જીવના અપ્રમાદપૂર્વક કરાતા યત્નથી પ્રવર્તતી હોય છે.

**(૨) ધારણા આનુપૂર્વીવિષયક ચિત્તપરિણતિરૂપ છે :-** વળી આ ધારણા આનુપૂર્વીવિષયક ચિત્તપરિણતિરૂપ છે અર્થાત્ ચૈત્યવંદન આદિ ક્રિયા કરતા હોય ત્યારે, દરેક સૂત્રોના જે ક્રમથી પૂર્વ પૂર્વની સાથે ઉત્તર-ઉત્તરનું અનુસંધાન છે, તે જ ક્રમથી ધારણા રાખીને, અને દરેક સૂત્રોના ભાવને પણ તે જ ક્રમથી ધારણા કરીને, ભગવાન પ્રત્યેના બહુમાનભાવને વૃદ્ધિંગત કરી શકે તેવા પ્રકારની ચિત્તપરિણતિ, તે પ્રસ્તુત વસ્તુવિષયક આનુપૂર્વીવાળી ધારણા છે.

જેમ રત્નની માળામાં યોગ્ય રીતે રત્નોને ગોઠવવામાં આવે તો તે રત્નની માળાની કાંતિ દેદીપ્યમાન થાય છે, તેમ જે સાધક ચૈત્યવંદનની ક્રિયા કરતી વખતે સ્થાનમાં, ઊર્ણમાં, અર્થમાં અને આલંબનમાં યત્ન કરતો હોય, તે સાધક, જ્યારે વધતી જતી ધારણાથી ચૈત્યવંદનનાં દરેક સૂત્રો બોલે છે, ત્યારે દરેક સૂત્રોના પૂર્વ-પૂર્વના શબ્દને ઉત્તર-ઉત્તર વક્તવ્ય સાથે ઉચિત રીતે અનુસંધાન કરે છે; અને આ રીતે આખી ચૈત્યવંદનની ક્રિયાને એકવાક્યતાથી અનુસંધાન કરે છે, તેથી યથાસ્થાને ગોઠવાયેલા તે સૂત્રોના અર્થબોધથી તેના આત્મામાં અત્યંત રમ્ય તેવી યોગગુણની માળા નિષ્પન્ન થાય છે; કેમ કે સૂત્રોમાં તે જ રીતે સંપદાઓ આદિનું યોજન છે, અને ધારણાગુણથી સ્થાનાદિયોગવાળો યોગી તે જ રીતે યોગગુણોનું અનુસંધાન કરીને ચૈત્યવંદનની ક્રિયાથી આત્માને સમ્યગ્ વાસિત બનાવે છે, જે યોગનો પરિણામ મહાનિર્જરા કરાવીને ગુણસ્થાનકની વૃદ્ધિનું અને સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ બને છે.

જેમ કોઈ ફિલ્મ(પિક્ચર)નો રસિક જીવ પોતાને પ્રિય પિક્ચર અત્યંત ઉપયોગપૂર્વક જોતો હોય તો પિક્ચરના પ્રારંભથી અંતિમ ભાગ સુધીના દરેક અંગોને સ્મૃતિમાં રાખી શકે છે, તેટલું જ નહીં પણ જે ક્રમથી જે જે પ્રસંગો બનેલા હોય તે જ ક્રમથી અને તે જ પ્રકારના હાવભાવથી તેને અભિવ્યક્ત પણ કરી શકે છે; તેમ ચૈત્યવંદનની ક્રિયા યોગમાર્ગની એક વિશિષ્ટ પ્રકારની ક્રિયા છે, અને તેમાં વપરાતા દરેક શબ્દો ચોક્કસ ભાવને બતાવનારા છે અને

ચોક્કસ ક્રમથી ગોઠવાયેલા છે, તેને તે જ ક્રમથી યથાર્થ જાણીને કોઈ યોગી સ્થાનાદિમાં યત્ન કરતો હોય, તો પિક્ચર જોનાર જેમ તે તે પ્રસંગને ચિત્તમાં બરાબર ઉપસાવી શકે છે, તેમ ચૈત્યવંદનમાં યત્ન કરનાર યોગી તે તે સૂત્રોના તે તે અવયવોવાળા અપેક્ષિત ભાવોને ચિત્તમાં ઉપસાવી શકે છે. એટલું જ નહીં, પણ પૂર્વના સૂત્રનો અવયવ ઉત્તરના સૂત્રના અવયવ સાથે જે પ્રકારના અનુસંધાનવાળો છે, તે જ પ્રકારના તાત્પર્યનું અનુસંધાન કરીને ઉત્તરના ભાવમાં અતિશયતા લાવે છે.

જેમ પિક્ચરમાં પૂર્વનું વક્તવ્ય ઉત્તરની સાથે અનુસંધાનવાળું હોય તો જ ઉત્તરના તે પ્રસંગનું મહત્ત્વ જોનાર વ્યક્તિ સમજી શકે છે, પરંતુ જે જોનારને પિક્ચરના પૂર્વ-ઉત્તરના પ્રસંગનું કોઈ અનુસંધાન નથી, તેને તો માત્ર ચક્ષુથી દેખાતા રમ્ય પદાર્થમાત્રનો જ બોધ થાય છે, અધિક થતો નથી, જ્યારે પૂર્વાપરના અનુસંધાનથી પિક્ચરને જોનાર વ્યક્તિ પિક્ચરના હાર્દને પકડે છે. તેમ ચૈત્યવંદનની ક્રિયા પૂર્વાપરના અનુસંધાન વગર જે લોકો કરે છે, તેઓ આ ધર્મ અનુષ્ઠાન છે તેટલો જ ચિત્તનો પ્રસાદ મેળવે છે, પરંતુ જે યોગી સ્થાનાદિમાં યત્ન કરીને સૂત્રના દરેક અવયવોનું એકવાક્યતાથી અનુસંધાન કરે છે, તે સાધક, ધારણાના બળથી ચૈત્યવંદનના હાર્દને પ્રાપ્ત કરે છે, જેનાથી રમ્ય રીતે ગૂંથાયેલી એવી યોગની માળા આત્મામાં નિષ્પન્ન થાય છે.

**अणुप्पेहाए=અનુપ્રેક્ષાથી :-**

અનુપ્રેક્ષા એટલે તત્ત્વાર્થની અનુચિંતા. વધતી જતી અનુપ્રેક્ષાથી કાયોત્સર્ગ કરવાનો છે, પરંતુ પ્રવૃત્તિમાત્રપણાથી કરવાનો નથી.

આશય એ છે કે, સ્થાનાદિમાં યત્ન કરનાર યોગી શ્રદ્ધાદિથી માંડીને ધારણાદિમાં યત્ન કરતો હોય, તો પણ અનુપ્રેક્ષામાં યત્ન ન હોય, તો તે ચૈત્યવંદનની ક્રિયા પ્રવૃત્તિમાત્રથી બને છે. તેથી જેમ ધારણામાં યત્ન આવશ્યક છે, તેમ અનુપ્રેક્ષામાં પણ યત્ન આવશ્યક છે. અનુપ્રેક્ષા='ભગવાનના ગુણોથી આત્માને વાસિત કરવા માટે કરાતી ચૈત્યવંદનની ક્રિયા કઈ રીતે હું કરું કે જેથી વીતરાગ સાથે તન્મયભાવ થાય ? અને મારામાં તેવી વીતરાગતા આવિર્ભાવ પામે ?' આ પ્રકારના પરમાર્થરૂપ અર્થનું ચિંતવન તે અનુપ્રેક્ષા છે.

ચાર લક્ષણથી અનુપ્રેક્ષાનું સ્વરૂપ બતાવે છે –

**(૧) અનુપ્રેક્ષા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો અનુભૂત અર્થનો અભ્યાસવિશેષ છે :-** આ અનુપ્રેક્ષા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ અનુભૂત અર્થના અભ્યાસવિશેષરૂપ છે અર્થાત્ ધારણાકાળમાં જે સૂત્રનું અનુસંધાન કરી, યોગીને જે ભગવાનના ગુણોના સ્મરણથી અનુભવ થયો, તે અનુભૂત અર્થનો જ અતિશય કરવા માટેના યત્નસ્વરૂપ છે.

**(૨) અનુપ્રેક્ષા પરમ સંવેગનું કારણ છે :-** આ અનુપ્રેક્ષા પરમ સંવેગનું કારણ છે અર્થાત્ પૂર્વમાં સંવેગ હતો, તેનાથી પણ આ અનુપ્રેક્ષાને કારણે વિશેષ પ્રકારનો સંવેગ પેદા થાય છે.

**(૩) અનુપ્રેક્ષા સંવેગને દૃઢ કરનારી છે :-** વળી આ અનુપ્રેક્ષા સંવેગને દૃઢ કરનારી છે અર્થાત્ સંવેગ પામ્યા પછી પણ અન્ય અન્ય નિમિત્તોથી જીવમાં સંવેગની મ્લાની આવે છે, પરંતુ ચૈત્યવંદનકાળમાં કરેલી અનુપ્રેક્ષાના બળને કારણે પ્રગટ થયેલો સંવેગ, તેવો દૃઢ હોવાથી કોઈપણ નિમિત્તને પામીને સંવેગની સ્ખલના થવાની સંભાવના ઘટતી જાય છે. તેથી અનુપ્રેક્ષા સંવેગને દૃઢ કરનારી છે, તેમ કહેલ છે.

**(૪) અનુપ્રેક્ષા ઉત્તરોત્તર વિશેષ સંપ્રત્યય આકારવાળો કેવળજ્ઞાનને સન્મુખ ચિત્તધર્મ છે :-** વળી આ અનુપ્રેક્ષા પૂર્વ કરતાં વિશેષ પ્રકારના નિર્લેપભાવવાળા સંપ્રત્યયને=પ્રતીતિને, કરાવનાર છે, અને કેવળજ્ઞાનને સન્મુખ એવો ચિત્તધર્મ છે અર્થાત્ જો અનુપ્રેક્ષાપૂર્વક ચૈત્યવંદન કરવામાં આવે તો અનુપ્રેક્ષાકાળમાં વર્તતો ઊહ, ક્ષપકશ્રેણીને સન્મુખ એવો જીવનો નિર્લેપભાવ પ્રગટ કરે છે, જેથી આ અનુપ્રેક્ષાના બળથી આગામી કાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુલભ બને છે.

**वड्ढमाणीए :-**

વૃદ્ધિને પામતી=વધતી જતી, પણ સ્થિર નહીં. આ શબ્દ શ્રદ્ધાદિ પાંચે ભાવો સાથે જોડવાનો છે. તેથી વધતી જતી શ્રદ્ધા આદિ વડે કાયોત્સર્ગ કરવાનો છે.

**શ્રદ્ધાદિથી નિષ્પન્ન થતી યોગમાળા :-**

શ્રદ્ધા હોતે છતે મેધા પેદા થાય છે, મેધામાં પ્રયત્ન થતો હોય તો ધૃતિમાં યત્ન થઈ શકે, ધૃતિમાં યત્ન થતો હોય તો જ ધારણામાં યત્ન થઈ શકે અને ધારણામાં યત્ન થતો હોય તો અનુપ્રેક્ષામાં યત્ન થઈ શકે, પરંતુ પૂર્વ પૂર્વમાં યત્ન ન હોય તો ઉત્તર ઉત્તરમાં યત્ન થાય નહીં. માટે શ્રદ્ધાદિ પદાર્થોને બુદ્ધિમાં સ્થિર કરી, તે ભાવોમાં યત્ન કરવાથી, પ્રારંભિક અવસ્થામાં ત્રુટિત પણ ચૈત્યવંદન એક વખત પરિપૂર્ણ વિધિશુદ્ધ પણ બની શકે છે. કદાચ સત્ત્વની અલ્પતા હોય તો આ ભવમાં વિધિશુદ્ધ ચૈત્યવંદન ન પણ થાય, તો પણ અપ્રમાદભાવથી ચૈત્યવંદનની વિધિમાં કરાયેલો યત્ન જન્માંતરમાં વિધિશુદ્ધ ચૈત્યવંદનની નિષ્પત્તિનું કારણ બને છે. વળી ચૈત્યવંદનની ક્રિયામાં આ શ્રદ્ધાદિ પાંચ ભાવો ક્ષપકશ્રેણીની પ્રાપ્તિના કારણભૂત અપૂર્વકરણ નામની મહાસમાધિનાં બીજ છે. તેથી જેમ બીજમાંથી અંકુરો ફૂટે છે અને ક્રમસર વૃક્ષ થાય છે, તેમ શ્રદ્ધાદિમાં કરાયેલો યત્ન અપૂર્વકરણ નામની મહાસમાધિને પ્રગટ કરશે, જેથી સંપૂર્ણ મોહથી આત્માનો નિસ્તાર થશે.

**ठामि काउस्सग्गं :-**

આના દ્વારા કાયોત્સર્ગ કરવાનો સ્વીકાર કરાયો છે. પૂર્વમાં 'करेमि काउस्सग्गं' વખતે 'करेमि' એ વર્તમાનકાળનો પ્રયોગ ભવિષ્યમાં 'करिष्यामि'='હું કાયોત્સર્ગ કરીશ.' એ પ્રકારની ક્રિયાને અભિમુખભાવ માટે કહેવાયો. હવે કાયોત્સર્ગ કરવાની ક્રિયા આસન્ન હોવાને કારણે કાયોત્સર્ગ કરવાની ક્રિયા અને કાયોત્સર્ગમાં રહેવાની ક્રિયા, બંને કાળનો કથંચિત્ અભેદ કરીને 'ठामि काउस्सग्गं'=હું કાયોત્સર્ગમાં રહું છું, એમ કહેલ છે. આનાથી એ ફલિત થાય કે, 'હું કાયોત્સર્ગ કરું છું,' એ પ્રકારના સ્વીકારપૂર્વક અને શ્રદ્ધાદિ ભાવોથી યુક્ત, 'કાયોત્સર્ગમાં રહું છું,' એ પ્રકારની પ્રતિજ્ઞા કરીને તે જ પ્રકારે શક્ય યત્ન કરવામાં આવે તો તે કાયોત્સર્ગની ક્રિયા સદનુષ્ઠાન બને છે.

## ।। २१. सकल कुशलवल्ली ।।

सकलकुशलवल्ली, पुष्करावर्तमेघो,
दुरिततिमिरभानुः, कल्पवृक्षोपमानः,
भवजलनिधिपोतः, सर्वसंपत्तिहेतुः,
स भवतु सततं वः, श्रेयसे शांतिनाथः
श्रेयसे पार्श्वनाथः ।।१।।

### - : વિશેષાર્થ :-

**અર્થ :-**

સમગ્ર કુશળની વેલડી જેવા, પુષ્કરાવર્ત મેઘ જેવા, પાપરૂપ અંધકાર માટે સૂર્ય જેવા, કલ્પવૃક્ષની ઉપમાવાળા, સંસારરૂપી સમુદ્રમાં વહાણ સમાન, સમગ્ર સંપત્તિના કારણરૂપ એવા તે શ્રી શાંતિનાથ ભગવાન સતત તમારા કલ્યાણને માટે થાઓ, (અને) તે શ્રી પાર્શ્વનાથ ભગવાન સતત તમારા કલ્યાણને માટે થાઓ.

**सकलकुशलवल्ली :-**

ભગવાન સમગ્ર કુશળની વેલડી જેવા છે=સમગ્ર કલ્યાણનું કારણ છે. આ સંસારમાં જે કલ્યાણ શબ્દથી વાચ્ય બને છે તે સર્વ કલ્યાણ ભગવાનથી થાય છે.

આ સંસારમાં જીવ જ્યાં સુધી છે, ત્યાં સુધી, અનુચિત પ્રવૃત્તિ કરીને અવિચારકતાથી કે કુવિચારકતાથી અને સ્વકર્મોના કારણે અનેક અકુશળને પ્રાપ્ત કરી રહ્યો છે અને અનેક કદર્થનાઓને પામે છે. આમ છતાં, જ્યારે ભગવાનના વચનને અવલંબીને, ભગવાનની મુદ્રાને અવલંબીને જીવ યત્ન કરે છે, ત્યારથી તેની કુશળની પરંપરા શરૂ થાય છે. જે જીવો વિશેષ પ્રકારના ભગવાનના ગુણો જાણતા નથી, છતાં પ્રકૃતિની ભદ્રકતાના કારણે ભગવાનની મુદ્રા જોઈને પણ તેમના પ્રત્યે ભક્તિના આશયવાળા થાય છે, તેઓને માટે પણ ભગવાન કુશળની પરંપરાનું કારણ બને છે. જેમ તીવ્ર ભોગનો રાગ ઓછો થયેલો હોવાથી અને વિધિઅદ્વેષરૂપ પ્રથમ યોગાંગની પ્રાપ્તિ થયેલ

હોવાથી, પોપટયુગલને, ભગવાનની ભક્તિ કરતા લોકોને જોઈને સિદ્ધાચલ ઉપર આદીશ્વર પ્રભુની ભક્તિનો પરિણામ થાય છે, જેથી પુષ્પ લાવીને ભગવાનની ભક્તિ કરે છે, જે વિષયાભ્યાસરૂપ અનુષ્ઠાન છે, અને તે વખતે ભગવાનના સ્વરૂપનો-ગુણોનો વિશેષ બોધ નહીં હોવા છતાં, પછીના ભવમાં મનુષ્યભવની પ્રાપ્તિ અને કુશળની=કલ્યાણની, પરંપરાની પ્રાપ્તિ થઈ. તેથી ભગવાનને સકલકુશલવલ્લી કહેલ છે.

શાસ્ત્રમાં ત્રણ પ્રકારનાં અનુષ્ઠાનો કહ્યાં છે – (૧) સતતાભ્યાસ, (૨) વિષયાભ્યાસ અને (૩) ભાવાભ્યાસ.

**(૧) સતતાભ્યાસ :-** કર્મનાશ માટે માતા-પિતાની ભક્તિરૂપ સતત કરવા યોગ્ય ઉચિત ક્રિયા તે સતતાભ્યાસ અનુષ્ઠાન છે.

**(૨) વિષયાભ્યાસ :-** ગુણોના વિકાસ માટે કરાતા અભ્યાસનો વિષય લોકોત્તમ પુરુષ છે. પ્રધાન જેમાં તે વિષયાભ્યાસ અનુષ્ઠાન અર્થાત્ યોગમાર્ગની પ્રાપ્તિમાં પ્રબળ કારણરૂપ એવા ભગવાનની ભક્તિમાં કરાતો યત્ન તે વિષયાભ્યાસ અનુષ્ઠાન છે.

**(૩) ભાવાભ્યાસ :-** મોક્ષના અનન્ય કારણભૂત રત્નત્રયીની પરિણતિરૂપ ભાવનો અભ્યાસ છે જેમાં તેવી ક્રિયા તે ભાવાભ્યાસ. અર્થાત્ રત્નત્રયીની નિષ્પત્તિ માટે સમ્યગ્ બોધપૂર્વક કરાતો રત્નત્રયીને અનુકૂળ યત્ન તે ભાવાભ્યાસ અનુષ્ઠાન છે.

આ ત્રણ અનુષ્ઠાનમાંથી અહીં પોપટયુગલને ભગવાનરૂપ સદ્વિષયને આશ્રયીને ભક્તિનો ભાવ થયો, તે વિષયાભ્યાસ અનુષ્ઠાનથી થયો કહેવાય.

ભગવાન વચન દ્વારા, મુદ્રા દ્વારા અને આલંબન દ્વારા, કુશળની પરંપરા વડે=સદ્ગતિઓની પરંપરા વડે, મોક્ષરૂપ ફળનું કારણ છે.

**પુષ્કરાવર્તમેઘો :-**

ભગવાન પુષ્કરાવર્ત મેઘ જેવા છે. છઠ્ઠા આરામાં વાતાવરણની રૂક્ષતા હોવાના કારણે ભૂમિ વનસ્પતિ માટે નકામી બને છે. તેથી છઠ્ઠા આરામાં કોઈ ધાન્ય આદિની નિષ્પત્તિ થતી નથી, કેવલ મનુષ્યના નિર્વાહ માટે માછલીઓ વગેરે આહારરૂપે રહે છે. વાતાવરણ અતિ રૂક્ષ અને

ઉષ્ણતાવાળું હોવાથી દિવસે લોકો ક્યાંય બહાર જીવી શકે તેવી સ્થિતિ હોતી નથી, તેથી ગુફા વગેરેમાં જઈને રહે છે. કોઈ રાજ્યવ્યવસ્થા નથી, પશુની જેમ જીવન જીવે. જે જેના હડફેટમાં આવે તે મરે. સબળા લોકો નબળાને મારી નાંખે. પુણ્ય હોય તે પ્રમાણે જીવો જીવે. અશરણ જીવો જીવે અને મરે. આવા પ્રકારનો વિષમ છઠ્ઠો આરો પસાર થશે ત્યાર પછી ઉત્સર્પિણીકાળના પહેલા આરા પછી બીજા આરાના પ્રારંભમાં ઋક્ષભૂમિને ફળદ્રુપ કરે તેવો પુષ્કરાવર્ત મેઘ લોકસ્વભાવથી જ વરસશે, જે મેઘ સમગ્ર પૃથ્વીને રસાળ=રસકસથી ભરપૂર, કરી નાંખશે, અને તેનાથી અતિ ઋક્ષભૂમિ કંઈક સ્નિગ્ધતાને પામશે, વૃક્ષો વગેરેની નિષ્પત્તિ થશે અને ધન-ધાન્યાદિ પણ પ્રાપ્ત થશે.

જેમ છઠ્ઠા આરાથી ઉપદ્રવ પામેલા જીવોને, બીજા આરામાં પુષ્કરાવર્ત મેઘ ભૂમિ ઉપર વરસીને ભૂમિને ફળદ્રુપ કરી વાતાવરણ લીલુંછમ બનાવે છે અને જીવોને શાંતિનો શ્વાસ આપે છે; તેમ કર્મોથી ઉપદ્રવ પામેલા અને ચાર ગતિઓમાં વિચિત્ર પ્રકારની કદર્થના પ્રાપ્ત કરતા લોકોને, ભગવાને સન્માર્ગરૂપી દેશના આપી અને પુષ્કરાવર્ત મેઘની જેમ સર્વ ઉપદ્રવોથી મુક્ત થવાનો યોગમાર્ગ સ્થાપ્યો અને જીવરૂપ ભૂમિને રસાળ=ગુણોથી ભરપૂર, બનાવી; જેથી આ ભૂમિ ઉપર સન્માર્ગના બળથી ઘણા જીવોનો અંતઃતાપ શમે છે, સુખ-શાંતિથી જીવે છે, નિર્ભય બને છે, સ્વસ્થતા પ્રાપ્ત કરે છે, આરાધના કરે છે, ભગવાનના વચનને આત્મસાત્ કરી હૈયામાં એવું સ્થિર બનાવે છે કે કર્મોનો ક્ષય કરવારૂપ આત્મહિતને સાધીને મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરે છે.

લોકપ્રકાશ ગ્રંથમાં કાળલોક સર્ગ-૩૪, શ્લોક-૨૫૬માં પુષ્કરાવર્ત્ત મેઘનું સ્વરૂપ આ રીતે બતાવ્યું છે –

**पुष्करनाम शस्तांबुः तेनावर्तयति क्षितेः ।**
**संहरत्यशुभावस्थां पुष्करावर्तक स्ततः ।।**

- કાળલોક સર્ગ-૩૪, શ્લોક-૨૫૬

પુષ્કર નામનું પ્રશસ્ત જળ, તેનાથી પૃથ્વીને આવર્તન કરે છે=ભીંજવે છે, અને પૃથ્વીની અશુભ અવસ્થાને સંહરણ કરે છે, તેથી તેને પુષ્કરાવર્ત કહેવાય છે. મૃદુ ગર્જારવ કરતો આ મેઘ રાતદિવસ મૂશળ જેવી સ્થૂળ ધારા

વડે સ્વાદિષ્ટ, સ્વચ્છ અને હિતકારી જળને સાત સાત અહોરાત્રિ સુધી વરસાવી જમીનને શાંત કરે છે. આ પુષ્કરાવર્ત મેઘ દાહને શમાવે છે. ત્યાર પછી શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શને ઉત્પન્ન કરનાર ગોક્ષીરના વર્ણ જેવા વર્ણવાળો ક્ષીરનો મેઘ, ત્યાર પછી જમીનમાં સ્નિગ્ધતા લાવનાર ઘૃતોદકને વરસાવતો ઘૃતમેઘ, ત્યાર પછી સર્વ વનસ્પતિઓને ઉત્પન્ન કરનાર અમૃત જળને વરસાવતો અમૃત મેઘ અને ત્યાર પછી વનસ્પતિમાં તિક્તાદિ રસને ઉપજાવતો સુરસોદક વરસાવતો રસમેઘ - એમ પાંચે મેઘ સાત સાત અહોરાત્રિ પર્યંત વરસે છે અને તેથી ધાતુક્ષયને પામેલી શુષ્ક જમીન પ્રસન્ન, તૃપ્ત, નવા અંકુરાવાળી અને રોમાંચિત થયેલ હોય તેવી થાય છે. જેમ પાંચ પુષ્કરાવર્ત મેઘ ભેગા થઈ તે પૃથ્વીને રસાળ=રસકસથી ભરપૂર, કરે છે, તેમ ભવ્ય જીવોની આત્મધરતીને યોગમાર્ગ વરસાવીને, ભીંજવીને, લીલીછમ, રસાળ= ગુણોથી ભરપૂર, બનાવનાર ભગવાન પણ પુષ્કરાવર્ત મેઘ જેવા છે.

**दुरिततिमिरभानुः :-**

ભગવાન પાપરૂપી અંધકારનો નાશ કરવા માટે સૂર્ય જેવા છે. જેમ રાત્રિનો ગાઢ અંધકાર સૂર્યના કિરણોથી નાશ પામે છે, તેમ ભગવાનના વચનરૂપી કિરણોનો પ્રકાશ થાય તો, તત્ત્વને જોવામાં અસમર્થ બનાવે તેવો જીવોનો ગાઢ અંધકાર નાશ પામે છે. માટે ભગવાન દુરિતરૂપી અંધકારનો નાશ કરવા માટે સૂર્ય જેવા છે, એ પ્રકારે ભગવાનની સ્તુતિ કરી છે.

**कल्पवृक्षोपमानः :-**

જેમ કલ્પવૃક્ષ પાસે જે માંગો તે આપે અર્થાત્ સર્વ વાંછિતને આપનાર છે, તેમ જીવને વાંછિત એવા પૂર્ણ સુખને આપનારા ભગવાન છે. આથી જ ભગવાનનું અવલંબન લીધા પછી સદ્ગતિઓની પરંપરા દ્વારા અંતે પૂર્ણ સુખમય મોક્ષમાં જીવની વિશ્રાંતિ થાય છે. તેથી ભગવાન કલ્પવૃક્ષ જેવા છે.

**भवजलनिधिपोतः :-**

જેમ સમુદ્રમાં રહેલા જીવો નાવના અવલંબનથી સમુદ્રના પારને પામે છે, તેમ ભગવાનના શાસનરૂપી નાવના અવલંબનથી જીવો સંસારના પારને પામે છે અને મોક્ષરૂપ અવસ્થામાં સ્થિર થાય છે, જેથી ચાર ગતિઓના

પરિભ્રમણની કદર્થનાથી સદા માટે મુક્ત બને છે. માટે એવી અવસ્થાની પ્રાપ્તિમાં ભગવાન પ્રબળ કારણ છે. જેમ સમુદ્રમાં પડેલો માણસ નાવને અવલંબીને સમ્યક્ યત્ન કરે તો સમુદ્રના પારને પામે, તેમ સંસારરૂપી સમુદ્રમાં પડેલો જીવ ભગવાનનું સમ્યક્ અવલંબન લઈને સંસારસમુદ્ર તરવા માટે યત્ન કરે તો અવશ્ય સંસારસાગરના પારને પામે. તેથી ભગવાન સંસારરૂપી સમુદ્રને તરવા માટે નાવ જેવા છે=વહાણ જેવા છે.

**सर्वसंपत्तिहेतुः :-**

પુણ્યાનુબંધીપુણ્ય દ્વારા સદ્ગતિઓની પરંપરાનું સર્જન કરીને મોક્ષરૂપ પૂર્ણ સુખની પ્રાપ્તિમાં ભગવાન હેતુ છે. અર્થાત્ જ્યાં સુધી જીવ સંસારમાં છે ત્યાં સુધી પણ જે કાંઈ અનુકૂળતાઓ, ભૌતિક સામગ્રીઓનો ઉત્કર્ષ, આત્મિક સામગ્રીઓનો ઉત્કર્ષ તે સર્વ ભગવાનથી થાય છે અને યાવત્ પૂર્ણ સુખમય આત્મિક સંપત્તિ મોક્ષમાં પ્રાપ્ત થાય છે, તે સર્વના હેતુ ભગવાન છે. માટે ભગવાનને સર્વસંપત્તિના હેતુ કહેલ છે=કારણ કહેલ છે.

આવા ગુણોવાળા તે શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી પાર્શ્વનાથ ભગવાન સતત તમારા કલ્યાણને કરનારા થાઓ.

## : ચૈત્યવંદનની વિધિ અને તેના આવશ્યક પરિણામો–ભાવો :

ચૈત્ય એટલે જિનપ્રતિમા અને વંદન એટલે ગુણવાન વ્યક્તિના ગુણોનું અભિવાદન=કીર્તન. આથી જિનપ્રતિમાને આશ્રયીને ગુણવાન એવા જિનેશ્વરોના ગુણોના કીર્તનની ક્રિયા તે ચૈત્યવંદન છે.

કહ્યું છે કે –

"साहूणं सत्त वारा, होइ अहोरत्त मज्झयारंमि ।
गिहिणो पुण चिइवंदण, तिय पंच सत्त वा वारौ" ।।

"દર્શનવિશુદ્ધિ અર્થે ચૈત્યવંદન સાધુને અહોરાત્ર મધ્યમાં સાતવાર હોય છે. વળી ગૃહસ્થને ત્રણ, પાંચ કે સાતવાર હોય છે."

આ ચૈત્યવંદનની ક્રિયા બે પ્રકારે થાય છે.

**દ્રવ્યથી ચૈત્યવંદનક્રિયા :-** સૂત્રોને ક્રમસર બોલવાની ક્રિયા તે દ્રવ્યથી

ચૈત્યવંદનની ક્રિયા છે.

**ભાવથી ચૈત્યવંદનક્રિયા :-** ભગવાનના ગુણોનું સ્મરણ કરીને, ભગવાનને અવલંબીને, ભગવદ્ ભાવ તરફ જવાની ક્રિયા તે ભાવથી ચૈત્યવંદનની ક્રિયા છે અને તે ભાવસ્તવરૂપ છે.

ભાવચૈત્યવંદનની ક્રિયાના પ્રારંભ પૂર્વે ઈરિયાવહિયા આદિ સૂત્ર બોલીને ચિત્તશુદ્ધિ કરવામાં આવે છે, જેથી ઉપયોગપૂર્વક બોલાયેલાં એ સૂત્રોથી હૈયું અત્યંત દયાળુ થવાથી ચૈત્યવંદન કરવા દ્વારા ભાવસ્તવની નિષ્પત્તિ થાય છે.

સામાન્ય રીતે જીવ ઔદયિકભાવમાં રહીને સંસારની પ્રવૃત્તિના માનસવાળો હોય છે, જેના કારણે સર્વ આરંભની પ્રવૃત્તિ થતી હોય છે અને તે આરંભની પ્રવૃત્તિ જ સંસારનું બીજ છે. તેથી તે આરંભની પ્રવૃત્તિ પ્રત્યે નિંદા કરી નિરારંભ પ્રવૃત્તિને ઉત્પન્ન કરવા અર્થે ઈરિયાવહિયા પ્રતિક્રમણ છે. આથી ઈરિયાવહિયા કર્યા પછી સાધક નિરારંભ પ્રવૃત્તિને અનુકૂળ માનસવાળો થાય છે અને નિરારંભ માનસવાળો સાધક ઉપયોગપૂર્વક ચૈત્યવંદનની વિધિમાં યત્ન કરે તો ભગવાનના ગુણોથી રંજિત થયેલા ચિત્તથી ક્રમસર વિરતિ આદિ ભાવોને સ્પર્શીને વીતરાગ પણ થઈ શકે છે. તેથી અપ્રમાદ ભાવથી ચૈત્યવંદનની વિધિમાં યત્ન કરવો જોઈએ અને તે વિધિ આ પ્રમાણે છે –

પ્રથમ ભગવાનને પંચાંગ પ્રણિપાતપૂર્વક ખમાસમણ દઈ, આદેશ માંગી, ઈરિયાવહિયા, તસ્સઉત્તરી, અન્નત્થ સૂત્ર દ્વારા સાધક એક લોગસ્સનો કાયોત્સર્ગ કરે છે, ત્યારે ચોવીશ જિનેશ્વરોના નામ-કીર્તન અને ગુણ-કીર્તનથી તેનું ચિત્ત પવિત્ર થાય છે, અને તેના હર્ષની અભિવ્યક્તિરૂપે પ્રગટ લોગસ્સ બોલી, ત્રણ ખમાસમણ આપવા પૂર્વક **'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ?'** - 'હે ભગવંત ! હું ઈચ્છાપૂર્વક ચૈત્યવંદન કરું ?' એમ આદેશ માંગી, **'ઈચ્છં'** શબ્દથી આદેશનો સ્વીકાર કરી, 'સકલકુશલવલ્લી સ્તવ' બોલે છે, જેના દ્વારા ભગવાનના ગુણો અને ભગવાનનો ઉપકાર યાદ આવતાં, તેનાથી ચિત્ત રંજિત થતાં તે ગુણો પ્રતિ વીર્યનું પ્રવર્તન થાય છે.

આ રીતે સકલકુશલવલ્લી દ્વારા ભગવાનના ગુણોનું સ્મરણ કરીને, મૂર્તિ સાથે પરમાત્માના ગુણોનો અભેદ કરીને, ગુણોથી વાસિત થયેલ ચિત્ત

વડે સ્વભાષામાં કોઈપણ ચૈત્યવંદન બોલે છે. સ્વયં સ્ફુરણા થાય અને રચના કરીને બોલી શકે તો તે રીતે પોતાના ભાવોની અભિવ્યક્તિ કરે, પણ એવી જેની શક્તિ નથી, એવા ભાવ સ્ફુરાયમાન નથી થતા, તેઓ પૂર્વાચાર્યકૃત ચૈત્યવંદન બોલી ભાવોની વૃદ્ધિ કરે છે.

ચૈત્યવંદન બોલ્યા પછી પણ ભાવના અતિશય અર્થે તીર્થોમાં રહેલ જિનપ્રતિમાઓને વંદન કરવાનો અધ્યવસાય થાય છે, જેથી તીર્થોમાં રહેલાં જિનબિંબોને વંદન કરવા 'જં કિંચિ' સૂત્ર બોલે છે. ત્યાર બાદ ગણધરરચિત 'નમોત્થુણં' સૂત્ર દ્વારા પરમાત્માના વાસ્તવિક ગુણોનું સ્મરણ કરીને સમર્પિત થવાપૂર્વક વિશેષ પ્રકારના પરમાત્માના ગુણો સાથે તન્મય થવા માટે પ્રયત્ન કરે છે. આ રીતે ભગવાનના ગુણોથી રંજિત થયેલ સાધક, ભાવનો પ્રકર્ષ કરવા અર્થે ફરી સર્વ ચૈત્યોને નમસ્કાર કરવા માટે 'જાવંતિ ચેઈઆઈ' સૂત્ર બોલે છે, અને તે સૂત્ર બોલ્યા પછી, ભાવસ્તવ કરવું અતિ દુષ્કર છે તેમ જાણતો સાધક, ભાવસ્તવ કરનારા પરમ મુનિઓને નમસ્કાર કરવા અર્થે ખમાસમણું આપવા પૂર્વક 'જાવંત કેવિ સાહૂ' સૂત્ર બોલે છે, જેથી ભાવસ્તવ કરનારને નમસ્કાર કરવાના બળથી પોતે પણ યત્કિંચિત્ ભાવસ્તવ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરે. ત્યાર પછી મંગલરૂપે 'નમોઽર્હત્' સૂત્ર બોલીને પોતાની ભાષામાં ભગવાનના ગુણગાનને કરવા સ્તવન બોલે છે. જેઓ સ્વયં રચના કરી, સ્ફુરણા કરી નથી બોલી શકતા, તેઓ પૂર્વાચાર્યોના સ્તવનને બોલીને પણ ભગવાનનાં ગુણગાન કરે છે. પછી ભગવાનની ભક્તિ દ્વારા પોતાને શું જોઈએ છે, તે પ્રકારનું પ્રણિધાન કરવા અર્થે 'જયવીયરાય' સૂત્ર બોલે છે, અને આ રીતે જયવીયરાય સૂત્રથી ભગવાનની પાસે પ્રાર્થના કર્યા પછી ચૈત્યવંદન કરવા અર્થે 'અરિહંત ચેઈયાણં' સૂત્ર દ્વારા પ્રણિધાન કરે છે કે, ભગવાનનું વંદન, પૂજન, સત્કાર અને સન્માનનું ફળ પ્રસ્તુત કાયોત્સર્ગથી મને પ્રાપ્ત થાઓ. આ પ્રકારનું પ્રણિધાન કરીને અન્નત્થ સૂત્ર બોલી આગારો રાખીને કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા કરે છે. પછી જે કાયોત્સર્ગ કરે છે, તે ચૈત્યવંદનની ક્રિયાસ્વરૂપ છે. આ રીતે અત્યંત ઉપયોગપૂર્વક ભગવાનની ભક્તિ અર્થે એક નવકારનો કાયોત્સર્ગ કરીને, પારીને, 'નમોઽર્હત્' કહી ભગવાનના ગુણોનું સ્મરણ કરાવનાર સ્તુતિ બોલીને ચૈત્યવંદનની ક્રિયા પૂર્ણ કરે છે.

આ લઘુ ચૈત્યવંદન છે, અને ચૈત્યવંદનની મૂળ ક્રિયા ‘અરિહંત ચેઈઆણં’ સૂત્ર બોલ્યા પછી કાયોત્સર્ગ માત્ર કરવારૂપ છે, તો પણ તેની પૂર્વભૂમિકાના અંગ સ્વરૂપ જ ‘સકલકુશલવલ્લી’થી પ્રારંભ કરી ‘જં કિંચિ’, ‘નમુત્થુણં’ આદિ સૂત્રો બોલાય છે. પરંતુ તેનાથી તૈયાર થયેલું માનસ ‘અરિહંત ચેઈઆણં’ સૂત્ર દ્વારા પ્રણિધાન કરીને જે કાયોત્સર્ગ કરે છે, તે જ ચૈત્યવંદનની ક્રિયા છે; અને મોટું ચૈત્યવંદન કે જે વર્તમાનમાં દેવવંદન તરીકે પ્રસિદ્ધ છે, તે ચાર સ્તુત્યાત્મક છે અને આઠ સ્તુત્યાત્મક પણ છે.

**કાયોત્સર્ગ :-** આ કાયોત્સર્ગની સમ્યગ્ નિષ્પત્તિ વાસી-ચંદનતુલ્ય, જીવન-મૃત્યુ પ્રત્યે સમભાવ, ઉપસર્ગ-પરિષહ પ્રત્યે નિરપેક્ષ થઈને શુભ ચિંતવન કરવાથી થઈ શકે છે.

આશય એ છે કે, સાધુ સદા માટે વાસીચંદનતુલ્યતાવાળા હોય છે અર્થાત્ વાસી=લાકડાને છોલવાનો રંધો, તેનાથી શરીરનો છેદ કરનાર શત્રુ પ્રત્યે, અને ચંદનથી શરીરનું વિલેપન કરી શાતા આપનાર મિત્ર પ્રત્યે, તુલ્યવૃત્તિ જેને છે તે વાસીચંદનતુલ્યતાવાળા મુનિઓ છે અને શ્રાવકો પણ કાયોત્સર્ગ દરમ્યાન સાધુની જેમ જ વાસી-ચંદન તુલ્ય પરિણામ ઉલ્લસિત થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક કાયોત્સર્ગ કરે છે અને તેમ કરે, તો ‘ताव कायं ठाणेणं मोणेणं...’ શબ્દો સાચા અર્થમાં બોલાયેલા થાય, અને તેનો ભાવ આ પ્રમાણે છે –

કાયોત્સર્ગમાં ‘ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि’ બોલાય છે. તેનો ભાવ એ છે કે, આટલા કાળ સુધી હું સ્થાન, મૌન આદિમાં રહી અન્ય પ્રવૃત્તિથી કાયાને વોસિરાવું છું=કાયાની સર્વ અન્ય પ્રવૃત્તિઓને છોડી દઉં છું. તેથી કાયા પ્રત્યેનું મમત્વ પોતે છોડી દે છે, માટે કાયાને પીડા કરનાર પ્રત્યે શત્રુભાવ અને કાયાને અનુગ્રહ કરનાર પ્રત્યે મિત્રભાવ રહેતો નથી. વળી કાયાને વોસિરાવેલી હોવાથી જીવવાની આશા કે મરવાની આશા પણ રહેતી નથી. વળી કાયા પ્રતિ નિર્મમ=મમત્વરહિત, હોવાથી ઉપસર્ગ અને પરિષહો પ્રત્યે પણ તેને સમભાવ હોય છે. કાયાને વોસિરાવ્યા પછી આત્માના સમભાવને પ્રકર્ષ કરવા અર્થે ફક્ત શુભ ચિંતવનરૂપ ધ્યાન કરવાનું હોય છે. તેથી અહીં ધ્યાન-મૌન કરવું એટલે –

(૧) ચિત્તને વાસી ચંદનતુલ્ય બનાવવું=શત્રુ-મિત્ર પ્રત્યે તુલ્ય બનાવવું,

(૨) જીવન-મૃત્યુ પ્રત્યે તુલ્ય બનાવવું,

(૩) ઉપસર્ગ-પરિષહ પ્રત્યે નિરપેક્ષ બનાવવું.

આ ત્રણ ભાવો પ્રત્યે ચિત્ત પ્રવૃત્ત થાય તે રીતે કાયોત્સર્ગકાળ સુધી ચિત્તને પ્રવર્તાવીને શુભ ધ્યાનમાં યત્ન કરવાથી કાયોત્સર્ગ સમ્યગ્ નિષ્પન્ન થાય છે અને આ યત્ન સંવેગની વૃદ્ધિ કરીને વીતરાગભાવ પ્રત્યે જવાને અનુકૂળ યત્નસ્વરૂપ છે.

જોકે કાયોત્સર્ગકાળ દરમ્યાન કોઈ ઉપસર્ગ આવે કે કોઈ પરીષહ આવે તો ચિત્ત હજુ તેવું સંપન્ન ન થયું હોય તો કાયોત્સર્ગમાં સુદઢ યત્ન કરવા અર્થે તેના નિવારણનો પણ યત્ન કરે, અથવા શુભ અધ્યવસાયમાં બાધક નિમિત્તોથી દૂર રહીને કાયોત્સર્ગ કરે. આમ છતાં, સામાન્ય રીતે જીવ પ્રતિકૂળ ભાવ પ્રત્યે સદા દ્વેષને વહન કરે છે અને અનુકૂળ ભાવ પ્રત્યે રાગને વહન કરે છે, તેથી તે બંને ભાવોનો ત્યાગ કરીને કેવળ સમભાવનો જ રાગ અને અસમભાવનો દ્વેષ જીવંત રહે તે પ્રકારે ઉપયુક્ત થઈને કાયોત્સર્ગમાં યત્ન કરવામાં આવે, તો ઉપયોગરૂપે સમતામાં યત્ન હોય, અને તેની પોષક ક્રિયારૂપે શુભ ધ્યાનમાં યત્ન હોય, તો તે શુભ ધ્યાનથી પ્રગટ થયેલો પ્રકર્ષવાળો સમતાનો પરિણામ થાય છે. જે જીવોએ આવા પ્રકારના ઉપયોગને કેળવવા માટે સૂક્ષ્મ બોધ કરીને વારંવાર યત્ન કર્યો છે, તેઓ ભાવથી કાયોત્સર્ગ કરી શકે છે, જે ભાવકાયોત્સર્ગ સ્વરૂપ છે.

જે જીવોમાં આવી શક્તિનો સંચય થયો નથી, આમ છતાં કાયોત્સર્ગના સ્વરૂપને જાણીને તેની રુચિપૂર્વક કાયોત્સર્ગ કરતા હોય, તો પણ તે પ્રધાન દ્રવ્યકાયોત્સર્ગ બને છે; અને જેને આવી રુચિનો લેશ પણ અંશ નથી અને ઉપદેશ આદિની સામગ્રી મળતાં પણ પ્રગટ થાય તેમ નથી, તેવા જીવોનો કાયોત્સર્ગ અપ્રધાન દ્રવ્યકાયોત્સર્ગરૂપ છે. માટે અભ્યાસદશામાં વારંવાર રુચિને કેળવીને તે પ્રકારનો ઉપયોગ ઉલ્લસિત બનાવવા યત્ન કરવો જોઈએ કે જેથી ભાવથી કાયોત્સર્ગ નિષ્પન્ન થાય.

✦ ✤ ✦

अत्थं भासइ अरहा

सुत्तं गंथंति गणहरा निउणं ।

सासणस्स, हियट्ठाए

तओ सुत्तं पवत्तइ ॥

અરિહંત ભગવંતો અર્થને કહે છે, ગણધર ભગવંતો નિપુણ એવા સૂત્રને રચે છે, ત્યાર પછી શાસનના હિત માટે સૂત્ર પ્રવર્તે છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ.
૦૪૯૧૧

Printed by : SURYA OFFSET

Printed by : SURYA OFFSET Ph. : 3732366
Title Designed by : JINESHWAR, (M) 98240 15514